Saurashtra University
Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Chauhan, Lalit L., 2006, *"ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગનો વિકાસ, પ્રશ્નો અને ભાવિ",* thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/622

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# "ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગનો વિકાસ, પ્રશ્નો અને ભાવિ"

# "Development of Tourism Industry in Gujarat : Problems and Prospects"

**વિષય પર**

વિનયન વિદ્યાશાખામાં અર્થશાસ્ત્ર વિષયમાં પીએચ.ડી. પદવી માટેના
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટને રજુ કરેલ
મહાશોધ નિબંધ


સંશોધક
**લલિત એલ. ચૌહાણ**

માર્ગદર્શક
**ડૉ. રાકેશ એ. જોષી**
**રીડર**–અર્થશાસ્ત્રભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ

અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ – ૩૬૦ ૦૦૫.

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | પ્રકરણનું નામ | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રકરણ : ૧ | સૈધ્ધાંતિક પરિપ્રેક્ષ્ય | ૧ થી ૪૬ |
| પ્રકરણ : ૨ | ભારતનો પ્રવાસન ઉધોગ | ૪૭ થી ૮૯ |
| પ્રકરણ : ૩ | ગુજરાતનો પ્રવાસન ઉદ્યોગ અને સરકારી નીતિ | ૯૦ થી ૧૨૯ |
| પ્રકરણ : ૪ | ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગ | ૧૩૦ થી ૧૫૪ |
| પ્રકરણ : ૫ | ઈકો–ટૂરિઝમ | ૧૫૫ થી ૧૭૬ |
| પ્રકરણ : ૬ | ગુજરાતના પ્રવાસન કેન્દ્રોની માહિતી | ૧૭૭ થી ૨૦૨ |
| પ્રકરણ : ૭ | વિદેશી પ્રવાસીઓના વલણો અને અભિપ્રાયોનું વિશ્લેષણ | ૨૦૩ થી ૨૨૬ |
| પ્રકરણ : ૮ | તારણો અને સૂચિતાર્થો | ૨૨૭ થી ૨૪૦ |
| પરિશિષ્ટ – ૧ | સંદર્ભ સૂચિ | ૨૪૧ થી ૨૫૩ |
| પરિશિષ્ટ – ૨ | પ્રશ્નાવલીનો નમૂનો | ૨૫૪ થી ૨૫૬ |
| • | ફોટોગ્રાફસ | |

# <u>પ્રમાણપત્રઃ ૧</u>

આથી હું પ્રમાણિત કરું છું કે, શ્રી લલિતકુમાર લાલજીભાઈ ચૌહાણ દ્વારા "ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગનો વિકાસ, પ્રશ્નો અને ભાવિ" શીર્ષક હેઠળ પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ તેમનું સ્વતંત્ર સંશોધન કાર્ય છે. તેમણે આ વિષય પર સંશોધન કરી મૌલિક નિરૂપણ કર્યુ છે. આ મહાનિબંધ તેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચ.ડી. પદવી માટે રજૂ કરેલ છે. આ મહાનિબંધ પરિક્ષણ અર્થે પ્રસ્તુત કરવાની હું આથી સંમતિ આપુ છું.

<u>સ્થળ</u> : રાજકોટ
<u>તા.</u> : /૦૯/૨૦૦૬

**ડૉ. રાકેશ એ. જોષી**
રીડર–અર્થશાસ્ત્ર ભવન,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ – ૩૬૦ ૦૦૫.

# <u>પ્રમાણપત્ર : ૨</u>

આથી હું શ્રી લલિતકુમાર લાલજીભાઈ ચૌહાણ સોગંદપૂર્વક જાહેર કરું છું કે, પ્રસ્તુત મહાનિબંધ રૂપે રજૂ કરવામાં આવેલ સંશોધન કાર્ય મે સ્વતંત્ર રીતે પ્રકાશીત તથા બિનપ્રકાશીત સંદર્ભ સાહિત્ય એવી માહિતી તેમજ મોજણી દ્વારા એકઠી કરીને તૈયાર કર્યું છે. તેમાં આવતાં નિરૂપણો અને નિષ્કર્ષ સંપૂર્ણપણે મૌલિક હોવાની જાહેરાત કરૂં છું. ઉપરાંત તેમાં રજૂ થયેલા મંતવ્યો અને વિગતો માટે હું વ્યકિતગત રીતે સંપૂર્ણપણે જવાબદાર છું. આ અભ્યાસ અગાઉ અન્ય કોઈપણ પદવી માટે આ યુનિવર્સિટી કે અન્ય કોઈ યુનિવર્સિટીમાં રજૂ કરેલ નથી તે પણ આથી જાહેર કરું છું.

સ્થળ : રાજકોટ

તા. : /૯/૨૦૦૬

**– લલિત એલ. ચૌહાણ**

# આભાર દર્શન

કૃતજ્ઞતા માનવ જીવનનો આવશ્યક અને અનિવાર્ય ગુણ છે.અભ્યાસના કે સંશોધનના ભાગરૂપે તૈયાર કરેલ  આ મહાનિબંધમાં મારા કુળદેવી તથા મારા માતા–પિતાની અમીદષ્ટિ અને મારા માર્ગદર્શક અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અર્થશાસ્ત્ર રીડર **શ્રી ડૉ.રાકેશ એ. જોષી** સાહેબને ફાળે જાય છે. તેમના માર્ગદર્શન વિના સંશોધનનું આ કલેવર ઘડાયુ ન હોત, વિષય પસંદગીની શરૂઆતથી અંત સુધી તેમણે મને મારા કાર્યમા જે ઉત્સાહ પૂરો પાડયો છે તે અવર્ણનીય છે. તેઓશ્રી સખત પરિશ્રમ અને અંગત રસ લઈ મારા માટે પથ દર્શક બન્યા, તેમનું માર્ગદર્શન, પ્રેરણા અને તેમના પ્રેમાળ સ્વભાવ થકી જ મારું આ કાર્ય પૂર્ણ થઈ શકયું છે. આ તકે હું કૃતજ્ઞતાની લાગણી સાથે એમનો આભાર વ્યકત કરું છું.

મારું સંશોધન કાર્ય દરમિયાન જયારે જયારે તત્કાલિન માહિતી, સલાહ–સૂચનની જરૂર પડતી ત્યારે વિના સંકોચે જેમની પાસેથી પ્રેરક સૂચનો મળી રહયા એવા અર્થશાસ્ત્ર ભવનના વડા નિ. શ્રી ડૉ.કે.કે.ખખ્ખર, ડૉ.એમ.વી.જોષીસાહેબ, પ્રા. વિજયસિંહ દહીયા, પ્રા. ક્રિશ્નાબેન દહીયા, પ્રા. રમાબેન દહીયાનો હું અત્રે આભાર માનું છું.

સંશોધન કાર્ય માટે જરૂરી માહિતી પૂરી પાડવામાં મદદરૂપ થનારા પ્રવાસન વિભાગના કર્મચારીઓ અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (G.C.C.I.), અમદાવાદના ગ્રંથાલયના કર્મચારીઓનો હું આભારી છુ.

પ્રસ્તુત સંશોધન કાર્યમાં જેમની મદદ અને સચોટ માર્ગદર્શન મળી રહયું એવા મારા મિત્રો માતુશ્રી વીરબાઈમા મહિલા કોલેજના ડૉ.જતીન ઉપાધ્યાય, ડૉ.કલ્પેશ ગણાત્રા, મહેશભાઈ ચૌહાણ, નિલય મહેતા, અપૂર્વ પંડયા, દિપક મશરૂ, અમીતભાઈ, જયદીપભાઈ અને ધમેન્દ્રસિંહજી કોલેજના ડૉ.જીજ્ઞેશ ઉપાધ્યાય, પ્રા.સંજય પંડયા, ડૉ.હર્ષિદાબેન તેમજ હિન્દીવિભાગના રીડર ડૉ.બી.કે.કલાસવા તેમજ પ્રા.કિશોરભાઈ વ્યાસ, પ્રા.સુધીર તિવારી,પ્રા.ઈરોશ વાજા,પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સાથ આપનાર સર્વનો હું  આભારી છું.

આ તમામ અહેવાલ લેખનને સુંદર રીતે કોમ્પ્યુટર પર ટાઈપ કરી આપનાર પ્રમુખ કોમ્પ્યુટરના સંચાલક હિતેષ વાઘેલાનો હું તકે આભારી છું.

પ્રસ્તુત સંશોધન કાર્ય આગળ ધપાવવામાં જેમના લેખો અને પુસ્તકોનો સહારો મળી રહયો તે તમામ કર્તાઓનો હું આભાર માનું છું.

ઋણ સ્વીકારવાના આ તબકકે હું મારા પૂજય માતા–પિતા,મારી પત્ની ભાવના  અને મારા નાના ભાઈ બહેન હરેશ, નરેશ, મીના તરફથી મને સમગ્ર અભ્યાસકાળ દરમિયાન પ્રાપ્ત થયેલ પારિવારિક હુંફ અને પ્રેરણાને હું કેમ વિસરી શકું ? તેમજ પૂર્વિશ,નિધી અને આશુતોષ

નો પણ આભાર માનું છું, અંતમાં આ કાર્યની સફળતાનું એક અત્યંત મહત્ત્વપૂર્ણ સબળ અને દૈવી સોપાન ઈશ્વરકૃપા પ્રત્યેની કૃતજ્ઞતા ન અનુભવું તો આભાર દર્શન સર્વથા અધુરું જ ગણાય.

**– લલિત એલ ચૌહાણ**

સ્થળ : રાજકોટ.

તા : ..../...../........

<u>**સંશોધન પધ્ધત્તિ વિષયક નોંધ**</u>

પ્રસ્તુત મહાનિબંધ મુખ્યત્વે માહિતીના પ્રકાશિત સ્ત્રોત પર આધારિત છે. પ્રકરણ–૧ અંતર્ગત સૈધ્ધાંતિક ભૂમિકા દર્શાવવામાં આવી છે. પ્રવાસનને જાહેર પસંદગીના ખ્યાલની મદદથી તપાસવાનું વધુ યથાર્થ જણાયું છે. આ દ્વારા સરકાર તરફથી આપવામાં આવતી સબસીડી અને પ્રવાસનક્ષેત્રે ખાનગીક્ષેત્રની ભૂમિકા સમજાવવાની કોશિષ કરી છે. તેમજ તટસ્થવક્ર દ્વારા વ્યકિતગત પ્રવાસીનું સંતોષનું મહત્તમીકરણ વિશ્લેષણ સમજાવવાનો પ્રયત્ન છે. ઉપરાંત પ્રવાસન ઉત્પાદન–સેવાઓ, સ્વરૂપો,માળખું, પ્રકારો, ઘટકો અને પ્રવાસન રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ચર્ચા પણ કરી છે.

પ્રકરણ–૨ અંતર્ગત વિશ્વના પ્રવાસન ઉદ્યોગના સંદર્ભમાં ભારતના પ્રવાસન ઉદ્યોગના સ્થાપનાની ચર્ચા કરી છે. તેમજ ભારતમાં વિદેશી પ્રવાસીઓનું આગમન, દિશા, રચના, વિદેશી હૂંડિયામાણ કમાણી ભારતીય પંચવર્ષીય યોજના દરમ્યાન ફાળવેલ ખર્ચ વગેરેના વલણો ઉપરાંત ભારત પ્રવાસન ઉધોગનું વિશ્વકક્ષાએ સ્થાન અને GATS નીતિ–સૂચનો વગેરે દર્શાવેલ છે. પ્રકરણ–૩ અને પ્રકરણ–૪ માં ગુજરાતના પ્રવાસન ઉદ્યોગની ચર્ચા રજૂ કરી છે. આ બંને પ્રકરણો માહિતીના પ્રકાશિત સ્ત્રોતોનો ઉપયોગ કરે છે.ખાસ તો, વર્તમાન ગુજરાત રાજયની પ્રવાસન નીતિની રજૂઆત કરી છે.

પ્રકરણ–૫ અંતર્ગત ઈકો–ટૂરિઝમમાં જુદા–જુદા પાસાઓ અને ભારત અને અન્ય રાષ્ટ્રોમાં ઈકો–ટૂરિઝમની ચર્ચા કરી છે. ઉપરાંત ઈકો–ટૂરિઝમ પ્રવૃતિઓ–સમસ્યાઓ અને સૂચનોનો નિર્દેશ કરેલો છે. પ્રકરણ–૬ અંતર્ગત ગુજરાત પ્રવાસનક્ષેત્રની આગવી વિશેષતાઓનું પ્રતિબિંબિત કરે છે.

પ્રકરણ–૭ અંતર્ગત વિદેશી પ્રવાસીઓના વલણો અને અભિપ્રાયોની મોજણી દ્વારા પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ રજૂ કર્યુ છે. આ પ્રકરણમાં માહિતીના પ્રાથમિક સ્ત્રોતનો ઉપયોગ કર્યો છે. આ માહિતી ગુજરાતના જુદા જુદા પ્રવાસન કેન્દ્રો અને દિવ પ્રવાસન કેન્દ્રમાં સમયના એક તબકકે આવેલા ૫૫ જેટલા વિદેશી પ્રવાસીઓની રૂબરૂ મુલાકાત દ્વારા અગાઉથી તૈયાર કરવામાં આવેલી પ્રશ્નાવલીની મદદથી મેળવવામાં આવી છે. વલણો અને અભિપ્રાયોના માપન માટે પાંચ–પોઈન્ટ સ્કેલની મદદ લેવામાં આવી છે અને ભારિત આંકનો ઉપયોગ કરીને ભારિત આંકની સરેરાશ મેળવવામાં આવી છે. આવી સરેરાશ ભારતના પ્રવાસન સ્થાનના મહત્વની ચોકકસ કક્ષા દર્શાવી આપવા માટે ઉપયોગી સાબિત થઈ છે. ભારતના પ્રવાસનના અનુભવને આજ પધ્ધતિની મદદથી તપાસવામાં આવ્યો છે. અન્ય અભિપ્રાયો અને વલણો તથા પ્રવાસીઓના સંદર્ભમાં અન્ય વિગતોનું વિશ્લેષણ ટકાવારી–પ્રમાણ જેવી સામાન્ય ગાણિતીક પધ્ધતિની મદદથી કરવામાં આવ્યું છે. આમ પ્રકરણ–૭ માત્ર ગુજરાતના જુદા જુદા પ્રવાસન કેન્દ્ર

અને દિવ પ્રવાસધામના એકમ–અભ્યાસને રજૂ કરે છે. જે સમયના નિશ્ચિત બિંદુએ હાથ ધરવામાં આવ્યો હતો. જે સમયના નિશ્ચિત બિંદુએ હાથ ધરવામાં આવ્યો હતો.

છેલ્લા પ્રકરણ–૮ માં પ્રસ્તુત મહાનિબંધના તારણો અને વિવિધ સૂચિતાર્થોને નીતિ વિષયક માર્ગદર્શનના હેતુથી રજૂ કરવામાં આવ્યા છે. જે તે પ્રકરણો અંતર્ગત આવા તારણો અને સૂચિતાર્થોના ઉલ્લેખો કરાયા છે. આ તમામ ઉલ્લેખોનું સંકલન છેલ્લા પ્રકરણમાં કરવામાં આવ્યું છે. જે પુર્નરૂકિતના દોષને વહોરી લે છે. પ્રસ્તુત મહાનિબંધની મર્યાદાઓની પણ આ પ્રકરણના અંતે સ્પષ્ટ કરવામાં આવી છે.

# ટેબલની સૂચિ


| ટેબલ નં. | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧.૬.૩ | પ્રવાસન વિનિમય | ૧૫ |
| ૨.૩ | આંતરરાષ્ટ્રીય આગંતુક જુદા જુદા રાષ્ટ્રોના પ્રવાસીઓ | ૫૧ |
| ૨.૪ | રાષ્ટ્રની પસંદગી બાબતે પ્રવાસીઓનો માપદંડ | ૫૩ |
| ૨.૫ | વિદેશી પ્રવાસીઓનું આગમન<br>કોષ્ટક નં :૨.૫ (અ) | ૫૬ |
| | કોષ્ટક નં:૨.૫ (બ) | ૫૯ |
| | કોષ્ટકનં :૨.૫ (ક) | ૬૨ |
| ૨.૭ | વિદેશી હૂંડિયામણની કમાણી | ૬૬ |
| ૬.૧ | ૬.૧.૧ કેવળ પ્રાકૃતિક સૌંદર્ય સ્થળો | |
| | કોષ્ટક નં : ૬.૧.૧(અ) | ૧૮૪ |
| | કોષ્ટક નં : ૬.૧.૧(બ) | ૧૮૪ |
| ૭.૧ | પ્રવાસન સ્થાન તરીકે ભારતનું મહત્ત્વ | |
| | કોષ્ટક – ૭.૧ (અ) | ૨૦૪ |
| | કોષ્ટક – ૭.૧ (બ) | ૨૦૫ |
| ૭.૨ | ભારતમાં વિદેશી પ્રવાસીઓમાં સ્ત્રીઓ તથા પુરુષોની ટકાવારી | |
| | કોષ્ટક – ૭.૨ (અ) | ૨૦૭ |
| | કોષ્ટક – ૭.૨ (બ) | ૨૦૭ |
| ૭.૩ | ભારતમાં વિદેશી પ્રવાસીઓની રાષ્ટ્રવાર વહેંચણી | |
| | કોષ્ટક – ૭.૩ | ૨૧૧ |
| ૭.૪ | ભારતની પ્રવાસન સ્થળ તરીકે પસંદગીના કારણો | |
| | કોષ્ટક – ૭.૪ | ૨૧૩ |
| ૭.૫ | ભારતના પ્રવાસને અંતે પ્રવાસીઓના અનુભવો | |
| | કોષ્ટક – ૭.૫ (અ) | ૨૧૭ |
| | કોષ્ટક – ૭.૫ (બ) | ૨૧૭ |
| ૭.૬ | ભારતનો પ્રવાસ સારો કે અન્ય દેશનો તે અંગે પ્રવાસીઓના અભિપ્રાયોનું વિશ્લેષણ | |
| | કોષ્ટક – ૭.૬ (અ) | ૨૧૯ |
| | કોષ્ટક – ૭.૬ (બ) | ૨૨૦ |

# આકૃતિની સૂચિ


| ગ્રાફનં : | વિગત | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧.૪ | સૈધ્ધાંતિક પરિપ્રેક્ષ્ય | ૬ |
| ૧.૯ | વ્યકિતગત પ્રવાસીનું સંતોષનું મહત્તમીકરણ | ૨૭ |
| ૨.૩ | આંતરરાષ્ટ્રીય આગંતુક પ્રવાસી | ૫૨ |
| ૨.૪ | રાષ્ટ્રની પસંદગી બાબતે પ્રવાસીઓનો માપદંડ | ૫૪ |
| ૨.૫ | ૨.૫.૧ ભારતમાં આવતા પ્રવાસીઓની રચના | |
| | ગ્રાફ નં:૨.૫ (અ) | ૫૭ |
| ૨.૬ | ભારતમાં પ્રવાસીઓ કેટલાં રૂપિયા ખર્ચે છે?<br>ગ્રાફ નં:૨.૬ | ૬૩ |
| ૭.૧ | પ્રવાસન સ્થાન તરીકે ભારતનું મહત્ત્વ | |
| | ગ્રાફ : ૭.૧ | ૨૦૫ |
| ૭.૨ | ભારતમાં વિદેશી પ્રવાસીઓમાં સ્ત્રીઓ તથા પુરુષોની ટકાવારી | |
| | ગ્રાફ : ૭.૨(અ) | ૨૦૭ |
| | ગ્રાફ : ૭.૨(બ) | ૨૦૮ |
| ૭.૫ | ભારતના પ્રવાસને અંતે પ્રવાસીઓના અનુભવો | |
| | ગ્રાફ : ૭.૫ | ૨૧૮ |
| ૭.૬ | ભારતનો પ્રવાસ સારો કે અન્ય દેશનો તે અંગે પ્રવાસીઓના અભિપ્રાયોનું વિશ્લેષણ | |
| | ગ્રાફ : ૭.૬ (અ) | ૨૨૦ |
| | ગ્રાફ : ૭.૬ (બ) | ૨૨૧ |

# ફ્લોચાર્ટની સૂચિ


| ફ્લોચાર્ટ નં. | વિગત | પૃષ્ઠ |
|---|---|---|
| ૧.૬ | પ્રવાસન માળખું : | ૧૩ |
| ૧.૭ | પ્રવાસન ઉત્પાદન અને સેવાઓ | ૨૨ |

# પ્રકરણ : ૧

## સૈધ્ધાંતિક પરિપ્રેક્ષ્ય


- પ્રસ્તાવના

૧.૧ પ્રવાસન ઉદ્યોગનો અર્થ

૧.૨ પ્રવાસન સેવાને ઉદ્યોગનો દરજજો

૧.૩ ભારતમાં પ્રવાસન ઉદ્યોગની સ્થાપના

૧.૪ સૈધ્ધાંતિક પરિપ્રેક્ષ્ય

૧.૫ પ્રવાસન ઉદ્યોગનું સૈધ્ધાંતિક મોડેલ

૧.૬ પ્રવાસન : સ્વરૂપો, પ્રકારો અને માળખું

૧.૭ પ્રવાસન ઉત્પાદન અને સેવાઓ

૧.૮ પ્રવાસનનાં ઘટકો

૧.૯ પ્રવાસનની માંગ અને પુરવઠો

૧.૧૦ પ્રવાસન સંસ્થાઓ

૧.૧૧ પ્રવાસન ઉદ્યોગના હકારાત્મક પાસાઓ કે લાભો

# <u>પ્રકરણ : ૧</u>

# સૈધ્ધાંતિક પરિપ્રેક્ષ્ય

- **પ્રસ્તાવના :**

પ્રવાસન આનંદ પ્રમોદ, રજાઓ તેમજ કોઈક સ્થળે જવા આવવા સાથે સંકળાયેલ પ્રવૃત્તિ છે. પ્રવાસનને ચીજવસ્તુઓના તથા સેવાઓના વપરાશ સાથે સંબંધ છે. જો કે પ્રવાસન એટલે માત્ર આનંદ, આર્થિક પ્રવૃત્તિઓ જ નહીં, પરંતુ વિશ્વના અન્ય રાષ્ટ્રોમાં સાંસ્કૃત્તિક આદાન પ્રદાનનું માધ્યમ બની રહયું છે. તેમજ પરિવહન તથા વિશ્વશાંતિમાં સાંસ્કૃત્તિક તથા વ્યાપારિક સંબંધો વધારવામાં મહત્ત્વનું પાસું બની રહે છે. આમ, પ્રવાસન પ્રવૃત્તિ મહત્ત્વની ભૂમિકા અદા કરે છે.વિશ્વપ્રવાસન સંસ્થા(W.T.O.)અનુસાર "લોકોના રોંજીદા વસવાટ તેમજ કામના સ્થળથી ૨૪ કલાકથી ઓછા અને એક વર્ષથી વધુ નહીં એટલા સમય માટેની સ્થાનાંતરણની પ્રક્રિયા છે."

વાસ્તવમાં પ્રવાસન એ એક ફુરસદના સમયની પ્રવૃત્તિ છે. કારણકે તેથી વિરોધાભાસી પ્રક્રિયાઓ એટલે કે નિયંત્રિત તેમજ આયોજિત કામ સાથે સહઅસ્તિત્વ ધરાવે છે. તે આપણને દર્શાવે છે કે આધુનિક સમાજના કામ અને ફુરસદ સામાજિક પ્રક્રિયાના અલગ અને નિયંત્રિત વિસ્તારો છે. તે વિવિધ સ્થળ અને સમયગાળાની સાથે સાથે ગોઠવાયેલ છે. લોકોની અવરજવર તેમજ પ્રવાસનધામોમાં રોકણનો આ પ્રવાસનમાં સમાવેશ થાય છે. પ્રવાસન પાછળ અનેક ઉદ્દેશો હોઈ શકે, પરંતુ સૌથી મોખરે રહેતો હેતુ થ્એ હોઈ શકે, અનેકવિધ સ્થળો અને લોકોના પ્રત્યેક્ષ અનુભવો લેવા અને આનંદથી જગતને જોવા અને જાણવા જવું આ શિક્ષણનો શ્રેષ્ઠ પ્રકાર છે. Experience is the best teacher પ્રવાસનથી જાણકારી અને જ્ઞાનનો ભંડાર સમૃદ્ધ બનતો જાય છે, કૌશલ્યો ખીલતા જાય અને એક સુગ્રથિત વ્યકિતત્વ હાંસલ થાય છે.

વર્તમાન પ્રવાસન તેના વિવિધ ઘટકોના આંતરમિશ્રણ તેમજ સંયુકત પ્રયાસોનું પરિણામ છે. ભવિષ્યમાં  તેની સાથે વધુ ઘટકો જોડાય તેવી શકતાઓ રહેલી છે. હકીકતમાં જેને આપણે પ્રવાસન ઉદ્યોગ તરીકે ઓળખીએ છીએ, તે વિવિધ ઉદ્યોગની સેવાઓ તેમજ પરિણામ અને સેવાઓનું સંમિશ્રણ છે.

## ૧.૧ પ્રવાસન ઉદ્યોગનો અર્થ (Meaning of Tourism Industry) :

સહેલાણીઓના આરામ, આનંદ, મનોરંજન, સાહસ માટેના પ્રવાસો તથા સંલગ્ન સેવાઓ પૂરી પાડનાર એકમોનો સમૂહ એટલે સહેલાણી ઉદ્યોગ કહી શકાય.

આ ઉદ્યોગમાં વિવિધ સહેલાણી સેવાઓ પૂરી પાડતા એકમોનો સમાવેશ થાય છે. જેમકે, એરલાઈન્સ, રોડ તથા રેલ્વે પરિવહન, હોટેલ, મોટેલ, રીસોર્ટ, એપાર્ટમેન્ટ હોટેલ, હેરિટેજ, હેલ્થફાર્મ, એમ્યુઝમેન્ટ પાર્ક, પિક્નીક સ્પોટ્ર, રોપ વે, ટેન્ટ એકોમોડેશન, વોટર પાર્ક, કન્વેન્સન કોમ્પલેક્ષ, વોટર સ્પોર્ટ ફેસીલીટી, થીમ પાર્ક, સફારી, ગોલ્ફ કોર્સ, ટૂરિસ્ટ ટ્રેઈન, સી / રિવર ક્રુઝ, પબ્લિક ઈન્ટરેસ્ટ, પ્રોજેક્ટ્ર તેમજ રેસ્ટોરેન્ટ, ટૂર ગાઈડો, કંપનીઓના એકઝસ્યુટીવોના ધંધાકીય પ્રવાસો વગેરે ...

ટૂંકમાં, પ્રવાસન ઉદ્યોગ માનવીની પર્યટન, આરામ, જ્ઞાન વૃદ્ધિ, સાહસ વૃત્તિ તથા આરામના સમયના ઈચ્છિત ઉપયોગની માંગ પૂરી પાડવાનું કામ કરે છે.

આથી સહેલાણીના તૃષ્ટિગુણમાં વૃદ્ધિ થતી હોવાનું પણ ધારી શકાય. પ્રવાસન ઉદ્યોગને માર્કેટિંગના સંદર્ભમાં પણ વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો છે. જેમકે Tourism is a Systematic and coordinated execution of business policy by tourist undertaking.

## ૧.૨ પ્રવાસન સેવાને ઉદ્યોગનો દરજ્જો :

૧ કોઈ પણ પ્રકારની વસ્તુઓ કે સેવાઓનું ઉત્પાદન અથવા ઉત્પાદકોનું નિપજમાં રૂપાંતર કરતાં એકમોનો સમૂહ / જૂથ એટલે ઉદ્યોગ કહેવાય છે. જેમકે સીમેન્ટનું ઉત્પાદન

કરતી બધી જ કંપની એ સીમેન્ટ ઉદ્યોગ ગણાય આર્થિક પ્રવૃત્તિને વિવિધ ક્ષેત્રો (Sectors) માં વિભાજીત કરવામાં આવે છે. જેમકે, ...

૧. કૃષિ ક્ષેત્ર (પ્રાથમિક – Primary Sector)

૨. ઉદ્યોગ ક્ષેત્ર / ઔધોગિક ઉત્પાદનની પ્રવૃત્તિ (Secondory Manufacturing Sector)

૩. સેવા ક્ષેત્ર (Service \ Tertiary Sector)

આમ, ઉપર પ્રમાણે આર્થિક પ્રવૃત્તિને ત્રણ ક્ષેત્રમાં વિભાજિત કરવામાં આવે છે. હમણાં સુધી પ્રવાસન ઉદ્યોગને સેવાક્ષેત્રનો મહત્ત્વપૂર્ણ ભાગ ગણવામાં આવતો હતો. પ્રવાસન ઉદ્યોગ એ માત્ર આરામ, મનોરંજન તથા જ્ઞાન વૃદ્ધિ જેવી સેવાનું જ ઉત્પાદન કરે છે અર્થાત્ તે રાષ્ટ્ર માટે કોઈ ભૌતિક સ્વરૂપની ચીજ–વસ્તુનું ઉત્પાદન કરતો ઉદ્યોગ નથી તેમ માનવામાં આવતું હતું. આમ છતાં તે રોજગારી અને આવકમાં વૃદ્ધિ કરે છે. તેથી તે રાષ્ટ્રીય આવકમાં પોતાનો હિસ્સો નોંધાવે છે. અન્ય ઔધોગિક પ્રવૃત્તિની માફક પ્રવાસન ઉદ્યોગ ચોકકસ નિપજકોનું નિપજમાં રૂપાંતર કરે છે જેથી મૂલ્ય વૃદ્ધિનું નિર્માણ થાય છે તેમ માનવામાં આવે છે. જેમકે, વણવપરાયેલ પડી રહેતા જુના મહેલોનું સહેલાણીઓ માટે હેરીટેજ હોટેલમાં રૂપાંતર કરી તેમાં મૂલ્ય વૃદ્ધિ કરે છે.

## ૧.૩ ભારતમાં પ્રવાસન ઉદ્યોગની સ્થાપના :

વિશ્વના અનેક દેશોની અર્થવ્યવસ્થા સહેલાણી ઉદ્યોગ ઉપર આધારિત હોય છે. નેપાળ, શ્રીલંકા, થાઈલેન્ડ, ઈન્ડોનેશીયા, તાઈવાન, મોરેશિયસ, ફિલિપાઈન્સ જેવા અનેક દેશો છે જયાં પ્રવાસન ઉદ્યોગને કારણે સરકારને સારી કમાણી થાય છે.

વર્તમાનમાં પ્રવાસ એટલે ઐતિહાસિક સ્થળો કે ઈમારતો જોવી, યાત્રા કરવી એવું નથી, પરંતુ પરિવર્તન પામતા આ યુગમાં સાહસિકતા, પર્વતારોહણ, સમુદ્ર કિનારે તરણ સ્પર્ધા, દ્વિપો ઉપરની વન્યસૃષ્ટિ નિહાળવી, વિવિધ નૃત્ય સમારંભોમાં ભાગ લેવો, મેળાની મોજ માણવી વગેરે પ્રવૃત્તિઓનો પણ પ્રવાસમાં સમાવેશ કરવામાં આવે છે. આ કારણે

**ઓકટોબર ૧૯૬૬ માં ભારતીય પ્રવાસન વિકાસ નિગમ (ITDC) ની સ્થાપના થઈ** અને ૧૯૮૪ માં રાષ્ટ્રીય વિકાસ પરિષદની ભલામણ બાદ પ્રવાસનને ઉદ્યોગનો દરજ્જો થ્આપવામાં આવ્યો, જેનો અમલ ગુજરાતે કર્યો. ગુજરાત સરકારે પણ પ્રવાસનને ઉદ્યોગ ગણી નવી પ્રવાસન નીતિની જાહેરાત કરી છે.

## ૧.૪ સૈધ્ધાંતિક પરિપ્રેક્ષ્ય : (Theoretical Perspective) :

પ્રવાસન ઉદ્યોગનો સૈધાંતિક પરિપ્રેક્ષ્ય The Theory of Leisure Class અંતર્ગત Prof. Thornstein Veblen દ્વારા રજૂ કરવામાં આવેલ વિચારોમાં શોધી શકાય છે. સમયનો ઉપયોગ કામ અને આરામ વચ્ચે વહેંચવામાં આવે છે. ખાસ કરીને સમૃદ્ધ સમાજોમાં અને ગરીબ દેશોના પ્રમાણમાં વધુ ખરીદશકિત વાળા લોકો માટે આરામના સમયનો શી રીતે ઉપયોગ કરવો તે તેમના માટે નિર્ણયીકરણનો પ્રશ્ન છે. જોકે હવે ભારત જેવા વિકસતા દેશોના મધ્યમ અને ઉચ્ચવર્ગના સરકારી નોકરીયાતોને પણ સરકાર દ્વારા " ભારતદર્શન " જેવી યોજના અંતર્ગત નાણાંકીય સહાય આપવામાં આવે છે અને લોકોને પ્રવાસન માટે પ્રેરવામાં આવે છે. આ ઉપરાંત નીચી આવકવાળા વર્ગના લોકો પણ એક અથવા બીજા સ્વરૂપમાં પ્રવાસન સેવાઓની માંગ કરતા હોય છે.

પ્રવાસનને જાહેર પસંદગીના સૈધ્ધાંતિક પરિપ્રેક્ષ્યમાં પણ જોઈ શકાય. પ્રવાસન ઉદ્યોગ અંતર્ગત પૂરી પાડવામાં આવતી સેવાઓ જાહેરવસ્તુ તેમજ ખાનગીવસ્તુ સ્વરૂપની હોય છે. સામાન્ય રીતે કરદાતાઓ એવી પ્રવાસન સેવાઓની માંગ કરે છે કે જે મહદ્ અંશે જાહેરવસ્તુ સ્વરૂપની હોય અને તે પ્રાપ્તિ પાછળ ઓછામાં ઓછો ખર્ચ કરવો જરૂરી બનતો હોય નીચી આવકવાળા વર્ગના લોકો પણ એવું ઈચ્છે છે કે પ્રવાસન સેવા સંપૂર્ણપણે જાહેરવસ્તુ પ્રકારની હોય એવું પણ બની શકે કે સરકાર પ્રવાસન સેવા જાહેરવસ્તુ તરીકે પૂરી પાડવા માટે કરવેરાઓનું પ્રમાણ વધારે તો તેનો સામાન્ય પ્રજા દ્વારા વિરોધ કરવામાં આવે આથી સામાન્ય રીતે સરકાર પ્રવાસન સેવાઓમાં ચોકકસ સેવાઓ ઓછામાં ઓછી કિંમતે (સબસીડી ની મદદથી, અથવા વિના મૂલ્યે) પૂરી પાડે છે. પરંતુ આથી સમાજમાં ઊંચી આવક ધરાવતા લોકોને સંતોષ થતો નથી. તેઓ એમ ઈચ્છે

છે કે સરકાર ભલે ઊંચા કર નાખે, પરંતુ એવી પ્રવાસન સેવાઓ પૂરી પાડે કે જે સામાન્યતઃ તેઓ સંપૂર્ણપણે પોતાના નાણાં સાધનોથી મેળવી શકે તેમ ન હોય. સરકાર થ્આ વર્ગના લોકોની માંગને પણ ધ્યાનમાં લે છે અને સરકાર હસ્તકના પ્રવાસન સાહસો વિકસાવે છે. તેમજ ખાનગી ક્ષેત્રને પણ પ્રવાસન સેવા ક્ષેત્રે ઘનિક લોકોની માંગ પૂરી કરવા માટે તે સાહસ કરવા પ્રેરે છે / છૂટ આપે છે. આ માટે અલગ પ્રવાસન નીતિ પણ ઘડાતી હોય છે.

પ્રસ્તુત ચર્ચાને એક આકૃતિની મદદથી પણ સમજાવી શકાય છે જે આ પ્રમાણે છે.

ગ્રાફ : ૧.૪

Model :



OY – રેખા ઉપર પ્રવાસન ખર્ચ / પ્રવાસન સેવાની કિંમત / સરકારી ખર્ચ
OX – રેખા ઉપર પ્રવાસન ઉદ્યોગનું કદ
OS – પ્રવાસન સેવાઓની પુરવઠા રેખા
y Td$_1$, Td$_2$, Td$_3$ – પ્રવાસન સેવાની માંગ રેખા
OD – નીચી આવકવાળા લોકોની માંગ રેખા – T/P – સબસીડી

## ૧.૫ પ્રવાસન ઉદ્યોગનું સૈધ્ધાંતિક મોડેલ :

પ્રસ્તુત આકૃતિ સાર્વજનિક વસ્તુની અને ખાનગી વસ્તુની–બજારમાંગ (Market Demand) સમક્ષ કેવો અને કેટલો પુરવઠો આપે છે તેનું તુલનાત્મક વિવરણ કરે છે.

ઉપર રજૂ કરેલી આકૃતિમાં OY રેખા ઉપર પ્રવાસન ખર્ચ અથવા પ્રવાસન સેવાની કિંમત કે પ્રવાસન સેવા માટે સરકાર દ્વારા નાખવામાં આવતો કર દર્શાવવામાં આવે છે. OX રેખા ઉપર પ્રવાસન ઉદ્યોગનું કદ દર્શાવ્યું છે. OS રેખાની મદદથી પ્રવાસન સેવાનો પુરવઠો દર્શાવેલો છે. Td $_1$, Td $_2$, Td $_3$ પ્રવાસન સેવાઓની માંગ રેખાઓ છે. આકૃતિમાં OX રેખાની નીચે OD માંગ રેખા દર્શાવેલી છે. જે ગરીબો કે નીચી આવકવાળા લોકો દ્વારા પ્રવાસન સેવા માટે વ્યકત થતી માંગની રેખા છે.

– $D_1$, $D_2$, $D_3$ માંગરેખાઓ એમ દર્શાવે છે કે અર્થકારણમાં સમૃદ્ધિ વધે અને લોકોની ખરીદશકિતમાં વધારો થાય તેમ લોકો કામ અને આરામના સમયની ફાળવણીમાં ફેરબદલી કરે છે. સમાજ વધુ સમૃદ્ધ બને, તેમ લોકો વધુ સમય પ્રવાસ પાછળ ગાળવાનું પસંદ કરશે તેમ અભિપ્રેત છે. આથી સરકાર માત્ર $OX_1$ જેટલુંજ પ્રવાસન વિકસાવે તો $Td_1$ રેખા દ્વારા વ્યકત થતી માંગ સંતોષી શકાશે. અલબત આ માટે લોકોએ $OP_1$ જેવી નીચી કિંમત કે $Ot_1$ જેટલો નીચો કર ચૂકવવાનો થશે. આથી વધુ થ્પ્રવાસન સેવાની માંગ કરતા ગ્રાહક સંતુષ્ટ રહેશે. આથી સરકારે $T_2d_2$ જેવી ક્ષિતિજસમાંતર માંગરેખા જેટલી સહેલાણીઓની વધુ પ્રવાસન સેવાની માંગ પૂરી કરવા

માટે પોતાના પ્રવાસન સાહસો વિકસાવવા પડશે અને સાર્વજનિક અથવા ખાનગી ક્ષેત્રને વધુ સેવા પૂરી પાડવા પ્રોત્સાહિત કરવા પડશે. સામાન્ય રીતે સરકારે OD માંગ રેખા વ્યકત કરતા ગરીબ ગ્રાહકો, જાહેર જનતા સહેલાણીની માંગને પણ ધ્યાનમાં રાખવાની છે. આ સહેલાણીઓ OT કે OP જેટલી સબસીડીની અપેક્ષા રાખે છે. આથી સરકાર સહેલાણી ઉદ્યોગની સેવાઓ પૂરી પાડવા માટે સબસીડીનો બોજ ઊઠાવે અને સાથે સાથે સમૃદ્ધગ્રાહકોની ઊંચી માંગ પૂરી પાડે તેવુ હંમેશા શકય બનતું નથી. આથી વધુ માંગ પૂરી કરવાની જવાબદારી ખાનગી ક્ષેત્ર ઉપર છોડવામાં આવે છે. તેથી એવી પ્રવાસન સેવાઓ કે જેમાં જાહેરવસ્તુ સ્વરૂપ સેવાઓનું ખાનગીકરણ થઈ શકે એમ હોય તેવી સેવાઓ સરકાર પોતે પૂરી પાડવાનું પણ વિચારી શકે અને તે માટે પૂરી કિંમત સહેલાણી પાસેથી વસુલ કરી શકે જેમકે ભારતમાં Palace on Wheels જેવી યોજના કે બ્રીજ ગ્રૃપ હોટેલ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓનો સમાવેશ આ પ્રકારની પ્રવાસન સેવાઓમાં

કરી શકાય. આવી પ્રવાસન સેવા જાહેર ક્ષેત્ર,ખાનગી ક્ષેત્રના સાહસ દ્વારા સમાન ધોરણે પૂરી પડાતી જોવા મળે છે.

આમ, પ્રવાસન ઉદ્યોગમાં સરકાર દ્વારા સબસીડીના ધોરણે પૂરી પાડવામાં આવતી સંપૂર્ણપણે જાહેરવસ્તુ સ્વરૂપની સેવાઓનો સમાવેશ થાય છે અને સરકાર એવી સેવાઓ પણ પૂરી પાડે છે કે જેનો ખર્ચ સહેલાણી ઉપર નાખી શકાય અને કિંમત દ્વારા વસૂલ કરી શકાય. તેમજ એવી પ્રવાસન સેવાઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે કે જેની સંપૂર્ણ જવાબદારી ખાનગી ક્ષેત્રના સાહસિકોની હોઈ શકે છે.

## ૧.૬) પ્રવાસન : સ્વરૂપો, પ્રકારો અને માળખું :

### ૧.૬.૧ પ્રવાસન સ્વરૂપો :

૯ પ્રવાસનના સ્વરૂપ અને પ્રકારો સમાજનાં બદલાતાં જતાં મૂલ્યોનાં પરિપ્રેક્ષ્યમાંજ ઉદ્‌ભવે છે. દા.ત. આધુનિક સમાજમાં 'થવા' ના મૂલ્યનું સ્થાન 'હોવા' ના મૂલ્યોએ લઈ લીધું છે. 'ભોગવટો','મિલકત', 'સંપત્તિ', ' અહમ્' તેમજ વપરાશનું મહત્ત્વ જાતિ , વિનમ્રતા, સમજદારી તથા નિરાભિમાનીપણા કરતાં વધી જવા પામ્યું છે. તેના પરિણામ સ્વરૂપે વિશ્વના તમામ ભાગોમાં.......

- અર્થકારણનું સ્વરૂપમાં સંપત્તિ ધ્યાન વધારનારું, શ્રમનું વિભાજન કરનારું તેમજ તજજ્ઞતાવાળું બની જવા પામ્યું છે.
- બદલી શકાય તેવા સાધાનોની માફક પર્યાવરણને પણ ગણવું,
- નકારાત્મક પાસાંઓની કોઈ ગણતરી કર્યા વગર જ પારિસ્થિતિક તંત્રની મર્યાદાને ખેંચી–તાણીને લાંબી કરવી.,
- ઉર્જા પધ્ધતિ સુધી પહોંચવાના લોકોનાં હકકોને સતત ધોઈ નાંખવા, વગેરે.

કામ/આરામ, જાગવું/ઊંઘવું, પરિશ્રમ/આરામ, આવક/ખર્ચ, કામ/કુટુંબ, સ્વતંત્રતા/જરૂરિયાત, જોખમ/સલામતી વગેરે જેવાં જુદાં જુદાં ક્ષેત્રોમાંથી પ્રવાસનનાં સ્વરૂપો ઉદ્‌ભવે છે.

પ્રવાસન ઉદ્યોગ મનોરંજન અને મોજમજાની લલચાવનારી ઓફરો દ્વારા પ્રોત્સાહિત કરે છે. મુકત બજારના અર્થતંત્રની સુસ્થાપિત સિંધ્ધાંતોવાળી સીમાઓમાં રહીને કરવામાં આવતાં નવસર્જનની પ્રક્રિયાઓના ધંધાદારીકરણ ભૂતકાળમાં રજા ગાળવાના મથકો અને મર્યાદિત વિદેશપ્રવાસ વગેરે કામદારો માટે નાંણાકીય સહાયવાળાં બનાવી દીધા હતા. ભારતમાં આજે પણ પરિવહન રાહત જેને આપણે એલ.ટી.સી. (Leave Travel Concession) કહીએ છીએ તે અને મોટાભાગની કંપનીઓ થ્પોતાના કર્મચારીઓને રજા ગાળવાનાં સ્થળો પણ પૂરાં પાડે છે.

## ૧.૬.૨ પ્રવાસનના પ્રકારો :

વર્તમાન સંદર્ભમાં **પ્રવાસનના વિવિધ પ્રકારો** નીચે પ્રમાણે છે.

I. આરામદાયક તેમજ શકિતવર્ધક ( માંદગી પછી હવા ફેર કરવા ) :

રોજીંદા જીવનમાં આરામ મેળવવામાં કે હાથ કરવાંના કામોને બદલે બેઠા હુકમો કરવાને લીધે ઊભી થયેલ સમાજની તાણ–દબાણમાંથી મુકિત મેળવવા માટે. પ્રવાસનની ગણતરી સમય પસાર કરવાના સાધન તરીકે અથવા પ્રવાસધામોમાં જઈ રજાઓનું નુકસાની વળતર મેળવવા અથવા જેને રજાઓ કે વેકેશનની મુસાફરી કે જે સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય રીસોર્ટ(આશ્રય સ્થાનો) તેમજ દરિયાકિનારે રજા ગાળવા પર પ્રકાશ ફેંકે છે તે રીતે થાય છે.

II. મુકિત :

પ્રવાસન એટલે રોજિંદી વાસ્તવિકતાથી કાલ્પનિક મુકિત વિશ્વ તરફનું લોકોનું સમૂહગત ઉડ્ડયન.

III. ખબરઅંતર :

કુંટુંબીજનો તેમજ મિત્રો સાથે ગુણવતાભર્યો સમય પસાર કરવો, નવા મિત્રો કરી તેમજ પરિચયો કેળવવા, તે પ્રવાસન જગતની સગવડનો આનંદ ઊઠાવતું ટોળારૂપે જોવાં મળતું આ સમૂહ પ્રવાસન છે.

IV. સંસ્કાર અને શિક્ષણ :

આવું પ્રવાસન વિશ્વનાં અન્ય રાષ્ટ્રોને જો કે ઊંડાણપૂર્વક નહીં પણ ઉપરછલ્લી રીતે–સમજવા તેમજ જોવા માટે સ્થળદર્શન પર આધાર રાખે છે.

V. સ્વાતંત્ર્ય :

પ્રવાસન તમને ઘર તેમજ કામકાજમાંથી સ્વાતંત્ર્ય બક્ષે છે અને સુવિધાઓ તથા આરામના અનુભવ કરવાની દિશામાં લઈ જાય છે.

VI. <u>સ્વાસ્થ્ય :</u>

ગરમ તથા ઔષધયુકત પાણીથી કટી સ્નાન કરાવતાં–સ્પાઝ (Spas) વરાળ થ્સ્નાન કરાવતાં, લાંબા સમયની અસાધ્ય બિમારી માટે ઉપચાર કરતાં સ્વાસ્થ્ય કેન્દ્ર (Health Clubs) માં આવું કંઈક કામકાજ કે યોગ કરવા માટે થતાં પ્રવાસોને સ્વાસ્થ્ય પ્રવાસન ગણી શકાય.

VII. <u>વિશેષ રૂચિ પર્યટનો :</u>

પર્યટકોની વિશેષ ઋચિ અનુસાર ગોઠવાતાં પ્રવાસનમાં તબીબી વિજ્ઞાન, ઐતિહાસિક, પુરાતાત્વિક તેમજ ગોલ્ફ કે માછીમારી જેવા અન્ય શોખ માટે ગોઠવવામાં આવતાં પ્રવાસનનો સમાવેશ થાય છે.૪ <u>સાહસ તેમજ વન્યજીવન :</u>

આધુનિક સભ્યતા–સંસ્કૃતિથી ઘણા દૂર પાલખી ઉંચકનારાઓ તેમજ નોકર–ચાકરો અને ખચ્ચરો, ઊંટો, હાથીઓ અથવા જીપગાડીઓ દ્વારા પ્રવાસનની મઝા માણતા ટ્રેકીંગ (પગપાળા પ્રવાસ) અને હાઈકિંગ (થોડું ચાલવું થોડું સાધન દ્વારા જવું અથવા જંગલમાં ઊંડા સુધી જવું) અને પ્રથમ દરજ્જાની હોટલની સુવિધાઓવાળી કેમ્પલાઈફની મઝા લૂંટવા માટેના પ્રવાસનનો આમાં સમાવેશ થાય છે.

VIII. <u>સંમેલન કે સભા–પ્રવાસન :</u>

ફુરસદના સમયનું કામકાજ સાથે સંયોજન કરવા, પ્રવાસધામોમાં થતાં સભા–સંમેલનો કે બેઠકોનાં આયોજનોનો પ્રવાસનમાં સમાવેશ થાય છે.

IX. <u>વૈકલ્પિક પ્રવાસન :</u>

વૈકલ્પિક પર્યટકો આવી ચીજો જુદી જ રીતે કરવાનું પસંદ કરે છે. તેઓ અન્ય પર્યટકો સાથે ઓછા અને જીવંત સંસ્કૃતિ સાથે વિશેષ રહેવા ઈચ્છે છે. તેમણે 'ખાસ પર્યટક' સુવિધાઓ, પરિવહન તથા અન્યસેવાઓનો ઉપયોગ ન કરવાનું ધ્યેય સ્વીકારેલ છે. તેઓ સ્થાનિક પ્રજોજનોની સેવાઓ લેવાને પ્રાથમિકતા આપતા હોય છે. આ રીતે તેઓ તેમના જીવનના કોઈક પાસાનો અનુભવ કરવાની આશા રાખતા હોય છે.

ઘણાં બધાં પર્યટકો અન્ય વિકલ્પો પણ પસંદ કરતા હોય છે. કારણકે તેઓ સમૂહ થ્પ્રવાસન દ્વારા પ્રવાસધામમાં કરાયેલ નકારાત્મક પ્રભાવ સાથે નિસ્બત ધરાવતા હોય છે. તૈયાર કરવામાં આવેલ આરામદાયક સુવિધાઓ (પ્રવાસીઓને) પૂરી પાડવા કરતાં સ્થાનિક લોકસંસ્કૃતિ પર વધુ પ્રકાશ પાડતા કરવા જેવા સ્વરૂપમાં પ્રવાસ આયોજકોને નિષ્ણાત બનાવી શકાય. આવી સહેલ (પ્રવાસ) વધારેલા સમયગાળા માટે હોવી જોઈએ અને પરંપરાગત બે અઠવાડીયાની રજાઓ કરતાં ઓછી કિંમતની કરી શકાય તેવી હોવી જોઈએ પરંતુ તે ઊંચી કિંમતની પણ હોઈ શકે.

'સ્થાનિક મિત્રો' સાથેની મુસાફરી અને તેનો હેતુ કોઈકની રાજકીય, સામાજિક તેમજ ધાર્મિકપરંપરાઓની માહિતી મેળવવાનો હોવો જોઈએ. પ્રવાસધામો ગામડાં અને આદિવાસીઓનાં રહેઠાણો અથવા જૂના રાજા–મહારાજાઓનાં મહેલો જેવાં જુદા જ પ્રકારના હોવાં જોઈએ. હોટલો અને ઘરો ખાસ કરીને મૈત્રીપૂર્ણ વાતાવરણ તેમજ સ્વચ્છ પ્રકારના હોવા જોઈએ. ઠાંસીઠાંસીને ભરેલાં ઉતારુઓ સાથેનાં વાહનો, એમના આગવા થ્પોશાકમાં બજાર તરફ ઉંટ કે ગધેડાઓ ઉપર સવાર થઈ જતાં લોકો, ગહેરા કાળાપાણીમાં તરતી નાવડીઓ અથવા પહાડો પગદંડીઓ (એ બધી આ પ્રવાસનની વિશેષતા ગણાય.)

ભારત એક પ્રચલિત વૈકલ્પિક પ્રવાસધામ છે. તે પ્રાચિનતા, ધાર્મિકતા અને શહેરીકરણનું ચતુરાઈયુકત મિશ્રણ તથા સ્થાનિક રંગીનીઓ તથા ચૈતન્યથી ભરપૂર છે.

### ૧.૬.૩ <u>પ્રવાસન માળખું :</u>

પ્રવાસન પદ્ધતિ એટલે પ્રવાસનનાં ગતિશીલ પરિબળોનો પરિચય પ્રાપ્ત કરવામાં મદદરૂપ થતો ખ્યાલલક્ષી અભિગમ. પ્રવાસનની સીમાઓ અત્યંત પરિવર્તનશીલ છે. વ્યવસ્થાની કામગીરી સાથે સંકળાયેલા તમામનો સંતોષ જળવાય તે માટે જરૂરી સિદ્ધાંતો

અને તેના અમલ વચ્ચે સંકલન ધરાવતા માળખાના રૂપમાં પ્રવાસનનો ખ્યાલ જોવામાં આવે છે.

વિકાસ માટેની ઐતિહાસિક ક્ષમતા અને તેમાંથી નીપજતા લાભો પ્રવાસન વ્યવસ્થાનું એક ગતિશીલ પરિબળ છે. જોકે રાષ્ટ્રીય અગ્રીમતાઓની સાથે સાથે આ વ્યવસ્થા એક વૈશ્વિક આર્થિક વાતાવરણમાં કાર્ય કરે છે. ધ્યેયપ્રાપ્તિના વિકાસ માટેની ક્ષમતા કેળવવામાં જુદા જુદા અભિગમો અવરોધરૂપ બની શકે છે. આજે પ્રવાસીના દષ્ટિબિંદુ કરતાં તેનો લાભ પ્રાપ્ત કરનારાઓના દષ્ટિબિંદુથી જે જુદું પડે છે, એવા પ્રવાસનના ગતિશીલ તત્ત્વની આસપાસ પ્રવાસનની પરિચર્ચા ઘૂમ્યા કરતી હોય છે. પ્રવાસન વ્યવસ્થાનું ચાર સ્તરીય માળખું હોય છે, જે નીચે દર્શાવવામાં આવ્યું છે :

:: ફલોચાર્ટનં :૧.૬.૩ ::


પ્રવાસન માળખું
ઈતિહાસ, ખ્યાલો સિધ્ધાંતો સંભાવનાઓ
પ્રવાસનની અદ્‌ભૂત ઘટનાઓ
પ્રથમ સ્તર
માંગ
પદ્ધતિ
પુરવઠો
ભૂગોળ
આકર્ષણ
આંતરિક માળખું
શ્રેષ્ઠ માળખું
ઈચ્છિત ભાગ
પર્યટન અનુકૂલતા અવરોધ વર્તણૂંક
વાહન વ્યવહાર સંચાર, પ્રોત્સાહન માહિતી, પ્રવાસ એજન્ટ/સંચાલક
દ્વિતીય સ્તર
વ્યવસ્થાપન
નીતિ
આયોજન
શિક્ષણ/ માનવસંસાધન વિકાસ (H.R.D.)
બજાર વ્યવસ્થા
નાણાં ભંડોળ
તૃતીય સ્તર
અસરો
સંસ્થાકીય
યજમાન
પ્રવાસી
ધ્યેય વિસ્તરણ
ચતુર્થ સ્તર
આર્થિક
સામાજિક– સાંસ્કૃતિક
પર્યાવરણીય

પર્યટકો અને સ્થાનિક લોકોની અપેક્ષાઓ વચ્ચે પ્રવાસનની પરિકલ્પના કેવી રીતે સમતુલન જાળવે છે, તે નીચેની બાબતો પર આધાર રાખે છે :

- પર્યટક અને તેના ઉતારાની પૂરક વ્યવસ્થા વચ્ચે પ્રતિક્રિયા.
- પર્યટકને ઉપયોગી વસ્તુઓ તેમજ ઉતારા માટે જરૂરી વસ્તુઓ પ્રાપ્ત કરવાના તેમના અધિકાર અંગે બંને જૂથોની વિભાવના 'અદશ્ય થતાં પહેલા આવી જાઓ' એવા સૂત્રો વડે પ્રવાસસ્થળોની મહત્તા વધારવાના બદલે પ્રવાસન–વ્યવસ્થા એ એક હુંફાળું વાતાવરત ઊભું કરવાની જરૂર છે.

- **લોકો અને તેઓની આસપાસનું વાતાવરણ (People and their Environment)**

લોકો અને તેઓની આસપાસના વાતાવરણના સંદર્ભમાં પ્રવાસન–વ્યવસ્થામાં નીચેના પ્રશ્નો ઊભા થાય છે :

૧. **<u>મર્યાદિત સાધનો</u>** : સમય અને નાણું બંને તક નિર્ધારિત કરે છે અને સામાન્ય રીતે બંને અમર્યાદિત નથી.

૨. **<u>કાર્ય</u>** : સમય અને નાણાં વાપરવામાં વિવેક, ક્ષમતા રહેલાં હોય છે અને છતાં ઉપકારવશતા એક અવરોધ બને છે.

૩. **<u>સરભરા</u>** : સરભરાનું તત્ત્વ બુદ્ધિપ્રદ કાર્યને મદદરૂપ બને છે. પરંતુ તે પ્રવાસ, મુસાફરી, પ્રવાસઘટકો અને સહાયક સેવાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સગવડોની મર્યાદામાં રહીને જ થઈ શકે છે.

૪. **<u>પરિણામો</u>** : પ્રવાસન સહિત સમગ્ર જીવન જગતની તમામ સ્થિતિઓમાં આનંદ અને ઉપયોગિતા બંનેની અપેક્ષા રહે છે.

૫. **<u>લાભ પ્રાપ્તકર્તાઓ</u> :** યજમાન અને મહેમાન બંને ગણી શકાય કારણ કે અત્યંત નિયંત્રિત અને સંકુચિત ઘટનાઓ ન હોય તો પણ પર્યટકો સ્થળોમાંયે પ્રવાસનની સફળતા માટે બંને જૂથોની ભાગીદારીની પ્રવાસન પ્રક્રિયામાં આવશ્યકતા રહે છે. ઉપર્યુકત તમામ બાબતો [illegible]ો ઊભા કરે છે, જેની કાળજી લેવાની અને તેનો ઉકેલ લાવવાની જરૂ[illegible]

**૧૪**

- **આકર્ષનારા અને ધકેલનારાં પરિબળો (Pull and Push)**

પ્રવાસન–વ્યવસ્થામાં જે આકર્ષનારાં અને ધકેલનારાં પરિબળો કહેવાય છે, તેના દ્વારા આ પ્રશ્નોનો ઉકેલ મેળવી શકાય છે.

**<u>:: કોષ્ટક નં : ૧.૬.૩ ::</u>**

**<u>પ્રવાસન વિનિમય</u>**

| માંગ | પુરવઠો |
|---|---|
| ૧. વહનક્ષમતા | ૧. પ્રવાસનની સ્વતંત્રતા |
| ૨. સાધનસંપત્તિ | ૨. જાણકારી |
| ૩. ટેકનોલોજી | ૩. સ્વાભાવિક વલણ |
| ૪. શારીરિક શ્રમ | ૪. જબરદસ્તી |
| ૫. મૂડી | ૫. વહેંપણી પ્રવાહો |
| ૬. નીતિ | ૬. પરિવહન |
| | ૭. સુરક્ષા |

| આકર્ષનારા | ધકેલનારા |
|---|---|
| યજમાનો | મહેમાનો |
| સરકારો | મધ્યસ્થીઓ |
| કર્મચારીઓ | સમૂહો |
| વેપાર | અંગત |
| થએન.જી.ઓ.એસ. | |

| વિશેષ રસ ધરાવતા સમૂહો | |
|---|---|
| **નિદર્શન કરનારા** | **મેળવનારા** |

પ્રવાસન–વ્યવસ્થા સરકારો, ઉદ્યોગો, વેપાર અને સામાન્ય પ્રજાની રહેણીકરણી સુદ્ધાંને પણ અસલ કરે છે. આજ કારણે નીતિ–ઘડવૈયાઓ દ્વારા અથવા આર્થિક, સામાજિક, નીતિવિષયક પરિચર્ચાઓમાં પ્રવાસનની ઉપેક્ષા થઈ શકતી નથી.

કોઈપણ પ્રવાસન સ્થળની સફળતાનો આધાર માત્ર પર્યટકો, વસ્તુઓની સમૃદ્ધિ પર જ નથી હોતો, પરંતુ વસ્તુના પેકેજીંગ અને માર્કેટીંગની પદ્ધતિ નકકી કરનાર પ્રવાસન પદ્ધતિની અસરકારકતા પર રહેલો છે. આ નવા અભિગમનું ઉદાહરણ એ નવી અપેક્ષાનું સર્જન છે. આજે ગોલ્ફ પ્રવાસન એ વિશ્વમાં સૌથી વધુ ખર્ચ કરનારા પ્રવાસીઓ માટે એક મુખ્ય આકર્ષણ છે. વિશ્વ–પ્રવાસનમાં અગ્રીમ સ્થાન પ્રાપ્ત કરવા જે હરણફાળ ભરી રહ્યું છે. એવા ચીને ગોલ્ફને પ્રવાસનના આકર્ષણરૂપે મુખ્ય પ્રવૃત્તિ તરીકે પસંદગી આપી છે. ચીનીઓ આગમી પંદર વર્ષોમાં ચારસો (૪૦૦) જેટલા નવા ગોલ્ફ અભ્યાસક્રમોનું આયોજન કરી રહ્યા છે. ભારત પાસે અતિ જૂની ગોલ્ફિગ પ્રણાલિકા છે અને તેની કેટલીક કલબો તો સો (૧૦૦) વર્ષથી પણ જૂની છે. તેમ છતાં તે આંતરરાષ્ટ્રિય ધોરણોથી નીચા હોવાનું કહેવાય છે અને જો ભારતે પ્રવાસન બજારનો થોડો પણ હિસ્સો હાંસલ કરવો હોય તો ઓછામાં ઓછા પચાસ (૫૦) નવા થ્અભ્યાસક્રમોનો વિકાસ કરવો પડશે.

## ૧.૭ પ્રવાસન ઉત્પાદન અને સેવાઓ :

એક પર્યટકની જરૂરિયાતોનો યાત્રા, રહેઠાણ, ભોજન વ્યવસ્થાની સુવિધાઓ અને ખુશી તથા મનપસંદ અને આકર્ષક સ્થળો જોવા સાથે સંબંધ છે એટલા જ માટે સ્ત્રી પુરુષ પર્યટકો નીચે દર્શાવેલ બાબતોની આશા રાખતા હોય છે.

- તેમની સારી સારસંભાળ અને ખાતર બરદાસ્ત થશે.
- તેઓ મનપસંદ જગાઓ પર જાય, ત્યાં પુરતો સમય પસાર કરે અને તેમની મનપસંદ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે.
- તેમને વાહનવ્યવહારની રાહ જોવામાં કે ખરાબ મોસમ કે અન્ય કારણસર રસ ન પડે તેવા સ્થળોએ સમય બરબાદ ન કરવો પડે.
- મનપસંદ સ્થળેથી ઝડપથી ભાગવાની ઉતાવળ કે ધમાલ ન કરે.
- સ્વાદ અને સ્વાસ્થ્યને સાનુકૂળ ભોજન મળે.
- જૂથ અને સાથમાં સારા લોકો હોય.
- સૌ સૌની પસંદ મુજબ નવીન સ્થળોએ તેની સ્થાનિક જીવન શૈલી, સંસ્કૃતિ, થ્ભોજન વગેરેનો આનંદ મળી શકે.
- વ્યકિત કે સામાન વગેરેની સુરક્ષા.

પર્યટકોની આ અપેક્ષાઓ નીચેના ત્રણ મુખ્ય તત્ત્વો દ્વારા પૂરી પાડી શકાય છે.

- આકર્ષણ
- સુવિધા
- પહોચ

આ ત્રણ મળીને પર્યટન ઉત્પાદન બને છેઃ–

- આકર્ષક સ્થળોને જોઈ શકાય છે. તેનો આનંદ માણી શકાય છે સમુદ્ર તટ, પહાડ, પશુ–પક્ષી, ઝાડ–પાન, ઈતિહાસ અને સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતાં સ્થળો મનોરંજન કાર્યક્રમો આપણે જોઈ ખુશ થઈએ છીએ.
- સુવિધાઓ દ્વારા વિવિધ પ્રકારની સુખ સગવડોનો ખ્યાલ રાખી શકાય. જેમાં રહેઠાણ, ભોજન, સંચાર, ગાઈડ વગેરેનો સમાવેશ થાય છે.
- પહોચની અંદર કોઈ પણ સ્થળે પહોચવા માટેની ઔપચારિકતાઓનો સમાવેશ થાય છે. જેમકે વીસા, સ્થાનિક ડર, બુકિંગ વગેરે કોઈપણ જાતની હરકત કે નુકસાન સિવાય મળે અને તેની સાથોસાથ રહેઠાણ વિનિમય, વાહનવ્યવહાર વગેરેની વ્યવસ્થા ઉપલબ્ધ હોય.

પ્રવાસન ઉત્પાદન ઘણું અટપટુ હોય છે. તેમાં વિવિધ વ્યકિતઓ દ્વારા પૂરી પાડવામાં આવતા કેટલાંક તત્ત્વોનો સમાવેશ થાય છે. (હોટલ, દુકાન, આકર્ષક સ્થળો, ગાઈડ) કેટલાંક જયાંથી યાત્રા શરૂ થાય તે સ્થળે હોય છે. (વિસા માટે દુતાવાસ, ટ્રાવેલ એજન્સી અથવા ટુર ઓપરેટર) અને કેટલાંકની રસ્તામાં જરૂર પડે છે (જેમને સ્થાનિક કર, પરિવહન, વિનિમય).

૬

આમાંની કેટલીક સેવાઓ, દશ્ય વસ્તુઓ ઉત્પાદનો સાથે જોડાયેલી હોય છે. હોટલ અને પરિવહન કેટલાંય પ્રકારના દશ્ય ઉત્પાનોનો ઉપયોગ કરે છે. હોટલમાં રહેવાની સુવિધા અને આરામ એક એવો અનુભવ છે કે જે ત્યાં ઉપલબ્ધ ફર્નીચર અને સાધન સરગમની ગુણવત્તાથી નહિ પરંતુ કેટલી કાર્યક્ષમતાપૂર્વક કામ આપે છે તેના ઉપર આધાર રાખે છે. ઉપકરણોથી પેદા થતો અવાજ કે આરામના સમયે બહાર થતાં

ઘોંઘાટની પણ તેના ઉપર અસર પડતી હોય છે. કેટલાંક લોકો ઘોંઘાટથી ખૂબજ પરેશાન થઈ જતા હોય છે. આનો આધાર હોટલ કેવી સારસંભાળ લે છે તેનાં અને હોટલમાં રહેતા બીજા લોકોના વ્યવહાર પર પણ રહે છે. આ શોરબકોર એ ફર્નીચર કરતાં હોટલ ઉત્પાદનનો એક મહત્ત્વનો હિસ્સો હોય છે. આ વાસ્તવિક પણ અદ્રશ્ય એમ બન્ને પ્રકારના તત્ત્વો સામેલ હોય છે જેમા સેવા અદ્રશ્ય તત્ત્વ તરીકે રહેલી હોય છે.

એવી જ રીતે આપ એક સરસ આરામદાયક કવોલિસ કારમાં મુસાફરી કરતા હો પરંતુ ડ્રાઈવર ઉદ્ધતાઈપૂવર્ક ઝડપથી ગાડી ચલાવતો હોય, અવિવેકી હોય, તમારૂં ધ્યાન બરાબર ન રાખે, તો આ એક ખરાબ પ્રકારની સેવાનો અનુભવ થશે. ઉદ્ધતાઈ, વિનમ્રતા અને વિચારવાન વિગેરે મુલ્યાંકનનો એક વ્યકિત બીજી વ્યકિત માટે કરતી હોય છે. આવા બધા મૂલ્યાંકનો વ્યકિતગત હોય છે અને તે સાચાં છે કે ખોટાં તે માપી જોઈ શકાતુ થ્નથી. એ અદ્રશ્ય હોય છે દા.ત. આ હિસ્સામાં ગાડી ચલાવનાર ડ્રાઈવરનાં કામોનું મૂલ્યાંકન કરવામાં આવ્યુ છે પરંતુ તેને કેટલાક અંશે ગ્રાહકને ગાડી ચલાવનારની સેવાનો ઉપયોગ કરતી વખતે ખરાબ અનુભવ થવા પામ્યા કારણ કે તે સમયનાં માહોલે આવાં પ્રકારનાં અનુભવ માટે અસર કરી ડ્રાઈવર દ્વારા ખરાબ સેવા પૂરી પાડવામાં આવી હતી. એણે ઉપભોગના સમયે જ આવી સેવા આપી આમ ઉત્પાદન અને ઉપભોગ એકી સાથે થયા. ઉપભોગ સિવાય ઉત્પાદન શકય નહોતુ જો ગ્રાહકે ખરાબ વ્યવહાર પ્રત્યે લક્ષ્ય ન આપ્યું હોય તો કોઈ ખરાબ વ્યવહાર થવા જ પામત નહિ.

પ્રવાસન ઉત્પાદનામાં ઘણી વિવિધતા હોય છે. એક 'ટ્રાવેલ એજન્ટ' મુખ્ય ઉત્પાદનનાં રૂપમાં યાત્રા કાર્યક્રમ તૈયાર કરી શકે છે અને હવાઈ જહાજની ટિકિટ ખરીદી શકે. પરંતુ પૂરત સેવા તરીકે પાસપોર્ટ અને વીસા, વિદેશી ચલણનું વિનિમય કે હવાઈ

અડ્ડા પર બીજી કેટલીક મદદ કરી શકે છે. આ રીતે કોઈ પણ પ્રવાસનસ્થળનાં આકર્ષણને વધારી શકાય છે. દા.ત. બકીગહામ પેલેસનાં ઓરડાઓ મહેમાનો માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે જેને કારણે પર્યટકો લંડન પ્રત્યે આકર્ષણ વધવાની શકયતા છે.ઉપરાંત ડ્રોઈંગરૂમ અને પિકચર ગેલેરી, સોવેનીયરની દુકાનથી પણ સ્થળનાં આકર્ષણમાં વૃધ્ધિ કરી શકાય છે.

પર્યટનની ખરીદી એ પર્યટકનું કાલ્પનિક રોકાણ છે જેના બદલામાં તેઓ તેના પરિણામ સ્વરૂપે વપરાશના ઉત્પાદન તરીકે થનાર આનંદની અપેક્ષા રાખે છે. પર્યટકોની વપરાશ તેમજ અપેક્ષઓનો સંબંધ પાયાની જરૂરિયાતો અને સગવડો પૂરી પાડતી સેવાઓ સાથે છે. ફૂરસદના સમયની પ્રવૃત્તિઓ પણ આયોજિત કરી શકાય છે. દાખલા તરીકે પર્યટનની ખરીદી એ વિમાનસેવાની બેઠક, હોટલમાંની પથારી, ભોજન અને તાજમહેલ જોવાની તક ખરીદવા બરાબર છે. પર્યટક હંગામી પણે અજાણ્યા પર્યાવરણને તેની અદ•ભુત વાતાવરણીય અને ભૌગોલિક લાક્ષણિકતાઓ તેમજ અતિસૂક્ષ્મ ફાયદાઓ જેવાકે ભાવતાલ, સુખ સગવડ, મહેમાનગતિ, વાતાવરણ સંસ્કૃતિ તેમજ વારસા વગેરે સહિત ખરીદી લેતા હોય છે. એટલા માટે જ પર્યટક ઉત્પાદન એ સ્વપ્નોને વાસ્તવિકતામાં બદલવા માટે પડકારરૂપ એવી શારીરિક તેમજ મનોવૈજ્ઞાનિક એમ બંતે પ્રકારની રચનાત્મક પ્રક્રિયા છે. વૈશ્વિક પ્રવાસન ઉદ્યોગે ક્ષેત્રે જરૂરી છે સાર્વત્રિક સંતોષનાં ધોરણોની. આ બાબત કુદરતી કે માનવસર્જિત કારણોને લીધે કે આકસ્મિક અથવા થ્અચાનક અને અણચિંતવ્યા સંજોગોને લીધે પણ હોઈ શકે. પ્રવાસન સેવાઓમાં જોખમો ઘણાં ઊંચા હોય છે. કારણકે આ સેવાઓને સુખસાહ્યબી તરીકે ગણવામાં આવે છે. આવી સેવાઓ રજૂ કરનારાઓ માટે પણ ઘણાં જોખમો રહેલા છે.

પ્રવાસન સેવાઓ રસ્તે જતાં અને પ્રવાસધામમાં વાપરવામાં આવતી હોય છે. તે અગાઉથી ચાખી, જોઈ, ચકાસી કે બીજા સાથે સરખાવી શકાતી નથી. તેનો આધાર મોભા, અગાઉના વપરાશ કર્તાઓના સંતોષ તેમજ જાહેરાતો પર રહેતો હોય છે. સેવાઓ પણ ચોકકસ ઐતિહાસિક તેમજ સામાજિક પરિપ્રેક્ષ્યમાં જ ઊભી કરવામાં આવતી હોય છે અને તે કામકાજ કરવાની રીતભાતથી પ્રભાવિત થતી હોય છે. વળી સેવાઓનો પુરવઠો તદ્દન નિયત, તેમજ અગાઉથી તૈયાર કરેલ હોય છે છતાં રજૂ કરનાર તરફે બિનવપરાશનું જોખમ ઉદ્ભવતું હોય છે કારણકે પર્યટન સેવાઓનો સંગ્રહ કરી શકાતો નથી. દાખલા તરીકે નહીં વપરાયેલી વિમાનની બેઠક અથવા ખાલી પડે રહેલ હોટલનો ઓરડો બીજા દિવસ, સમય કે સ્થળ સુધી લઈ જઈ શકાતા નથી. એની કિંમત, એ જયાં અને જયારે તે વપરાશ માટે રજૂ કરવામાં આવે ત્યારે જ હોય છે. માટે વહનક્ષમતા તેમજ સેવાઓની જરૂરિયાત અત્યંત સાવધાની પૂર્વક આકારવાની તથા અંદાજવાની રહે છે. દાખલા તરીકે મોટેભાગે એવો દાવો કરવામાં આવે છે કે પર્યટકોની ભારતમાંની અવરજવર માટે વિમાની સેવાઓની બેઠકોની અછત જ વિઘ્નરૂપ છે, અને સરભર કરવા માટે જ એર ટેકસીઓ રજૂ કરવામાં આવેલ છે. તેમ છતાં તે ઉભી થતી નવી જરૂરિયાતોના જથ્થાને પહોંચી વળવાને બદલે માત્ર ૨૦ ટકા જેટલા જ ભારતીય વિમાનીસેવાના ધસારાને પહોંચી વળે છે. આ બાબત ઈન્ડિયન એરલાઈન્સ તેમજ એરટેકસી સંચાલકો, બર્નેને માટે મુશ્કેલી ઊભી કરે છે.

પ્રવાસન માગણી મોટેભાગે ગેરવાજબી (કે મૂર્ખતાભરી) હોય છે. તથા પ્રવાહો પણ ઝડપથી બદલાતા રહે છે. પરતું સેવાઓનું–નિર્માણ મોટેભાગે પૂરતો સમય માંગી લે છે. એકવાર એક ક્ષમતા સૂચવવામાં આવે તે દાખલા તરીકે હોટેલ તથા પરિવહન સેવાઓ વગેરે તેની જરૂરિયાત કરતાં વધુ અને છેવટના લંબાણ સુધી થ્યાલનારી હોય છે. આ બાબત રજૂ કરનાર (દિગ્દર્શક)ને પક્ષે ઘણી જ ચતુરાઈ માગી

લે  તેવી છે કારણકે તેણે આ સેવાઓ ફાયદાકારક છે. તેવી ખાતરી પૂરી પાડવાની રહે છે.

વિકસતા જતાં રાષ્ટ્રોમાં  આવાં જોખમો એક મોસમથી બીજી મોસમ સુધી ખેંચી જઈ શકાય તેવાં નથી. માંગ અને પુરવઠાના દબાણ તેમજ સામાજિક રાજકીય પરિબળો ઉપરાંત પ્રવાસન આયોજકો તેમજ સેવાઓ પૂરી પાડનારાઓને  ઋતુપરત્વેની સ્થિતિની પણ અસર પહોંચતી હોય છે. ( જેમકે સખત ગરમીની ઋતુ, તેમજ ચોમાસું ) તેમને માટે બજારમાં કરવાં પડતાં મૂડી રોકાણો પણ વિઘ્નરૂપે હોય છે. ઘણા બધા કિસ્સાઓમાં  તો તેઓ મોટા પ્રમાણમાં  અનૌપચારિક ક્ષેત્રો અથવા જેમને આપણે વચેટીયાઓ કે દલાલોનાં નામથી ઓળખીએ છીએ તેમના પર આધાર  રાખતા હોય છે.આ ચર્ચા ચાર્ટ દ્વારા સમજીએ.

**<u>:: ફલોચાર્ટનં :૧.૭ ::</u>**



## ૧.૮ પ્રવાસનનાં ઘટકો :

પ્રવાસનનાં વિવિધ ઘટકો છે. નાના પાયા પર કાર્ય કરતા સ્થાનિક કક્ષાના વ્યવસાયોથી માંડીને બહુરાષ્ટ્રીય કંપનીઓ સુધી તેની શ્રેણી જોવા મળે છે. દા.ત. હવાઈ મથક પરથી ત્વરિત આહારની દુકાન (ફાસ્ટફુડ કાઉન્ટર) પ્રવાસન ઉદ્યોગનો એક ભાગ છે. તેજ રીતે હવાઈ કંપની અથવા એક હોટેલ પોતાના એક વિશેષ હેતુસર પ્રવાસ માટે કાર્ય કરતી રહે છે. તે પણ આ ઉદ્યોગનો જ એક ભાગ ગણાય છે. તદ્ઉપરાંત આ વિવિધ ઘટકો એકબીજા સાથે ખૂબજ નિકટથી સંકળાયેલા હોય છે. આધુનિક પ્રવાસનએ વિવિધ ઘટકોના આંતરમિશ્રણ તેમજ સંયુકત પ્રયાસોનું પરિણામ છે. આમ પ્રાથમિક અને દ્વિતીય કક્ષાના ઘટકો જે સમગ્ર પ્રવાસન ઉદ્યોગનું નિર્માણ કરે છે.

### ૧.૮.૧ પ્રાથમિક/ મુખ્યઘટકો (Primary / Major Constituents ) :

I. **વાહન–વ્યવહાર :** પ્રવાસનો અધાર માર્ગવાહન–વ્યવહાર, રેલ્વે, હવાઈ સેવા, જળમાર્ગ વગેરે.

II. **રેહઠાણ વ્યવસ્થા** : કુટીર, પ્રવાસીલોજ,હાઉસબોટ અથવા એક પંચતારક હોટલ વગેરે.

III. **ભોજન વ્યવસ્થા, આહાર અને મોનરંજન** : રેસ્ટોરન્ટસ, ત્વરિત આહાર થ્એકમો અને ઢાબાઓ વગેરે.

IV. **મધ્યવર્તીઓ** : પ્રવાસ અયોજકો, ભોમિયા અને ટ્રાવેલ એજન્સીઓ વગેરે.

V. **સરકારી ખાતાઓ/પ્રવાસી માહિતી કેન્દ્ર/પ્રવાસન સંસ્થાઓ** : પ્રવાસન સાથે સંકળાયેલી ઘણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ.

## ૧.૮.૨ ગૌણ ઘટકો (Secodary Constituents) :

૧) દુકાનો અને એમ્પોરિયમ્સ

૨) હસ્તકલા કારીગરી અને સ્મૃતિ કેન્દ્રો

૩) સ્થાનિક ટેકસી / પરિવહન ( દા.ત. પગરીક્ષા, તાંગા , ઓટોરીક્ષા )

૪) ફેરીયા અને હમાલો

૫) સ્થળો પર સંદેશાવ્યવહાર સેવાઓ

૬) પ્રતિનિધિ અને દલાલો

૭) પ્રચાર, જાહેરખબર એજન્સી

૮) પ્રકાશ ઉદ્યોગ એટલ કે પ્રકાશકો જેઓ પ્રવાસ માર્ગદર્શિકાઓ પત્રિકાઓ, સામાયિકો, પોસ્ટકાર્ડસ વગેરે પ્રકાશિત કરે છે.

૯) કલાકારો અને મંચ કલાકારો, સંગીતકારો

## ૧.૯ પ્રવાસનની માંગ અને પુરવઠો :–

- **પ્રવાસનની માંગ :–**

પ્રવાસનની માંગ પૂર્ણ કરવાની કક્ષાએ રહેતી હોવાથી નીતિ આયોજકો દ્વારા પ્રવાસીઓની જરૂરિયાતો અને તેમના ઉદ્દેશોને મહદ્અંશે વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. જયારે પ્રવાસન – વ્યવસ્થાનું વાતાવરણ માંગ પ્રેરિત હોય ત્યારે પ્રવાસન વધુ બહિર્ગામી વલણ ધરાવે છે એટલેકે સ્થાનિક રહેવાસીઓને નહિ, પરંતુ પર્યટકોના સંતોષ પ્રત્યે વધુ ધ્યાન આપે છે.

ભારતીય પર્યટકો વસ્તુઓ સમૃધ્ધિ અને મહત્તાની દષ્ટિએ યોગ્ય રીતે પ્રસિધ્ધ હોવા છતાં તેનાં પાયાના માળખાની સધ્ધરતા અને વૈવિધ્યનો અભાવ જોવા મળે છે. ત્રીજા વિશ્વના પ્રવાસન સ્થળોને જ[૨૪] પ્રવાસન સ્થળો તરીકે જોવામાં આવતાં હોવાથી પાયાના માળખા અને ઉપરી માળખાનાં ધોરણો યુરોપીય પરિપેક્ષ્યમાં મૂલવવામાં આવે છે. ત્રીજા વિશ્વની સરકારો પણ સ્થાનિક પ્રવાસનને સરકારી સહાય આધારિત વિકાસ તરીકે અને બાહ્ય પ્રવાસનની વૃધ્ધિને એક એવી પ્રવૃત્તિ તરીકે નિહાળે છે કે જેને અંકુશમાં રાખવી જ જોઈએ એવું તે માને છે. હકીકતમાં તમામ દેશો વિદેશી હૂંડિયામણના પરિબળોને લીધે આંતરરાષ્ટ્રિય પરિપેક્ષ્યમાં જ પ્રવાસનને ધ્યાનમાં લે છે. અને અન્ય બાબતોને નહિવત્ ગણે છે.પ્રવાસનની માંગને જે આકાર આપે છે, એવા પરિબળો જેવાં કે :

(૧) **આરામનો સમય** – રજાઓ, વેકેશન, નિવૃત્તિવય.

(૨) **જીવનચક્રનો તબક્કો** – પ્રવાસન માટે જરૂરી સમય અને નાણાં.

(૩) **સમૃધ્ધિ** – વાસ્તવિક આવકોમાં વૃધ્ધિ

(૪) **ગતિશીલતામાં વધારો** – વાહનવ્યવહારનું ખર્ચ તેમજ પહોંચી વળવાની ક્ષમતા.

(૫) શ્રમદળમાં સ્ત્રીઓનું પ્રમાણ.

(૬) **કાર્યની વિવિધ તરાહ** – સમયની પરિવર્તનીયતા.

(૭) લગ્ન પરત્વેનો દષ્ટિકોણ.

(૮) નાના કુટુંબો, ઉચ્ચશિક્ષણ અને દીર્ધાયુષી જીવન તરફ વધેલો ઝોક.

(૯) વધતુ જતું શહેરીકરણ અને સ્થળાંતર.

## ➢ પ્રવાસનનો પુરવઠો :

**૧**

પ્રવાસનના પુરવઠાને મુખ્ય પાંચ ભાગોમાં વહેંચવામાં આવ્યો છે.

(૧) કુદરતી સંસાધન, (૨) આંતરમાળખાકીય સગવડો, (૩) ટ્રાન્સપોર્ટનાં સાધનો, (૪) મહેમાનગતિ સેવાઓ અને (૫) માળખું – રિસોર્ટ, હોટેલ, મોટેલ, શોપિંગ સેન્ટર, મનોરંજન સ્થળ, મ્યુઝિયમ, રેસ્ટોરેન્ટ, વગેરે.

જોકે પ્રવાસનની માંગ તેના પુરવઠા દ્વારા મર્યાદિત બને છે. પ્રવાસનની માંગ તેમની અલગ–અલગ કિંમતે જુદી–જુદી હોય છે. તેમનું **<u>માપન</u>**....

(૧) પ્રવાસીઓનું આગમન.

(૨) દિવસ અને રાત્રી દરમ્યાન આવનારા પ્રવાસીઓની સંખ્યાઓ અને

(૩) પ્રવીસીઓએ કરેલ ખર્ચ રકમ પર આધાર રાખે છે.

## ❖ <u>વ્યકિતગત પ્રવાસીનું સંતોષનું મહત્તમીકરણ</u>

વ્યકિતગત પ્રવાસીનું સંતોષનું મહત્તમીકરણ **જે.આર.હિક્સના તટસ્થવક્રનાં ખ્યાલ** પર આધારિત છે. જે પ્રવાસીને પ્રવાસનના અનુભવો દ્વારા મળેલો સંતોષ દર્શાવે છે. જે વ્યકિતલક્ષી ખ્યાલ છે કારણકે દરેક વ્યકિતની પસંદગી અલગ–અલગ હોય છે.

તટસ્થવક્ર (Indifference Curves) એટલે ગ્રાહકને સરખો સંતોષ આપતાં બે વસ્તુઓનાં જુદાં–જુદાં સંયોજનોને દર્શાવતાં બિંદુઓને જોડતો વક્ર.

પ્રવાસીની સમતુલા એટલે એવી સ્થિતિ કે જે પ્રાપ્ત કર્યા પછી પ્રવાસી પોતાના પ્રવાસન સ્થળમાં ફેરફાર કરતો નથી. સમતુલાની સ્થિતિએ તે મહત્તમ સંતોષ મેળવે છે.

**ધારણાઓઃ–**

(૧) પ્રવાસી બુધ્ધિપૂર્વક વર્તે છે.

થ(૨) પ્રવાસીની આવક $૨૦૦ છે.

(૩) પ્રવાસીની પસંદગી આપેલી છે.

(૪)  સાપુતારામાં પ્રવાસ દિવસો બજેટમાં ૨૦ દિવસ.

(૫) ચોરવાડમાં પ્રવાસ દિવસો બજેટમાં ૧૦ દિવસ.

ઉપરની ધારણોને આધારે કયા સંજોગોમાં પ્રવાસી સમતુલા પ્રાપ્ત કરશે?

આ હકીકત હવે તપાસીએ.

**<u>:: ગ્રાફનં : ૧.૯ ::</u>**




આકૃતિમાં AB રેખા કિંમતરેખા કે બજેટરેખા પ્રવાસીની છે.

તટસ્થવક્રોનો નકશામાં I, II, III એમ ત્રણ Ic રેખાઓ આપેલી છે.

- **<u>આકૃતિની સમજૂતી :</u>**

વિદેશી પ્રવાસીનું બજેટ $ ૨૦૦ છે. સાપુતારા અને ચોરવાડ પ્રવાસ સ્થળોએ પ્રવાસ માટે સાપુતારા ૨૦ દિવસ અથવા ચોરવાડ ૧૦ દિવસ રહી શકે, જે પ્રવાસી વ્યકિત સામે પ્રવાસની કઈ કઈ તકો રહેલી છે તે દર્શાવે છે.

૬ બજેટ રેખા AB પર N, S અને M બિંદુઓ આવેલાં છે, જયારે તટસ્થવક્ર I પર N અને M બિંદુઓ, II પર V અને S બિંદુ અને III પર W બિંદુ આવેલ છે. W બિંદુ પ્રવાસીની ખરીદશકિત બહારનું બિંદુ છે. જયારે N અને M બિંદુઓ પ્રવાસીને ઓછો સંતોષ આપે છે.

આકૃતિમાં V અને S માંથી કયા બિંદુએ મહત્તમીકરણ? જો V બિંદુ II તટસ્થવક્ર રેખા આવેલું છે. આથી તે N અને M બિંદુઓ કરતાં પ્રવાસીને ચોકકસ વધારે સંતોષ આપે, પરંતુ V બિંદુ બજેટરેખાની બહાર છે. તેથી તે પ્રવાસીની ખરીદશકિતની બહારનું બિંદુ છે. આથી V બિંદુએ પ્રવાસીનું સંતોષનું મહત્તમીકરણ થઈ શકે નહિ.

S બિંદુએ એક જ એવું બિંદુ છે કે જે તટસ્થવક્ર II પર આવેલું છે. અને સાથે સાથે પ્રવાસીની બજેટરેખા પર આવેલું છે. આ બિંદુ પ્રવાસીનું સંતોષનું મહત્તમીકરણનું બિંદુ બને છે. ઉપરોકત આકૃતિમાં S બિંદુએ સાપુતારામાં પ્રવાસી ૧૦ દિવસ અને ચોરવાડમાં ૫ દિવસ પ્રવાસન સમયમાં $ ૨૦૦ ખર્ચાઈ જાય છે. અને વ્યકિતગત પ્રવાસી મહત્તમ સંતોષ મેળવે છે.

## ૧.૧૦ પ્રવાસન સંસ્થાઓ ( **Tourism Organisation** ) :

છેલ્લા થોડાક વર્ષોમાં પ્રવાસન ક્ષેત્રે કેટલીક સંસ્થાઓ ઊભી થઈ છે. તેમણે પ્રવાસન નીતિના ઘડતરમાં, આયોજનમાં, પ્રવાસીઓના હકોનું રક્ષણ અને તે અંગેના વાટાઘાટો, પાયાના માળખા અને પ્રવાસી સ્થળના વિકાસ વગેરેની દષ્ટિએ નિર્ણાયક થ્ફાળો આપ્યો છે. આવી સંસ્થાઓ જાહેર અને ખાનગીક્ષેત્રોમાં પણ અસ્તિત્વ ધરાવે છે. અને તે વિશ્વ સ્તરે, રાષ્ટ્રીયકક્ષાએ, રાજયકક્ષાએ પણ અસ્તિત્વમાં હોય છે. દા.ત.(૧) વર્લ્ડ ટૂરિઝમ ઓર્ગેનિઝેશન (World Tourism Organisation) (૨) ઇન્ડિયન ટૂરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન(Indian Tourism Development Corporation ) (૩) મહારાષ્ટ્ર સ્ટેટ ટૂરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન ( Maharashatra State Tourism Development Corporation ) વગેરે. આવી ઘણી પ્રવાસન સંસ્થાઓની રચના થઈ છે. જેમાંથી મહત્ત્વની સંસ્થાઓનો ટૂંકમાં પરિચય જોઈએ.

### ૧.૧૦.૧ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ ( International Organisation ) :

### I. વર્લ્ડ ટૂરિઝમ ઓરગેનિઝેશન ( W.T.O. )

(વિશ્વ પ્રવાસન સંસ્થા)( સ્થાપના ૧૯૭૫ ) આ એક આંતરસરકારી સંસ્થા છે. તે ઇન્ટરનેશનલ યુનિયન ઓફિસયલ ટ્રાવેલ ઓરગેનિઝેશન્સ (આઈ.યુ.ટી.ઓ.) જે ૧૯૪૭ થી ૧૯૭૫ દરમ્યાન અસ્તિત્વમા હતી, તેની અનુગામી સંસ્થા છે. યુનાઈટેડ નેશન્સની વિશિષ્ટ એજેન્સીના નાતે W.T.O. ની સભ્ય સંખ્યા ૧૧૩ જેટલી દેશોની

સરકારની છે. તેના ૧૭૦ જેટલાં સંલગ્ન સભ્યો ( આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક પ્રવાસન સંસ્થાઓ ) જેઓ પ્રવાસન અને પ્રવાસન ઉદ્યોગમાંથી આવે છે. W.T.O. નું મુખ્ય મથક મેડ્રિડ ( સ્પેન ) ખાતે છે. અને તેની ત્રણ કાર્યકારી શાખાઓ આ મુજબ છે. :

- W.T.O. સચિવાલય ( મેડ્રિડ ખાતેનું કાયમી કાર્યાલય)
- સામાન્ય સભા ( જનરલ એસેમ્બલી) જેનું સંમેલન દર બે વર્ષે યોજાય છે.
- અમલીકરણ સમિતિ ( એકઝીકયેટિવ કાઉન્સીલ ) જે વર્ષે બે વાર મળે છે.

- **<u>સંસ્થાનું મૂળભૂત ધ્યેય :</u>**

➢ આર્થિકવિકાસ, આંતરરાષ્ટ્રીય સમજદારી શાંતિ, પ્રગતિ અને માનવ અધિકારો તથ જાતિ, જાતીયતા, ભાષા કે ધર્મના ભેદભાવ વિના તમામ તે મૂળભૂત સ્વાંતત્ર્ય થ્બક્ષવાની બાબતમાં એક વૈશ્વિક આદર ઊભો કરવાનો ફાળો આપવાની દષ્ટિએ પ્રવાસનને પ્રોત્સાહન આપવું અને તેનો વિકાસ કરવો. આ સંસ્થા ઉદ્દેશને સિધ્ધ કરવા માટે તમામ પગલાંઓ હાથ ધરશે. આ ધ્યેયપ્રાપ્તિમાટે આ સંસ્થા વિકસતા દેશોના પ્રવાસનના ક્ષેત્રે વિશિષ્ટ ધ્યાન કેન્દ્રિત કરશે.

➢ જાહેર અને ખાનગીક્ષેત્રની ભાગીદારીનું સંયોજન પ્રવાસન ઉદ્યોગને અસર કરતા વ્યુહાત્મક પ્રશ્નો પરત્વે ત્વરિત ઉકેલના અભિગમને પ્રોત્સાહિત કરે છે. આ સંસ્થા (W.T.O.) 'પ્રવાસન અને પ્રવાસન અંગેના વૈશ્વિક ધોરણો અને માળખું ઊભું કરવા માટે' પ્રવાસન ઉદ્યોગ જૂથ એકમ પણ પૂરું પાડે છે. તે વિશ્વના સૌથી ઝડપી રીતે વિકસતા ઉદ્યોગ પૈકીના એકને મજબુત બનાવવાનો પ્રયત્નો કરે છે.

- **<u>W.T.O. ની પ્રવૃત્તિઓ :</u>**

**૧) ટેકનિકલ સહકાર :**

સયુંકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ (U.N.D.P) હેઠળ પ્રવાસનનો વિકાસ, મૂડીરોકણ, મૂડીરોકાણની જરૂરિયાતો, ટેકનોલોજીની ફેરબદલી જેવા પ્રશ્નોની શ્રેણીને લગતી માહિતી તમામ સરકારોની પૂરી પાડે છે.

૨) પ્રવાસ અને પ્રવાસન ઉદ્યોગ માટે **શિક્ષણ અને તાલીમ**ના વિવિધ કાર્યક્રમો રજૂ કરશે.

૩) પ્રવાસન વિકાસના હેતુની સિદ્ધિ માટે **પર્યાવરણ** અને તેના **આયોજન**નું કાર્ય કરશે.

૪) **ઉદારીકરણ** અને સગવડો પૂરી પાડવાની પ્રક્રિયામાં મદદરૂપ થશે.

૫) **બજાર વ્યવસ્થા** અને વિકાસની પ્રવૃત્તિ કરશે.

૬) W.T.O. કેટલાંક **પ્રકાશનો** પણ છે જેવાકે...

- ઈયર બુક ઓફ ટૂરિઝમ સ્ટેટિસ્કસ,
- ટૂરિઝમ કેરિંગ કેપેસીટી,
- ગાઈડ લાઈન્સ : ડેવલપમેન્ટ ઓફ નેશનલ પાર્કસ એન્ડ પ્રાડેકટેટ એરિયાસ ફોર ટૂરિઝમ
- વર્લ્ડ ટૂરિઝમ ફોર કાસ્ટ ટુ ધી ઈયર ૨૦૦૦ એન્ડ બિયોન્ડ
- ટ્રાવેલ્સ એન્ડ ટૂરિઝમ બેરોમીટર (ત્રિમાસિક) વગેરે.

**૧.૧૦.૨ અન્ય સંસ્થાઓ :**

➢ આંતરરાષ્ટ્રીય હવાઈ પરિવહન મંડળ (I.A.T.A. -The International Air Transport Association)આ એક બિન સરકારી સંસ્થા છે તેની સ્થાપના ૧૯૪૫માં થઈ અને તમામ હવાઈ સેવાઓ તેના સભ્યપદે છે. સક્રિય સભ્યો આંતરરાષ્ટ્રીય સભ્યો સાથે ગૂંથાયેલા છે. આ સંસ્થાના ધ્યેયો નીચે પ્રમાણે છે.

- હવાઈ વેપારનો વિકાસ કરવો અને તેની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

- પ્રવાસીઓના લાભમાટે વિશ્વસનીય, નિયમિત અને આર્થિક રીતે પરવડે તેવા હવાઈ પરિવહનના વિકાસને પ્રોત્સાહન આપવું.
- પ્રવાસન ઉદ્યોગ સાથે સંકળાયેલા પ્રશ્નો અને સમસ્યા અંગે સંશોધન કરવું, વગેરે.

➢ પ્રવાસન વેપારી મંડળનું વિશ્વ વ્યાપીજોડાણ (U.F.T.A.A.-Universal Federation Of Travel Agents Association) આ સંસ્થાની સ્થાપના ૧૯૬૬માં થઈ હતી. રાષ્ટ્રીય અને પ્રાદેશિક સંસ્થાઓ  તેના સભ્ય તરીકે છે. પ્રવાસન એજન્સી ઉદ્યોગ અને પ્રવાસન એજન્ટસનું વિવિધ પરષિદોમાં પ્રતિનિધિત્વ કરવાનું ધ્યેય ધરાવે છે. અને તેમના વતી વાટાઘાટો પણ કરે છે.

➢ થ્ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ ટુર ઓપરેટર્સ(I.F.T.O.-Internation Federation of Tour Operators) પ્રવાસ આયોજકનું આંતરરાષ્ટ્રીય જોડાણ સંઘ, જે રાષ્ટ્રીય પ્રવાસ સંચાલકોનાં મંડળોનું પ્રતિનિધિત્વ કરે છે.

➢ આંતરરાષ્ટ્રીય યુથ હોસ્ટેલ ફેડરેશન(I.Y.H.F.-International Youth Hostel Federation)જે રાષ્ટ્રીય યુથ હોસ્ટેલ એસોસિયેશનોનું પ્રતિનિધિત્વ કરે છે.

➢ આંતરરાષ્ટ્રીય હોટેલ મંડળ (I.H.A.-International Hotel Association) જે હોટેલ અને  રેસ્ટોરેન્ટ ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરે છે.

➢ આંતરરાષ્ટ્રીય પ્રવાસ આયોજક મંડળ(I.A.T.M.-International Association Of Tour Managers)

➢ પેસિફિક એશિયા પ્રવાસ મંડળ (P.A.T.A.- Pacific Asia Travel Association) વગેરે.

આમ વિશ્વ પ્રવાસન સંસ્થા ઉપરાંત આતરરાષ્ટ્રીય કક્ષાએ કેટલીક બીજી સંસ્થાઓના માત્ર ઉપર્યુકત યાદી રજૂ કરી છે.

### ૧.૧૦.૩ **ભારતમાં સરકારી સંસ્થાઓ** (Government Organisations in India) :

➢ **કેન્દ્ર સરકાર** (Central Government ) :

ભારતમાં પ્રવાસન વિભાગ નાગરિક ઉડ્ડયન અને પ્રવાસન ખાતા સાથે જોડાયેલ છે. તે રાષ્ટ્રીય પર્યટક સંસ્થા(National Tourist Organisation)તરીકે કાર્ય કરે છે.

- **રાષ્ટ્રીય પર્યટક સંસ્થાના કાર્યો :**

  (૧) પ્રવાસન નીતિ ઘડવી.

  (૨) પ્રવાસન અંગની માહિતી એકત્રિત કરવી.

  (૩) પ્રવાસન બાબતે પૂછપરછ પર ધ્યાન આપવુ.

  (૪) પ્રવાસન ઉદ્યોગનો વિવિધ વિભાગોની પ્રવૃતિઓને નિયંત્રિત કરવું.

  (૫) ભારતને પ્રવાસી સ્થળ તરીકે પ્રસિધ્ધિ અપવવાનું, વગેરે.

ભારતીય પ્રવાસન વિકાસ નિગમ (I.T.D.C.) બીજી એક સરકારી સંસ્થા છે. ઉપરાંત ૧૯૮૬ માં સરકારે જાહેર અને ખાનગી ક્ષેત્રમાંથી પ્રતિનિધિઓ લઈને પ્રવાસન અંગેની રાષ્ટ્રીય સમિતિ (National Committee on Tourism) ની રચના કરી છે.

➢ **થરાજય સરકાર/ કેન્દ્રશાસિત પ્રદેશોઃ (State Government /Union Territories):**

કેન્દ્ર સરકારના આવા વિભાગોની જેમ રાજય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પણ પોતાના પ્રવાસન વિભાગો અને પ્રવાસન વિકાસ નિગમો છે. આ વિભાગ દ્વારા તમામ હવાઈમથકો, મુખ્ય રેલવેસ્ટેશન, અને બસસ્ટેન્ડ પર પ્રવાસી માહિતી કેન્દ્રો ઊભાં કરવામાં આવ્યાં છે. તેઓની પ્રવૃત્તિઓ........

- તેમની કક્ષાએ જરૂરી નીતિનું ઘડતર.
- વિકાસાત્મક પ્રવૃત્તિઓ.

- પ્રવાસી સ્થળોનો વિકાસ.
- પથદર્શક (Guide)ની સેવાઓ.
- જોવાલાયક સ્થળોના પ્રવાસોનું આયોજન, અને
- ઉતારાની વ્યવસ્થા વગેરે.

## ૧.૧૦.૪ ભારતમાં ખાનગીક્ષેત્રની સંસ્થાઓ :(Private Sector Organisations in India)

y

- **I.A.T.O. (The Indian Association of Tour Operators) :**

અખિલ ભારતીય પ્રવાસ આયોજક મંડળની સ્થાપના ૧૯૮૧ માં કરવામાં આવી હતી. તેનો હેતુ આંતરરાષ્ટ્રીય સમાજ અને સદ્ભાવને પૂર્ણરૂપે લાભપ્રદ થાય તે રીતે વિકસાવવાનો છે. પ્રવાસ આયોજકોના સંયુકત જૂથ તરીકે આ મંડળના ભારતમાં પ્રવાસનના વિકાસને પ્રોત્સાહન અને મદદ પૂરી પાડે છે.

આ કાર્ય કાં તો પ્રત્યેક્ષ રીતે અથવા તો અન્ય જૂથો અને આ કાર્ય કરતી પેઢીઓ (Agencies) સાથે ચર્ચા–વિચારણા તેમજ મુલાકાત દ્વારા કરવામાં આવે છે. સારી વ્યવસાયિક ખ્યાતિ અને ક્ષમતા ધરાવતી સંસ્થાઓ માટે આનું સભ્યપદ મુકત હોય છે. આ સંસ્થાઓ પ્રવાસન અથવા પ્રવાસ ઉધોગ સાથે એક વર્ષથી સંકળાયેલી હોય છે.

- **સક્રિય સભ્યો :**

આ કક્ષા માટેના યોગ્યતામાં નીચેનાનો સમાવેશ થાય છે.

- એવું એકમ અથવા કંપની જેનો ભારતમાં સુસ્થાપિત વેપાર હોય.
- પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસ આયોજક અને પ્રવાસ એજન્ટ તરીકે ઓછામાં ઓછા એક વર્ષ માટે માન્યતા આપવામાં આવી હોય.

- જેનો પ્રવાસન વિકાસની પ્રવૃતિ અને હુંડિયામણ કમાણીમાં મુખ્ય નોંધપાત્ર વાર્ષિક ફાળો ઓછામાં ઓછા ૧૦,૦૦,૦૦૦ રૂપિયા ( દશ લાખ રૂપિયા ) હોય.

- **સંકળાયેલા સભ્યો :**

પ્રવાસન કે પ્રવાસ ઉધોગ સાથે નિયમિત રીતે સંકળાયેલી કંપની કે એવું એકમ કે થ્જે રાજય કે કેન્દ્ર સરકાર દ્વારા તો તેમના વેપાર મંડળ જેવા કે પરિવહન કંપનીઓ,હોટેલ માલિકો, ભોજન વ્યવસ્થાપકો, વિનિમય દલાલો(Agents), સંપર્ક દલાલો, પરિવહન ઈજારાદારો (Contractors) ફોર વર્ડિંગ અને કલીયરિંગ દલાલો, શીપિંગ કંપનીઓ, રાજયપ્રવાસી સંસ્થાઓ અને વેપાર પ્રકાશનો દ્વારા માન્ય કરેલાં હોય છે.

- **સભ્યોના અન્ય પ્રકારો**
  - દરિયાપારના સંકળાયેલ સભ્યો
  - સંલગ્ન સભ્યો, અને
  - માનદ્ સભ્યો

- **આઈ.એ.ટી.ઓ. ( I.A.T.O.) ના ધ્યેયો**
  - રાષ્ટ્રીય સંકલન અને આંતરરાષ્ટ્રીય કલ્યાણ તેમજ સદ્ભાવનાનો વિકાસ કરવો.
  - ભારતમાં અને વિદેશોમાં વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણ, અભ્યાસ અને સંશોધન ખાસ કરીને પ્રવાસનના વિકાસ અને વિશ્વબંધુત્વના ક્ષેત્રે શિષ્યવૃતિઓ આપી પ્રરિત કરવા.
  - ભારતમાં પદસ્થાન (Chair) અને સહકાર્યકર્તા ( Fellowship) ની નવાજેશ કરવી.

- ચર્ચા સંમલેનો, જૂથચર્ચા, અભ્યાસક્રમો, સાંસ્કૃતિક સંમલેનો વગેરેને સહાય પૂરી પાડવી અને મદદરૂપ થવું
- દેશભરમાં પ્રવાસનના વિકાસ ક્ષેત્રે પ્રોત્સાહન અને મદદ પૂરી પાડવી અને તેની પ્રગતિ માટે જરૂરી હોય તેવાં તમામ પગલાંઓ લેવા અને તમામ બાબતોમાં પ્રવાસન વેપારની ઉન્નતિ માટે નેતૃત્વ લેવું.
- પ્રવાસ આયોજકો અને પ્રવાસ દલાલો (Agents) વચ્ચે તેમના સર્વમાન્ય લાભ અને કલ્યાણને લગતા વિષયો બાબતે મૈત્રીભાવ કેળવાય અને વિકસિત થાય તે જોવું
- જાતિ, રંગ, ઉપજાતિ કે રાષ્ટ્રીયતાના ભેદભાવ વિના પ્રવાસન અને પ્રવાસ સગવડો થતમામ પ્રવાસીઓ માણી શકે તેવી સમાન તકોનો વિકાસ કરવો.

'આઈ.એ.ટી.ઓ.ઈમ્પ્રીન્ટ' (I.A.T.O.Imprint) જેવા સમાચાર પત્ર દ્વારા નિયમો, ઘટનાઓ, ફરિયાદો વગેરે બાબતે વખતોવખત માહિતગાર કરવામાં આવે છે. આઈ.એ.ટી.ઓ. વિદેશોમાં પ્રોત્સાહક પ્રવાસો પણ કરે છે. દા.ત. હાલનો તાજેતરનો પ્રવાસ પણ ભારત સરકારના પ્રવાસન ખાતા, એર ઈન્ડિયા અને કે.એલ.એમ. (K.L.M.) ના સયુંકત ઉપક્રમે ગોઠવાયો હતો. તેમાં બેની લકસ અને સ્કેડનિનેવિઆ ( ૧૩–૨૨ સપ્ટેમ્બર ૧૯૯૩ ) ને આવરી લેવામાં આવ્યાં હતાં. તેના સભ્યો સરકાર પ્રેરિત પ્રવાસોના ભાગરૂપે પણ જતાં હોય છે. અને હાલમાં જ એક પ્રવાસ એરઈન્ડિયા સાથે દક્ષિણઆફ્રિકાનો રહ્યો હતો.

## ➢ <u>ટ્રાવેલ્સ એજન્ટ્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (T.A.A.I.)</u> :

૧૯૫૧ ના વર્ષમાં ભારતના ૧૨ અગ્રણી પ્રવાસ એજન્ટોને એવું લાગ્યુ કે 'પ્રવાસ ઉદ્યોગને વ્યવસ્થિત રીતે નિયંત્રિત કરવા અને સુચારુ રીતે વેપાર સિધ્ધાંતોના અનુસંધાનમાં પ્રવાસ ઉદ્યોગ કાર્ય કરે તે માટે એક સંગઠન ઊભું કરવાનો સમય પાકી ગયો છે. ' આમ (T.A.A.I.) સંસ્થા અસ્તિત્વમાં આવી હતી. ભારતના પ્રવાસન ઉદ્યોગના એક મુખ્ય પ્રતિનિધિ ઘટક તરીકે તે પ્રસિધ્ધ છે.

- **ટી.એ.એ.આઈ. ની મુખ્ય પ્રવૃત્તિઓ :**

1. દેશમાં પ્રવાસ અને પ્રવાસનના વિકાસને પ્રોત્સાહિત કરવા અને જાળવી રાખવા તેમજ તેનો વિકાસ કરવામાં મદદ કરવી.
2. વિશ્વસંસ્થઓ સાથે ઘનિષ્ઠ સંપર્ક જાળવી રાખવો અને ભારતના પ્રવાસન અને પ્રવાસન ઉદ્યોગને અસર કરતી બાબતોની રજૂઆત કરવી.
3. સભ્યોને ચર્ચા, સંમલેનો, બેઠકો, વિચારો અને અનુભવોના આદાનપ્રદાન દ્વારા ભાવિ પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરવા અને સજ્જ કરવા.
4. સભ્યોને તેમના માર્ગદર્શન માટે પ્રવાસ અને પ્રવાસન અંગેની ઉપયોગી માહિતી એકત્રિત કરવી અને પૂરી પાડવી.
5. પ્રવાસન ઉદ્યોગના વિવિધ વિભાગો વચ્ચે વધુ સારી સમજ વિકસાવવામાં મદદરૂપ થવું વગેરે.

➢ **ધી ફેડરેશન ઓફ હોટલ એન્ડ રેસ્ટોરેન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયા(F.H.R.A.I.) :**

ધી ફેડરેશન ઓફ હોટલ એન્ડ રેસ્ટોરેન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયાની સ્થાપના ઈ૧૯૪૫માં થઈ હતી. અને ઈન્ડિયન કંપનીઝ હેઠળ ૭ ડિસેંબર ૧૯૫૫માં તેનો એક કંપની તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. દેશમાં કાર્યરત્ એવા 4 (Four) પ્રાંતીય સંગઠનો જેવા કે હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઈસ્ટ ઈન્ડિયા કલકતા હોટેલ એન્ડ રેસ્ટોરેન્ટ એસોસિએશન ઓફ નોર્ધન ઈન્ડિયા– ન્યુ દિલ્હી, હોટેલ એન્ડ રેસ્ટોરેન્ટ એસોસિએશન (પશ્ચિમ ભારત)–મુંબઈ અને સાઉથ ઈન્ડિયન હોટેલ્સ એન્ડ રેસ્ટોરેન્ટ એસોસિએશન– મદ્રાસ, વડે આ સંગઠન ઊભું થયું હતું.

કેન્દ્ર અને રાજય સરકારોના પૂર્ણ પ્રયાસોના પરિણામે આ સંગઠન એક વધુ સક્રિય અને ગતિશીલ ઘટક તરીકે એક નવા સ્વાંગમાં ઉપસી આવ્યું છે. સરકારના આ પ્રયાસોના સામાન્યરૂપે પ્રવાસનનો દેશમાં વિકાસ ઝડપી બનાવવા અને વિશેષ કરીને

હોટેલ અને રેસ્ટોરેન્ટસ ઉદ્યોગનો વિકાસ હાથ ધરવામાં આવ્યો છે. જેથી કરીને વિદેશી હૂંડિયામણની કમાણી અને રોજગારી ઊભી કરવાની ક્ષમતાનો મહત્તમ ઉપયોગ થાય. એ તો સુવિદિત છે કે હોટલ્સ અને રેસ્ટોરેન્ટસ એ દેશના પ્રવાસન ઉદ્યોગનાં મુખ્ય અંગો છે. અને પ્રવાસન વિકાસના કોઈપણ કાર્યક્રમ અને યોજનાઓની સફળતા મૂળભૂત પાયાની આ સુવિધાઓ પર આધાર રાખે છે. ૧૯૬૮ માં સૌ પ્રથમવાર સરકારે હોટેલ ઉદ્યોગ માટે વિશિષ્ટ કર રાહતો અને વિત્તીય પ્રોત્સાહનનોની જાહેરાત કરી હતી. ત્યારથી સંગઠન અને સરકાર વચ્ચે એક નજીકનું સંકલન સ્થપાયું છે. અને તે દ્વારા ઝડપી અને રચનાત્મક નિર્ણયોની ખાત્રી થઈ રહી છે. પ્રવાસ અંગેની રાષ્ટ્રીય સમિતિ (National Committee on Tourism) અને પ્રવાસન વિચાર ભંડોળ (Tourism think Tank) (જેની સ્થાપના ૧૯૯૧ માં થઈ હતી.) જેવી મંત્રાલય અને પ્રવાસન વિભાગ દ્વારા રચાયેલી સમિતિઓ સાથે આ સંગઠન અનિવાર્યરૂપે સંકળાયેલું છે. આ ઉદ્યોગના વધુ વિકાસ માટે અખિલ ભારતીય હોટેલ અને રેસ્ટોરેન્ટ સંમેલનની ખુલ્લી બેઠક જેમાં કેન્દ્ર અને રાજય સરકારોમાં પ્રતિનિધિઓને પણ આમંત્રણ અપાય છે, તેમાં પ્રગતિ અને સમસ્યાઓના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવે છે.

**૧.૧૧ પ્રવાસન ઉદ્યોગના હકારાત્મક પાસાઓ કે લાભો :**

૯

પ્રવાસન ઉદ્યોગ એ વ્યકિત, સમાજ, સરકાર અને રાષ્ટ્ર માટે કઈ રીતે આશીર્વાદરૂપ પુરવાર થાય છે. તે તેમના લાભો દ્વારા જાણી શકાય છે, જે નીચે પ્રમાણે છે.

**I. <u>જ્ઞાનમાં વધારો</u> :**

પ્રવાસન ઉદ્યોગથી વ્યકિતગત, સમાજ અને સરકારની બુદ્ધિ કક્ષામાં / જ્ઞાનમાં વૃદ્ધિથાય છે. વ્યકિત પ્રવાસન ક્ષેત્રામાં દેશ વિદેશ પ્રવાસ કરે તેથી તેમની વિચાર શ્રેણી

અને બુદ્ધિ કક્ષામાં પરિવર્તન આવે છે. જેથી તે રાષ્ટ્ર પાસે સાર્વજનિક સેવાઓની માંગમાં વૃદ્ધિઅને આધુનિકતાની તરફેણ કરે છે. જેથી લાંબાગાળે સારા સમાજની અને સારી સરકારની રચના થાય છે. જેથી ઉત્તમ પ્રકારની સરકારીની નીતિ–બધાજ ક્ષેત્રની બને છે. લોકોને દેશના આંતર રાજયો અને વિદેશ રાષ્ટ્રોની રહેણીકહેણી, ભાષાઓ, સાંસ્કૃત્તિક, ભૌગોલિક અને લોકોની કુશળતાઓનો ખ્યાલ આવે છે, જેથી તેમનામાં રહેલી ત્રૃટી કે તેમના સમાજમાં, રાષ્ટ્રમાં અસ્તિત્વ ધરાવતા પ્રશ્નોનું નિરાકરણ મળી રહે છે. અર્થાત લોકોમાં બુદ્ધિક્ષમ, સંચયક્ષમ, શાંતિ મળે તેવા જ્ઞાનનો વધારો થાય છે.

સહેલાણી ઉદ્યોગથી વિશ્વના દેશોમાં શાંતિ માટે વધુ સારી રીતે સમજ શકિત કેળવાય અને સાંસ્કૃત્તિક તથા વ્યાપારિક સંબંધો વધારવામાં મહત્ત્વનું પાસું બની રહે છે, એટલે કે પ્રવાસન ઉદ્યોગ એ માત્ર આનંદ પ્રાપ્તિની આર્થિક પ્રવૃત્તિ જ નથી.

**II. રોજગારીમાં વધારો :**

પ્રવાસન ઉદ્યોગ એ પર્યાવરણની દષ્ટિએ બિન પ્રદૂષિત ઉદ્યોગ છે. આ ઉદ્યોગ રાષ્ટ્રના સેવા ઉદ્યોગ તરીકે કુલ ઉત્પાદનમાં પોતાનો ફાળો આપે છે. તે લોકોની મનોરંજન થતથા આરામ માટેની સેવાઓ ઉત્પન્ન કરે છે અને રોજગારીમાં વધારો કરે છે. આ ઉદ્યોગ પાસે પ્રત્યેક્ષ અને પરોક્ષ રોજગારી પૂરી પાડવા માટેની અદ્‌ભૂત ક્ષમતા છે. જે અન્ય આંતર ઘંઘાઓને સાંકળીને અસ્તિત્વમાં આવતો ઉદ્યોગ છે. જો કે મહત્ત્વની બાબતએ કે કેટલાક વિસ્તારોમાં કે જયાં રોજગારી અન્ય તકો ઘણી ઓછી રહેલ હોય ત્યાં પર્યટને ઘણી બધી રોજગારી વધારી દીધી છે. ઉ.દા. તરીકે  હિલ સ્ટેશનો. આમ પ્રવાસન ઉદ્યોગ એ અન્ય ક્ષેત્ર દ્વારા થતા રોજગારી ઉત્પન્ન કરતા સૌથી વધુ રોજગારીનું (Employment) નું સર્જન કરે છે. જેમકે કૃષિ ક્ષેત્રે (Agriculture Sector) અને ઔદ્યોગિક ક્ષેત્રે (Industrial Sector) રૂપિયા એક લાખનું મુડીરોકાણ કરવામાં આવે તો

ફકત અનુક્રમે ૪.૯ અને ૧.૩ રોજગારીની તકો ઊભી થાય છે. જયારે Tourism Sector ૪.૮ વ્યકિત માટે રોજગારીની તકોનું સર્જન કરે છે. આ ક્ષેત્રમાં રોજગારી આપવાની ક્ષમતા અને સાધન ફાળવણીની આગવી લાક્ષણિકતા છે. આ ક્ષેત્રમાં સ્ત્રીઓ (Women) અને પછાત વર્ગના (Backward Class) કામદારોને મહત્ત્વની કામગીરી મળી રહે છે.

આ ઉદ્યોગમાં જે ઉપધંધાઓ સંકળાયેલા છે, તે સર્વમાં રોજગારીનું સર્જન થાય જ છે. તેમ છતાં બીજા ક્ષેત્રમાં રોજગારીનું સારૂ એવું સર્જન કરવામાં તે ફાળો આપે છે.

## III.<u>આવકમાં વધારો</u> :

પ્રવાસન ઉદ્યોગથી રાષ્ટ્રની આવકમાં સારો વધારો થાય છે. આ ઉદ્યોગ વિદેશી હૂંડીયામણ કમાવી આપવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે. ખાસ કરીને સહેલાણી ઉદ્યોગે વૈશ્વિક આવકનું ચક્ર ગતિમાન કરવામાં અને વધારો કરવામાં સારૂ એવું પ્રોત્સાહન પૂરું પાડયું છે. એટલે કે, વિશ્વના અર્થકારણની આવકમાં ૧૯૯૬ માં ૪% ના દરે વૃદ્ધિ થઈ હતી. ૧૯૯૭ માં ૪.૪% દરે વૃદ્ધિ થઈ હતી. છેલ્લે ૧૯૯૮–૯૯ માં આ દર ૪.૫% દરે રહેવા પામ્યો હતો.

જયારે ભારત સંદર્ભે જોઈએ તો ૧૯૯૬–૯૭ માં આ ઉદ્યોગ દ્વારા ત્રણ મિલિયન ડોલર્સ (૧૦,૮૦૦ કરોડ રૂપિયા)ની કમાણી કરી હતી. જોકે, વિદેશી હૂંડીયામણ ભારતને રળી આપનાર ઉદ્યોગ તૈયાર વસ્ત્રોનો પ્રથમ સ્થાને, બીજા સ્થાને જેમ્સ એન્ડ જવેલરી અને ત્રીજું સ્થાન પ્રવાસન ઉદ્યોગને ફાળે જાય છે.

પ્રવાસન ઉદ્યોગથી કેવળ રાષ્ટ્રની આવકમાં વધારો થાય છે. સાથે સાથે તેમની સાથે સંકળાયેલા ઉપ ધંધાઓ જેમકે, હોટેલ ઉદ્યોગ, મોટેલ ઉદ્યોગ, ટુર ગાઈડો, ટેક્સી ચાલકો, એરલાઈન્સ, પરિવહન, અન્ય ગેમ્સ, ઈત્યાદિમાં રોજગારીના સર્જનમાં ખૂબ સારો એવો વધારો થાય છે. આ ઉદ્યોગથી બીજા ક્ષેત્રના ધંધાની આવકમાં પણ વધારો થાય છે. જેમકે, હોટેલ ઉદ્યોગની માંગ દ્વારા વધુ હોટેલ બનાવવા માટે સીમેન્ટના ઉત્પાદન અને આવક તથા રોજગારીમાં વધારો થાય છે.

**IV.** **<u>ઉત્પાદનમાં વધારો</u> :**

૨ પ્રવાસન ઉદ્યોગ અંતર્ગત કામ કરતા એકમો દ્વારા લોકોના મનોરંજન તેમજ આરામ માટેની અનેક ચીજવસ્તુઓની માંગ પૂરી કરવામાં આવે છે. જેથી તે ચીજવસ્તુનું ઉત્પાદનમાં વૃદ્ધિ થતા રાષ્ટ્રના કુલ ઉત્પાદનમાં વધારો થાય છે. આ ઉદ્યોગના વિકાસની ગતિ અને તેનુ પ્રમાણ નીચે મુજબની આંકડાકીય માહિતી દ્વારા મળી રહે છે. ૧૯૯૬ માં લગભગ ૫૯ કરોડ લોકોએ આંતરરાષ્ટ્રીય પ્રવાસ કર્યો હતો અને ૧૯૯૬–૯૭ માં ૨૦ લાખ વિદેશી પ્રવાસીઓ ભારતની મુલાકાતે આવ્યા હતા અને ભારત દેશના રાજ્યોના પ્રવાસ ઘણા લોકોએ કર્યો હતો. આમ, ૧૯૯૮–૯૯ માં પણ આંતરરાષ્ટ્રીય પ્રવાસ અને દેશ મર્યાદિત પ્રવાસ કરતા લોકોની સંખ્યામાં વધારો થતા તેમની પ્રવાસન ઉદ્યોગને અંતર્ગત સેવાઓની માંગ માં સતત વધારો થતો જાય છે. સ્વાભાવિક છે કે પ્રવાસન ઉદ્યોગના વિકાસ સાથે અન્ય ક્ષેત્રોના ઉત્પાદન અને રોજગારીમાં વધારો થયો હોવો જોઈએ.

**V. રાષ્ટ્રના વિકાસમાં ફાળો :**

કોઈ પણ રાષ્ટ્રના વિકાસમાં કૃષિ ક્ષેત્ર કે ઔધોગિક ક્ષેત્રનો મહત્ત્વનો ફાળો હોય છે. પરંતુ સેવા ક્ષેત્રના આંતર્ગત પ્રવાસન ઉદ્યોગનો ફાળો એ ઘણા રાષ્ટ્ર માટે મહત્ત્વપૂર્ણ હોય છે તો ઘણા દેશો માટે અંશરૂપે સહાયક હોય છે. જેમકે ડેનમાર્ક રાષ્ટ્રનો વિકાસ અને ભવિષ્ય ડેરી ઉદ્યોગ ઉપર છે. અર્થાત ડેરી ઉદ્યોગ એ તે રાષ્ટ્ર માટે આર્શીર્વાદરૂપ છે. તેમ પ્રવાસન ઉદ્યોગ એ પણ ઘણા રાષ્ટ્રોને ફળદાયી નિવડી શકે, <u>વર્તમાનમાં આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે સૌથી આકર્ષક સ્થળ ઈટાલી છે</u>. અર્થાત તે રાષ્ટ્રના વિકાસમાં પ્રવાસન ઉદ્યોગ મહત્ત્વપૂર્ણ ફાળો આપી શકે છે.

સહેલાણી ઉદ્યોગ એ કોઈ પણ રાષ્ટ્રમાં મુખ્યત્વે કુદરતી સર્જિત સ્થળો અને માનવ સર્જિત સ્થળોને આધિન હોય છે. તેમજ તે રાષ્ટ્રની પ્રવાસન નીતિ પ્રવાસન ઉદ્યોગના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે. જેથી વિદેશી પ્રવાસીઓને આકર્ષી શકાય, વિદેશ હૂંડિયામણમાં વધારો થઈ શકે, રોજગારીમાં વધારો કરે, ઉત્પાદનમાં વધારો કરે તેમજ આંતરમાળખાકીય સેવાઓમાં વિકાસ કરે છે. આ રીતે સહેલાણી ઉદ્યોગ રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે છે.

**VI. આનુષંગિક ઉદ્યોગ અને સેવાઓનો વિકાસ :**

પ્રવાસન ઉદ્યોગ એ રાષ્ટ્રના આનુષંગિક ઉદ્યોગો અને સેવાઓનો વિકાસ કરવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે.આ ઉદ્યોગથી એરલાઈન્સ સુવિધામાં આધુનિક ફેરફારો કરાવે, રેલ્વે સેવામાં અને વાહન સેવામાં સુધારો કરાવે, રસ્તાઓમાં સુધારો, હોટેલ સેવામાં ફેરફાર, હોટેલમાં કામ કરતા લોકોના જીવનધોરણમાં સુધારો, સહેલાણી ઉદ્યોગમાં કામ કરતા લોકોની સેવાની ગુણવત્તામાં સુધારો આ શ્રમને યોગ્ય તાલીમ

આપીને તેમની યોગ્યતા પ્રમાણે રોજગારી અને વેતન મળે છે. તદ્ઉપરાંત પ્રવાસન ઉદ્યોગના પ્રવાસન સ્થળોનો વિકાસ થાય છે. તેમના નજીકના વિસ્તારના લોકોની રોજગારી, આવકમાં વૃદ્ધિ, જ્ઞાનમાં વધારો, સહેલાણી ઉદ્યોગ આધિન સેવાઓનો ફાયદો પણ વિસ્તારના પ્રજાજનોને થાય છે.

**VII. <u>રાષ્ટ્રીય વારસાની જાળવણી</u> :**

પ્રવાસન ઉદ્યોગ એ "Old is Gold" કહેવતને ખૂબજ મહત્ત્વ આપે છે. અર્થાત્ આ ઉદ્યોગ એ દેશની પૌરાણિકસંપત્તિ ઐતિહાસિક સ્થાનો, પ્રાચીનહવેલીઓ અને મહેલો, પ્રાચીન શિલ્પો–સ્થાપત્યો, સંગ્રહાલયો ઈત્યાદિઓનો વિકાસ અને જાળવણી તેમજ સાંસ્કૃતિક મૂલ્યોની જાળવણી કરવામાં ભૂમિકા ભજવે છે. જેમના દ્વારા રાષ્ટ્રમાં વિદેશી પ્રવાસીઓને આકર્ષવામાં સહાયક બને છે. જેથી વિદેશી હૂંડિયામણની સારી કમાણી થઈ શકે તેમજ દેશના વારસામાં મળેલી સંપત્તિનો યોગ્ય ઉપયોગ કરવાની કલા (Art) એ સહેલાણી ઉદ્યોગમાં છે એમ કહેવું જરા પણ ખોટું નથી.

**VIII. પ્રચારાત્મક પ્રવાસનના લાભો**

પ્રવાસન પ્રચારને અનુલક્ષીને મહત્તમ લાભો પ્રાપ્ત કરવા માટેની નીચેના મુદ્દાઓ ખાસ અગત્યતા ધરાવે છે.

૧) કોઈ એક વિશિષ્ટ ઉત્સવનું આયોજન કરનારની પ્રાથમિક રુચિ સાંસ્કૃતિક, પુરાતત્ત્વ વિધાનોને લગતી, ઐતિહાસિક, સાહિત્યિક અથવા પારિભાષિક પાસાં પ્રત્યે જયાં ઉત્સવોનું આયોજન થવાનું છે તે શહેર કે રાજયમાં વધી જનારી પર્યટકોની પ્રાસંગિક ભીડને લક્ષ્યમાં ન લે એમ પણ બને. કેટલાક એમ પણ વિચારતા હોય કે સભાન રીતે પર્યટકોને આમંત્રવા એટલે ઉત્સવનું

'વ્યાપારીકરણ' કરવું તો આ યોગ્ય ન પણ હોય. પર્યટકોને વેચાતી ટિકિટો કે સ્મરણ ચિહ્નોના વિતરણમાંથી ઉત્સવોમાં થતાં ખર્ચને સરભર કરી શકાય.

૨) પ્રવાસન ઉદ્યોગ સાથે સંકળાયેલ સર્વે સંસ્થાઓને એકત્ર કરવી જોઈએ કે જેથી વિતરણ યોગ્ય મુદ્દાને બજારમાં મૂકવા માટે તેમને સહકાર પ્રાપ્ત થાય.

૩) પોતે જે ઉત્સવોમાં ભાગ લીધો હોય તેની યાદ પોતાની સાથે લઈ જવાનું પર્યટકોને પસંદ હોય છે. સ્મૃતિચિહ્નો તૈયાર કરવાથી આવક ઊભી થાય છે. આવનાર ઉત્ત્સવની લોકોને યાદ તૈયારી કરવાથી આવક ઊભી થાય છે. આવરનાર ઉત્ત્સવની યાદ લોકોને અપાવવા માટે પણ તેમનો ઉપયોગ થઈ શકે. સ્મૃતિચિહ્નો દ્વારા ઊભી થતી આવક, ઉત્ત્સવની નાણાવિષયક સફળતા માટે ગણનાપાત્ર પ્રદાન કરી શકે 'વેલમ્સ' ની પ્રતિકૃતિઓ લોકપ્રિય સ્મૃતિચિહ્નો બની શકે અને સ્થાનિક હસ્તકલાની જાળવણી પણ સહાયરૂપ થઈ શકે.

• • •

**પ્રકરણ : ૨**

# ભારતનો પ્રવાસન ઉધોગ

- પ્રસ્તાવના

૨.૧ વિશ્વનો પ્રવાસન ઉદ્યોગ

૨.૨ વૈશ્વિક સ્તરે ભારતીય પ્રવાસન ઉદ્યોગ કયાં ઉભો ?

૨.૩ ભારતમાં પ્રવાસન ઉદ્યોગનાં વલણો

૨.૪ રાષ્ટ્રની પસંદગી બાબતે પ્રવાસીઓનો માપદંડ

૨.૫ વિદેશી પ્રવાસીઓનું આગમન

૨.૬ ભારતમાં પ્રવાસીઓ કેટલાં રૂપિયા ખર્ચે છે?

૨.૭ વિદેશી હુંડિયામણની કમાણી

૨.૮ ૫૦ વર્ષનો ભારતનો પ્રવાસન ઉધોગ

૨.૯ ભારતમાં આધુનિક પ્રવાસન

૨.૧૦ **GATS** અને ભારતનો પ્રવાસન ઉધોગ

૨.૧૧ ભારતમાં રાજય સ્થાનિક સંસ્થાઓના સંબંધો

૨.૧૨ ભારતનાં પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે **AIM** ના સૂચનો

૨.૧૩ ભારતનાં પ્રવાસન ઉદ્યોગને આંતરમાળખાકીય ઊણપો

# પ્રકરણ : ૨

# ભારતનો પ્રવાસન ઉધોગ

- **પ્રસ્તાવના :**

વિશ્વ પ્રવાસન ઉદ્યોગ એ ૩૫૦ બિલીયન ડોલર નો છે. વિશ્વનો પ્રત્યેક દસમો નાગરિક મુસાફર છે. પ્રવાસન નિગમમાં દેશની Spain 50 Million પ્રવાસીઓ મુલાકાત લે છે. Spain - પ્રવાસન નિગમમાં નવું સોપાન શરૂ કર્યું છે. પ્રવાસ નિગમનો ઝડપી વિકાસ માટે Spain - ભારત માટે મોટી પ્રેરણા પૂરી પાડે છે. ચીને આ ક્ષેત્રમાં ઝડપી પ્રગતિ કરેલ છે. આંતરરાષ્ટ્રીય પ્રવાસન નિગમમાં મુખ્યત્વે ચીન અને ઈષ્ટના રાષ્ટ્રો આકર્ષક કેન્દ્ર ધીરે ધીરે બની રહયા છે. જે ભારત માટે પણ ઉજજવળ ભવિષ્યનો સંકેતનો નિર્દેશ કરે છે. પણ શરત એટલી કે, ભૂકંપરૂપી પરિવર્તનો લાવવાની જરૂરિયાત છે.

ભારત પાસે શકિતશાળી પરિબળો પડેલા છે. જેનાં દ્વારા નજીકના ભવિષ્યમાં ભારત એક વિશ્વ પ્રવાસન ઉદ્યોગનો અનિવાર્ય અને મહત્ત્વનો હિસ્સો બની જશે. વિદેશી મુસાફરોને આકર્ષવા માટે ભારત પાસે અજોડ સ્ત્રોત જેવા કે, ભવ્યતમ વારસો, ઉત્કૃષ્ટ રમણીય પ્રદેશ, બેનમૂન સમુદ્ર કિનારો, વિવિધતાઓથી સભર એવી ભાત્તીગળ સંસ્કૃતિ અને લોકો, અલબત કેટલાંક વિકસિત રાષ્ટ્રો પાસે પણ ભારત જેવો આકર્ષક પ્રવાસન ઉધોગ છે. પરંતુ તે રાષ્ટ્રોની સરખામણીએ ભારતની મુલાકાત ૩ ગણી સસ્તી પડે છે.

## ૨.૧ વિશ્વનો પ્રવાસન ઉદ્યોગ (Globle Picture) :

વિશ્વનો સૌથી મોટો ઉદ્યોગ ખનીજ તેલનો નથી કે ઘરવપરાશના સાધનોનો નથી, ટેલીકોમ્યુનિકેશનનો પણ નથી કે દવા, રસાયણોનો પણ નથી. જગતનો સૌથી મોટામાં મોટો આયાત–નિકાસલક્ષી ઉદ્યોગ ટૂરિઝમનો છે. તેમાં અનેક ઉપધધાંઓનો સમાવેશ થાય છે. તેમાં આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ, રેલ્વે વ્યવહાર, વાહન વ્યવહાર, હોટેલ ઉદ્યોગ, મોટેલ, રેસ્ટોરન્ટ, ટૂર ગાઈડો, કંપનીઓના એકઝીસ્કયુટીવોના ઘંઘાકીય તેમજ સહેલાણીયાઓના આનંદ–સાહસ માટેના પ્રવાસો વગેરેનો સમાવેશ થાય છે.

૨૦૦૫ માં પ્રવાસન ઉદ્યોગ વિશ્વમાં ૮૦૦ બિલીયન ડોલર્સનો હતો. એક બિલીયન ડોલર = ૪૬૦૦ કરોડ રૂપિયા પ્રમાણે ગણતા આ ઉદ્યોગ કેટલો વિરાટ છે તેનો ખ્યાલ આવશે. વિશ્વની કુલ આવકમાં પ્રવાસનનો ફાળો ૧૦% જેટલો ઊંચો છે. વિશ્વનો આયાત–નિકાસલક્ષી પ્રવાસ પર્યટન હિસ્સો ૮% છે. આંતરરાષ્ટ્રીય વેપારમાં ૧/૩ ભાગનો વેપાર પ્રવાસનના આધારે થાય છે.

Tourism Industry એ પ્રવાસન ઉદ્યોગએ વિકસીત ઉદ્યોગ છે. વિશ્વમાંથી ૨૦૧૦ ની સાલ સુધીમાં ૧૦૦૦ મિલીયન પ્રવાસીઓ પ્રવાસે આવવાની શકયતા છે. આ પ્રવાસન ઉદ્યોગનો વિકાસદર વર્ષે ૩.૨% દરે એકંદરે થશે.

પ્રવાસન ઉદ્યોગ વિશ્વનો સૌથી મોટો નિકાસલક્ષી ઉદ્યોગ ગણાય છે. વિશ્વ પ્રવાસન સંસ્થાએ કરેલા સર્વેક્ષણ અનુસાર વિશ્વમાં કુલ ૬૧૩૦ લાખ પ્રવાસીઓ વિવિધ કારણોસર પ્રવાસ કરતાં હોય છે. જેમનાં દ્વારા ૪૪૪ અબજ ડોલર ખર્ચ થાય છે. જે કુલ

વૈશ્વિક વ્યાપારનાં ૮% તેમજ સર્વિસક્ષેત્રે વિશ્વનાં કુલ વ્યાપારમાં ૩૦% જેટલો થવા જાય છે. આમ, વિશ્વ પ્રવાસન ઉદ્યોગનો વિકાસદર અન્ય ઉદ્યોગો કરતાં ખૂબજ ઝડપથી વધી રહયો છે.

## ૨.૨ વૈશ્વિક સ્તરે ભારતીય પ્રવાસન ઉદ્યોગ કયાં ઉભો ? :

પ્રવાસન ઉદ્યોગ એ હોટેલ, એરલાઈન્સ, પરિવહન, રેસ્ટોરન્ટ, ટૂર ગાઈડ વગેરે કેટલાય આર્થિક ક્ષેત્રો સાથે સંકળાયેલો છે. જગતમાં આ ઉદ્યોગ ૨૦ કરોડ લોકોને રોજી રોટી આપે છે. કરવેરાની બાબતે પણ સરકારની તિજોરી છલકાવવામાં આ ઉદ્યોગનો બહુ મોટો ફાળો છે. આ ઉદ્યોગ ૬૫૫ અબજ ડોલર કરવેરાપેટે ચૂકવે છે.

ભારતે પ્રવાસનનાં ક્ષેત્રે ઝડપી પ્રગતિ કરીને વિશ્વના ટોચના પર્યટન સ્થળોમાં ચોથું સ્થાન હાંસલ કરી લીધું છે. બ્રિટનના એક અગ્રણી પર્યટન મેગેઝિન **કોન્ડેનાસ્ટ** ટ્રાવેલરના અહેવાલમાં, વિશ્વના ટોચના પર્યટન સ્થળોમાં પ્રથમ સ્થાને ઈટાલી, ત્યારબાદ ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા પછી ચોથું સ્થાન ભારતને આપવામાં આવ્યું છે. કોન્ડેનાસ્ટ ટ્રાવેલર મેગેઝિનના તંત્રી સહાર મિલરે જણાવ્યું કે, ભારત પર્યટન માટે ખૂબ જ આકર્ષક સ્થળ છે. ત્યાંની વિવિધતાઓ સહેલાણીઓને વારંવાર પ્રવાસે આવવા આકર્ષે છે.

બ્રિટનના પ્રવાસનને ગોસ્પલ ગણાવતા મેગેઝિનના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૦૩ માં પર્યટનની બાબતે ભારતનું સ્થાન દસમું હતું. પરંતુ ૨૦૦૫ માં પાંચમા સ્થાને અને ૨૦૦૬ માં ભારત વિશ્વના શ્રેષ્ઠ પર્યટન સ્થળોમાં ચોથા સ્થાને છે.

ભારતીય પ્રવાસન અને પર્યટન મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું કે, બ્રિટનથી ભારત આવતા સહેલાણીઓની સંખ્યામાં ૧૬.૫% વધારો નોંધાયો છે. ૨૦૦૫ માં ૫.૫૫ લાખ

પ્રવાસીઓ ભારતમાં આવ્યાં હતાં. ૨૦૦૬ માં તેમની સંખ્યા વધીને ૬.૪૭ લાખ થઈ ગઈ છે. જયારે સમગ્ર વિશ્વમાંથી ઓગસ્ટ ૨૦૦૬માં ભારતના પ્રવાસે આવેલા પ્રવાસીઓમાં ૧૦.૫% નો વધારો થયો છે. ઓગસ્ટ ૨૦૦૫માં ભારતના પ્રવાસે આવેલા ૨.૭ લાખ પ્રવાસીઓની સરખામણીમાં ઓગસ્ટ ૨૦૦૬ માં ૨.૯૯ લાખ પ્રવાસીઓ ભારતમાં આવ્યાં હતા. જાન્યુઆરી ૨૦૦૬ થી ઓગસ્ટ સુધીમાં ૨૭.૮૫ લાખ પ્રવાસીઓએ ભારતની મુલાકાત લીધી છે. જયારે ગયા વર્ષે આ સમયગાળા દરમિયાન ૨૪.૫૪ લાખ પ્રવાસીઓ ભારતના પ્રવાસે આવ્યા હતાં. પર્યટન અને સંસ્કૃતિ મંત્રાલયના પ્રધાન અંબિકા સોનીએ જણાવ્યું કે, વિશ્વના શ્રેષ્ઠ પર્યટન સ્થળોમાં ભારત ચોથા સ્થાને તે મહત્ત્વની બાબત છે.

## ૨.૩ ભારતમાં પ્રવાસન ઉદ્યોગનાં વલણો :

ભારત સરકારેને વિદેશી પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે પ્રવાસન નીતિમાં અનેક નવી યોજનાઓ ઘડવાની ફરજ પડી છે. કારણકે, પ્રવાસન ઉદ્યોગ એ ભારતનું ત્રીજા નંબરનું વિદેશી હૂંડિયામણ કમાવી આપનાર ઉદ્યોગ છે. જે Gem-Jewellery & Garments પછીનું સ્થાન પ્રાપ્ત કરે છે. ૧૯૯૫ ના વર્ષથી વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો જોવા મળે છે. જોકે, ૨૦૦૩ ના વર્ષમાં થોડા અંશે ઘટાડો થયો હતો.

દિલ્હી અને મુંબઈમાં ઓબેરોય અને વેલ્કમ ગ્રુપની હોટેલોમાં 'ઓકયુમન્સી' દર ડિસેમ્બરમાં ૭૦% જેટલો રહયો હતો. બે વર્ષ પહેલાં એકોમોડેશન માટેની વિનંતીઓ સ્વીકારવામાં તેમને મુશ્કેલી પડતી હતી. મોર્ટા ગ્રુપની હોટેલોનાં સલાહકાર અને પીઢ પ્રવાસન નિષ્ણાંત રવિન્દ્રશેઠ કહે છે. દેશમાં પ્રવાસન ઉદ્યોગને જરૂરી મહત્ત્વ આપ્યું નથી.

અમેરિકા, કેનેડા, જાપાન, યુ.કે., જર્મની, ફ્રાન્સ અને બીજા વિકસીત દેશોમાં પ્રવાસનને '<u>વ્યુહાત્મક પ્રવૃત્તિ</u>' ગણવામાં આવે છે. જયારે ભારતમાં પ્રવાસનને '<u>મોજમજા માટેનાં પ્રવાસ</u>' ના વર્ગમાં ગણવામાં આવે છે.

<u>રેઈનબો ટ્રાવેલ્સના મેનેજિંગ ડાયરેકટર પવનખન્ના કહે છે</u>, કે હું આશાવાદી છું, આ સમગ્ર પરિસ્થિતિમાં ફેરફાર થઈ શકે, પરંતુ પ્રવાસીઓની સંભાળ લેવાની પૂરતી વ્યવસ્થા આપણી પાસે છે કે નહીં ? એટલે કે પ્રવાસીઓનાં ઘસારાને પહોંચી વળવા દેશમાં પ્રવાસન સ્થળો સુધી પહોંચવા તેમજ પ્રવાસન સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત કરવા જેવી સગવડોમાં હજુ ઘણો તફાવત જોવા મળે છે. આ ક્ષેત્ર માટે હાલ જો મહત્ત્વનો પ્રશ્ન હોય તો તે છે. આ ક્ષેત્રના વિકાસને આડે આવતી આંતરમાળખાકીય સવલતોનો વિકાસ કરવાનો છે. આ ક્ષેત્રે આંતર માળખાકીય સવલતોના વિકાસ માટે અંદાજે ૪૫૦૦ કરોડ રૂપિયાની જરૂર છે જેમાં કેન્દ્ર સરકાર ઉપરાંત ખાનગી ક્ષેત્રને પણ સામેલ કરવાની જરૂર છે. આ ક્ષેત્રે વિદેશી મૂડીરોકાણ આકર્ષવા માટે જોકે સરકારે કેટલીક છૂટછાટો આપી છે, પરંતુ આ ક્ષેત્ર માટે ૫૧% થી વધુ વિદેશી મૂડીરોકાણના કિસ્સાઓમાં સીધેસીધી મંજૂરી આપવી જોઈએ. જેથી કરીને વિદેશી મૂડીરોકાણ આકર્ષી આ ક્ષેત્રે જરૂરી સવલતોનો વિકાસ કરી શકાય.

પ્રવાસન ઉદ્યોગે તેના ક્ષેત્રે પરંપરાગત સિવાય અન્ય ક્ષેત્રો જેવાકે, એડવાન્ચર ટૂરિઝમ – જોખમ અને રૂરલ ટૂરિઝમ જેવા પ્રવાસન કાર્યક્રમો હાથ ધરી રાષ્ટ્રના ગ્રામીણ તેમજ પછાત વિસ્તારોના વિકાસ માટે નવી દિશા ખોલે છે. ઉપરાંત દેશમાં પ્રવાસન ઉદ્યોગ આધારિત ઉદ્યોગો તેમજ અન્ય સંલગ્ન ઉદ્યોગમાં હેન્ડીક્રાફટ, હોટ્રી – કલ્ચર, એગ્રીકલ્ચર ઉદ્યોગની આવકનો આધાર પ્રવાસન ઉદ્યોગ છે. આ ઉદ્યોગ રોજગારી પ્રચુર હોવાથી અન્ય ઉદ્યોગો કરતાં ઓછી મૂડીરોકાણની સામે સૌથી વધુ રોજગારી પૂરી પાડે છે. પ્રાપ્ત આંકડા અનુસાર પ્રતિ ૧૦ લાખના રોકાણ સામે પ્રવાસન

ઉદ્યોગમાં આશરે ૪૮ વ્યકિતઓને રોજગારી મળે છે. જયારે કૃષિક્ષેત્રે અને ઔદ્યોગિક ક્ષેત્રે અનુક્રમે ૪૪ વ્યકિતઓ અને ૧૫ વ્યકિતઓને જ રોજગારી મળે છે.

વિશ્વમાં જુદા–જુદા રાષ્ટ્રોમાં જતા–આવતા પ્રવાસીઓ જેમાં ભારતનાં પ્રવાસન ઉદ્યોગના વલણો નીચેના કોષ્ટક ૨.૩ દ્વારા જોઈ શકાય છે.

**:: કોષ્ટક નં : ૨.૩ ::**

**આંતરરાષ્ટ્રીય આગંતુક જુદા જુદા રાષ્ટ્રોના પ્રવાસીઓ**

( કરોડ માં )

| [illegible] | [illegible] | ૨૦૦૦ | ૨૦૦૧ | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|---|---|---|---|---|
| [illegible] | [illegible] | ૬૮૯ | ૬૮૮ | ૭૦૯ | ૬૯૭ | ૭૬૬ | ૮૦૮ |
| | [illegible] | ૫૭ | −૦.૧ | ૩.૧ | −૧.૭ | ૯.૯ | ૫.૫ |
| [illegible] | [illegible] | ૨૮.૨ | ૨૮.૯ | ૨૯.૫ | ૩૦.૭ | ૩૩.૩ | ૩૬.૭ |
| | [illegible] | ૭.૬ | ૨.૫ | ૨.૧ | ૪.૧ | ૮.૫ | ૧૦.૨ |
| [illegible] | [illegible] | ૧૨૮.૨ | ૧૨૨.૨ | ૧૧૬.૭ | ૧૧૩.૧ | ૧૨૫.૮ | ૧૩૩.૧ |
| | [illegible] | ૫.૧ | − ૪.૭ | − ૪.૫ | − ૩.૧ | ૧૧.૨ | ૫.૮ |
| [illegible] | [illegible] | ૧૧૧.૪ | ૧૧૬.૬ | ૧૨૬.૧ | ૧૧૪.૨ | ૧૪૫.૪ | ૧૫૬.૨ |
| | [illegible] | ૮.૨ | ૪.૭ | ૮.૧ | −૯.૪ | ૨૭.૩ | ૭.૪ |
| [illegible] | [illegible] | ૩૯૬.૨ | ૩૯૫.૮ | ૪૦૭.૪ | ૪૦૮.૬ | ૪૨૫.૬ | ૪૪૩.૯ |
| | [illegible] | ૩.૨ | −૦.૧ | ૨.૯ | ૦.૩ | ૪.૨ | ૪.૩ |
| [illegible] | [illegible] | ૨૫.૨ | ૨૫ | ૨૯.૨ | ૩૦ | ૩૫.૯ | ૩૮.૪ |
| | [illegible] | ૨૨૯ | −૦.૮ | ૧૬.૮ | ૨.૭ | ૧૯.૭ | ૭ |
| [illegible] | [illegible] | ૨.૬ | ૨.૫ | ૨.૪ | ૨.૭ | ૩.૫ | ૩.૯ |
| | [illegible] | ૬.૯ | −૪.૨ | −૬.૩ | ૧૪.૩ | ૨૬.૮ | ૧૩.૨ |

:: ગ્રાફ નં : ૨.૩(અ) ::



આંતરરાષ્ટ્રીય આગંતુક પ્રવાસી (મિલીયનમાં.)
900
800
700
600
500
400
300
200
100
0
આગંતુક પ્રવાસી (મિલીયનમાં.)
2000
2001
2002
2003
2004
2005
વર્ષો
વિશ્વ
આફ્રિકા
અમેરિકા
એશિયા અને પેસિફિક
યુરોપ
મધ્યપૂર્વ
ભારત

પ્રસ્તુત સ્તંભ આલેખમાં જોઈએ તો, વિશ્વમાંથી આગંતુક પ્રવાસી વર્ષ ૨૦૦૦ ભારતમાં ૨૬ મિલીયન આવેલા હતાં. જે ઘટીને ૨૦૦૩ માં ૨૪ મિલીયન અને પુનઃ વધીને ૨૦૦૪ અને ૨૦૦૫ માં અનુક્રમે ૩૫ મિલીયન, ૩૭ મિલીયન થતાં હતાં. જે વધારો દર્શાવે છે.

## ૨.૪ રાષ્ટ્રની પસંદગી બાબતે પ્રવાસીઓનો માપદંડ :

કોઈ પણ દેશની મુલાકાત લેતાં પહેલાં વિદેશી સહેલાણીઓ નીચેની બાબતોને ખૂબજ મહત્ત્વ આપે છે.

**:: કોષ્ટક નં : ૨.૪ ::**

| | | |
|---|---|---|
| ૧. | અંગત સલામતી.. | ૭૩.૭% |
| ૨. | ચોખ્ખી અને આરામ દાયક વ્યવસ્થા... | ૬૩.૬% |
| ૩. | સંદેશા વ્યવહાર પદ્ધતિ... | ૬૨% |
| ૪. | ખરીદીની સગવડતા... | ૬૧.૧% |
| ૫. | ધાર્મિક આકર્ષણો... | ૫૯% |
| ૬. | મિત્રતાની ભાવનાવાળા ઉત્સાહી લોકો ... | ૫૩.૧% |
| ૭. | સંસ્કૃત્તિ અને ઈતિહાસ... | ૪૦.૮% |
| ૮. | ખોરાકમાં વિવિધતા... | ૩૫.૬% |
| ૯. | લોકલ વાહન વ્યવહાર સગવડતા... | ૩૫.૬% |
| ૧૦. | ચોખ્ખાઈ... | ૨૯.૯% |

પ્રસ્તુત કોષ્ટકમાં પરિબળો મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષવામાં મોટો ભાગ ભજવે છે. તેને ગ્રાફમાં જોઈએ.

:: ગ્રાફ નં:૨.૪ ::




A = અંગત સલામતી

B = ચોખ્ખી અને આરામદાયક વ્યવસ્થા

C = સંદેશાવ્યવહારની પધ્ધતિ

D = ખરીદીની સગવડતા

E = યાંત્રિક આકર્ષણો

F = મિત્રતાની ભાવનાવાળા ઉત્સાહી લોકો

G = સંસ્કૃતિ અને ઈતિહાસ

H = ખોરાકમાં વિવિધતા

I = સ્થાનિક વાહન વ્યવહારની સગવડ

J = ચોખ્ખાઈ

વિદેશી પ્રવાસીઓ કોઈપણ દેશના પ્રવાસે આવે છે. ત્યારે તે પ્રસ્તુત ગ્રાફના પરિબળોને મહત્ત્વ આપે છે. તેમાં જોવા મળે છે કે, પ્રવાસીઓ પોતાની અંગત સલામતી વિશે પ્રથમ વિચાર કરે છે. અર્થાત તે ૭૩.૭% મહત્ત્વ આપે છે. તેથી કોઈપણ રાષ્ટ્ર એ પોતાના પ્રવાસન ઉદ્યોગનો વિકાસ કરવો હોય તો તેમણે દેશ વિદેશનાં પ્રવાસીઓની સલામતીને પ્રથમ પ્રાધાન્ય આપવું જોઈએ, જેથી પ્રવાસીઓ પોતાની સલામતીને ધ્યાનમાં રાખીને કોઈ પણ રાષ્ટ્રમાં પ્રવાસ કરવા જાય છે. જયારે બીજા અને ત્રીજા સ્થાને ટકાવારી ૬૩.૬% અને ૬૨% ચોખ્ખા અને વ્યવસ્થા, જેવા પરિબળોને આપે છે અને ખરીદીની સગવડતાને ૬૧% મહત્ત્વ આપે છે. આ ઉપરાંત અન્ય પરિબળો જેવાકે, યાંત્રિક આકર્ષણો, મિત્રતા ભાવના, સાંસ્કૃતિ અને ઈતિહાસ, ખોરાકમાં વિવિધતા, પરિવહન સગવડો સ્થાનિક વગેરેને ખૂબ જ મહત્ત્વ આપે છે.

ભારતમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસ કરવા માટે આ પરિબળોને ખૂબ જ મહત્ત્વ આપવું જોઈએ અને પ્રવાસન ઉદ્યોગનો વિકાસ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

## ૨.૫ વિદેશી પ્રવાસીઓનું આગમન :

વિશ્વના જુદા–જુદા દેશોમાંથી ભારતમાં આવેલા વિદેશી પ્રવાસીઓની જુદા–જુદા વર્ષના સંખ્યાની ટકાવારીનું કોષ્ટક અને ગ્રાફ નીચે પ્રમાણે છે.

**:: કોષ્ટક નં:૨.૫ (અ) ::**

**ભારતમાં આવેલા આગંતુક વિદેશી પ્રવાસીઓ**

(મિલીયનમાં.)

| વર્ષ | આવક | % ફેરફાર |
|---|---|---|
| ૧૯૯૧ | ૧.૬૮ | –– |
| ૧૯૯૨ | ૧.૮૭ | ૧૧.૩ |
| ૧૯૯૩ | ૧.૭૬ | –૫.૯ |
| ૧૯૯૪ | ૧.૮૯ | ૭.૪ |
| ૧૯૯૫ | ૨.૧૨ | ૧૨.૨ |
| ૧૯૯૬ | ૨.૨૯ | ૮.૦ |
| ૧૯૯૭ | ૨.૩૭ | ૩.૫ |
| ૧૯૯૮ | ૨.૩૬ | –૦.૪ |
| ૧૯૯૯ | ૨.૪૮ | ૫.૧ |
| ૨૦૦૦ | ૨.૬૫ | ૬.૯ |
| ૨૦૦૧ | ૨.૫૪ | –૪.૨ |
| ૨૦૦૨ | ૨.૩૮ | ૬.૩ |
| ૨૦૦૩ | ૨.૭૩ | ૧૪.૩ |
| ૨૦૦૪ | ૩.૪૬ | ૨૬.૮ |
| ૨૦૦૫ | ૩.૯૨ | ૧૩.૨ |

:: ગ્રાફ નં:૨.૫ (અ) ::

ભારતમાં આવેલા વિદેશી પ્રવાસીઓની સંખ્યાની ટકાવારી નીચેના આલેખમાં જોવા મળે છે.




પ્રસ્તુત સ્તંભ આલેખમાં જોવા મળે છે કે, વિદેશી પ્રવાસીઓનું આગમનનું ચિત્ર ૧૯૯૫ અને ૧૯૯૬ માં થોડા અંશે ફેરફાર જોવા મળે છે. જયારે ૧૯૯૭ અને ૧૯૯૮ માં ટકાવારી ફેરફાર મોટો જોવા મળતો નથી. પરંતુ તે ટકાવારી ફેરફાર ૨૦૦૩માં ૨.૭૩ જોવા મળેલો ત્યાર બાદ ૨૦૦૪ અને ૨૦૦૫માં ઘણો મોટો ટકાવારી ફેરફાર જોવા મળેલો. જે એવું ફલિત કરે છે કે

ભારતમાં પ્રવાસન ઉદ્યોગનાં માધ્યમ દ્વારા વિદેશી હૂંડિયામણ કમાવાની શકિતનો ગ્રાફ ઉપર લાવી શકયા છીંએ. જો કે જેટલા પ્રમાણમાં પ્રવાસન ઉદ્યોગ દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણી મેળવવી જોઈએ. તે લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકયા નથી. તે માટે પ્રવાસ ઉદ્યોગે પ્રવાસન નીતિમાં જરૂરી ફેરફાર કરીને જ મેળવી શકશે તેમજ તેમની સેવાઓમાં ફેરફાર લાવવાની તાતી જરૂર છે. જો કે ૧૯૯૩ પછી ભારતે પ્રવાસન ઉદ્યોગમાં સારા પ્રમાણમાં ફેરફાર કર્યા છે. જેથી વિદેશી પ્રવાસીઓનો ટ્રાફિક ચિત્રફેરફાર જોવા મળે છે. છતાં ભારતે પ્રવાસન ઉદ્યોગમાં ઘણું જ કરવાનું બાકી છે. તેમ કહેવું ખોટું નથી. વિશેષમાં, ભારતમાં પર્યટકોનાં આગમનની ગણતરી દેશમાં પ્રવેશ સમયે તેમનાં દ્વારા ભરવામાં આવતા **ડિસએમ્બાર્કેશન કાર્ડ**ના આધારે કરવામાં આવે છે.

## ૨.૫.૧ ભારતમાં આવતા પ્રવાસીઓની રચના :

પ્રવાસન વિકાસએ ભારતના પંચવર્ષીય રચનાનો મુખ્ય સ્ત્રોત રહયો છે. ૧૯૮૨ માં રાષ્ટ્રીય પ્રવાસન રચનાની સ્થાપના પછી વધુ યોગ્ય ખર્ચ હિસ્સો ફાળવવામાં આવે છે. ૨૦૦૧–૦૨માં પ્રવાસનમાં થતી આવક રૂા.૧૫૦ કરોડ હતી. જયારે ૨૦૦૨–૦૩ની વાર્ષિકયોજનામાં રૂા.૪૧.૫૦ કરોડના ખર્ચે "Integrated Development of Tourist" માટે રાખવામાં આવ્યો હતો. જોકે, બધી રચનામાં પ્રવાસન વિકાસની માંગ અને પુરવઠાની ક્ષમતાનો વિકાસ કરવાનો જ હેતુ હતો. પણ તે પૂરા અંશ સુધી શકય ન હતું. ભારતમાં પ્રવાસીઓની સંખ્યા રોજબરોજ વધતી જ જાય છે, પણ વિશ્વસ્તરીય બજારમાં સંતોષકારક પ્રોત્સાહન હજુ જોઈએ તેટલું મળતું નથી.

ભારતમાં પંચવર્ષીય યોજનાની રચનાનું મૂલ્યાંકન નીચેના કોષ્ટકમા જોઈ શકાય છે.

**:: કોષ્ટક નં : ૨.૫.(બ) ::**

| પંચવર્ષીય યોજનાઓ | ખર્ચ ( કરોડ રૂા. માં) |
|---|---|
| પ્રથમ યોજના | —— |
| બીજી યોજના | ૩.૩૬ |
| ત્રીજી યોજના | ૫.૦૦ |
| ચોથી યોજના | ૩૬.૦૦ |
| પાંચમી યોજના | ૭૩.૯૫ |
| વાર્ષિક યોજના (૧૯૭૬,૭૯,૮૦) | ૧૦૯.૪૬ |
| છઠ્ઠી યોજના | ૧૮૭.૪૬ |
| સાતમી યોજના | ૪૩૨.૦૦ |
| આઠમી યોજના | ૪૯૦.૪૨ |
| નવમી યોજના | ૫૯૫.૦૦ |
| દસમી યોજના | ૨૯૦૦.૦૦ |

ઉપરના  કોષ્ટક ૬.૧ (અ) માં જોઈએતો, ભારતીય પંચવર્ષીય યોજનાના સમયગાળા દરમિયાન પ્રવાસન ઉધોગમાટે સાતમી યોજનામાં ૪૩૨ કરોડ રૂપિયા ખર્ચે ફાળવેલા  જે વધીને નવમી યોજનામાં ૫૯૫ કરોડ રૂપિયા થયો હતો. જે દસમી યોજનામાં ખૂબજ વધારો થયો હતો. તે જ રીતે અગીયારમી પંચવર્ષીય યોજનામાં પણ ખર્ચ વધુ ફાળવેલ છે.

### ૨.૫.૨ પ્રવાસીઓની આગમનની વિશિષ્ટ દિશા :

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીયસ્તરે ભારત પ્રવાસીઓથી મળતા ફાયદાઓ મેળવવામાં ઘણુંજ પાછળ છે. તેનું કારણ ભારતની આર્થિક રચના અને સરકારી નિયમો છે. જોકે છેલ્લા ત્રણ દસકાથી ભારત સરકારે વિદેશીપ્રવાસીઓને આકર્ષવા સારા પ્રયત્નો કરે છે. દસમી પંચવર્ષીય યોજના દરમિયાન ભારત સરકારે તેની વહેંચણીના રૂપિયા ૨૯૦૦ કરોડનો નોંધપાત્ર વધારો કર્યો છે.

ભારતમાં સ્થાનિક પ્રવાસીઓ ૧૯૯૦ માં ૬૩ મિલીયન હતાં તે ૧૯૯૩ માં ૧૦૯.૨ મિલીયન અને ૨૦૦૧ માં ૨૩૪ મિલીયન થયાં હતા. જેણે વાર્ષિક વિકાસમાં ૧૦% નોંધાવ્યો. જે છેલ્લા દાયકાની વાર્ષિક સમૃધ્ધિ કરતાં વધુ હતો. વિદેશી પ્રવાસીની સંખ્યા ભારતમાં ૧૯૫૧ માં ૧૬,૮૨૬ પ્રવાસીઓ અને ૧૯૯૧ માં ૧.૬૮ મિલીયન , ૨૦૦૩ માં ૨.૭૫ મિલીયન અને ૨૦૦૫ માં ૩.૩૬ મિલીયન વિદેશીપ્રવાસીઓ આવ્યા હતા. જેમાં વધુ આગમન યુરોપ તેમજ દક્ષિણ આફ્રિકાના વિવિધ દેશોના પ્રવાસીઓનું હતું. ભારતમાં વારંવાર આવતા પ્રવાસીઓનું પ્રમાણ ૪૪.૯% છે. જે ભારતીય પ્રવાસન નિગમની સારી બાબત કહી શકાય.

### ૨.૫.૩ ભારતીય પ્રવાસનમાં ઋતુગતતા :

આબોહવામાં ઋતુગત પરિવર્તનથી મુસાફરી અને પ્રવાસન પર સારો પ્રભાવ પડે છે. એનું સીધું પરિણામ એ આવ્યું કે આ ઋતુ પરિવર્તનના કારણે પ્રવાસનઋતુનો ઉદય થયો. ઉનાળામાં લોકો દરિયા કિનારે અને પર્વતીયક્ષેત્રો જેવા ઠંડાસ્થળો વિસ્તારોમાં ફરવા જાય છે. અને શિયાળામાં ગરમસ્થળો તરફ રવાના થાય છે. આ કારણથી જ ભારતમાં હિલસ્ટેશનોનો વિકાસ થયો છે. ઉનાળામાં મેદાની પ્રદેશોમાં તાપમાન ઊંચે ચઢે છે. ત્યારે પર્વતીય વિસ્તારો ઠંડકવાળા અને ખુશનુમા હોય છે. આ કારણથી બ્રિટીશ શાસનકાળમાં શાસકોએ પોતાના આરામ માટે હિલસ્ટેશનોનું નિર્માણ અને વિકાસ કર્યો છે. ગરમીથી બચવા તેઓ હિલસ્ટેશનોનો આશરો લેતા હતા. ભારતમાં મુખ્ય હિલસ્ટેશનોમાં સામેલ છે : શ્રીનગર, ગુલમર્ગ, પહેલગામ, સીમલા, કુલુ, મનાલી, મસૂરી, નૈનીતાલ, શિલોંગ, દાર્જીલિંગ, માઉન્ટ આબુ, કોડાઈ કેનાલ અને ઉટી. ઉનાળાની ઋતુમાં

આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક પર્યટકો આ પહાડી સ્થળો પર જાય છે. વાસ્તવમાં ત્યાં ગરમીથી રાહત મળે છે. આ પૈકીના કેટલાંક સ્થળો શિયાળામાં શીતકાલીન રમતો રમવા માટે પણ લોકપ્રિય છે.

ભારતમાં ૫,૭૦૦ કી.મી. લાંબો સમુદ્રકિનારો છે, જે સરખામણીમાં ઉનાળામાં ઠંડો અને શિયાળામાં હૂંફાળોં રહે છે. ગોવા, કોયલમ્, મમલ્લપુરમ્,પુરી, કોર્ણાક, ગોપાલપુર વગેરેના સમુદ્રકિનારાઓ આંતરરાષ્ટ્રીય સ્તરના છે. અને આ બીચોના વિકાસને કારણે સમુદ્રકિનારના પ્રવાસનને સારું એવું પ્રોત્સાહન મળ્યું છે. ભારતીય આબોહવામાં વિવિધતા હોવાને કારણે સમુદ્રકિનારા અને પર્વતોથી પ્રવાસન વિકાસમાં સારી એવી મદદ મળ છે. વાસ્તવમાં આખાય વિશ્વમાં પર્યટકોની અવરજવર પર આબોહવાની અસર પડતી હોય છે. પર્યટક સારી ઋતુમાં ફરવાનું પંસદ કરે છે. મતલબ કે પ્રવાસનની દષ્ટિ એ ઉનાળાની ઋતુ પહાડી વિસ્તારો માટે સર્વશ્રેષ્ઠ હોય છે. ઉનાળામાં લાખો પર્યટકો યુરોપમાં ભૂમધ્યસાગર ઉપર આવેલા તટો અને સંયુકત રાજયના પશ્ચિમના કિનારોઓ તરફ ધસી જાય છે.શિયાળાની ઋતુમાં પર્યટકો ગરમ પ્રદેશો તરફ ધસી જાય છે. જેમાં ભારત પણ સામેલ છે. ભારતમાં ઉનાળાના દિવસોમાં શિયાળાના મુકાબલે ઓછા આંતરરાષ્ટ્રીય પર્યટકો આવે છે.

ઓકટોબર થી લઈને માર્ચ સુધીની ઋતુ સર્વશ્રેષ્ઠ છે. ડિસેમ્બર મહિનામાં સૌથી વધારે પર્યટકોનું આગમન થતું હોય છે. એપ્રિલ થી જૂન સુધીની ઋતુ પર્યટનની દષ્ટિએ મંદીની ઋતુ ગણી શકાય છે. સૌથી ઓછા પર્યટકોનું આગમન તે મહિનામાં થાય છે.

ભારતમાં ઋતુની એટલી બધી વિવિધતા છે કે, લોકો દરેક ઋતુમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ આવતા જતા રહે છે. ઉત્તરના આસામમાં બાફ છે, તો રાજસ્થાન સૂકાપણું. આ પ્રમાણે ઉત્તરમાં પંજાબમાં ખંડીય આબોહવા અનુભવાય છે, જયાં ગરમી પણ વધારે પડે છે. અને ઠંડી પણ વધારે પડે છે. જયારે કેરાલામાં ઉષ્ણકટીબંધીય સમુદ્રી આબોહવા છે, જયાં ગરમી હોય છે અને

હવામાં ભેજ પણ હોય છે. આબોહવાની આ વિભિન્નતાઓથી લાખો લોકો વિભિન્ન ઋતુમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ આવતાજતા રહે છે. સામાન્ય રીતે ઉનાળના દિવસોમાં ઉત્તરથી દક્ષિણ તરફ અને ઉત્તર–પૂર્વ, વર્ષાઋતુમાં દક્ષિણથી ઉત્તર તરફ પર્યટકોનું પ્રસ્થાન થતું હોય છે.

- **<u>પ્રવાસીઓ–ઋતુઓના નમૂના :</u>**

ભારતમાં આવતા વિદેશીપ્રવાસીઓ ઋતુઓના નમૂનાનું પાલન કરે છે. ઓકટોબરથી ડિસેમ્બરનો સમયગાળો એ પ્રવાસીઓ માટેની મુખ્ય ઋતુ છે. ભારતમાં દર ચાર મહિને આવતા પ્રવાસીઓની ટકાવારી ની યાદી આ પ્રમાણે છે.

**:: કોષ્ટકનં: ૨.૫(ક) ::**

| મહિના | ટકાવારી |
|---|---|
| જાન્યુઆરી–માર્ચ | ૧૦૭.૮ |
| એપ્રિલ– જૂન | ૭૭.૮ |
| જુલાઈ – સપ્ટેમ્બર | ૯૬.૦ |
| ઓકટોબર – ડિસેમ્બર | ૧૧૮.૪ |

ઉપરોકત કોષ્ટકમાં જોઈ શકાય કે, ભારતમાં વિદેશીપ્રવાસીઓ એપ્રિલ – જૂનના સમય ગાળામાં ખૂબ જ ઘટી જાય છે. જયારે ઓકટોબર થી માર્ચ સુધીનો સમય ભારતીય પ્રવાસન ઉધોગ માટે સારો ગણી શકાય છે.

## ૨.૬ ભારતમાં પ્રવાસીઓ કેટલાં રૂપિયા ખર્ચે છે. ? :

વિદેશી પ્રવાસીઓ ભારતનાં પ્રવાસે આવે ત્યારે રૂપિયાને કયાં કયાં ક્ષેત્રમાં ખર્ચ કરે છે. તે નીચેના ગ્રાફ માં જોવા મળે છે.

**:: ગ્રાફ નં : ૨.૫.(બ) ::**




પ્રવાસીઓ ભારતનાં પ્રવાસે આવે છે. ત્યારે તેમનાં બજેટમાંથી રહેવા માટે ૩૦% રૂપિયા ખર્ચ કરે છે. જે વધુ જોવા મળે છે. તેથી પ્રવાસન વિભાગે વિદેશી પ્રવાસીઓને રહેવા માટેની સુવિધામાં આધુનિકતા સાથે વધારો કરવો જોઈએ. તેઓને તેમના ખર્ચ સામે મહત્તમ સામાજિક કલ્યાણ પ્રાપ્ત થઈ રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

બીજા સ્થાને પ્રવાસીઓ ખર્ચ ખોરાક – અને પરિવહન  પાછળ કરતા જોવા મળે છે. પ્રવાસીઓ તેમના પ્રવાસન બજેટમાંથી ૧૯% અને ૧૯% ફાળવતા ગ્રાફમાં જોવા મળે છે. પ્રવાસીઓ આ ક્ષેત્રમાં વધુ રૂપિયાનો ખર્ચ કરે તે માટે તેમને અનુકૂળ આવે તેવા ભોજનની વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. પ્રવાસન સ્થળોએ ઉપહારગૃહ સ્થળોનું ચેકિંગ કરાવવું જોઈએ. તેમાં વપરાતા પદાર્થો સારા છે કે નહીં. વગેરે...

પ્રવાસીઓ તેમના બજેટમાં બીજું ક્ષેત્ર રૂપિયા ખર્ચમાં ગણે છે કે તે આંતર માળખાકીય સેવાનો મહત્ત્વનો ભાગ – પરિવહન ખર્ચ કહેવાય છે. તેમનો ગ્રાફ પણ ૧૯% જોવા મળે છે. પ્રવાસન વિભાગે પરિવહન સુવિધાઓ ખૂબ જ વધારવી જોઈએ. તેમાં યોગ્ય સમય, યોગ્ય વ્યવસ્થા, સુવ્યવસ્થિત સંચાલન, પ્રમાણિક દ્વિભાષાકીય સેવાકીય વર્ગ વગેરેમાં પરિવર્તન લાવવું જોઈએ. જેથી પ્રવાસીઓને ખર્ચના પ્રમાણમાં સંતોષ આપી શકાય. તેથી વધુ પ્રવાસીઓને ભારતના પ્રવાસે આકર્ષી શકાય.

પ્રવાસીઓને ખર્ચપાત્ર ત્રીજું ક્ષેત્ર ખરીદી ગણાવે છે. પ્રવાસીઓ તેમનાં બજેટમાંથી ૧૬% રૂપિયાનો ખર્ચ આ ક્ષેત્ર પાછળ કરે છે. પ્રવાસીઓને ભારતમાંથી ખરીદીના સમય છેતરાવાની શકયતા વધુ રહી છે તેવું તેમનું કહેવું છે. તો તે માટે પ્રવાસન વિભાગે કડક પગલાઓ ભરવા જોઈએ. જેથી આપણને ખરીદી દ્વારા હુંડિયામણ સારૂં કમાઈ શકીએ અને ગ્રાફની ટકાવારીમાં વધારો કરી શકીએ.

જયારે પ્રવાસીઓ મનોરંજન ક્ષેત્રે ૯% ખર્ચ કરે છે અને ૭% અન્ય પ્રવૃત્તિઓ પાછળ ખર્ચ કરતા જોવા મળે છે. વિદેશી પ્રવાસીઓ આ ક્ષેત્રમાં વધુ ખર્ચ કરે તે માટે સરકારે યોગ્ય પ્રોત્સાહક પગલાં ભરવાં જોઈએ.

## ૨.૭ વિદેશી હુંડિયામણની કમાણી :

આપણા દેશમાં પ્રાકૃત્તિક સંપદા, પૌરાણિક દેવસ્થાનો, કિલ્લાઓ, મહેલો અને ઐતિહાસિક સ્મારકોએ વિદેશી પ્રવાસીઓ માટે ખાસ આકર્ષિત રહયું છે. વિશ્વના તમામ દેશો કરતાં ઈંગ્લેન્ડે ભારતમાં સૌથી વધુ પ્રવાસીઓ મોકલ્યા છે. વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં વિદેશી પ્રવાસીઓ આકર્ષવામાં ભારત વિશ્વમાં ચોથું સ્થાન ધરાવે છે. ભારતના આર્થિક વિકાસમાં પ્રવાસન ઉધોગએ ખૂબજ મહત્ત્વનુ સ્થાન ધરાવે છે.આ ઉધોગ દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણીમાં સતત વધારો થતો ગયો છે.

માર્ચ–૨૦૦૬ દરમ્યાન દેશમાં વિદેશી પ્રવાસીઓના આગમનમાં ૧૨.૧% નો વધારો નોંધાયો હતો. માર્ચ–૨૦૦૬ માં ૧૨,૮૦,૫૨૪ વિદેશી પ્રવાસીઓ ભારતમાં આવ્યાં હતાં. આ ક્ષેત્ર વર્ષે કેન્દ્રને કુલ ૪૨,૦૦૦ કરોડ રૂપિયા જેટલી આવક થાય છે. જેમાં ૨૩,૦૦૦ કરોડ રૂપિયા સ્થાનિક પ્રવાસીઓ અને ૧૯,૦૦૦ કરોડ રૂપિયા વિદેશી પ્રવાસીઓ દ્વારા આવક ઊભી થાય છે.પ્રવાસન નિગમ દ્વારા પ્રાપ્ત થયેલ વિદેશી હૂંડિયામણ માહિતી અનુસાર, આયોજનની શરૂઆતથી ૧૯૫૧–૫૨ માં પ્રવાસન ઉધોગ દ્વારા માત્ર ૭.૭ કરોડનું જ વિદેશી હૂંડિયામણ મળેલું હતું. જે વધીને ૧૯૬૦–૬૧ અને ૧૯૭૧–૭૨ માં ૩૨ કરોડ, જયારે ૧૯૮૧–૮૨ માં તે વધારો થતાં ૧૦૬૩.૯ કરોડ થયું હતું.

ભારતનાં આર્થિક વિકાસમાં પ્રવાસન ઉદ્યોગ એ ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ ઉદ્યોગ દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણીમાં સતત વધારો થતો ગયો છે. જે નીચેના કોષ્ટક ૨.૭ દ્વારા જોઈ શકાય છે.

## :: કોષ્ટકનં : ૨.૭ ::

ભારતીય પ્રવાસન ઉધોગ દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણી

( રૂા. કરોડમાં.)

| વર્ષ | આવક | % ફેરફાર |
|---|---|---|
| ૧૯૯૧ | ૪૩૧૮ | –– |
| ૧૯૯૨ | ૫૯૫૧ | ૩૭.૮ |
| ૧૯૯૩ | ૬૬૧૧ | ૧૧.૧ |
| ૧૯૯૪ | ૭૧૨૯ | ૭.૮ |
| ૧૯૯૫ | ૮૪૩૦ | ૧૮.૨ |
| ૧૯૯૬ | ૧૦૦૪૭ | ૧૯.૨ |
| ૧૯૯૭ | ૧૦૫૧૧ | ૪.૬ |
| ૧૯૯૮ | ૧૨૧૫૦ | ૧૫.૬ |
| ૧૯૯૯ | ૧૨૯૫૧ | ૬.૬ |
| ૨૦૦૦ | ૧૪૨૩૮ | ૯.૯ |
| ૨૦૦૧ | ૧૪૩૪૪ | ૦.૭ |
| ૨૦૦૨ | ૧૪૧૯૫ | –૪.૦ |
| ૨૦૦૩ | ૧૬૪૨૯ | ૧૫.૭ |
| ૨૦૦૪ | ૨૧૬૦૩ | ૩૧.૫ |
| ૨૦૦૫ | ૨૫૧૭૨ | ૧૬.૫ |

પ્રસ્તુત કોષ્ટક જોઈએતો, વિશ્વમાંથી આગંતુક પ્રવાસીઓ દ્વારા ભારતની વિદેશી હૂંડિયામણ કમાણી ૧૯૯૩ માં ૬૬૧૧ કરોડ રૂ. ની હતી. તે વધીને ૧૯૯૯ માં ૧૨૯૫૧ કરોડ રૂ. ની થઈ હતી. જયારે વર્ષ ૨૦૦૦, વર્ષ ૨૦૦૧ અને વર્ષ ૨૦૦૨ ના સમયગાળામાં વિદેશી હૂંડિયામણ કમાણીમાં

મોટો ફેરફાર થયો ન હતો. જ્યારે વર્ષ ૨૦૦૫ વિદેશી હૂંડિયામણ કમાણી ૨૫૧૭૨ કરોડ રૂ. થયો હતો. આમ એકંદરે પ્રવાસન ઉદ્યોગ દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણીમાં સારો વધારો થયો છે.

પ્રવાસન વિભાગ દ્વારા એક વર્ષમાં પ્રવાસી આગમનની સંખ્યાને ભારતમાં વિદેશી પ્રવાસીઓ દ્વારા કરવામાં આવેલા અંદાજિત માથાદીઠ ખર્ચ વડે ગુણીને વિદેશી હૂંડિયામણની કમાણીનો અંદાજ મેળવવામાં આવે છે. જોકે, વિદેશીઓ પાસેથી કમાવામાં આવેલ વિદેશી હૂંડિયામણની ગણતરી કરતા હોઈએ ત્યારે આપણે વિદેશી પ્રવાસીઓના પ્રવાસન વિકાસ પાછળ કરવામાં આવેલ આયાતની નોંધ પણ કરવી જોઈએ, નહીંતર આવકમાં સાચી રકમ કરતાં ઘણો વધારો નોંધાશે. કુલ આવકમાંથી આવાં ગળતર (Leakage) બાદ કરવાથીજ સાચો આંકડો પ્રાપ્ત થઈ શકે.

**૨.૮ ૫૦ વર્ષનો ભારતનો પ્રવાસન ઉધોગ :**

ભારત એ વિવિધતાથી ભરપુર, વિવિધ જાતિઓ, ભાષા, ધર્મ, નીતિ–નિયમો, પરંપરા અને વિશિષ્ટ રીત રિવાજોથી ભરેલો દેશ છે. સહેલાણીઓના આકર્ષક કેન્દ્રો જ્જેમાં ઐતિહાસિક સ્મારકો, ધાર્મિક સંસ્થા, પૌરાણિક માન્યતા પ્રાપ્ત પર્વતો, વિશિષ્ટ અને રમણીય દરિયા કિનારો, વિશાળ પ્રાણી સંપત્તિ જેવા કેટલાંક દુર્લભ પરિબળોથી ભારત સમગ્ર વિશ્વમાં અનોખું વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

ભારત પાસે પ્રવાસન નિગમનાં વિશાળ પ્રમાણમાં આકર્ષક પરિબળો હોવા છતાં ભારતનાં સંવિધાનમાં ટૂરિઝમને યોગ્ય હોય તેવું અથવા જરૂરીયાત જેટલું મહત્ત્વ આપવામાં આવેલું નથી. ભારતને સ્વતંત્ર થયા ૫૦ વર્ષ પૂર્ણ થયા હોવા છતાં ભારતે પ્રવાસન નિગમમાં / સહેલાણી ઉદ્યોગમાં અસાધારણ કે વિવિધ પ્રગતિ કરી નથી. જેનાં મૂળમાં કેન્દ્ર, રાજય સરકાર અને સહેલાણી ઉદ્યોગ સંયુકતપણે જવાબદાર છે.

છેલ્લા ૫૦ વર્ષમાં Tourism Planning ને કારણે નકકર સિદ્ધિઓ મેળવેલ છે. જેમાં પ્રવાસન નિગમનાં આંતરિક અને બાહય માળખાનો વિસ્તરતું જતું ફલક "Tourism Product" માં નોંધપાત્ર વિકાસ અને માર્કેટીંગનો બદલાતો જતો દ્રષ્ટિકોણ અસરકારક માનવી શકિતનો લાભ ઉપરાંત લાગતા વળગતાં દરેક ક્ષેત્રનો સુનિયોજીત વિકાસ એ પ્રવાસન ઉદ્યોગની સફળતાનાં પરિબળો છે. જેના ફળ રૂપે ભારતીય અર્થતંત્રને ફાયદો થયો છે.

હોટેલ, રહેણાંક, વ્યવસ્થાએ Tourism Industry નો એક પડકારરૂપ ભાગ છે. મહદ્અંશે હોટેલના રૂમોની આદર્શ પરિસ્થિતિએ ખાનગી વિભાગની પ્રક્રિયા છે. છતાં પણ સરકારે હોટલ વ્યવસ્થામાં નોંધપાત્ર રોકાણ કર્યુ છે. Heritage Hotels નો ખ્યાલ એ જુના મકાનો, હવેલીઓ, ઐતિહાસિક કિલ્લાઓ, દરિયા કિનારા ટાપુ વિસ્તારનાં ખંડેરોને આધુનિક હોટેલમાં રૂપાંતરિત કરવી. આ ખ્યાલની જરૂરીયાત સમજાતાં સૌ પ્રથમ રાજસ્થાનના જુના કિલ્લાઓ અને મહેલોને ખાનગીકરણ હેઠળ આધુનિક રૂપ આપવામાં આવેલું હતું. જે વસ્તુ વિદેશી પ્રવાસીઓને એક પ્રકારનો નવો જ અને રોમાંચક અનુભવ પૂરો પાડે છે અને ભૂતકાળની પરંપરાગત ભવ્યતાની ઝાંખી કરાવે છે. Old is Gold પંકિતને સાર્થક કરે છે.

સરકારે વિદેશી અને ભારતીય પ્રવાસીઓ કે જે નિમ્ન બજેટવાળાં અને તેમના ખિસ્સાને પરવડે તેવી વિશિષ્ટ વ્યવસ્થા કરેલી છે. જેમાં Tourist Bunglows, Yatriniwases, Tourist Complexes જેવા મધ્યમ કક્ષાના છતાં સંપૂર્ણ વ્યવસ્થાવાળી રહેઠાણની રચના કરી છે. બીચ વિસ્તારોમાં કોટેજીસ્ટ, હિટસ જેવા વિશિષ્ટ પ્રકારનાં નાના ઝૂંપડા, (સંપૂર્ણ વ્યવસ્થા વાતાનુકૂલિત) ની રચના કરી છે. જે મોટે ભાગે બન્ને પ્રકારનાં સહેલાણીઓને આકર્ષે છે.

સહેલાણી ઉદ્યોગના વિકાસ અને આર્થિક સહાય માટે "Tourism Finance Corporation" – (TFC) ની શરૂઆત ૫. મે. ૧૯૯૨ ના રોજ થઈ હતી. અને Parliament 'National Action Plan

for Tourism' પ્રોજેકટની વિધિસર રજૂઆત આઠમી પંચવર્ષીય યોજના હેઠળ થઈ. આ પ્રોજેકટનો પાયાનો ઉદ્દેશ્ય પ્રવાસન ઉદ્યોગનો માર્કેટીંગ દ્રષ્ટિકોણ બદલવાનો ઉપરાંત પ્રવાસન ઉદ્યોગ Infrastructure નો વિકાસ કરવો, તેમના અન્ય ઉદ્દેશ્યોમાં પ્રવાસન નિગમના માળખાકીય વિકાસમાં આવતા અંતરાયોને દૂર કરીને તેના સર્વાંગી વૃદ્ધિ માટેનો છે. સમગ્ર પ્રોજેકટનો વિશિષ્ટ હેતુ પ્રવાસન કેન્દ્રે વિકાસ કરવો. હાલમાં, સરકારનાં સમગ્ર પ્રયાસો પ્રવાસન ઉદ્યોગ ઉપર એક સબળ Economic Impeacts ઊભી કરવા કટિબધ બન્યા છે. અને આ ઉદ્યોગ ભવિષ્યમાં રાષ્ટ્રને વધુ સહાયક બને એવી પ્રગતિકારક યોજનાઓ અમલમાં મૂકે છે.

## ૨.૯ ભારતમાં આધુનિક પ્રવાસન :

ભારતમાં રેલ્વેની જાળ નવસર્જન માટેનાં સ્થાનોને હાથવગાં (Within the reach) કરવા માટે અને ઘણી મોટી સંખ્યામાં વધી રહેલ જનસંખ્યાને તથા તેના નવરાશના સમય તથા આવકનો આનંદ ઉઠાવવા માટે પાથરવામાં આવેલ છે. તેમજ કુલ ૯ જેટલી ખાનગી એરલાઈન્સ જાહેરક્ષેત્રની સંસ્થાઓ સાથે સંકળાયેલ છે. ઇન્ડીયન એરલાઈન્સની સ્થાપના દેશના અંતરિયાળ (દૂરનાં) વિસ્તારોના હવાઈ પરિવહન સાથે સાંકળવાના ઇરાદા સાથે કરવામાં આવેલ છે. ઉપરાંત સ્થાનિક પ્રવાસનને પ્રવાસ રાહતની રજાઓ (L.T.C.) દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવે છે. જયારથી જાહેરક્ષેત્રે નવાં ઔધોગિકસાહસો સ્થપાયાં છે. ત્યારથી દેશના તમામ ભાગોમાનાં લોકોને રોજગારી પૂરી પાડી રહેલ છે. યુવકો તેમજ વિધાર્થીઓને વિશેષ પ્રવાસ રાહતો (Concessions) પૂરી પાડીને દેશના વિવિધ ભાગોનો અભ્યાસ કરવાની તક પૂરી પાડવમાં આવે છે.

ખાસ કરીને વિદેશી હૂંડિયામણ જેવા આર્થિક લાભને નજર સમક્ષ રાખીને આંતરરાષ્ટ્રીય પ્રવાસનને પ્રોત્સાહિત કરવામાં આવી રહેલ છે. ભારત જેવા નવા ઐાધોગીકરણ પામી રહેલાં રાષ્ટ્રને ખરેખર આમ કરવાની જરૂર છે જ.

૧૯૬૦ ના દાયકા દરમ્યાન ભારતમાં **'ભારતીય પ્રવાસન વિકાસ નિગમ'** (I.T.D.C.)ની સ્થાપના નકકી કરવામાં આવેલ છે.આ પાછળનો આશય આંતરરાષ્ટ્રીય મુલાકાતનીઓને દેશમાં પાશ્ચાત્ય સુવિધાઓ પૂરી પાડવાનો પણ છે. 'ભારતીય પ્રવાસન વિકાસ નિગમ' ને ભાગે પોતાના પર કોઈ જ પ્રભાવ પડવા દીધા વગર સામેના પદાર્થ પર રાસાયણિક પ્રક્રિયા ઊભી કરનાર દ્રવ્ય–કેટલીસ્ટ(Catalyst)ની માફક આંતરરાષ્ટ્રીય પ્રવાસનને ક્ષેત્રે પ્રવાસનના આધુનિક સર્વોત્તમ પ્રવાસ માળખાનો વિકાસ કરવાનો છે. (પંચ તારક અશોક હોટેલની માફક). સરકારે પણ લંડન અને ફ્રેંકફર્ટ જેવા સ્થળોએ એરઈન્ડિયા ઈન્ટરનેશનલ તેમજ પ્રવાસન વિકાસનાં કાર્યાલયો સ્થાપીને પ્રવાસનને પ્રોત્સાહિત કરવા આખું માળખું તૈયાર કરેલ છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયને ક્ષેત્રે પણ પ્રવાસન એકમની રચના કરીને પ્રવાસન વિભાગને ઊંચો લાવવા પ્રયત્ન કરી રહેલ છે. ઘણો ઉંચો ખર્ચ કરનારા પર્યટકો માટે અદ્યતન સુખ સુવિધાઓ સ્થાપિત કરવા માટે ખાનગી પેઢીઓને પણ આમંત્રણ આપવામાં આવેલ છે. આ ક્ષેત્રે સૌથી પ્રથમ સંસ્થાપક હતા મોહનસિંહ ઓબેરોય.

પ્રવાસનના પ્રથમ ડાયરેકટર જનરલ (મહાનિર્દેશક) એસ.એન.ચીબે ભારતીય પ્રવાસનની પધ્ધતિનું ઘડતર કરવાનું શરૂ કરી દીધેલ છે.તેમનો સંયુકત રાષ્ટ્રસંઘ (U.N.) ના નિષ્ણાતોમાં સમાવેશ કરીને આધુનિક ભારતીય પર્યટક ઉત્પાદનને ઓળખી કાઢીને પ્રવાસન માટેનાં સંસાધાનો શોધી કાઢવા તથા તેમ કરીને સંઘ પ્રવાસીઓએ પ્રવાસધામોમાં ખર્ચેલ નાણાનું યોગ્ય વળતર મળી રહે તે માટે બોલાવવમાં આવ્યા હતા પરિણામ સ્વરૂપે ગુલમર્ગ 'સ્કાય રિર્સોટ' તેમજ 'કોવલમ્ બીચ રિસોર્ટ' સ્થાપિત કરવામાં આવેલા છે. પોર્ટુગિઝો પાસેથી ગોવાને સ્વતંત્રતા મળ્યા પછી તેના વિકાસ માટે ખાનગી ક્ષેત્રોને પણ પ્રોત્સાહિત કરવામાં આવી રહેલ છે.દિલ્હી, આગ્રા અને જયપુરના સાનેરી ત્રિકોણ(Golden Triangle) માટે પણ એવા પર્યટકોમાં ખાસ આકર્ષણ જમાવેલ છે કે જેમણે આજપર્યંત ભારતને એક રજા ગાળવાના પ્રવાસધામ તરીકે કયારેય જોયું જ નથી.

વર્તમાન સમય પ્રવાસન વ્યાપારનો યુગ બની ગયો છે. ઈન્દર શર્મા દ્વારા સ્થાપિત 'વિશ્વ પ્રવાસ'ને ભારતના જૂથ પ્રવાસો યોજવાનું શરૂ કરેલ છે. અને તે આજે પર્યટન તથા પ્રવાસનના ક્ષેત્રમાં તેના વિશ્વભરમાં સ્થાપેલાં કાર્યાલયો સાથે સૌથી મોખરે છે.ભારતીય પ્રવાસન આયોજક સંઘ(TAAI-Travel Association of India), ભારતીય પ્રવાસ સંચાલક સંઘ(I.A.T.O. Indian Association of India) એ વગેરે જેવી સંસ્થાઓએ પણ પ્રવાસ વિકાસને ક્ષેત્રે પોતાનો ફાળો નોંધાવેલ છે. તેમ છતાં આજે પણ પ્રવાસ વ્યાપાર કેવળ ૨૦% જેટલા જ આંતરરાષ્ટ્રીય પર્યટકોને ભારતમાં ખેંચી લાવે છે. તે દર્શાવે છે કે આપણાદેશમાં પ્રવાસન ઉદ્યોગને હજુ પરિપકવ થવાની વાર છે. જો કે પ્રવાસન માળખાને મજબૂત કરવા માટે રાજય પ્રવાસન વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી છે. અને તેના દ્વારા દેશભરનાં પ્રવાસધામોમાં આવાસ વ્યવસ્થા તેમજ પરિવહન સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. મોટેભાગે પ્રત્યેક રાજયમાં પ્રવાસન વિભાગો છે. આવી સંસ્થાઓ રાજયની પ્રવાસન નીતિનું ઘડતર કરતી હોય છે.ઉપરાંત ભારતમાં પ્રવાસન ક્ષેત્રે નવાં બજારો અને વિવિધ ઉત્પાદનો જેવાં કે સાહસિક રમતો, મેળાઓ, ઉત્સવો, ગોલ્ફની રમતોની સાથે સાથે પંરપરાગત સાંસ્કૃતિક આકર્ષણો પણ હવે દેશભરનાં મુખ્ય પ્રવાસધામોને આવરી લેતા વિસ્તારોમાં વિકસાવવામાં આવેલ છે. એને લીધે જ ૧૯૯૨નું વર્ષ 'પ્રવાસન વર્ષ' તરીકે ઉજવવામાં આવ્યું હતું. પ્રવાસનને એક ઉદ્યોગ તરીકેનો દરજ્જો આપવામાં આવેલ છે. અને ઘણા બધા નીતિવિષયક લાભો તેમજ પ્રોત્સાહનો દ્વારા ખાનગીક્ષેત્રોને પ્રવાસનમાં મૂડી રોકાણ કરવા માટે અને તેના વિકાસને પ્રોત્સાહિત કરવા માટે પ્રયત્ન થાય છે.

ભારતમાં પ્રવાસન વિકાસ માટે પ્રવાસન શિક્ષણ તેમજ તાલીમ ખૂબ જ જરૂરી છે. તે સિવાય રાંધણ–કલા તેમજ હોટલ વ્યવસ્થાના શિક્ષણમાટેની શાળાઓ, ભારતીય પ્રવાસન સંસ્થા તેમજ પ્રવાસ વ્યવસ્થાની સ્થાપના આ પ્રવાસન વ્યવસ્થાપકોને પ્રશિક્ષત કરવા માટે પ્રવાસન મંત્રાલય(ગ્વાલિયર)અંર્તગત કરવામાં આવેલ છે. ઘણી બધી યુનિવર્સિટીઓએ પણ આવું ધંધાદારી

શિક્ષણ આપવાનું શરૂ કર્યુ છે. પ્રવાસન શિક્ષણને પ્રમાણપત્રીય, ડીપ્લોમા તેમજ સ્નાતકકક્ષા સુધીના અભ્યાસક્રમ દ્વારા સાંકળી લેવાયેલ છે.

આપણે સતત પ્રયાસોને અંતે ભારતીય પ્રવાસન ઉદ્યોગનો લક્ષ્યાંક ૨ મિલીયન થી ૫ મિલીયન સુધી લઈ ગયા છે. ભારતની મુલાકાતે આવનાર Real Tourist કરતાં BusinessTravellere ની સંખ્યા ક્રમશઃ વધી રહી છે. જે વાસ્તવદર્શી પ્રગતિ ન કહેવાય. જાહેર રજા દરમ્યાન થતો પ્રવાસ નિગમનો વેપાર આશ્ચર્યકારક રીતે ઘટતો ગયો છે જે વિકાસ માટે અવરોધક પરિબળ છે.

છેલ્લા પાંચ વર્ષમાં વિદેશી પ્રવાસીઓ માટે લાયક ગણાય તેવા ૭૦,૦૦૦ રૂમ બાંધવામાં આવેલાં છે અને આગામી ત્રણ વર્ષમાં હજુ ૩૦,૦૦૦ રૂમ ઉભા થશે. હવે જરૂરિયાત – આંતરિક સુસંગઠિત માળખાની, આધુનિક એરપોર્ટ આકર્ષક હવાઈ સેવાઓ, સારી બસ સેવા, આરામદાયી મુસાફરી માટે જરૂરી હોય તેવા પરિબળોની હજુ અછત વર્તાય છે. ખાસ તો, ભારતનાં લોકોએ અને સરકારે વિદેશી પ્રવાસીઓ પરત્વેનો અભિગમ બદલવાની તાતી જરૂરત છે. જો કે હાલની પરિસ્થિતિ આધારે વિદેશી પ્રવાસીઓ ફરીથી ભારતની મુલાકાત લેવાનું જલ્દીથી વિચારતા નથી. આ ખ્યાલમાં નવઃ સંસ્કરણ લાવી ભારતની મુલાકાત લેવા ઉત્સાહ જાગૃત કરે તેવું વાતાવરણ ભારત પ્રવાસ નિગમે કરી છૂટવાની જરૂરિયાત છે.

## ૨.૧૦ GATS અને ભારતનો પ્રવાસન ઉધોગ :

વેપાર અને સેવાઓના સામાન્ય કરાર ( Genaral Agreement on Trade in Services- **GATS** ) અંતર્ગત વિશ્વ પ્રવાસન સંસ્થા ( W.T.O.) એ આપેલા જટિલ કરારોએ ભારતનાં પ્રવાસન ઉધોગ પર ખૂબજ વ્યાપક અસર પાડી છે. પ્રવાસન ઉધોગની દ્રષ્ટિએ રાષ્ટ્રના વિદેશી પ્રવાસીઓ પ્રવાસન સેવાનો ઉપયોગ બીજા રાષ્ટ્રમાં કરે છે. જેને "Consumpiton abroad tourism" કહે છે. દા.ત.. પ્રવાસી વ્યકિતગત પ્રવાસ ગાળામાં બીજા રાષ્ટ્રોમાં પ્રાપ્ત થતી અન્યોને સેવા

કે જેને " Movement of Natural Persons" કહે છે. દા.ત.. કોઈ કલાકાર બાંધકામનો કારીગર વગેરે.

પ્રવાસનએ એક એવો વિભાગ છે કે, જેમાં બીજા વિભાગ કરતા વધુ સર્તકતા રાખવી જરૂરી બને છે. ભારતમાં **GATS** અનુસાર શ્રમિકો, મૂડી અને અદ્યતન સાધનોને વિદેશમાં નિકાસ કરી શકે અને આ વિભાગને વિકસીત અને વિસ્તૃત બનાવવા અંગે થતાં અન્ય કાયદાઓનો લાભ મેળવી ભારતીય પ્રવાસન વિભાગને વધારે સુસંપન્ન બનાવી શકે ભારતે હોટેલ ટ્રાવેલ એજેન્સી અને આયોજકો સેવાઓ, ખાવા–પીવાની અને પર્યટન સેવાઓમાં ઘણી ઉદારતા દર્શાવી છે. છતાં પર્યટન સુવિધાઓના અભાવથી ભારતીય પ્રવાસન વિભાગ પર વિપરીત અસર જોવા મળે છે. **GATS** અનુસાર ભારતે પણ વિદેશી પ્રવાસનમાં થોડા બંધનો રાખવા જોઈએ, જેથી પર્યાવરણ અને નાના પર્યટનનો ધંધો કરનાર લોકોને વધુ ફાયદો થઈ શકે.

- **સમસ્યાઓ અને નીતિ :**

➢ **<u>વિશ્વના પર્યટનમાં ઓછો હિસ્સો :</u>**

ભારતનો વિશ્વ પર્યટનમાં ઓછો હિસ્સો છે કે માત્ર ૦.૩૮૭ છે. જે કમનસીબી કહેવાય ભારતની વસ્તી જોતા આ ઘણો ઓછો હિસ્સો છે. સારી વ્યવસ્થા અને આયોજનને લીધે શ્રીલંકા, સિંગાપુર, મલેશિયા અને નેપાળ જેવા નાના દેશોમાં પણ પર્યટકોની સંખ્યા વધતી જાય છે. વર્ષ ૨૦૦૦ માં ચીન રાષ્ટ્રએ ૩૧૨ લાખ પર્યટક (વાર્ષિક) નોંધાયા હતાં , તે પાંચમા સ્થાને આવેલા હતા એમનો વૃધ્ધિ દર ૧૮%, જયારે ભારતનો વૃધ્ધિ દર ૪% જ હતો. વિએટનામ દર વર્ષે ૨.૧ લાખ પર્યટકો આકર્ષે છે. આ બધામાં ભારતનું સ્થાન કયાં છે.?

## ➢ અપૂરતી ક્ષમતા :

ભારતમાં પર્યટન વિભાગની સામે અપૂરતી ક્ષમતાની સમસ્યા છે. સામાન્ય રીતે ભારતમાં હોટેલમાં રહેવાના રૂમ વર્ષ ૨૦૦૨માં ૮૫૪૮૧ હોટેલરૂમો હતા. જયારે ચીનમાં ૮૯૭૨૦૬ રૂમો અને મલેશિયામાં ૧,૩૦,૭૫૭ રૂમો હતાં. ઉપરાંત ભારતમાં એરસીટ ઘણી ઓછી છે. જેનું કારણ ઓછું મૂડીરોકાણ છે. ભારતમાં પર્યટન રોકાણ માત્ર બજેટના ૦.૯ જેટલું જ છે. જયારે મલેશિયામાં ૫.૧%, ચીનમાં ૭.૪%, સિંગાપુરમાં ૯.૧% અને સ્પેનમાં ૯.૫% છે.

## ➢ મોંઘી મુસાફરી :

ભારતમાં હવાઈદર તો બરાબર છે પણ લેન્ડીંગદર અને ઈધણભાવ બહુ વધારે છે. ભારતમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય દરો અને સેવાઓ વચ્ચે સંકલન નથી કે જે બીજા રાષ્ટ્રમાં જોવા મળે છે. પ્રવાસીનું સમયપત્ર અને તેને લગતી સેવાઓ પણ બરાબર યોજાતી નથી.

## ➢ નબંળુ આયોજન :

ભારતનું રાષ્ટ્રીય પ્રવાસન બજાર નબળી રીતે આયોજન કરાયેલું છે. ટ્રાવેલ એજેન્ટ બનાવવાના કોઈ ચોકકસ નિયમ નથી. જેને પરિણામે સ્થિતિ વધુ ગંભીર બને છે. તેમજ પ્રવાસન સેવા કર પણ ઘણો વધારે છે જે એજેન્ટે ભરવો પડે છે. ઉપરાંત પર્યટકોની ઓછા રૂપિયા ખર્ચવાની વૃત્તિ અને હોટેલો સાથે સીધા સંપર્કને લીધે પણ એજેન્ટોને ધંધો ઓછો મળે છે.

## ➢ અસમાંતર વિકાસ :

ભારતમાં બધાજ હિસ્સામાં અસમાંતર વિકાસ જોવા મળે છે. અત્યાર સુધી મોટા શહેરોમાં પર્યટનનું મહત્ત્વ આપવામાં આવતું હતું. જયારે ગ્રામ્ય પર્યટનને મહત્ત્વ જરા પણ આપવામાં આવતુ ન હતું. ઉપરાંત પ્રવાસીઓની વિગતો અને એમની જરૂરિયાતોની વિગતો પણ ભારતમાં જોવામાં આવતી નથી.

આવી રીતે, ભારતમાં પ્રવાસન વિભાગ આંતર રાષ્ટ્રીય પ્રવાસીઓનો લાભ પ્રાપ્ત કરવામાં બીજા દેશો કરતાં પાછળ છે. આ માટે ભારત સરકારની નીતિઓ અને યોજનાઓ આ માટે કારણભૂત ગણી શકાય છે. આઝાદી મેળવ્યા પછી ભારત બીજી યોજનાઓ અને નીતિઓ ઘડવામાં વ્યસ્ત છે અને પ્રવાસન નીતિઓ ઉપર જરૂરી ધ્યાન આપવામાં આવ્યુ નથી, ભારત એક તરફ 'અતિથિ ને દેવ' માને છે. આમ છતાં પ્રવાસન વિભાગનો વિકાસ કરવામાં ભારત પછાત રહી ગયું છે.

પ્રવાસનને સંબધિત મુશ્કેલીઓનું નિવારણ માટે ભારત સરકારે ૨૦૦૨માં નવી પ્રવાસન પોલીસી જાહેર કરી છે. જેને અનુરૂપ લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે છે.

- ઓકટોમ્બર થી માર્ચ પ્રવાસીઓ માટેની સક્ષમ અનુકૂળતાઓ
- વિઝા મેળવવાની સરળ પધ્ધતિઓ
- સાંસ્કૃતિક એન વારસાગત પ્રવાસનને વિકાસ
- ભારતીય ભોજનને પ્રોત્સાહન
- પછાત પ્રવાસનને અદ્યતન સાધનોથી કે અન્ય નિયમોથી સભર કરી વધુ પ્રગતિ કરવી.
- ખાસ કરીને "જંગલ જીવન" વનસ્પતિ અને પ્રાણીઓને અનુલક્ષીને ભારતમાં તહેવારો અને મેળાઓની વિકાસ ભારતમાં અને ભારતની બહાર પણ.
- રાષ્ટ્રની અંદર સારા માર્ગો, સેવાઓ અને સુવિકસીત હોટેલોનું બાંધકામ.
- રાષ્ટ્રમાં પ્રવાસન વિકાસ માટે વ્યકિતગત કે સંસ્થાઓ પાસેથી કર તરીકે અને અન્ય આર્થિક લાભ મેળવીને.

કોઈકના કહેવા અનુસાર 'વિચારો એ શ્રેષ્ઠ સફર છે' પણ પ્રવાસથી વિચારોને નેવો વેગ મળે છે. અને કોઈ પણ ઉંમર માટે એ મહત્ત્વનો સ્ત્રોત છે. વર્તમાન સમયમાં પ્રવાસનએ આર્થિક વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવતી શાખા અને અત્યંત ઝડપી સ્ત્રોતને પહોંચી વળવા આ ક્ષેત્રને ખૂબ આધુનિક 'અલ્ટ્રા મોર્ડન' બનાવવા દેશના નિષ્ણાંતો વ્યસ્ત છે. જેનાથી પર્યાવરણને પણ ફાયદો છે. અને કોઈ પણ દેશના સાહસિક અને મોજી પ્રવાસીઓને પ્રવાસન દરમિયાન ઓછામાં ઓછી મુશ્કેલીઓનો સામનો કરી વધારેમાં વધારે આનંદ આપી શકાય તેવા પ્રયત્ન કરવામાં આવે છે. આ નૈતિક રીતે દેશના પ્રવાસને સસ્તી અને સાનુકૂળ બનાવવામાં મહત્ત્યવની ભૂમિકા ભજવે છે.

નવા લેન્ડસ્કેપો, ફાઈનાન્સ સ્કેપ, ટેકનોસ્કેપ , મેડીકલસ્કેપ અને આઈડીઆસ્કેપમાં ક્ષેત્રમાં અનુસંબંધીતતા મેળવો મહત્ત્વનું યોગદાન આપવામાં સફળ રહે છે. ભારતને ઉત્પાદન અને વેચાણ બંને ક્ષેત્રોમાં આ ક્ષેત્રને લીધે લાભ સાક્ષી કરી શકાય છે. ૨૦૦૫માં અનુસબંધીતતા મેળવી મહત્ત્વનું યોગદાન આપવામાં સફળ રહે છે. ભારતે ઉત્પાદન અને વેચાણ બનેં ક્ષેત્રોમાં આ ક્ષેત્રને લીધે લાભ સાક્ષી કરી શકાય છે. ૨૦૦૫માં થયેલા સર્વેક્ષણ મુજબ વિશ્વના ૪૦ શ્રેષ્ઠ પ્રવાસનમાં ભારત ઉચ્ચસ્થાન ધરાવે છે. અને જેના ફળ સ્વરૂપે ભારતને વિદેશી રોકાણ, મૂડીએ એક સ્ખલિત પ્રવાહ સ્વરૂપ મેળવે છે. બેરોજગારી, ગરીબી જેવા પાયાની મુશ્કેલીઓને દૂર કરવામાં આ સ્ત્રોત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ ઉપરાંત હકીકતનો સાચો ખ્યાલ દેશની આર્થિક સંપતિમાં થતા વધારા દ્વારા કે મૂડીના વધારાથી ચોકકસ રીતે જોઈ શકાય છે. પણ નબતક સંબંધિત નિયમો હેઠળ ભારતે કરારયુકત અને વિકસીત દેશો સાથે તંદુરસ્ત હરિફાઈ અપાવી છે. જો કે ભારતનો ભૌગોલિક સ્થિતિ, ખોરાક, હવામાન, આબોહવા, ભાષાકીય અનુકૂળતા જેવી અનેક બાબતો પ્રવાસીઓ માટે સાનુકૂળ સંજોગો ઉત્પન્ન કરે છે. પરંતુ રોકાણ, સારું સંચાલન, યોગ્ય જાહેરાતો જેવા અમુક પાસાઓ થોડા નબળા હોઈતો સુધારાને અવકાશ છે. ગૌણભાગો આંતરિક માળખાના સિધ્ધાંતોમાં જો થોડા મૂળભુત ફેરફારો આપવામાં આવે તો લક્ષ્યાંકનની ક્ષમતાથી પણ વધુ લાભ મેળવી શકાય છે. વર્ષ ૨૦૦૦માં નવી પ્રવાસન પોલીસી મુજબ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આ સમસ્યાના ઉકેલ માટે અનકે તકો ભારતે ઉભી કરેલ છે.

## ૨.૧૧ ભારતમાં રાજય સ્થાનિક સંસ્થાઓના સંબંધો :

રાજય સરકાર નિગમ અધિનિયમો અનુસાર વહીવટીય વિકેન્દ્રીકરણ કરતી હોય છે. અને એ જ ઉદ્દેશ્યોથી શહેરી સ્થાનિક સંસ્થઓની સ્થાપના કરવામાં આવતી હોય છે. બંનેના પારસ્પરિક સંબંધો અને કાયદાકીય જોગવાઈઓથી પ્રચલિત થાય છે. સૈધ્ધાંતિક રીતે આ સ્થાનિક સંસ્થાઓ સ્વાયત્ત હોય છે. પરંતુ રાજયનું એમના પર નિયંત્રણ હોય છે. તેના ચાર કારણો નીચે પ્રમાણે છે.

I. રાજય સરકાર સ્થાનિક સંસ્થાઓનું નિર્માણ કરે છે.

II. રાજયના તમામ વિસ્તારોના વિકાસ એક સમાન થવો જોઈએ.

III. સ્થાનિક સંસ્થાઓ પાસે રાષ્ટ્રનિર્માણની પ્રવૃત્તિઓની ટેકનીક, નિપુણતા તથા અનુભવ હોતો નથી. એના માટે રાજય સરકારો પર આધારિત રહેવું પડે છે.

IV. રાજય સરકાર સ્થાનિક સંસ્થાઓને નાણાંકીય સહાય પૂરી પાડે છે. તેથી એ જોવાનો તેમનો જ અધિકાર બની રહે છે. આ નાણાં યોગ્ય માર્ગે જ ખર્ચાય છે કે નહી.

કારણ ગમે તે હોય રાજયનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક સ્વ–શાસનની સંસ્થાઓના કામકાજના દેખાવ અને કાર્ય–કુશળતાનું નિરીક્ષણ તેમજ નિયંત્રણ કરવાનું હોય છે. પરંતુ મહત્ત્વની વાત એ છે કે નિર્દેષન અને નિયંત્રણ નકારાત્મક ન હોવું જોઈએ. જેને સ્થાનિક સંસ્થાઓના કાર્ય–દેખાવ આત્મ–નિર્ણય તેમજ જવાબદારી પાલન પર નિયંત્રણ લાદવું જોઈએ નહી. બીજી બાજુ એમના હાથ મજબૂત કરવા જોઈએ એન એમને વધુમાં વધુ જવાબદારી પણ સોંપવી જોઈએ. તેથી જ એ બંનેની વચ્ચે અતૂટ સહયોગ અને સામ્ય રહે, અને વિરોધીભાવ ન રહે રાજય નિયંત્રણની ઘણી રીતે ટીકા કરવામાં આવે છે. એવું અનુભવવામાં આવે છે કે સ્થાનિક એકમો પર રાજય સરકારનું નિયંત્રણ જરૂર કરતાં વધારે હોય છે. સ્વ–શાસનની સ્વતંત્રતાના સિધ્ધાંત પર જ પ્રહાર કરે છે આ અંગે બે દલીલો રજૂ કરવામાં આવે છે.

I. સ્થાનિક સંસ્થાઓના સંસાધનોનો આધાર ઘટતો જાય છે. અને રાજય સરકારો એ દિશામાં ઘણું જ ઓછું કામ કરે છે.

II. સ્થાનિક સંસ્થાઓની તાકાતને દબાવવામાં આવી રહેલ છે. અને તેને શકય એટલી ઘટાડવાના પ્રયત્નો થઈ રહ્યાં છે.

દાખલા તરીકે આપણા દેશમાં ૧૯૮૯ માં ૭૩ નગર નિગમો હતાં જેમાંથી ૩૭ જેટલાં નિગમો સરકારનો કબજો કરી લેવામાં આવ્યો છે. કેટલીક સમિતિઓ એ સંસાધનોના મજબુત બનાવવા અંગે સૂચનો કરેલા છે. આ સંસ્થાઓની કાર્યક્ષમતા વધારવાની તરફેણ પણ કરેલી છે. આ સૂચનોનો સ્વીકાર કરી લઈને અને તેને અમલમાં મૂકીને રાજય અને શહેરી સંસ્થાઓની વચ્ચે સહયોગાત્મક સંબંધો સ્થાપિત કરી શકાય તેમ છે.

## ❖ સ્થાનિક સંસ્થાઓ તેમજ પ્રવાસન

શરૂઆતમાં યોજનાના ઘડવૈયાઓએ અને નિર્માણકર્તાઓએ પ્રવાસન વિકાસની યોજનાઓ ઘડતી વેળાએ સ્થાનિક સંસ્થાઓની ભૂમિકા પર દષ્ટિપાત કર્યો ન હતો. નીતિનું ઘડતર રાષ્ટ્રીય કે રાજયને ધોરણે કરવામાં આવ્યું અને તેમાં સ્થાનિક સંસ્થાઓની ઉપેક્ષા કરવામાં આવી. શરૂઆતમાં યોજનાઓ ઉપરથી લાદવામાં આવી કે સ્થાનિક (સ્વશાસનની) સંસ્થાઓ કાંતો સાથ–સહકાર નથી આપતી અથવા એમાં વિધ્નો ઊભાં કરે છે. મોટાભાગની સ્થાનિક સંસ્થાઓને તો પોતાની કામગીરી તેમજ જવાબદારીનું પણ ભાન ન હતું. ધીરે ધીરે તે પોતાનું કર્તવય તેમજ અધિકારો બાબતે જાગૃત થઈ. ઉપલા સ્તર પર તો એમ અનુભવવામાં આવવા લાગ્યું કે સ્થળ વિકાસ અને સંયોજનમાં સ્થાનિક સંસ્થાઓની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે. વાસ્તવમાં પ્રવાસન અને સ્થાનિક સંસ્થાઓની વચ્ચે સીધો જ સહ–સંબંધ છે.

એમ અનુભવવામાં આવેલ છે કે પ્રવાસનધામની આસપાસનું વાતાવરણ સાફ અને સ્વાસ્થ્યકારક, આયોજિત રીતે વિકસિત તેમજ સુચારુ રીતે વ્યવસ્થિત હોય તો પર્યટક તેના તરફ આકર્ષિત થશે જ. તેથી પર્યટક આરામગૃહો, મોટેલ્સ તેમજ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં સ્થળો તેમજ પ્રાકૃતિક સૌંદર્યધામોને સ્વચ્છ તેમજ વ્યવસ્થિત રાખવાં જોઈએ. તેની જવાબદારી સ્થાનિક સંસ્થાઓને સોંપી ના શકાય. આગામી ગદ્યખંડોમાં આપણે એવા ક્ષેત્રોનો ઉલ્લેખ કરવાના છીએ જેનું વ્યવસ્થિત પ્રવાસન વિકાસ માટે સ્થાનિક સંસ્થાઓને સોંપી શકાય તેમ છે. આ રીતે એને સ્થાનિક સંસ્થાઓનાં કાર્યોમાં જ સમાવેશ થઈ જાય છે.

### ➢ માર્ગ વાહન વ્યવહારનાં ચિન્હો અને દિશાઓઃ

શહેરો/નગરોના રસ્તાઓ, ફૂટપાથો વગેરેનાં વિકાસ તથા નિભાવ માટેની જવાબદારીનો સંબંધ સ્થાનિક સંસ્થાઓ પર હોય છે સામાન્ય રીતે આવા રસ્તાઓની સ્થિતિ સારી હોતી નથી. તે સિવાય આવા રસ્તાઓ પર ગેરકાનૂની દબાણ કે કબ્જા જમાવનારા અવરોધો પણ જોવા મળે છે. તેમ કોઈ પણ શહેરમાં માર્ગની વચ્ચોવચ પશુઓને બેઠેલા જોઈ શકાય છે. તેને કારણે અવરજવારમાં (વાહન વ્યવહારો) અડચણ ઊભી થાય છે. તથા માર્ગ પર ભીડભાડ અને ગૂંગળામણ ઊભી થવા લાગે છે.

માર્ગો ઉપર અવર જવરનાં ચિન્હો તેમજ દિશા સંકેતો પણ હોવા જરૂરી છે. ભારતનાં શહેરોમાં કાંતો તે હોતાં જ નથી અને હોય તો તેનું સમારકામ બરાબર થતું નથી, તેથી તેનું હોવું ન હોવું બરાબર જ છે. તે સિવાય તેની દેખરેખની પણ કોઈ જ વ્યવસ્થા હોતી નથી. જો કોઈ એ દિશા–સંકેતોની તોડ–મરોડ કરી હોય તો પણ કોઈ તેની દેખરેખ રાખવામાં આવતી નથી. કલ્પના કરો કે કોઈપણ પર્યટકને 'ક' નામના સ્થળે જવું છે. દિશા–નિર્દેષકની ગરબડના કારણે તે 'ખ' નામના

સ્થળે ચાલ્યો જાય છે. માર્ગો ઉપર થોડા થોડા અંતરે વીજળીની પણ વ્યવસ્થા હોવી જ જોઈએ. આ બાબતે પણ ધ્યાન આપવું અત્યંત જરૂરી છે.

➢ **ગંદા પાણીનો નિકાલ અને સંડાસ (શૌચાલય):**

પર્યટકો મઝા કરવા માટે અને પ્રાકૃતિક સૌંદર્યનો આનંદ મેળવવા માટે પોતાનાં ઘરમાંથી બહાર નીકળતા હોય છે. ખરાબ નાગરિક સગવડો, વેર વિખેર કચરાના ઢગલા, ગંદા રસ્તા વગેરે હોવાથી જે તે સ્થળો બદનામ થઈ જતાં હોય છે. કવચિત પર્યટકોના આગમનથી પણ આવી મુશ્કેલીઓ ઊભી થવા પામે છે. કેટલાક પર્યટોને સાફ–સફાઈની ટેવ જ હોતી નથી. તે સ્થાનિક સંસ્થાઓના કચરાના ઢગલાઓમાં વિશેષ વધારો કરી જતા હોય છે. કચરા પેટીઓ પણ બહુ ઓછી જગ્યાએ મુકાયેલી જોવા મળતી હોય છે. તેથી આ બાબતે યોગ્ય વ્યવસ્થા કરવાની જરૂર છે.

પ્રવાસધામોમાં જાહેર સંડાસનો અભાવ અથવા ગંદા સંડાસ પણ એક મુખ્ય મુશ્કેલી રૂપ છે. ઘણા દિવસોથી પ્રવાસન ઉદ્યોગ આ બાબતે ચિંતિત છે. પરંતુ તેમ છતાં આ અંગે ખાસ સુધારા થઈ શકયા નથી. હવે સ્થાનિક સંસ્થાઓ આ અંગે ગંભીરતાપૂર્વક કામ કરે તે વાતની સખત જરૂરિયાત છે.

➢ **પાણી–પુરવઠો:**

પાણી પુરવઠાની પણ એક ગંભીર મુશ્કેલ છે. કોઈ પણ જગ્યાએ જરૂર કરતાં વધુ ભીડ વધી જવાથી સ્થાનિક લોકોને અનેક પ્રકારની તકલીફો વેઠવી પડતી હોય છે. ઘણી જગ્યાઓએ પર્યટકોની જરૂરિયાતને પહોંચી વળવા સ્થાનિક લોકોને પણ પાણીનો પુરવઠો મર્યાદિત પ્રમાણમાં આપવામાં આવતો હોય છે. તેના લીધે સ્થાનિક લોકો તેમજ પર્યટકોની વચ્ચે ખેંચનું વાતાવરણ સર્જાય છે. કેટલાંક ખાનગી રિસોર્ટમાં આ અંગે પોતાની સ્વતંત્ર વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. તેમ છતાં આ મુશ્કેલીની ગંભીરતા ઘટી જવા પામતી નથી. વાસ્તવમાં ઓછો ખર્ચ કરનારા પર્યટકોને આને કારણે

સૌથી વિશેષ મુશ્કેલી વહોરવી પડતી હોય છે. જોકે મોટાભાગના પ્રવાસધામોમાં હવે 'મિનરલ વોટર' ની વ્યવસ્થા હોય છે જ. પરંતુ આવાં અન્ય કામો માટે પાણીની જરૂરીયાતનો ઊભી થતી હોય છે જ.

- **મનોરંજન, ઉદ્યાન અને પાર્કિંગની વ્યવસ્થાઃ**

બાગબગીચા–ઉદ્યાનની યોગ્ય દેખભાળ, બેસવાની વ્યવસ્થા, તડકા અને વરસાદથી બચવા માટે રોડનીવ્યવસ્થા, વૃક્ષ–છોડવાઓ અને ગાડીઓના પાર્કિંગ માટે પૂરતી વ્યવસ્થા તેમજ મનોરંજનની સુવિધાઓને લીધે જેતે સ્થળનું આકર્ષણ અનેક ગણું વધી જતું હોય છે. આવી સગવડો ઉપલબ્ધ કરાવવાની જવાબદારી સ્થાનિક સંસ્થાઓની જ બની રહે છે.

- **પ્રદુષણઃ**

પોતાના અધિકાર ક્ષેત્રોને તમામ પ્રકારના પ્રદુષણથી મુકત રાખવાની જવાબદારી પણ આ સ્થાનિક સંસ્થાઓની જ થઈ પડે છે અને તે એમની પ્રાથમિક ફરજ પણ બની રહે છે.

- **સ્વાસ્થ્યને લગતાં જોખમો અને ચિકિત્સા સવલતોઃ**

ભારતમાં સ્વાસ્થ્યને લગતાં કાર્યક્રમોનો આશય માત્ર ચેપી રોગોને આગળ વધતા અટકાવવા પૂરતો નથી પરંતુ તેનું નિવારણ કરવું પણ જરૂરી છે. તે સિવાય પોત પોતાના વિસ્તારોમાં રોગોને આગળ વધતા અટકાવવા અને તેનું નિવારણ કરવા માટે જરૂરી પગલાં લેવાનું કામ પણ આવી સ્થાનિક સ્વાશાસનની સંસ્થાઓનું જ છે. માખીમો અને મચ્છરોની અપાર સંખ્યા, ગટરો–નીંકો અને હોજમાં એકઠું થતું ગંદુ પાણી, ભોજન રાંધવાની બિનસ્વાસ્થ્યપ્રદ પ્રણાલિકા તેમજ ખાવાનું પીરસવા તેમજ તેના વેચાણની બિન–સ્વાસ્થ્યપ્રદ રીતભાતોને કારણે પણ અત્યંત ગંભીર મુશ્કેલીઓ ઊભી થવા પામતી હોય છે. તમામ મહત્ત્વપૂર્ણ જગ્યાઓ પર પર્યટકોને આવી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો જ હોય છે. સ્થાનિક સંસ્થાઓએ યોગ્ય અને સ્વાસ્થ્યપ્રદ વાતાવરણ તૈયાર કરવાનું પૂરે પૂરું ધ્યાન રાખવું જોઈએ. તે સિવાય યોગ્ય અને પૂરતાં ચિકિત્સા કેન્દ્રો પણ ખોલવાં જોઈએ.

➢ **ખરીદ–વેચાણ કેન્દ્રો:**

સાફ અને સ્વચ્છ દુકાનો પણ પર્યટકોને આકર્ષિત કરતી હોય છે. એક સંપૂર્ણ આયોજિત બજાર કોઈ પણ પ્રવાસન સ્થળની સુંદરતામાં અનેક ઘણો વધારો કરતું હોય છે, સ્થાનિક સંસ્થાઓએ જોવું જોઈએ કે દુકાનો સુઆયોજિત સ્વરૂપે અને યોગ્ય સ્થળ પર હોય એટલે કે તેના કારણે લોકોને અવર–જવરમાં અગવડ પડવી જોઈએ નહીં. દુકાનો ઉપર કોઈ પણ વસ્તુઓની કિંમત (ભાવ)ની યાદી પાટિયાપર લખેલી હોવી જોઈએ. જેથી લોકો અચકાયા વગર જોઈતી ચીજ વસ્તુ ખરીદી શકે. કમનસીબે મોટા ભાગનાં સ્થળો પર આવી વ્યવસ્થાનો અભાવ જોવા મળતો હોય છે. કોઈ પણ પ્રવાસધામમાં જાઓ તો ત્યાં દરેક દુકાનદાર પોતપોતાની રીતે ભાવ (કિંમત) લેતા હોય છે. પર્યટકો પાસે બીજો કોઈ જ વિકલ્પ ન હોવાથી તેઓ દુકાનદારની છેતરપિંડીનો શિકાર બની જતાં હોય છે. પરંતુ આના લીધે કાળક્રમે જે તે પ્રવાસધામની બદનામી થતી હોય છે.

➢ **સ્થાનિક વાહન વ્યવહાર:**

શહેરો અને નગરોમાં સ્થાનિક વાહન વ્યવહારનું સાધન મેળવવું અને પ્રવાસનધામ સુધી પહોંચવાની સગવડ ઊભી કરવાની જવાબદારી પણ સ્થાનિક સંસ્થાઓની જ છે. એના લીધે પર્યટકોને સારી એવી સગવડ મળી રહેતી હોય છે. મોટેભાગે વાહન વ્યવહારની સગવડો પૂરતા પ્રમાણમાં અને યોગ્ય રીતની હોતી નથી. તેનો કોઈ ચોકકસ (ઠરાવેલ) સમય હોતો નથી અને વાહનોની હાલત પણ જીર્ણ–શીર્ણ (ભંગાર જેવી) હોય છે. સ્થાનિક સંસ્થાઓએ બહેતર વાહન વ્યવહારની સગવડ ઉપલબ્ધ કરાવવા માટે પૂરતાં પગલાં લેવા જોઈએ અને એ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે આ લોકો પર્યટકો પાસેથી વધારે નાણાં તો પડાવી લેતા નથી ને?

➢ **સલામતી, કાનૂન અને વ્યવસ્થા:**

જોકે કાનૂન–વ્યવસ્થાનો અમલ કરવા – કરાવવાની જવાબદારી જે તે રાજય સરકારની જ હોય છે. પરંતુ સંસ્થાઓ એ જિલ્લા પોલીસની સહાય વડે કાનૂન અને વ્યવસ્થા જાળવવામાં પૂરતી મદદ કરવી જોઈએ. જેથી કરીને પર્યટકો નિશ્ચિંતપણે અવર–જવર કરી શકે. પ્રવાસનને પ્રોત્સાહન પૂરું પાડવા માટે જે તે સ્થળ સલામત તેમજ અલ્પવ્યવસ્થા વગેરેથી મુકત હોય. તે સિવાય પ્રવાસનને લગતી બુરાઈઓ તેમજ ગુન્હાખોરીને રોકવાની દિશામાં પણ સ્થાનિક સંસ્થાઓએ કામગીરી બજાવવી જોઈએ.

**૨.૧૨ ભારતનાં પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે AIM ના સૂચનો :**

વિશ્વના પ્રવાસન ઉદ્યોગના ફલક ઉપર ભારતને આકર્ષક કેન્દ્ર બનાવવા માટે ભારતનાં સહેલાણી ઉદ્યોગે કેન્દ્રે અને રાજય સરકાર જોડે ઉચ્ચકક્ષાનો સહયોગ કેળવવો પડશે. હવાઈ સેવાઓ, હોટેલ, ટ્રાવેલ અને પર્યટન / ટ્રાન્સપોર્ટ વ્યવહાર સાથે મળીને એક જ સૂરમાં કરવો, તેમની જરૂરીયાતો સરકાર સમક્ષ પ્રદર્શિત કરવી. જેથી પ્રતિસાદ રૂપે નોંધપાત્ર સુધારાઓ સરકાર કરી શકે.

**AIM** – ના સુધારા સૂચવતી યોજના.( સરકાર પ્રેરિત)

(૧) **<u>'A' Stands for Tourism - " Awareness" </u>:**

પ્રવાસન નિગમમાં પ્રવાસી એકમોનાં માલિકોને પ્રવાસન ઉદ્યોગને શકિતશાળી બનાવવા માટે પાયાના નિયમો પ્રણાલીમાં ફેરફાર કરવો. પ્રવાસ નિગમને આર્થિક વિકાસ અને સમાજ પરિવર્તન એક મહત્ત્વનું પરિબળ છે. પ્રવાસીઓને સંતોષકારક સરભરા થયાનો એક પ્રકારનો સંતોષ થવો જરૂરી છે. પ્રવાસી માટે દરેક જગ્યા અને પરિસ્થિતિ તદ્દન નવી હોવાથી તેને જે તે સ્થળે પૂર્ણ સંતોષ અને જરૂરી માહિતી મળી રહે તે પણ એટલું જ અગત્યનું છે.

(૨) **<u>'I' Stands for Creating an " Infrastructure" </u>:**

પ્રવાસન નિગમનું આંતરિક માળખું સુવ્યવસ્થિત સુનિયોજીત અને ચોકકસ યોજના પ્રમાણે કાર્યરત રહેવું જોઈએ, પ્રવાસ નિગમનું લક્ષ્ય મુખ્યત્વે વિદેશી મુસાફરો સાથે સાથે રાષ્ટ્રના નાગરિકોની ચોકકસ પ્રકારની જરૂરીયાતો સંતોષાય તે પણ એટલું જ મહત્ત્વનું છે. આ માટે દેશમાં આંતરિક વાહન વ્યવહાર, રહેવાની વ્યવસ્થા, સાત્વિક ભોજન વગેરે બાબતોએ ગ્રાહકને તુષ્ટિગુણ પ્રાપ્ય રહે તે ખૂબ જ જરૂરી છે.

(૩) **<u>'M' – Stands for – " Marketing"</u> :**

પ્રવાસન ઉદ્યોગનું માર્કેટીગ વધુ શકિતશાળી બનાવવા આપણે ૫ હજાર વર્ષ પાછળ નજર દોડાવી પડશે. એ સમયનો ભવ્ય ભૂતકાળ અને વૈવિધ્ય સભર સાંસ્કૃત્તિક વારસો આ બંન્ને વારસાનું પ્રવાસન નિગમ દ્વારા પ્રદર્શન થાય તે ખૂબ જ જરૂરી છે. ભૂતકાળમાં ભારત શું .... હતું ... વર્તમાનમાં કેવું છે... હવે પછી કેવું રહેશે. આ વસ્તુને મૂલવાની ચોકકસ દ્રષ્ટિ આપણે કેળવવી પડશે. Tourism is an Extremely Complex Product (પ્રવાસન નિગમ એ એક અત્યંત જટિલ ઉપજ છે) પ્રવાસન ઉદ્યોગની ચોકકસ જરૂરીયાત સંતોષવા માટે એકલ દોકલ નહીં પરંતુ લાગુ પડતા દરેક ક્ષેત્રના સહિયારા પ્રયાસથી જ ઉદ્યોગનો પૂર્ણતઃ વિકાસ થઈ શકે.

ઉપર દર્શાવેલ AIM ના ત્રણ પ્રકારનાં સૂચનો ત્રિવેણી સંગમ એટલે પ્રવાસન નિગમની ઉચ્ચત્તમ સફળતા. Tourism Marketing એટલે કોઈપણ ગ્રાહકની ઈચ્છાની જરૂરીયાતને પૂરેપૂરો સંતોષ આપવો. અહીં ટૂરિસ્ટ એ ગ્રાહક બને છે. જેને વ્યાપારી ધોરણો અનુસાર સંતોષ આપવો એ જ Tourism Marketing.

**૨.૧૩ ભારતનાં પ્રવાસન ઉદ્યોગને આંતરમાળખાકીય ઊણપો :**

વિશ્વની સાત અજાયબીમાંની એક વિશ્વ વિખ્યાત તાજમહેલ ભારતમાં હોવા ઉપરાંત કુદરતી તેમજ સાંસ્કૃતિક સૌંદર્યની વિપુલતા અને વિવિધતા  હોવા છતાં વિશ્વ પ્રવાસીની યાદીમાં આપણું સ્થાન નીચું છે.

૨૫૦ વિશ્વ યાત્રીઓ પૈકીનો માત્ર એક જ પ્રવાસી હિમાચ્છાદિત પ્રદેશો અને રમણીય સાગરતટોના આ દેશની મુલાકાત લે છે. પ્રવાસન ઉદ્યોગના નિષ્ણાતોનું કહેવું છે કે દેશની મહત્ત્વની માળખાકીય નબળી સુવિધાઓ તેમજ આ ઉદ્યોગને લગતી અગ્રિમતાઓ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવાનો અભાવ વિશ્વના પ્રવાસીઓની ભારત પ્રત્યેની ઉદાસીનતા માટે કારણભૂત છે.

પ્રવાસન ખાતાનાં મહાન નિર્દેશક કહે છે કે " પ્રવાસન ક્ષેત્ર કંઈ એકલું જ  કામગીરી બજાવી શકે નહીં. દેશમાં નકકર અને સુદ્રઢ માળખાકીય સુવિધાઓ – રસ્તાઓ, રેલ્વે, હવાઈ સેવા, હોટેલો, વિજળી હોવી જરૂરી છે અને સાથે સાથે સારી  કાયદો વ્યવસ્થાની પણ એટલી જ આવશ્યકતા છે.

ભારતમાં છેક ૧૯૮૯ માં Tourism Financial Corporation of India (TFCI) ની તથા પ્રવાસન ઉદ્યોગ ક્ષેત્રે રોકાણ કરવા માટે 'ઈન્વેસ્ટમેન્ટ સેલ' ની રચના કરવામાં આવી હોવા છતાં મુખ્ય સમસ્યાઓ નબળી મહત્ત્વની માળખાકીય સુવિધાઓ અને આંતર સુવિધાઓના વિકાસ પ્રોજેકટોના અમલ માટે અપૂરતા અંદાજપત્રીય સાધનોની હોવાનું પણ આ ઉદ્યોગના નિષ્ણાતોનું કહેવું છે. આ ઉપરાંત મહત્ત્વની માળખાકીય સુવિધાઓનાં મોટાભાગની બાબતો પ્રવાસન ખાતાઓના કાર્યક્ષેત્રમાં આવી નહીં હોવાથી આજની તારીખે પણ સબંધીત એજન્સીઓ વચ્ચે કોઈ અસરકારક સંકલન જ નથી.

રાષ્ટ્રમાં પ્રવેશ માટેના માત્ર પાંચ જ આંતરરાષ્ટ્રીય સ્થાન ઉપરાંત હવાઈ પ્રવાસનની મર્યાદિતક્ષમતા, હોટેલ ઉદ્યોગમાં માંગ અને પુરવઠા વચ્ચેની ભારે અસમતુલનની સ્થિતિ જોતાં પ્રવાસન ઉદ્યોગના નિષ્ણાંતો માને છે કે આપણા પ્રયાસો બકરીનાં ગળાનાં આંચળમાંથી દૂધ દોહવા જેવા રહે છે.

આ ક્ષેત્રના નિષ્ણાતો માને છે કે, અસ્થિર સરકારોના કારણે પ્રવાસન ઉદ્યોગને વિકસિત કરવા માટે મહત્ત્વનાં  નિર્ણયો લેવાનું કાર્ય ખૂબ જ ધીમું તો છે જ, પરંતુ સાથે સાથે રાજકીય પદ્ધતિ ને લગતી તથા કાયદો વ્યવસ્થાની સમસ્યાઓ પણ દેશમાં અસ્તિત્વમાં છે.

જોકે પ્રવાસનક્ષેત્ર દ્વારા વિદેશી હૂંડિયામણની કમાણીનાં આંકડા પ્રોત્સાહક છે. આ ક્ષેત્ર દ્વારા ૧૯૫૧ માં રૂપિયા ૧૭ કરોડ વિદેશી હુંડિયામણની કમાણીની સરખામણીમાં ૨૦૦૫ ના ગાળામાં ૨૫૧૭૨ કરોડ રૂપિયાની કમાણી થઈ હતી. ૨૦૦૬ ના વિશ્વમાં પર્યટન સ્થળોમાં ભારત ચોથું સ્થાન ધરાવે છે. જોકે, ભારત તરફના પ્રવાસીઓના પ્રવાહમાં વધારો જરૂર થયો છે. પરંતુ આ પૈકીના અર્ધા જેટલા પ્રવાસીઓતો વિદેશી પાસપોર્ટ ધરાવતા ભારતીયો જ છે.

ભૂતકાળનાં વલણો પરથી જણાય છે કે, આઝાદી પછીના આરંભના વર્ષો ભારતમાં પ્રવાસીઓના પ્રવાહમાં વિકાસનો સૌથી ઊંચો ૨૪.૭% નો દર અનુભવાયો હતો. ૧૯૭૬ થી માત્ર ૧૦ વર્ષના ગાળામાં પ્રવાસીઓની સંખ્યા બમણી થઈ ને ૧૦ લાખના સ્તરે પહોંચી હતી. ત્યાર બાદ ૧૯૯૦ ના દાયકામાં વિકાસના દરમાં અખાતી યુદ્ધના સહિતના દેશો તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાના વિવિધ બનાવોના કારણે નજીવો ઘટાડો જણાયો હતો. દેશમાં સદીઓથી યાત્રાળુઓ અને વેપારી આલમના પ્રવાસીઓને ભારે અવરજવર તો રહી જ છે. આમ, ઘર આંગણાના પ્રવાસીઓએ દેશના પ્રવાસન ક્ષેત્રે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

ભારતીય પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રાલયના પ્રધાન અંબિકા સોની કહે છે કે "પ્રવાસનને લગતી વિચારધારામાં પરિવર્તન આવ્યું છે. અને આજે ઘર આંગાણાંના આશરે ૧૫ કરોડ પ્રવાસીઓ પ્રવાસ કરી રહયા છે."તેઓ વધુમાં કહે છે કે–શહેરી વિસ્તારમાં મધ્યમવર્ગના ઉદ્‌ભવના પરિણામે રજાઓ ગાળવા તથા જોવાલાયક સ્થળોની પ્રવાસનના કારણે ઘર આંગણાંના પ્રવાસનક્ષેત્રનો વિકાસ થયો છે."

બીજી પંચવર્ષીય યોજના (૧૯૫૬–૬૧) દરમ્યાન પ્રવાસનને આયોજનની પ્રક્રિયામાં એક અંગ તરીકે સામેલ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર અને રાજયના ક્ષેત્રને સાથે રાખીને રૂા. ૩.૩૬ કરોડ જેટલી નજીવી રકમની પ્રતીકરૂપે ફાળવણી કરવામાં આવી હતી. દરમ્યાન ૧૯૬૦ ના દાયકાના પાછળના ભાગને પ્રવાસન ક્ષેત્રની વિકાસકીય પ્રવૃત્તિઓના યુગ તરીકે સ્મરણમાં રાખી શકાશે. આ સમયે જમ્મુ અને કશ્મીરમાં ગુલમર્ગ ખાતે "વિન્ટર સ્પોર્ટસ કોમ્પલેક્ષ" ની સ્થાપના થવાથી સાહસિકતાને લગતી પ્રવાસન પ્રવૃત્તિમાં વેગ આવ્યો હતો. કાશ્મીરમાં અત્યારે ઉગ્રવાદીઓની હિંસક પ્રવૃત્તિઓના કારણે આ સ્થળે પ્રવાસન પ્રવૃત્તિ ખૂબજ મંદ પડી ગઈ છે.

પ્રવાસન ક્ષેત્રની તવારીખમાં ૧૯૮૫–૯૦ દરમ્યાન એક અત્યંત મહત્ત્વપૂર્ણ વળાંક આવ્યો હતો. જયારે આ ઉદ્યોગને એક "અલગ ઉદ્યોગ" નો દરજજો આપવામાં આવ્યો હતો. સરકારે ૧૯૮૨ માં પ્રવાસન નીતિની જરૂરીયાત હોવાની જાહેરાત કરી હતી. અને ૧૯૯૨ ના નેશનલ એકશન પ્લાન્ટમાં તેનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. જો કે, મર્યાદિત સાધનોના કારણે કેટલાંક નાના પ્રોજેકટો માટેની સતત માંગના સંદર્ભમાં આ નીતિઓ સફળ થઈ ન હતી.

ઉદારીકરણ પછીની પરિસ્થિતિમાં સરકારે એવી નીતિ રજૂ કરી છે. જેણે હોટેલ અને પ્રવાસનને લગતા ઉદ્યોગોને વિદેશી ટેકનોલોજી માટેની તથા ૫૧% વિદેશી ઈક્વિટી માટેની આપોઆપ મંજૂરીને પાત્ર બનાવ્યા છે.

• • •

**પ્રકરણ : ૩**

# ગુજરાતનો પ્રવાસન ઉદ્યોગ અને સરકારી નીતિ

- **પ્રસ્તાવના :**

**૩.૧ ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે નવી ક્ષિતિજો**

**૩.૨ ગુજરાત પ્રવાસન ઉદ્યોગના તાજેતરનાં વલણો**

**૩.૩ પ્રવાસન નીતિ (૨૦૦૩–૨૦૧૦)**

**૩.૪ પ્રવાસન નીતિ માટે હોટેલ ઉદ્યોગનાં સૂચનો**

# <u>પ્રકરણ : ૩</u>
# ગુજરાતનો પ્રવાસન ઉદ્યોગ અને સરકારી નીતિ

- **પ્રસ્તાવના :**

ગુજરાત રાજયે આર્થિક વિકાસમાં અને ઔધોગિક વિકાસની અંદર ખૂબજ નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. તેમ છતાં પ્રવાસન વિભાગનો વિકાસ કરવો રહયો...! જો કે, રાષ્ટ્ર વિકાસનાં એન્જિન બનવા માટે આ વિભાગ પાસે અનહૃદ ક્ષમતા રહેલી છે. પ્રવાસન વિભાગમાં વિકાસ ક્ષમતા સંદર્ભે ઝોન ડેવલોપમેન્ટની શકયતાઓ વધુ રહેલી છે. ગુજરાતમાં આ ક્ષેત્રે મહત્ત્વ આપવામાં કચ્છ અને સૌરાષ્ટ્ર એ બે સ્થળો એ હૃદય સમાન છે. આ બે સ્થળો ઔદ્યોગિક વિકાસમાં બીજા પ્રાંતોની સરખામણીએ વિકાસ કરી શકે તેમ નથી. માટે પ્રવાસન વિકાસ એ આ પ્રદેશ માટે અગત્યનું સાધન છે. કચ્છ–જામનગરમાં બગડેલા પર્યાવરણનો પ્રશ્ન ગૂંચવાયો છે. તે ટૂરિઝમ અને ઈકોનોમિક ડેવલોપમેન્ટ સાથે ઓછો થશે.

ગુજરાતમાં દ્રઢ મનોબળવાળા પ્રવાસીઓ છે. જે ધાર્મિકતાને કારણે સતત પ્રવાસ ચાલુ રાખે છે.(રહે છે) ૪૦ લાખ ગુજરાતીઓ અને ૨૫ હજાર આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ પ્રવાસન વિભાગમાં ફાળો આપે છે. આ ઉપરાંત વિદેશી પ્રવાસીઓ તેમજ ગુજરાત રાજય સિવાયના પ્રવાસીઓને આકર્ષવા માટે પગલાં ભરવાનાં છે. આપણાં રાજયનાં ખરાબ રસ્તાઓ, નબળું માર્કેટીંગ અને પૂરતી સગવડતાનો અભાવ, રહેઠાણ, ખોરાક, ટ્રાવેલ્સ, માહિતી અને મનોરંજન આ સર્વે પ્રશ્નો મુશ્કેલી ભરેલા છે.

ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગ મહત્ત્વપૂર્ણ બની રહે તે માટેનાં લાભો નીચે પ્રમાણે છે :

૧. વિવિધ પ્રકારનાં ભૌતિક અને સાંસ્કૃતિક આકર્ષણો પૂરતાં વિસ્તારમાં છે.

૨. પાયાની જરૂરીયાતનું વ્યવસ્થિત માળખું આપણી પાસે છે.

૩. મજબૂત સ્થાનિક બજાર, સમગ્ર ભારતના તમામ પ્રવાસીઓમાં ગુજરાતી લોકો વધુ પ્રવાસ કરે છે.

૪. જીવન મિલ્કતનું રક્ષણ થઈ શકે તેમ છે.

૫. અનોખી કળા અને સાંસ્કૃતિક મહત્ત્વનાં આકર્ષણો.

૬. સંતોષકારક ખોરાક અને મહેમાનગતીનું ગાન.

ટૂરિઝમ ઈન્ડસ્ટ્રીઝ–એ ગુજરાત માટે એક મહત્ત્વનું અંગ છે. આપણી પાસે પ્રવાસનઉધોગની પાયાની સગવડો માટે પ્રોત્સાહક નીતિનું ઘડતર, રિવાજ આધારિત ઉત્ત્સવો એન પ્રદર્શન જેવા સાધનો છે. જે આ પ્રમાણે......

M = Meetings સભા

I = Incentives પ્રેરક/પ્રોત્સાહક

C = Conventions રિવાજ

E = Exhibitions પ્રદર્શન

“Gujarat’s Tourism Policy is one of the most Investor - Friendly in the Country.”

Past Mr. Raj Gopal -Ex. Director of Tourism ગુજરાત રાજય વિશે કહે છે કે, ગુજરાતને ભારતમાં સૌથી વધુ અજોડ અને વિશાળ એવો દરિયા કિનારો પ્રાપ્ત થયો છે. (૧૬૦૦ કિ.મી.) તેમના દ્રષ્ટિકોણ પ્રમાણે પ્રવાસ યાત્રીઓ બે શ્રેણીનાં હોય છે. ૧.) જેઓને

પ્રાથમિક ઉદેશ્ય દર્શનનો જ હોય છે. જયારે બીજા પ્રવાસીઓ માત્ર રજાનાં સમય દરમ્યાન પ્રાપ્ત સમયને આનંદ–મોજ થી પસાર કરવામાં માનતા હોય છે.

## ૩.૧ ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે નવી ક્ષિતિજો :

રાષ્ટ્રના પ્રવાસન નકશા ઉપર ગુજરાતને ઘણું હલ્કું અને નબળો વિસ્તાર ગણી ઓછા અગત્યના પ્રદેશમાં ખપાવવામાં આવે છે જોકે હકીકત કંઈક જુદી જ છે. ગુજરાત પાસે પ્રવાસન ઉદ્યોગની દ્રષ્ટિએ જોવા જઈએ તો, શું નથી ? કચ્છના લખતરથી વલસાડના ઉમરગાવ સુધીનો દેશનો સૌથી લાંબો દરિયા કિનારો ગુજરાત પાસે છે. તેમજ સોલંકી સમયના સમૃદ્ધ કલાત્મકતા ધરાવતાં મંદિરો અને શિલ્પ સ્થાપત્ય કેન્દ્રો છે. એશિયામાં એક માત્ર ગીરનાં સિંહોનું અભ્યારણ્ય અને કચ્છના રણના સુરખાબ પ્રવાસીઓને આકર્ષે છે. ગુજરાતના કચ્છ અને સૌરાષ્ટ્રની હસ્તકલા દેશ વિદેશમાં ખ્યાતિ પામી છે.

સહેલાણી ઉદ્યોગ એ વિશ્વનો સૌથી ઝડપી વિકસી રહેલો પ્રદૂષણરહિત ઉદ્યોગ આપણને મોટાપ્રમાણમાં વિદેશી હુંડિયામણ કમાવી આપે છે. ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગની વિકાસની શકયતાઓ વિપુલ હોવા છતાં જોઈએ તેટલો વિકાસ થયો નથી આમ તો પ્રવાસન પ્રવૃત્તિના વિકાસની શરૂઆત બીજી પંચવર્ષીય યોજના અંતર્ગત ૧૯૫૬ થી ૬૧ ના સમયગાળા દરમ્યાન થઈ હતી. આ સમયે ગુજરાત ભૂતપૂર્વ મુંબઈ રાજયના ભાગરૂપે હતું. શરૂઆતમાં પ્રવાસન ખાતાની કામગીરી માહિતી ખાતાનાં એક ભાગરૂપે કરવામાં આવતી હતી. પછી ૧૯૭૩ માં સ્વતંત્ર પ્રવાસ વિભાગની રચના કરાઈ. ૧૯૭૮ માં ગુજરાત રાજયે અન્ય રાજયોની જેમ સરકાર સંચાલિત જાહેરસાહસની રચના કરી ત્યારથી પ્રવાસન પ્રવૃત્તિનો રાજયમાં વિકાસ કરવાનો પ્રયાસ શરૂ કર્યો.

ગુજરાત પ્રવાસન સંચાલિત–સૌરાષ્ટ્ર, નોર્થ ગુજરાત, રાજસ્થાન ટુર, ૧૯૭૮–૭૯ થી ચલાવવામાં આવે છે.

ગુજરાત પ્રવાસન નિગમે રાજયસરકાર અને કેન્દ્રસરકારની મદદથી અનેક નવા પ્રોજેકટ હાથ ધર્યા છે. નવરાત્રીનાં રાસ–ગરબા અને ઉત્તરાયણમાં પતંગના તહેવારો ગુજરાતની સંસ્કૃતિની આગવી ઓળખ છે. તરણેતરનો મેળો, સૌરાષ્ટ્રનો સૌથી મોટો–પચરંગી ભાતીગળ મેળો ગણાય છે. ગુજરાત એટલે ઈતિહાસ, કળા, સ્થાપત્ય, કુદરતી સૌંદર્ય, પાણી, પક્ષીસૃષ્ટિ અને સંસ્કૃતિની વિવિધ રંગછટાઓ, ગુજરાત પોતે જ સમગ્ર રાષ્ટ્રનું પુનિત પ્રવાસધામ છે.

## ૩.૨ ગુજરાત પ્રવાસન ઉદ્યોગના તાજેતરનાં વલણો :

### ૩.૨.૧ New Tourism Policy Funds Investment :

પ્રવાસન ઉદ્યોગની નીતિ જે ખાનગીક્ષેત્ર સાથેના જોડાણ ઉપર ભાર મૂકે છે. આ ખાનગીકરણના પગલે કેટલીક સૂક્ષ્મ ખાનગી કંપની એ પ્રવાસન નિગમમાં ઝૂકાવા માટે ઉત્સાહપૂર્વક તૈયાર થઈ છે. આ નીતિ અમલમાં મૂકેલ બે જ વર્ષ થયા હોવા છતાં આ નીતિને કારણે ગુજરાતમાં ઓછામાં ઓછું ૫૦૦ કરોડથી વધુ રોકાણ હોટેલ્સ, વોટર પાર્ક, રેસ્ટોરન્ટ ક્ષેત્રે થયું છે. હજુ વધુ રોકાણ થશે તેવી શકયતા છે.

સૌરાષ્ટ્રની વાત કરીએ તો જામનગર, રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને એસ.આર ગૃપ ના હિસાબે ખૂબ જ લોકપ્રિય સ્થળ બન્યું છે. (હોટલ મેનેજમેન્ટ ખ્યાલે) સૌરાષ્ટ્રના બીજા મોટા શહેરોમાં ચાર થી સ્ટાર હોટલ શરૂ કરવાની દરખાસ્તો આવી ગઈ છે. આ થી સ્ટાર હોટલનું રોકાણ ૩૫ કરોડથી વધુ છે. આ ત્રણેય દરખાસ્તમાં ઓરબિટ પાર્ક પ્રોજેકટની હોટલનું રોકાણ એ ૧૦૦ રૂમની જોગવાઈ છે. આ હોટલનું બાંધકામ આં.રા. ધોરણ મુજબ થશે.

Mr. Sanjay Gupta as a Managing Director of the Tourism Corporation of Gujarat Limited. જણાવે છે કે જયારથી નવી પ્રવાસન અને હોટેલ નીતિ અમલમાં આવી છે ત્યારથી ફકત ગુજરાતમાં નવી ૪૬ મેગા હોટેલ પ્રોજેકટની દરખાસ્ત આવી ગઈ છે. તેનું રોકાણ રૂા. ૧૫૧ કરોડ છે. વધુમાં, યોગ્ય આંતરિકમાળખાનાં વિકાસના અભાવે ગુજરાત ટૂરિઝમે અત્યાર સુધી ઘણું ગુમાવ્યું છે. ગુજરાતના મહેસુલી (રેવન્યુ) વિભાગે પુષ્કળ આવક ગુમાવી છે. જેનો લાભ આપણાં પડોશી રાજયો, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રે ભરપુર ઉઠાવ્યો છે. શ્રી સંજય ગુપ્તા ભવિષ્યની યોજના વિશે આશાસ્પદ છે કે ગુજરાતને પ્રવાસન નીતિનો મહત્તમ ફાયદો મળશે.

### ૩.૨.૨ પ્રવાસન ક્ષેત્રનું ખાનગીકરણ :

ગુજરાત સરકારે પ્રવાસન નિગમ હસ્તકની જુદી–જુદી મિલ્કતોમાંથી ક્રમશઃ પોતાનું મૂડીરોકાણ પાછું ખેચવાની તૈયારીઓ હાથ ધરી છે. તેના ભાગરૂપે નિગમે મિલ્કતોના સંપૂર્ણ અથવા આંશિક ખાનગીકરણ માટેની એક વિસ્તૃત દરખાસ્ત તૈયાર કરી છે. જેમાં જુનાગઢ જિલ્લા દરિયાકાંઠા વિસ્તારમાં(ચોરવાડ) આવેલા નવાબ પેલેસના સાંસ્કૃતિકવારસાને નુકસાન ન પહોંચે અને તેમાં રહેલી પૌરાણિક ચીજવસ્તુઓમાં બહુ મોટા ફેરફાર નહિ કરવાની શરતે વેચવાનો નિર્ણય કર્યો છે. જો કે, હાલ તો નિગમ દ્વારા આ પેલેસમાં ચલાવાતી લકઝુરિયસ હોટલમાંથી પોતાનું મૂડીરોકાણ પાછું ખેચવાનું આયોજન છે. ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં વલસાડ જિલ્લામાં આવેલા તિથલના દરિયાકાંઠે આવેલી હોટલમાંથી નિગમ પોતાનું મૂડીરોકાણ ઘટાડીને ૩૦ ટકા કરવા માગે છે. જોકે મૂડીરોકાણ પાછું ખેચવાના મામલે કેન્દ્ર સરકારની ડિસઇન્વેસ્ટમેન્ટ નીતિ પ્રમાણે રાજય સરકાર ચાલી રહી છે.

અંબાજી નજીક આવેલા બાલારામ તિર્થધામ પાસે રેસ્ટોરેન્ટ સાથે ગેસ્ટ હાઉસને ખાનગી પેઢ ીને સોંપવાની તૈયારી છે. અમદાવાદ નજીક દેશ–વિદેશી પ્રવાસી પક્ષીઓને આકર્ષતા નળ સરોવરની મિલ્કતોને વાણિજય ધોરણે વિકસવાનું આયોજન નિગમે કર્યુ છે. ઉપરાંત સૌરાષ્ટ્રમાં લીંબડી હાઇ–વે

હોટેલ અને સુરત નજીક વલથાણ, કચ્છમાં માલવણની મિલ્કતોની ખાનગી પેઢીઓને સોંપવામાં આવશે અને કચ્છ જિલ્લામાં હડપ્પન સંસ્કૃતિના અવશેષો મળેલી જગ્યાની હોટેલ અને ભાવનગરમાં દરિયાકાંઠે કુડા રિસોર્ટ્સ તથા ગુજરાતના તિર્થધામ શામળાજી ગેસ્ટ હાઉસને પણ પાંચ વર્ષ માટે ખાનગી પેઢીને સોંપવાની યોજના તૈયાર કરાઈ છે.

ગુજરાત સરકારે રાજયમાં મૂડીરોકાણ આકર્ષવા માટે નવરાત્રિના પર્વને પસંદ કર્યુ છે. અને તેમાં સહેલાણીઓને નવરાત્રિ ઉપરાંતના સમયમાં ગુજરાતના આકર્ષણ ટકી રહે તેવા હેતુથી જુદા–જુદા કેન્દ્રોનો વિકાસ કરવા ખાનગીક્ષેત્રો માટે ખુલ્લી કરેલી છે.

નર્મદા યોજનાના કેનાલ નેટવર્કનો ઉપયોગ પ્રવાસન કેન્દ્ર, કેવડિયા કોલોની ખાતે સરોવર, ભાસ્કરપુરા સરોવર વગેરે સ્થળોએ નૌકાવિહારની સુવિધા, મહુવા પાસે બીચનો વિકાસ, દક્ષિણ ગુજરાતના માલ સમોટનો હિલ સ્ટેશન , ઉતરગુજરાતના થોળ અને દક્ષિણ ગુજરાતના ડુમસમાં થીમપાર્ક વિકસાવવા ખાનગીક્ષેત્રને સોંપવાની વિચારણા છે.

### ૩.૨.૩ <u>ગુજરાત પ્રવાસની વૈશ્વિક સર્કીટ :</u>

ગુજરાત સરકારે રાજયને "વિશ્વના પ્રવાસન નકશા" પર મૂકવાનો નિર્ણય લીધો છે. રાજયના પ્રવાસનક્ષેત્રમાં અત્યારે કુલ રૂપિયા ૪૩૦ કરોડનું અંદાજિત મૂડીરોકાણ ધરાવતા ૧૦૯ પ્રોજેકટો વિચારણા હેઠળ છે. નવી વ્યૂહરચનામાં સમૃદ્ધતટીય પર્યટન અને યાત્રાધામોને વિશેષ મહત્ત્વ અપાઈ રહયું છે. વધુમાં, સમુદ્રતટીય પર્યટનના વિકાસ માટે ઘણી શકયતાઓ રહેલી છે. પરંતુ તે માટે બે મુદ્દે તેમણે કેન્દ્રની મદદ માંગી છે.

(૧) CRZ ની અમુક જોગવાઈ આ વિકાસ કાર્યક્રમ માટે અવરોધરૂપ હોવાથી CRZ ની સંપૂર્ણ સમીક્ષા કરી તેમાં ફેરફાર કરવા.

(૨) દરિયાકાંઠે પસંદગીના સ્થળોએ જમીન અને માળખાકીય વિકાસ માટે રોકાણની જરૂર અને તેનો પ્રતીક્ષાગાળો લાંબો રહેશે. તે સંજોગોમાં કેન્દ્રની નાણાકીય સહાય વિશેષ જરૂરી બની રહેશે. ઉપરાંત હોટેલને થ્રી સ્ટાર અને હેરિટેઝ કલાસીક સુધીની કક્ષાની માન્યતા આપવાની સત્તા રાજયોને આપવી જોઈએ અને સરકારે ઈન્ટરેસ્ટ સબસીડી અને કેપીટલ સબસીડી યોજનાઓ વ્યાપ હોટેલો અને હેરિટેઝ હોટેલ સુધી મર્યાદિત રાખવાને બદલે

એમ્યુઝમેન્ટ અને વોટર પાર્ક જેવી નવી સવલતો સુધી લંબાવવો જોઈએ.કેન્દ્રએ અનેક સ્થળોને 'વિશેષ પ્રવાસન વિસ્તાર'(STA) તરીકે માન્યતા આપી છે. છતાં ગુજરાતના એક પણ સ્થળને આવી માન્યતા મળી નથી.

કેન્દ્ર સરકાર શૂન્ય જકાતયંત્રસામગ્રી નિકાસ પ્રોત્સાહન (EPCG) યોજના હેઠળ હોટેલ ઉદ્યોગને પણ આવરી લીધો છે. જેથી નવી હોટેલો ઓછા ખર્ચે બાંધી શકાય અને હોટેલ રેટ નિમ્ન રાખી શકાય. ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મકતા જાળવી શકે તે માટે માંગણી કરવામાં આવી હતી.

ગુજરાતમાં પ્રવાસનઉદ્યોગના ઝડપી વિકાસ માટે નવો માસ્ટર પ્લાન ઘડી નાખવામાં આવ્યો, જેમાં સાત સ્થળોની એક 'સર્કિટ' તૈયાર કરવામાં આવી છે.ગુજરાતમાં સહેલાણીઓને આકર્ષિત કરવા દરિયાકાંઠાનો વિકાસ કરી આનંદપ્રમોદ માટે વૈભવી જહાજની સફર શરૂ કરવી. ગ્રામ્ય પ્રવાસન વિભાવના વિકસાવવા માટે રાજકોટ પાસે આનંદપર(નવાગામ) અને કચ્છમાં સરસપુર ખાતે એકમોની સ્થાપના થઇ રહી છે. આવા જ પ્રવાસન કેન્દ્રો રાજયના અન્ય સ્થળોએ પણ વિકસાવવામાં આવશે.

આ ઉપરાંત વૈશ્વિક સ્તરની સગવડોવાળી ટૂરિઝમ સર્કીટમાં અમદાવાદ, અડાલજ, મોઢેરા, વડનગર, પાટણ, ધોળાવીરા , ભૂજ, માંડવી, બેટદ્વારકા, પોરબંદર, સોમનાથ, સાસણગીર,

પાલીતાણા, લોથલ વગેરેનો સમાવેશ કરાયો છે. આ સર્કીટોને કેન્દ્ર સરકારના સહયોગથી વિકસાવાશે.

### ૩.૨.૪ <u>પ્રવાસનના વિકાસ માટે જમીનટોચ મર્યાદાનો ધારો અને કરવેરામાં ફેરફાર કરવા ગંભીર વિચારણા :</u>

ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસમાં અવરોધરૂપ એવા...

(૧) લેન્ડ સિલિંગ એક્ટ

(૨) ઈલેક્ટ્રિસિટી ડયુટી

(૩) કરવેરાના માળખા વગેરેમાં સુધારા કરવા રાજય સરકાર ગંભીર રીતે વિચારી રહી છે. એવો નિર્દેશ ભૂપપૂર્વ પ્રવાસન પ્રધાન સુરેશચંદ્ર મહેતાએ આપ્યો હતો.

વધુમાં, પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટેનું વાતાવરણ ઊભું કરવામાં સાહસિકોના મતે,

(૧) લેન્ડ સિલિંગ એક્ટ–શહેરી વિસ્તારોમાં વિવિધ કક્ષાની હોટેલો ઊભી કરવામાં અવરોધ ઊભો કરે છે.

(૨) ગુજરાતમાં વિજળીના દર ખૂબ જ ઊંચા છે વળી, તેની ઉપર ઈલેક્ટ્રિસિટી ડયુટી અને વેચાણવેરો વસૂલ કરવામાં આવે છે.

(૩) મનોરંજન વેરા સહિતના અન્યવેરા પણ વધુ છે.

કોઈપણ હોટેલને પ્રવાસીઓને આકર્ષવા તેમજ વિવિધ સુવિધાઓ માટે વીજળીનો પણ વધુ વપરાશ કરવો પડે છે પણ વિજળી મોંઘી હોવાથી તેઓ તેનો વધુ ખર્ચ કરી શકતા નથી. લેન્ડ સિલિંગ એકટના કારણે મોટી હોટેલોને વિવિધ સુવિધાઓ ઊભી કરવાની મંજૂરી મળતી નથી. જયારે બીજા રાજયોમાં કરવેરા પણ નિમ્ન છે. લેન્ડ સિલિંગ એકટમાં પણ સુધારો કરવાાં આવે છે અને વીજળીના

દરો પણ ઓછા છે. ત્યારે ગુજરાત પ્રવાસનક્ષેત્રે વિકાસની વિપુલ તકો ધરાવતું રાજય હોવાથી અને આગામી વર્ષોમાં મૂડીરોકાણ વધવાનું છે ત્યારે આ ત્રણેય બાબતોએ ફેરફાર કરવાની આવશ્યકતા છે.

ગુજરાતને આંતરરાષ્ટ્રીય ફલક પર લઈ જવાના હેતુથી આગામી વર્ષે સોમનાથના મંદિર ખાતે એલિમીનેશન કરીને લાઈટ એન્ડ સાઉન્ડ શો યોજનાની વિચારણા છે. આ માટે એક પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવી રહયો છે. તેના માટે કેન્દ્ર સરકાર તરફથી પણ નાંણાકીય મદદ મળનાર છે. સોમનાથ મંદિર ઉપર અગાઉ અનેક વખત આક્રમણ થયા હોવા છતાં તે તેની સંસ્કૃત્તિ સાથે આજે પણ યથાવત છે. તેની સંસ્કૃત્તિ સમગ્ર દેશમાં પ્રવર્તે છે આથી સોમનાથ મંદિરને પસંદ કરવામાં આવ્યું છે. અન્ય પ્રવાસન કેન્દ્રોનો સમાવેશ કરવો કે કેમ તેની વિચારણા કરાશે.

**૩.૨.૫ <u>પ્રવાસન નિગમની એકત્રિત ખાધ ૨૦ કરોડ :</u>**

ગુજરાત સરકાર સંચાલિત પ્રવાસન નિગમની એકત્રિત ખાધ ૨૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. પરિણામે રાજય સરકાર જુદા જુદા પ્રવાસન મથકો પૈકી સતત ખોટ કરતાં મથકો ને કોન્ટ્રેકટ મેનેજમેન્ટ હેઠળ મૂકવા અથવા જરૂર પડેતો આવા એકમોની હરાજી કરીને વેંચી દેવાના વિકલ્પો વિચારી રહી છે. પ્રવાસન નિગમે ભૂતકાળમાં સાત જેટલી તેમની મિલકતો ખાનગીકરણ હેઠળ વેંચી નાખી હતી. જેમાં .. અહેમદપુર, માંડવી, સાસણગીર, બેચ રિસોર્ટ વગેરે સ્થળોએ આવેલી કિંમતી મિલ્કતોનો સમાવેશ થાય છે.

આ ક્ષેત્રના એકમો નફો કરી શકે તેવા પણ અનેકવિધ કારણોસર ખોટ કરી રહયા છે. આથી આવા એકમોને નફો કરતા તેનું આર્થિક કે સંપૂર્ણ ખાનગીકરણ કરવાની વિચારણા કરાઈ રહી છે અને તેના કર્મચારીઓને અન્યત્ર સમાવવા કે સ્વૈચ્છિક નિવૃત્તિ યોજનાનો લાભ આપવાની વિચારણા કરાશે.

## ૩.૨.૬ હેરિટેઝ હોટેલ માટે રિવોલ્વીંગ ફંડ ઊભું કરવા નિર્ણયો :

ગુજરાત સરકારે હયાત પ્રાચીન હવેલીઓ અને મહેલોને અદ્યતન હોટેલોમાં રૂપાંતરિત કરવાનાં ઉદ્યોગ સાહસકોના પ્રયાસમાં સહાયરૂપ થવા માટે રૂપિયા એક કરોડનું રિવોલ્વીંગ ફંડ ઊભું કરવાનો નિર્ણય કર્યો છે. જોકે ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગની વૃદ્ધિ માટે હેરિટેઝ હોટેલો ચાવીરૂપ સ્થાન ધરાવે છે. રાજયમાં પ્રાચીન વારસારૂપ ઘણી ઈમારતો છે. આ ઈમારતોને પ્રવાસન પરિયોજના હેઠળ હોટલરૂપમાં ફેરવવામાં આવે તો તેનાથી માત્ર વિદેશી પ્રવાસીઓ અને વધુ ખર્ચ કરવાની ક્ષમતા ધરાવતા પ્રવાસીઓ આકર્ષાશે. એટલું જ નહીં. પરંતુ એમ કરવાથી કિંમતી વારસો જળવાશે અને ઉપયોગી બનશે.

માહિતિ મુજબ  કે હેરિટેઝ હોટેલ સ્થાપવાની યોજના સરકારની વિચારણા હેઠળ છે. તે માટે ઉદાર શરતો અથવા ઈકવિટી ભાગીદારીના ધોરણે પ્રવાસન તરીકે વારસાની સંપત્તિ પૂરી પાડવા માટે સુલભ્ય લોન તરીકે ઉદ્યોગ સાહસિકોને નાણાંકીય સહાય કરી શકાય તેવા હેતુથી રૂા. ૧૦૦ લાખનું ફરતું ભંડોળ ઉભું કરવાનું નકકી કરાયું છે. આ માટે ચાલુ વર્ષના બજેટમાં કુલ રૂા. ૧૧૦ લાખની ફાળવણી પણ કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર–કચ્છના દરિયા કિનારાના વિસ્તારોમાં પ્રવાસન સુવિધાઓ ઊભી કરીને વધુ પ્રવાસીઓ આકર્ષવા રાજય સરકારે વિવિધ યોજનાઓ શરૂ કરવાનો નિર્ણય કરીને તે માટે રકમની ફાળવણી પણ કરે છે. તેમાં પણ ખાસ કચ્છ–માંડવી બીચ, ના વિકાસ માટે વધુ ધ્યાન આપવામાં આવી રહયું છે. હાલમાં, આવતા પ્રવાસીઓ આવાસન માટે કામ ચલાઉ વ્યવસ્થા તેમજ પાયાની અન્ય સવલતો પૂરી પાડવાની યોજના તૈયાર કરવા અને સુવાહય કેબિનો ઊભી કરવા રૂપિયા ૨૦ લાખની જોગવાઈ ઊભી કરવામાં આવી છે. ઉપરાંત માંડવી અને મોઢેરા ખાતે પીવાના પાણીની સુવિધા ઊભી

કરવા રૂા. પાંચ લાખ ફાળવેલા. જળ રમતો અને પ્રવાસીઓ માટે અન્ય સવલતો ઉભી કરવાની વિચારણા કરવામાં આવી રહી છે. આથી દરિયા કિનારે અને બારમાસી નદીઓમાં પ્રવાસીઓ જળ રમતોની મોજ માણી શકે તે માટે ગુજરાત પ્રવાસન નિગમ વિવિધ સાધનોની ખરીદી રૂા. ૨૦ લાખના ખર્ચે કરશે. આ સાધનો ખાનગી સાહસિકોને ભાડા ખરીદ પદ્ધતિથી આપશે.

જયારે સાપુતારા ખાતે પેરા ગ્લાઈડીંગ સુવિધા ઉભી કરવામાં આવનાર છે. રાજયમાં સાહસ પ્રવાસનની સગવડો લગભગ નહિંવત છે ત્યારે ૮૭૫ મીટરની ઉંચાઈએ આવેલા ગુજરાતના એકાંત ગિરિમથક ખાતે પેરા ગ્લાઈડીંગ સુવિધા ઉભી કરવા રૂા. પાંચ લાખની ફાળવણી કરવામાં આવી છે. જયાં સાહસભર્યા પ્રવાસન માટે તકો છે. ઉપરાંત કેટલાંક ઉત્સવો, તરણેતરનો ગત લોકમેળો, કચ્છનો ભાતીગળ ઉત્સવ, મોઢેરા ઉત્સવો, વગેરે પ્રસંગો અંતરિયાળ દૂરના અને ઊડાણવાળા વિસ્તારોમાં યોજાય છે. આવા સ્થળોએ ઉજવાતા ઉત્સવો માણવા પ્રવાસીઓ માટે રોમાંચભર્યા ગામઠી આવાસોની અનુભૂતિ કરાવવા તંબુ–આવાસો ઊભા કરાય છે.

પરંપરાગત પુરાતત્વીય સ્થળોએ હાલ પણ સહેલાણીઓને ઘણો મોટો ઘસારો છે. તેમાં ખાસ કરીને પંચમહાલમાં આવેલા ભાવકા અને કાલેશ્વરી મહત્ત્વનાં સ્થળો છે. આ સ્થળોએ એપ્રોચ માર્ગ સુધારવા, સ્થળ ઉપર વાડ કરવા, ભૂમિ દ્રશ્યો, સુશોભન અને પ્રવાસીઓ માટે સુવિધા વધારવા પણ આ વર્ષે રૂા. ૧૦ લાખ ફાળવેલા છે.

પ્રવાસન પ્રધાને દરિયામાં તરતી હોટલ દ્વારા પ્રવાસન પ્રવૃત્તિ વિકસાવવાની વિભાવના રજુ કરી હતી. તેમજ કચ્છ અને સૌરાષ્ટ્ર ઘણાં સુંદર બીચ ધરાવે છે. આ બીચને તરતી હોટેલથી સાંકળી લેવા અને પ્રવાસીઓને કાંઠા ઉપર વિવિધ સુવિધાઓ આપવા કેટલાંક માર્ગો પસંદ કરાયા છે જેમાં અહમદપુર માંડવી, વેરાવળ, પોરંબદર, દ્વારકા, કચ્છ–માંડવી વગેરેનો સમાવેશ થાય છે. આ રૂટમાં

પ્રવાસીઓને વધુમાં ભાવનગર, પાલીતાણા, સોમનાથ, સાસણગીર અને કચ્છ સ્થળો પણ દર્શાવવામાં આવશે. આ માટે સર્વે ચાલી રહયો છે. ચાલુ વર્ષે રૂા. ૧૫ લાખ ખર્ચ કરાશે.

વધુમાં સાસણ–ગીર એ ગુજરાતનો ભૌગોલિક દ્રષ્ટિએ પ્રથમ ફરવાનું બેજોડ સ્થળ છે. મહલ એ ડાંગ જિલ્લાનું વણશોધ્યું જંગલ છે. ડાંગ પ્રવાસન વિકાસ યોજના એ પ્રવાસન માટેની મહત્ત્વની સુવિધા ઊભી કરવા વિચાર્યુ છે. પર્યાવરણના અવરોધોને જોતા સાસણ–ગીર કે મહલમાં આધુનિક બાંધકામ કરવું શકય નથી. જોકે પ્રવાસીઓની અપેક્ષા પ્રમાણેની સુવિધા અને સ્થળની લાક્ષણિકતા જોતાં આ વિસ્તારમાં લાકડાની ઝુંપડીઓ ઊભી કરવા આ વર્ષે રૂા. ૧૫ લાખનો ખર્ચ કરવાનું નકકી કરાયું છે.

### ૩.૨.૭ <u>સહેલાણી ઉદ્યોગના વિકાસ માટે વેરામાં ઘટાડો કરવો જરૂરી :</u>

પ્રવાસન ઉદ્યોગ ઉપર વેરાનું ભારણ વધુ હોવાનાં કારણે દેશનાં અને ગુજરાતનાં પ્રવાસન નિગમના વિકાસમાં વિપરીત અસર થઈ રહી હોવાનું <u>ટ્રાવેલ એજન્ટ્સ એસોસીએશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ શ્રીમતી નીરજ ધેઈએ જણાવ્યું છે</u>. વધુમાં કહે છે કે, વિમાની/હવાઈ–ભાડાની વાત લઈએ તો તેની ટીકીટ ઉપર ૩૫% વેરો વધારાનો લાગે છે. જે અન્ય રાષ્ટ્રોની સરખામણીએ વધુ છે. એક ટીકીટના ભાડા ઉપર એરલાઈન ટર્બાઈન ફયુઅલના ૧૫%, પેસેન્જર સર્વિસ ફી ૫% અને ઈનલેન્ડ એર ટ્રાવેલ ટેક્ષ (AITT) ના ૧૫% જે મળીને ૩૫% વેરો લાગે છે. (AITT) લેવાની શરૂઆત એરપોર્ટ સર્વિસ સુધારવા માટે દાખલ કરવામાં આવેલો, પરંતુ તે સુવિધાતો વધી નથી અને વધારામાં તો ટ્રાફિક વધારવામાં નડતરરૂપ બની રહયો છે. જોકે આ વેરો દૂર કરવાની ભલામણ ઉડ્ડયન મંત્રાલયને કરી છે.

ગુજરાત રાજયમાં અનેક બીચ રિસોર્ટ આવેલા છે પરંતુ, આ રિસોર્ટ પ્રવાસીઓને ગોવાની માફક આકર્ષી શકતાં નથી. તેનું મુખ્ય કારણ દારૂબંધી છે. જે ઊઠાવી લેવામાં આવે તે રાજયના પ્રવાસન વિકાસ માટે જરૂરી છે.

શ્રીમતી નીરજ ધેઈએ જણાવ્યુ  કે–છેલ્લા દોઢ વર્ષમાં પાંચ ખાનગી એરલાઈન બંધ થઈ ગઈ છે. જેના કારણે જે ગ્રાહકો ટીકીટ લીધી હોય તેને રિફંડ પણ મળ્યા નથી. આવી હાલાકી પ્રવાસીઓને ન ભોગવવી પડે તે માટે એસોસીએશન દ્વારા કેન્દ્ર સરકારને જે તે કંપની અર્થક્ષમ છે કે નહીં તે ચકાસવા યોગ્ય માર્ગરેખા બનાવવા જણાવ્યું છે અને ગ્રાહકને રીફંડ મળે તે માટે ખાનગી એર સર્વિસ આપતી કંપની માટે કન્ઝ્યુમર ફંડ બનાવવાનું ફરજીયાત બનાવવા પણ રજૂઆત કરવામાં આવી છે.

### ૩.૨.૮ ગુજરાત પ્રવાસનને વેગ આપવા સુપર માર્કેટ :

ગુજરાત પ્રવાસન નિગમના  કમિશ્નરશ્રી પી.કે.લહેરી જણાવે છે કે, ગુજરાતમાં ધરતીકંપ અને કોમી રમખાણો પછી મંદ પડેલા પ્રવાસન ઉદ્યોગનં વેગ આપવા માટેના એક મહત્ત્વના કદમ તરીકે ગુજરાત ટૂરિઝમ કોર્પોરશન અને ઓરીસ્સા ટૂરિઝમ કોર્પોરેશન સાથે ભાગીદારી ના કરારો કર્યા હતા. આ જ પ્રકારના કરારો અન્ય ૧૨ રાજયો સાથે  થશે. ગુજરાતના પ્રવાસીએ અન્ય કોઈ રાજયમાં પ્રવાસે જવું હોય તો એક જગ્યાએથી બધી જ વ્યવસ્થા થઈ શકશે. આ માટે સુપરમાર્કેટનું આયોજન કરવામાં આવ્યું  છે. જયાંથી પ્રવાસીઓની તમામ જરૂરીયાતો સંતોષાશે. ઉપરાંત રાજયોમાં હાઈવેના અંદરના ભાગમાં લગભગ ૧૦ રીફ્રેશમેન્ટથી માંડીને અન્ય મનોરંજન પૂરા પાડી શકાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ રહી છે. રાજયના તમામ પ્રવાસધામોને જોડતી ટૂરિસ્ટ સર્કીટો અને મહત્ત્વના પર્યટન સ્થળોએ પ્રવાસીઓને આકર્ષવાની યોજના ઘડાઈ રહી છે.

### ૩.૨.૯ ગુજરાતમાં પક્ષી અભયારણોને રાષ્ટ્રીય માન્યતા :

ભારત સરકારે ગુજરાતમાં આવેલા છ જેટલા પક્ષી અભ્યારણોને રાષ્ટ્રીય માન્યતા આપી છે. તેમાં વધુ છ પક્ષી અભ્યારણો (૧) ખીજડીયા(જામનગર જિલ્લો) (૨) થોળ ( કલોલ તાલુકો ) (૩) પરિયેજ ( ખેડા જિલ્લો ) (૪) કચ્છનું નાનું રણ (૫) કચ્છનું મોટું રણ અને (૬) વડવાણ ( વડોદરા જિલ્લો ) એવા જળપ્લાવિત વિસ્તારોને હવે રાષ્ટ્રીય મહત્ત્વ આપવામાં આવ્યું છે.

ગુજરાતના મુખ્ય વનસંરક્ષક શ્રી પ્રદીપ ખન્નાએ જણાવ્યુ કે, કેન્દ્ર સરકારની પક્ષી નિષ્ણાંતોની ટૂકડીએ આ છ વિસ્તારો નિરીક્ષણ અને ચકાસણી કરીને નિર્ણય લીધો છે. જેને કારણે કેન્દ્ર સરકાર તરફથી આ તમામ પક્ષી અભ્યારણોના વિકાસ માટે દર વર્ષે અંદાજે રૂા. ૧ થી ૨ કરોડ ની સહાય મળશે.

આ નાણાંમાંથી ઈકો–ટૂરિઝમ પક્ષીઓના રક્ષણ, સરોવરોનો વિકાસ વગેરે પગલાં લેવાશે આ દરેક પક્ષી અભયારણો ખાતે પેલીકેન, ક્રેઈન, ફલેંમીંગો, કુટસ, સારસ, રોઝી , પાસ્ચર્સ, સ્પુનબિલ વગેરે પક્ષીઓ આવશે.

**૩.૨.૧૦ <u>વાયબ્રન્ટ ગુજરાત :</u>**

૧૪ ઓકટોબર થી શરૂ થઈ રહેલા ગુજરાતની આગવી સાંસ્કૃતિક ગરિમા એવા નવરાત્રી ઉત્સવ–૨૦૦૪ દરમ્યાન સમગ્ર ગુજરાત, વિશ્વના સૌથી લાંબા નવરાત્રી નૃત્યોના ઉત્સવ સાથે ' <u>પ્રવાસન પ્રવૃતિ'</u> ના નવાં ક્ષેત્રોમાં ગુજરાતની ક્ષમતાનો વિશ્વને પરિચય કરાવશે.નવરાત્રી ઉત્સવની વધતી જતી વૈશ્વિક પ્રતિષ્ઠાના પગલે, આ વર્ષે (ગુજરાત નવરાત્રી ઉત્સવ – ૨૦૦૪) ગુજરાતના ગરબા રાસ નૃત્યોના સાંસ્કૃતિક વૈભવની સાથે દેશ–વિદેશના ૭૦૦ થી વધુ કલાકારોની સાંસ્કૃતિક કૌશલ્ય– કલા નિહાળશે.

ગુજરાતની આગવી પ્રતિષ્ઠાને નિખારતા નવરાત્રિ મહાઉત્સવ – ૨૦૦૪માં આ વર્ષે રાજય સરકારે પ્રવાસનક્ષેત્રમાં ગુજરાતની આગવી વિકાસ–ક્ષમતાને વિશ્વ સમક્ષ મૂકવાનો નવતર અભિગમ અપનાવ્યો છે.

❖ રીલીજીયસ ટૂરિઝમ ઉપરાંત ગુજરાતની થાળીનો ફૂડ ફેસ્ટીવલ

❖ મેડીકલ ટૂરિઝમ – ઈકો – ટૂરિઝમ

અમદાવાદના યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે પ્રવાસનના વિવિધ પ્રકારના ચાર સ્વરૂપના આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન અને થીમ પેવેલિયનની રજૂઆત ગુજરાતની વિકાસ ક્ષમતાનો આગવો પરિચય કરાવશે. તેનો પ્રાંરભ ૧૫મી ઓકટોબરે રાષ્ટ્રપતિશ્રીના હસ્તે થશે. ૧૬મી ઓકટો. (૧) યાત્રાધામ પ્રવાસન અને (૨) સાંસ્કૃતિક વિરાસત પ્રવાસનના આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં દેશ–વિદેશના નિષ્ણાંતોં ભાગ લેશે. ૧૭ મી ઓકટોબરે (૧) સાહસ અને પર્યાવરણીય પ્રવાસન અને (૨) સ્વાસ્થય પ્રવાસનના નવતરક્ષેત્રોમાં ગુજરાત તેની શકિત અને સંભાવનાઓની પ્રતીતિ કરાવશે. ઉપરાંત ગુજરાતમાં મેડીકલ ટૂરિઝમને વેગ આપવા રાજય સરકારે મેડીકલ ટુરીઝમ કાઉન્સિલની રચના કરી છે. જેથી શ્રેષ્ઠ આરોગ્ય સંભાળ અને સારવાર નિદાનના ક્ષેત્રે આધુનિક હોસ્પીટલોએ પ્રાપ્ત કરેલી વૈશ્વિક પ્રતિષ્ઠાની પ્રતિકૃતિ સમા મેડીકલ ટૂરિઝમનું નવું જ ક્ષેત્ર ગુજરાત બનશે.

આ ચારેય પ્રવાસન ક્ષેત્રોના થીમ પેવેલિયનોની પ્રસ્તુતિ, ફૂડ ફેસ્ટીવલ દ્વારા 'ગુજરાતી થાળી' પ્રસિધ્ધ કરાશે. 'જનશકિત આરતી'. નવરાત્રિઉત્સવ ૨૦૦૪ની પૂર્ણાહૂતિ વડોદરામાં ૨૭ ઓકટોબર શરદપૂર્ણિમાની રાત્રીએ "વૈશ્વિક ગરબા ઉત્સવ" સાથે સંપન્ન થશે.

### ૩.૨.૧૧ પ્રવાસન નિગમના સંકુલોમાં ૨૦ ટકા ડિસ્કાઉન્ટ :

ગુજરાત રાજયના પ્રવાસન વિભાગના સચિવશ્રી આર.એમ.પટેલ જણાવે છે ગુજરાતભરમાં આવેલા પ્રવાસન નિગમની માલિકીના ટૂરિસ્ટ આવાસ સંકુલોમાં સિનિયર સિટીઝન્સને, અપંગ વ્યકિતઓને , બાર વર્ષથી નીચેના બાળકોને તેમજ ૧૦ કે તેથી વધુ વિદ્યાર્થીઓના જૂથને ૨૦ ટકા ડિસ્કાઉન્ટ આપવાનું નકકી થયું છે. ગુજરાતમાં પ્રવાસનની પ્રવૃતિને પ્રોત્સાહન આપવાના આશયથી આ વિચારણા થઈ છે. અને તેના લીધે પ્રવાસન નિગમની આવક પણ વધવા સંભવ છે.

### ૩.૨.૧૨ પ્રવાસન ઉદ્યોગ વિકસાવવમાં ઉદાસીનતા :

ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસની ભરપૂર શકયતા રહેલી હોવા છતાં તથા કેન્દ્ર સરકારની કરોડો રૂપિયાની ગ્રાન્ટ વર્ષો વર્ષ ખર્ચાતી હોવા છતાં સંખ્યાબંધ પ્રવાસ–યાત્રાધામો ખાતે રાજયસરકારની માલિકીના જૂના રેસ્ટહાઉસ–ગેસ્ટહાઉસ –રેસ્ટોરાં તથા ટૂરિસ્ટ બંગલા બંધ હાલતમાં છે. બે ત્રણ વર્ષ પૂર્વે જે નવા એકમો સ્થપાયા છે તે પણ કોઈ અગમ્ય કારણસર ખોલવાનું મૂર્હુત નીકળતું નથી. વર્તમાન પ્રવાસન નિગમની પાંચ નવી હોટેલો – ગેસ્ટ હાઉસીસ ચાર ફાકેટેરિયા તથા ત્રણ હોલિડે હોમ – ટૂરિસ્ટ બંગલા સંપૂર્ણ પણે બંધ હાલતમાં છે.

ગુજરાત રાજય પ્રવાસન નિગમના ટોચના સુત્રોના જણાવ્યા પ્રમાણે ત્રણ વર્ષ પહેલા કેન્દ્ર સરકારની કરોડો રૂપિયાની ગ્રાન્ટ મેળવી ધોળાવીરા, શામળાજી, નળસરોવર, વલથાણ અને માલવણ ખાતે ઉભા કરાયેલા નવા હોટેલ–કમ–ગેસ્ટહાઉસીસ હજી સુધી ચાલુ કરાયા નથી. આ પાંચેય સ્થળે કરોડો રૂપિયાના ખર્ચે આસપાસનું રસ્તા સહિતનું ઈન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરવા સાથે હોટેલો– ગેસ્ટહાઉસો બાંધી દેવાયાં છે. પંરતુ પ્રવાસન નિગમ તે એકમ શરૂ કરતું નથી.

આ જ પ્રમાણે સોમનાથ અને પાટણમાં આવેલા પ્રવાસન નિગમની માલિકીના કાફેટેરિયા પાંચ છ વર્ષથી બંધ પડેલા છે. તે જ રીતે લીમડીમાં ૧૦ વર્ષથી બંધ હાલતમાં કાફેટેરિયાં તથા લોથલમાં રેસ્ટ હાઉસ સહિતનું રેસ્ટોરાં શરૂ કરવાની દિશામાં પ્રયાસો થતાં નથી.

સુરેન્દ્રનગરમાં હળવદ નજીક અંજાલ ખાતે આવેલા રિર્સોટ ઉજ્જડ છે. તે જ રીતે બનાસકાંઠામાં બાલારામ ખાતે આવેલો ટૂરિસ્ટ બંગલો તથા સાસણ નજીક તુલસીશ્યામ ખાતે આવેલું હોલિડે હોમ પણ ખંડિયેર હાલતમાં છે. ઉપરાંત અંકલેશ્વર, ડાકોર, ઉભરાટ તથા વલસાડ નજીક નારગોળ બીચ ઉપર આવેલા પ્રવાસન નિગમની માલિકીની મોંઘી અસ્કયામતો ૧૦ થી વધુ વર્ષોથી કાનુની વિવાદમાં પડેલી છે. જયારે અહેમદપુર માંડવી ખાતે ખાનગી પાર્ટીને સોંપાયેલી હોટલનું નિગમને ભાડું જ મળતું નથી.

પ્રવાસન નિગમના સુત્રો કહે છે કે, કેન્દ્ર સરકાર દર વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ચૂકવે છે. પણ રાજય સરકાર પ્રવાસન પ્રવૃતિ વિકસાવવા માટે ધ્યાન જ આપતી નથી. ત્રણ વર્ષ પહેલા નફો કરતું પ્રવાસન નિગમ હવે સતત ખોટની ગર્તામાં ધેકલાઈ રહયું છે. છેલ્લે ૨૦૦૦–૦૧ માં નિગમનો નફો રૂા. ૭૫.૭૩ લાખ હતો અને તે પછી ખોટ ઉત્તરોતર વધી રહી છે. ૨૦૦૧–૦૨ માં , ૨૦૦૨–૦૩ અને ૨૦૦૩–૦૪ માં અનુક્રમે રૂા. ૪૨.૭૦ લાખની, ૮૬.૫૪ અને દોઢ કરોડ રૂપિયાની ખોટ થઈ હતી.

### ૩.૨.૧૩ <u>કચ્છનું 'હોડકાગામ' ઈકો–ટૂરિઝમનું સેન્ટર :</u>

ભારત સરકાર અને યુ.એન.ડી.પી.ના સંયુકત સહકારથી એક નવો પ્રોજેકટ મીનીસ્ટ્રી ઓફ ટૂરિઝમ હાથ ધરાવમાં આવ્યો છે. તાજેતરમાં ભારતનાં જુદા–જુદા રાજયોમાંથી કુલ ૩૧ ગામોને ઈકો–ટૂરિઝમ માટે પસંદ કરવામાં આવ્યા છે. આ માટે ગુજરાત રાજયમાંથી કચ્છનાં બન્ની વિસ્તારના હોડકાગામને <u>'ઈકો–ટૂરિઝમ સ્પોટ'</u> તરીકે પસંદ કરવામાં આવ્યું છે. જેમનું કારણ ભૌગોલિક સ્થિતિ, ' ગ્રાસ–લેન્ડ' ઐતિહાસિક કાળો ડુંગર , કચ્છનું મોટું રણ વગેરે.

ખાસ તો, ગ્રાસ લેન્ડ હોવાને લીધે શિયાળામાં સાઈબીરીયન ક્રેન, સારસ ક્રેન, અને ફેલમિંગો જેવા વિદેશી પક્ષીઓ પ્રવાસીઓને એક જ સાથે અને એકજ સ્થળે મળી રહે છે.

## ૩.૩ પ્રવાસન નીતિ :

વર્તમાન વર્ષોમાં પ્રવાસન ઉધોગે એક અદ્‌ભુત પ્રગતિ સાધી છે. ખાનગી તથા સરકારી એમ બંને ક્ષેત્રોએ પ્રવાસન ઉદ્યોગની સુષુપ્ત શકિતને ઓળખી કાઢી છે. એ નોંધપાત્ર હકીકત છે. ભારતીય શિક્ષણ પધ્ધતિમાં આ સુષુપ્ત પ્રવાસનને એક અર્ધવિકસિત શાખા ગણવામાં આવે છે. તેથી ભારત જેવા દેશોમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસમાં સરકારી ધોરણે આયોજન અને નીતિ ઘડતરનું વિશેષ મહત્ત્વ છે.

### ૩.૩.૧ <u>પ્રવાસન નીતિ અને અયોજનની આવશ્યકતા :</u>

કોઈપણ દેશમાં પ્રવાસન વિકાસ અર્થે એક નિશ્ચિત યોજના તથા લક્ષ્ય હોવું જોઈએ વધુમાં વધુ નફો કમાવા, અનિયંત્રિત જનપ્રવાસનના નિષેધાત્મક પ્રભાવને સમાપ્ત કરી દેવા કે રોકવા માટે તેમજ સતત વિકાસ સાધવા માટે આમ કરવું જરૂરી છે. નીચેના કારણોસર પ્રવાસનનીતિ અને આયોજનની જરૂર પડે છે.

(૧) સાર્વજનિક તેમજ ખાનગીક્ષેત્રોની ભૂમિકાનું સંયોજન.

(૨) વિકાસને સમૂચિત નિર્દેશન આપવા માટે.

(૩) વિકાસના ક્ષેત્રોને ઓળખવા માટે.

(૪) વિકાસ અર્થે પ્રવાસનનાં વિવિધ પ્રકારની પંસદગી માટે.

(૫) નિષેધાત્મક પ્રભાવ રોકવા માટે.

(૬) સેવાઓની ગુણવતા વધારવા માટે.

(૭) કોઈપણ પ્રવાસનધામનો વિકાસ કરવા માટે. અને

(૮) માનવ સંસાધાનોને તાલીમબધ્ધ કરવા માટે વગેરે.

મોટાભાગનાં રાષ્ટ્રોની સરકારો પ્રવાસનનીતિ નિર્માણ તથા લક્ષ્યનિર્ધારણને પ્રાથમિકતા આપતી હોય છે. લક્ષ્યપૂર્તિ માટે યોગ્ય આયોજન તથા યોજનાઓ પર દેખરેખ રાખવાની જરૂરિયાત હોય છે. આવી આયોજનની પ્રક્રિયાએ નીચેના તબકકાઓમાંથી પસાર થવું પડે છે.

૧) <u>અધ્યયન તૈયારી :</u> અર્થાત્ પરિયોજના (પ્રોજેકટ)નું અધ્યયન અને તેની શરતોને ઓળખવી.

૨) <u>લક્ષ્ય નિર્ધારણ :</u> અર્થાત્ પરિયોજનાનું લક્ષ્ય તથા ઉદ્દેશ્યનું નિર્ધારણ.

૩) <u>સર્વેક્ષણ :</u> અર્થાત્ વર્તમાત સ્થિતિ વગેરેના સંદર્ભમાં વિકાસક્ષેત્રોની યાદી પ્રાપ્ત કરવી.

૪) <u>વિશ્લેષણ :</u> અર્થાત્ સર્વેક્ષણનાં પરિણામોનુ વિશ્લેષણ. સંશ્લેષણ તેમજ તેના તરફ અપનાવવામાં આવતો અભિગમ.

૫) <u>યોજના નિરૂપણ</u> : અર્થાત્ વ્યાવહારિક પરિસ્થિતને જોતા વિકાસની નીતિનું નિરૂપણ કરવું. બીજા શબ્દોમાં કહીએ તો ઉપલબ્ધ સંસાધનો તરફ જોતાં યોજનાનું સ્વરૂપ તૈયાર કરવું.

૬) <u>ભલામણ</u> : અર્થાત્ આગળ વધવા માટે માર્ગદર્શન.

૭) <u>કાર્યાન્વયન</u> : અર્થાત્ યોજનાઓ તથા ભલામણને અમલમાં મૂકવી.

૮) <u>દેખરેખ</u> : અર્થાત્ કાર્યાન્વયનમાં પરિણામોની સતત સુચના મેળવવી.

૯) <u>મૂલ્યાંકન</u> : અર્થાત્ બધું જ યોગ્ય દિશામાં જઈ રહયું છે કે કેમ તેની જાણકારી મેળવવી.

૧૦) <u>સુધારા–વધારા અને પુનર્મૂલ્યાંકન</u> : અર્થાત્ કોઈ પ્રકારના ફેરફારની જરૂરિયાત અગેં જાણકારી મેળવવી.

એક ધંધાદારી પ્રવાસન અયોજકના રૂપમાં આપણે જાણવું જોઈએ કે પ્રવાસનના પ્રત્યેક સાહસ તથા સેવા માટે નીતિ–આયોજન અનિવાર્ય છે. હોટેલ, વાયુસેવા, ટ્રાવેલ્સ એજેન્સી,ટૂર ઓપરેટર, દુકાનો, સ્થાનિક સંસ્થાઓ વગેરે તમામ પોતાની નીતિઓ તથા કાર્ય યોજનાઓનું ઘડતર અચૂક કરતા હોય છે.

## ૩.૩.૨ <u>પ્રવાસનનીતિની શરૂઆત :</u>

નવેમ્બર ૧૯૮૨ માં ભારત સરકારે પહેલીવાર પોતાની પ્રવાસન નીતિ જાહેર કરી. તેનો મુખ્ય ઉદ્દેશ વિદેશી પર્યટકો સમક્ષ ભારતને એક આકર્ષક પ્રવાસન સ્થળના રૂપમાં પ્રસ્તુત કરવાનો હતો. આ નીતિમાં નીચેના ઉપાયો સૂચવવામાં આવ્યા હતાં.

- પ્રવાસનને નિકાસ ઉદ્યોગ (Export Industry) નો દરજ્જો આપવો.
- પર્યટકોના પ્રવાસ–કાર્યક્રમોના વિકાસ અર્થે વિશેષ દષ્ટિકોણ અપનાવવો.
- ખાનગી ઉદ્યોગની ભાગીદારી માટે આમંત્રણ પાઠવવું. અને
- પર્યટકોને આકર્ષવામાટે રાષ્ટ્રીય વૈભવ–વારસાનો ઉપયોગ કરવો. વગેરે

આમ, પ્રવાસન એક વ્યાપક પ્રવૃતિ છે. તે કોઈ મૂર્તપણે ભોગવી શકાય તેવી ચીજ–વસ્તુ નથી. તેથી રાષ્ટ્રીય ધોરણે તેના સંપૂર્ણ પ્રભાવની મૂલવણી મુશ્કેલ છે પંરતુ જયા ધોરણો સ્પષ્ટ છે તથા કોઈ ખાસ પરિસ્થિતિના સંદર્ભમાં પ્રવાસનને મુલવવામાં આવે છે.

## ૩.૩.૩ ગુજરાત પ્રવાસનની નીતિ : ૨૦૦૩–૨૦૧૦.

### (A) વિચારદષ્ટિ :

વિકાસલક્ષી અને ગતિશીલ ગુજરાત સરકાર પ્રવાસન ક્ષેત્રને ઔધોગિક વિકાસ અને સુખમય સુવિધાઓના સુભગ સમન્વય થકી રાજયના આર્થિક અને સામાજિક વિકાસ માટેના મહત્ત્વના અંગ તરીકે વિકસાવવા દઢ નિશ્ચયી છે. રાજય સરકાર આ ક્ષેત્રના વિકાસ માટે સુલભ વાતાવરણ પૂરું પાડશે. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય ખાનગી કંપનીઓની સક્રિય ભાગીદારી દ્વારા જ્ઞાન, કૌશલ્ય તથા નાણાં ભંડોળની મદદ લઈ રાજય સરકારની સુગમ નીતિના સમન્વયથી વિકાસ હાથ ધરશે.

**પ્રવાસન ઉદ્યોગ – વિકાસનું ઈંધણ**

- રોજગારીની વિપુલ તકો.
- (પ્રત્યેક રૂા. ૧૦ લાખના રોકાણ પર આશરે ૯૦ રોજગારીની તકોનું નિર્માણ )

- હોસ્પિટાલીટી ( આતિથ્ય ) ઉદ્યોગોનો વિકાસ
- પરોક્ષ રોજગારીનું નિર્માણ
- સાંસ્કૃતિક વિકાસ
- કલા અને કારીગરીના અમૂલ્ય વારસાનો સંચય
- માળખાકીય સુવિધાઓનો વિકાસ

**(B) વિકાસની વિપુલ તક :**

આંતરરાષ્ટ્રીય પ્રવાસન ઉદ્યોગનો વર્તમાન હિસ્સો ૧૧ % છે. જે સામે ભારત દેશ ૧.૮ % જેટલો હિસ્સો ધરાવે છે અને તેમાં ગુજરાત રાજય પોતાના ફાળા થકી વિકાસની વિપુલ તક પૂરી પાડે છે. ૧.૮% ના જીડીપી આંકથી આગામી દશકામાં ૬% સુધીના વૃદ્ધિ લક્ષ્યાંક સાથે પ્રવાસન નીતિને વેગ આપવાનું નક્કી કરાયું છે. જો આ ક્ષેત્રે ૧૦% નો લક્ષ્યાંક હાંસલ કરવામાં આવે, તો વધારાની ૧.૨ કરોડ રોજગારીનું નિર્માણ થઈ શકે તેમ છે. બે કરોડ બિન નિવાસી ભારતીયોમાંથી મોટાભાગના ગુજરાતીઓ છે. જેઓ સમૃદ્ધ વ્યાવસાયિકો અને વેદ વ્યાવસાયિકો અને વેપારીઓ છે. બહુ બહોળી સંખ્યામાં આ બિનનિવાસી ભારતીયો અહીંના પ્રવાસીઓ તેમજ આ ક્ષેત્રના રોકાણકારો બની શકે છે. આ રીતે જીડીપીનું સ્તર ઘણું સુધારી શકાય તેમ છે.

**(C) <u>પ્રવાસન વિકાસ કાર્યપદ્ધતિનો સમગ્રલક્ષી અભિગમ :</u>**

<u>કાર્યપદ્ધતિ :</u>

- પ્રસંગ (ઈવેન્ટ) આધારિત પ્રવાસન
- ટૂરિસ્ટ સર્કિટ્સ
- આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ

- નાવિન્યપૂર્ણ માર્કેટિંગ અને પ્રમોશનલ ટૂલ્સ
- માનવ સંસાધન વિકાસ
- ખાનગી સહભાગિતા
- ઝડપી વિકાસ માટે સરકારી નીતિઓને સુગમ બનાવવી.
- જિલ્લા વહીવટીતંત્રની સક્રિય સહભાગિતા

**(D) ગુજરાત પ્રવાસન ક્ષેત્રે વિકાસની સુવર્ણ તક :**

ગુજરાત રાજય પોતાના બહુરંગી અને બહુમુખી પ્રવાસન આકર્ષણો દ્વારા વિશ્વભરના વિવિધ પ્રવાસીઓની કલ્પનાઓને સંતોષવાની એક વિશિષ્ટ તક પૂરી પાડે છે.

❖ **પ્રસંગ આધારિત પ્રવાસન :**

પ્રવાસન નીતિ પ્રસંગ આધારિત પ્રવાસન પર વિશેષ ભાર મૂકે છે, જે માટે સરકારનો સક્રિય સહયોગ અને પ્રોત્સાહન મળતાં રહેશે. પ્રવાસનને ઉત્તેજન આપવા અને ગુજરાતનાં દર્શન કરાવવા, વિશેષ પ્રસંગો અને આંતરરાષ્ટ્રીય મેળાઓનું આયોજન કરશે.

**ઉત્સવ :**

જાન્યુઆરી મહિનામાં ઉજવાતો મકરસંક્રાંતિનો ઉત્સવ ગુજરાતના આકાશને રંગબેરંગી, વિવિધ કદ અને આકારના પતંગોથી ભરી દે છે.ગુજરાત સરકાર આ ઉત્સવને ઊંચી પ્રાથમિકતા આપે છે તેમજ દુનિયાભરના પતંગ રસિકોને આ ઉત્સવમાં ભાગ લેવા આમંત્રે છે. અમદાવાદમાં એક પતંગ સંગ્રહાલય સ્થાપવામાં આવેલું છે. જયાં વિશ્વના જુદા જુદા સ્થળોના પતંગો પ્રદર્શિત કરાયાં છે. આ પ્રસંગ સાર્વત્રિક બંધુભાવના અને મૈત્રીની ભાવના ફેલાવે છે, જેમાં જુવાન–વૃદ્ધ સૌ કોઈ, રંગ–ભેદ, નાત–જાતના ભેદભાવ વિના ભાગ લે છે, આનંદ માણે છે. નવરાત્રિની નવ રાત જીવનને એક અનોખા તાલ, લય અને મસ્તીથી ભરી દે છે. જુવાન હૈયાંઓ રંગરંગીન પરંપરાગત વસ્ત્રોમાં સજી–ધજી ઢોલ અને ડાંડિયાના તાલે મન મૂકીને રાસ–ગરબામાં એકતાન થઈ જાય છે. મા અંબાને સમર્પિત આ ઉત્સવ વિશ્વભરના ગુજરાતીઓ દ્વારા ભારે ઉમંગભેર ઉજવવામાં આવે છે. આ ઉપરાંત

જનમાષ્ટમી, હોળી, દ્વારકા ઉત્સવ અને સોમનાથ ઉત્સવ વગેરે જેવા કેટલાક અન્ય તહેવારો પણ ગુજરાતની અસ્મિતાની ઓળખ છે.

ગુજરાતનો અત્યંત દુર્લભ અને સમૃદ્ધ વારસો છે પરંપરાગત આદિવાસી મેળાઓ અને ઉત્સવો એક ઉડતી નજર :–

તરણેતરનો મેળો, ચિત્ર–વિચિત્રનો મેળો, છોટા ઉદેપુર ખાતે હોળી મેળો, હજારો ગર્દભોનું જ્યાં ખરીદ–વેચાણ થાય છે, તે વૌઠાનો મેળો ..... દરેકની આગવી ખાસિયત, આગવું મહત્ત્યવ છે.

❖ **<u>સૂર્યસ્નાન, દરિયાની મોજ અને રેતીની મસ્તી :</u>**

ગુજરાતનો ૧૬૦૦ કિ. મી. જેટલો લાંબો દરિયાકિનારો પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે બહોળી તક પૂરી પાડે છે.પ્રવાસન નીતિ અંતર્ગત રાજયમાં અલગ અલગ ૯( નવ ) સ્થળ પર દરિયાકિનારો પસંદ કરી, ત્યાં પ્રવાસીઓને આકર્ષવા માટેના સુંદર બીચનું નિર્માણ હાથ ધરાશે. દરિયાના પાણી તથા કિનારા પર રમાતી વિવિધ રમતોને ઉત્તેજન, સ્વચ્છ વાતાવરણ, સંપૂર્ણ સુરક્ષા તથા પર્યાવરણ મૈત્રીપૂર્ણ પંચતારક હોટલોની વ્યવસ્થા વગેરે બાબતોને પ્રાધાન્ય આપી આ સુંદર બીચનો વિકાસ કરવામાં આવશે. ખાનગી કંપનીઓના સહયોગ અને પૂરતા પ્રમાણમાં આયોજીત રોકાણ વડે આ પ્રોજેકટસ સફળતા મેળવશે અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને આકર્ષી શકશે.

• **<u>આપનું આરોગ્ય – પ્રવાસન થકી તબીબી સેવા :</u>**

ગુજરાત રાજય પોતાની ટેકનોલોજી સુસજ્જ તબીબી સેવાઓ દ્વારા તબીબી પ્રવાસનના વિકાસ માટેનું એક સબળ ઉમેદવાર છે. સ્પર્ધાત્મક ભાવ તથા સમયસરની તબીબી સેવા, આધુનિક હોસ્પિટલ દ્વારા તબીબી સેવાઓ વગેરે બાબતો થકી વિશ્વભરના બિનનિવાસી ભારતીયોને ગુજરાત હંમેશા આકર્ષે છે. તબીબી પ્રવાસન નીતિમાં નૈસર્ગિક ઉપચાર, યોગ અને સ્વનિર્મિત તબીબી સેવાઓ પર વિશિષ્ટ ધ્યાન આપવામાં આવશે.

## ➢ વસુધૈવ કુટુંબકમ :

ગુજરાતની પ્રવાસન નીતિ અંતર્ગત રાજયની મુખ્ય નદીઓ તથા નહેરોના કિનારે વિવિધ પ્રકારના સંકુલો તથા વિભિન્ન રાષ્ટ્રોના મોડેલ બનાવી વિશ્વગ્રામ(વૈશ્વિક ગામડું) નું નિર્માણ કરવામાં આવશે. વિશ્વભરમાંથી આવતા બિનનિવાસી ભારતીયો આવા સંકુલોમાં રોકાણ કરી પોતાના ઘરે હોવાનો અનુભવ કરશે. આ બધી સુવિધાઓ આંતરરાષ્ટ્રીય સ્તરની હશે જેમાં ગુજરાતી સંસ્કૃતિ, વાનગીઓ, કલા–કારીગરી વગેરેનો સમાવેશ થશે. રાજયની ઉત્તમ કલા તથા કારીગરીના પ્રદર્શન તથા વેચાણ માટે વિશિષ્ટ પ્રકારના શોપિંગ આર્કેડ ( સંકુલ ) ઊભા કરવામાં આવશે.

- **રાજા અને એના પરિવારજનો :**

સમગ્ર એશિયા ખંડમાં ગુજરાત જ એક માત્ર સ્થળ છે જયાં એશિયાઈ સિંહ જોવા મળે છે.અન્ય અભ્યારણ્ય પ્રવાસન અંતર્ગત જેવા કે કચ્છના નાના રણમાં ઘુડખર અભયારણ્ય, વેળાવદરના કાળીયાર, દિપડા, સ્લોથ રીંછ વગેરે પ્રાણીઓનો સમાવેશ થાય છે. વિશિષ્ટ પ્રકારના પક્ષીઓ રાજયના નળસરોવર તથા કચ્છ વિસ્તારમાં નિયમિત આવાગમન કરતા હોય છે. સાઈબેરીયન ક્રેન, ફલેમીન્ગો, પેલિકન જેવા દુર્લભ પક્ષીઓ રાજયમાં જોવા મળે છે. પશુપંખીના જીવન પર અધ્યયન કરતાં પ્રવાસીઓ માટે આવા સ્થળો તેમની કલ્પનાઓ સંતોષવાનું અદભૂત સ્થળ પૂરું પાડે છે. આવા પ્રવાસીઓ માટે આંતર માળખાકીય સુવિધાઓના નિર્માણ, રહેવાની ઉત્તમ વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન છે. કચ્છના રણમાં સફારી પ્રવાસીઓનું ધ્યાન ખેંચવામાં સફળ રહી છે અને તેમાં હજુ વધુ વિકાસની તકો છે.

## ➢ આપણાં પૂર્વજો :

એક સમયે સિંધુ નદીના કિનારે એક સમૃદ્ધ સભ્યતા વસતી હતી જે સિંધુ ખીણની સભ્યતા તરીકે ઓળખાય છે. આ સભ્યતા કચ્છમાં ધોળાવીરા અને અમદાવાદ નજીક લોથલ ખાતે આવેલી છે તાજેતરમાં આ સ્થળે થયેલા ખોદકામો આપણા પૂર્વજોના સમૃદ્ધ, સામાજિક–સાંસ્કૃતિક વારસાના દર્શન

કરાવે છે. પ્રવાસન નીતિ અંતર્ગત આવા દુર્લભ સ્થળોનો વિકાસ કરવામાં આવશે. આ સર્કિટને ઉત્તેજન આપવા સરકારના સક્રિય અને પૂરતા સહયોગથી ખાનગી ટૂરિસ્ટ ઓપરેટરો દ્વારા ખાસ પેકેજ ટુરનું આયોજન કરી શકાશે.

- **બોલતા શિલ્પો : ગુજરાતની પ્રાચીન ઈમારતો :**

અતિભવ્ય શિલ્પકામ અને ઈમારત નિર્માણના પ્રતિક એવા મોઢેરાના સૂર્યમંદિર થકી ગુજરાત પોતાના સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવે છે. પાટણ ખાતેની રાણકી વાવ, વડનગરનું તોરણ વગેરે સ્થળો રાજયના ભવ્ય સાંસ્કૃતિક વારસાના સાક્ષી સમાન છે. સમગ્ર વિશ્વના સ્થાપત્ય વારસા સાથે સરખામણી કરી શકાય તેવા અતિ ભવ્ય સાંસ્કૃતિક પ્રાચીન સ્થાપત્ય વારસાથી ઉપલબ્ધ ગુજરાત પ્રવાસીઓને આકર્ષવાની અનેરી તક પૂરી પાડે છે. મોઢેરાના નૃત્ય મહોત્સવ જેવા ખાસ પ્રસંગો પ્રવાસન માટે બહોળુ આકર્ષણ છે. સરકાર તેને અગ્રતા આપી સાંસ્કૃતિક વારસાને પ્રોત્સાહિત કરશે.

- **રાજાઓનો ભવ્ય વારસો  ઐતિહાસિક ઈમારતો :**

સમ્રાટ અશોકના શિલાલેખ, બૌદ્ધ મંદિરોનું કોતરકામ, જુનાગઢ ના રાણકદેવીનો મહેલ તેમજ ચાંપાનેર ખાતે આવેલા અતિ ભવ્ય કિલ્લાઓ અને મહેલો વગેરે ઐતિહાસિક સ્થાપત્યોનાં કેટલાંક ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. એક ખરો પ્રવાસી માત્ર ભૂમિ ઉપરજ નથી ધૂમતો, ઈતિહાસ પણ ધુમી વળે છે. પ્રાચીન ઐતિહાસિક સ્થાપત્યોનું પ્રવાસનમાં એક ગૌરવભર્યુ સ્થાન હોય છે. તેથી જ, આ નીતિ દક્ષિણ–પૂર્વ એશિયાઈ દેશોમાંથી બૌદ્ધ પ્રવાસીઓને આકર્ષવા વિશેષરૂપે બૌદ્ધ પ્રવાસ માર્ગને ઉત્તેજન આપવા માગે છે.

- **પહાડોનું સંગીત :**

ઊંચાઈમાં મધ્યમ એવી ગુજરાતની પર્વત શ્રૃંખલાઓ પોતાના વિશાળ ફલક થકી તથા વિશિષ્ટ પશુ, પંખી, વનસ્પતિ, નદી–ઝરણાંઓના ધોધ વગેરેથી પ્રવાસીઓને અનેરું આકર્ષણ પૂરું પાડે છે. સાહસ પ્રેમીઓ માટે પર્વતારોહણ, ખડક ચઢાણ વગેરે સુવિધાઓ પણ પ્રાપ્ય છે. સાપુતારા પર્વત, ગિરનાર પર્વત, વિલ્સન હીલ વગેરે પ્રવાસીઓની પહેલી પસંદ બને છે. પ્રવાસીઓને આકર્ષવા હેન્ગ ગ્લાઈડિંગ  અને પેરા જમ્પિંગને પણ ઉત્તેજન આપવામાં આવશે.

- **<u>તથાસ્તુ :</u>**

નિસ્પૃહી અને નિષ્કામ ગુજરાતી પ્રજા હંમેશા પ્રભુમાં અપાર શ્રદ્ધા ધરાવતી રહી છે અને નિયમિત ધાર્મિક યાત્રાઓ દ્વારા અભિવ્યકિત કરતી રહે છે. દ્વારકા ખાતેનું દ્વારકાધીશ મંદિર, બાર જયોર્તિલિંગોમાંનું એક સોમનાથ મંદિર, અંબાજીનું મંદિર, પાવાગઢનું મંદિર વગેરે હિન્દુ ધર્મના ધર્મપ્રિય પ્રવાસીઓની પ્રભુભકિતની ઈચ્છા પૂરી કરે છે. જૈન ધર્મના લોકો માટે ભવ્ય શિલ્પકામથી સજ્જ એવા વિવિધ જૈન મંદિરો ગુજરાતમાં આવેલા છે. પાલીતાણામાં આવેલા અનેક જૈન દેરાસરો અને અમદાવાદમાં હઠીસિંહના દહેરાં જૈન સ્થાપત્યના ઉત્કૃષ્ટ નમૂના છે. રાજયની આ પ્રવાસન નીતિ આ બધા સ્થળોની સારી રીતે સાચવણી અને જાળવણી કરીને તેમને ધાર્મિક પ્રવાસન તરીકે વિકસાવવા ધારે છે. દ્વારકા અને સોમનાથ ખાતે પ્રવાસીઓને આકર્ષવા માટે ખાસ ઉત્સવોનું આયોજન કરવામાં આવશે.

- **<u>સર્કિટ પ્રવાસન :</u>**

ભારત સરકારના માર્ગદર્શન મુજબ ટૂરિસ્ટ સર્કિટને વિકસાવવા તથા પ્રોત્સાહન આપવા ખાસ અભિગમ સ્વીકારવામાં આવ્યો છે.કચ્છ સર્કિટ, સૌરાષ્ટ્ર સર્કિટ, ઉત્તર ગુજરાત સર્કિટ, મધ્ય ગુજરાત

સર્કિટ અને દક્ષિણ ગુજરાત સર્કિટ એવી અગત્યની સર્કિટો પસંદ કરવામાં આવી છે અને પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરવા બધી પ્રોત્સાહક અને આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવામાં આવશે.

**(E) આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ :**

આંતરમાળખાકીય સુવિધા કોઈપણ વિકાસકીય પ્રવૃત્તિની કરોડરજ્જુસમાન હોય છે. પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે જરૂરી આંતરમાળખાકીય સુવિધાઓ આંતરરાષ્ટ્રીય સ્તરની હોય તે અત્યંત જરૂરી છે. રાજય સરકાર આવી સુવિધાઓ ઊભી કરવા માટે કૃતનિશ્ચયી છે. રોડ નેટવર્ક, રેલ નેટવર્ક તથા એરપોર્ટ તથા વિવિધ યાત્રા સ્થળોનું એકબીજા સાથે જોડાણ હોવું અત્યંત જરૂરી છે. આ બધા સ્થળોની આંતરમાળખાકીય સુવિધાઓને અપગ્રેડ કરવામાં આવશે. વર્તમાન કોમ્યુનિકેશન યુગમાં માહિતી વિતરણ કેન્દ્રો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વર્તમાન વ્યવસ્થાઓનાં વિસ્તૃત અભ્યાસ બાદ સુધારણા કાર્યક્રમ નક્કી કરવામાં આવશે. આ પાયાની જરૂરિયાતના વિકાસ માટે ખાનગી મૂડી રોકાણ મળી રહે તે જરૂરી છે. સમગ્ર વિશ્વમાં વસેલા બિનનિવાસી ગુજરાતીઓને આકર્ષવા માટે પ્રવાસન નીતિ અત્યંત આકર્ષક બનાવવામાં આવી છે. આ બાબતે સરકાર નીચે મુજબની યોજનાઓ હાથ ધરવા માંગે છે.

**લેન્ડ બેન્ક સ્કીમ :**

- રાજય સરકાર પ્રવાસનના વિકાસ માટે સુવિધાકાર, સંકલનકાર અને પ્રોત્સાહકની ભૂમિકા ભજવશે. જમીન બેંક યોજના, દરિયાકાંઠાઓ પર અમુક ચોક્કસ જમીન ફાળવવા માટે નિશ્ચિત કરવી, પ્રવાસન સ્થળો, રસ્તાની બાજુ પરના સ્થળો તેમજ ગ્રામ્ય અને શહેરી એમ બંને વિસ્તારોમાં ટૂરિઝમ પ્રોજેકટ માટે રાજય/રાષ્ટ્રીય ધોરી માર્ગો વગેરે જેવી ભૌતિક સુવિધાઓનું નિર્માણ જી.આઈ.ડી.સી. એસ્ટેટ કરશે તથા સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન હેઠળની કેટલીક જમીનો પ્રવાસન પ્રોજેકટ જેવા કે હોટેલ, રીસોર્ટ, રેસ્ટોરન્ટ વગેરે સુવિધાઓ માટે ફાળવવામાં આવશે. જે તે મૂડી રોકાણકારને જમીનની જરૂર હશે તે ટૂરીઝમ કમિશ્નરશ્રીની ઓફિસમાં સંપર્ક કરશે. કમિશ્નર ઓફ ટૂરીઝમ આ કાર્યમાં નોડલ એજન્સીની ભૂમિકા ભજવશે.

- સરકાર લાંબા ગાળાની લીઝ પર અથવા તો સીધે સીધા વેચાણ મારફતે આ જમીનની ફાળવણી કરશે. લીઝરેન્ટ અથવા વેચાણ કિંમત જે તે પ્રોજેકટને નાણાંકીય રીતે સક્ષમ બનાવે એ રીતે નક્કી કરવામાં આવશે. અલબત્ત રાજય સરકારના હિતોની પણ જાળવણી કરવામાં આવશે. યોજનાનું કદ તથા રાજય સરકારની અગ્રતાને ધ્યાનમાં લઈ ખાનગી રોકાણકારને લીઝ અથવા તો વેચાણ કિંમત તથા લાગુ પડતી સ્ટેમ્પ ડયૂટી અને રજીસ્ટ્રેશન ફી પર રાહતો પણ ઓફર કરવામાં આવશે.
- **<u>કરવેરા અને જકાતનું પુન : સંગઠન :</u>**

પ્રવાસન ક્ષેત્ર હેઠળ આવતા તમામ પ્રોજેકટને ઉદ્યોગ સમકક્ષ ગણી વીજળીના ભાવો, વીજકર, બિનખેતી જમીનના ભાવ તથા કરવેરા વગેરેનું યોગ્ય માળખું ઊભું કરવામાં આવશે. રાજયમાં પ્રવાસનનો વિકાસ સુનિશ્ચિત કરવા સુખસુવિધા કર, મનોરંજન કર, વેચાણવેરો જેવા કરના માળખાનું પ્રવાસન પ્રોજેકટને પ્રોત્સાહન મળે તે રીતે પુનઃગઠન અને સરળીકરણ કરાશે.

**<u>ખાનગી ક્ષેત્રે ભાગીદારી :</u>**

પ્રવાસન નીતિમાં શકય તેટલા વધુ પ્રોજેટના ખાનગીકરણ માટેનો વિચાર કરવામાં આવ્યો છે. ઉપર જણાવેલ આર્થિક સુધારા મુખ્યત્વે ખાનગી ક્ષેત્રમાંની પ્રવાસન સંબંધી પ્રોજેકટ પર રોકાણો આકર્ષવા માટે છે. પ્રવાસન નીતિ હેઠળ ઘડવામાં આવેલા પ્રોજેકટનું માળખું એ રીતે રાખવામાં આવશે કે જેથી ખાનગી કંપની મહત્તમ સહભાગિતા રહે. બિન નિવાસી ભારતીયો

દ્વારા રોકાણો પર ભાર મુકવામાં આવશે. ટૂરિઝમ કોર્પોરેશનની વર્તમાન અસ્કયામતોનું સમયબદ્ધ ખાનગીકરણ પૂરું કરવામાં આવશે.

**<u>જિલ્લા સ્તરે પ્રવાસનનો વિકાસ :</u>**

પ્રવાસનને એક મહત્ત્યવના ક્ષેત્ર તરીકે ધ્યાનમાં લઈને, જિલ્લા વહીવટી તંત્રો દ્વારા પ્રવાસન સ્થળોનો વિકાસ અને ઉત્તેજન માટે કાર્યયોજના ઘડી કાઢવામાં આવશે.

**(F) <u>માનવ સંસાધન વિકાસ :</u>**

પ્રવાસન ક્ષેત્રમાં તાલીમ પામેલા ઉમેદવારોની માંગ વધતા હોટલ મેનેજમેન્ટ, ટૂર એન્ડ ટ્રાવેલ્સ,ફૂડ ક્રફટસ્ વગેરે ક્ષેત્રોમાં પાયાનું શિક્ષણ આપવા ઈન્સ્ટિટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ એન્ડ ફૂડ ક્રાફટ ઈન્સ્ટિટયૂટનું ખાનગી ક્ષેત્રના રોકાણ દ્વારા નિર્માણ કરવા સરકાર પ્રોત્સાહન આપશે.આવી સંસ્થાઓનાં નિર્માણને ઉત્તેજન આપવા માટે રાજય સરકાર દ્વારા રાહત દરે જમીન પૂરી પાડવામાં આવશે અને તેઓને જરૂરી મંજૂરી ઝડપથી આપવામાં આવશે.આવી સંસ્થાઓ રાષ્ટ્રીય ધોરણે અનુસાર સ્થાપવામાં અને ચલાવવામાં આવશે તેમજ તેઓ વિશ્વસ્તરની તાલીમ પૂરી પાડે તે માટે તેમને દેશ અને વિદેશની નામાંકીત સંસ્થાઓ સંલગ્ન થવા માટે પ્રોત્સાહન અપાશે.

રાજયના વિવિધ પ્રવાસન સ્થળોએ આવતા પ્રવાસીઓને મદદ કરી શકે તેવા ખાનગી ટૂરિસ્ટ માર્ગદર્શક ઘણા પ્રમાણમાં મળી રહે તે માટે અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવશે. ડિજિટલ કોમ્યુનિકેશનના આજના યુગમાં પ્રવાસીઓ દ્વારા મુલાકાત લેવાનાર સ્થળો વિશેની સંપૂર્ણ જાણકારી તેમને મળી રહે તે હેતુથી ડિજિટલ ટૂરિસ્ટ ગાઈડનો એક નવો જ ખ્યાલ વિકસાવવામાં આવશે અને તેને પ્રોત્સાહન આપવામાં આવશે. આ ડિજિટલ ટૂરિસ્ટ ગાઈડ્સ બહુભાષીય હશે.

**(G) <u>માર્કેટિંગ :</u>**

ગુજરાત પ્રવાસનના પ્રોત્સાહન તથા નિદર્શન માટે રાજયમાં આંતરાષ્ટ્રીય મેળાઓનું આયોજન હાથ ધરવામાં આવશે.

**ઈ–માર્કેટિંગ દ્વારા ગુજરાત પ્રવાસનનો વિકાસ :**

ગુજરાતના વિદ્યાર્થીઓને અન્ય રાષ્ટ્રોના વિદ્યાર્થીઓ સાથે ઈ–મેઈલ દ્વારા સાંસ્કૃતિક આદાન–પ્રદાન માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ પ્રક્રિયા દરમ્યાન પારસ્પરિક સંસ્કૃતિમાં રસ વૃધ્ધિ થશે અને ગુજરાત રાજય પ્રત્યે વિદેશી પ્રવાસીઓનું આકર્ષણ વધશે. આ પ્રક્રિયાને વેગ આપવા ઈ–મેઈલ પાલ કલબ ઓફ ગુજરાતની રચના કરવામાં આવશે.

**(H) <u>ગુજરાતને આદર્શ મુકામ બનાવવાની રૂપરેખા</u>**

➢ **આયોજન અને યોજનાની તકો :**

પ્રવાસન નીતિ ૨૦૦૩–૨૦૧૦ ગુજરાતની પ્રવાસન ક્ષમતાના તમામ પાસાઓને બહાર લાવતા સંર્વાંગી વિકાસની ઓળખ કરે છે. હકારાત્મક વિકાસલક્ષી સહાકારના અભિગમયુકત નીતિ વિષયક નિષ્ણાતોંના વડપણ હેઠળ રચાયેલી પ્રવાસન નીતિ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય રોકણકારોને ગુજરાત રાજયના પ્રવાસન ક્ષેત્રમાં નફાકારક અને લાંબાગાળાનું રોકણ કરવા માટે એક અનેરી તક પૂરી પાડે છે.

➢ **પ્રવાસન ક્ષેત્રમાં સંભવિત વિવિધ રોકાણકારોની તકો :**

- આતિથ્ય ઉદ્યોગ
- પર્યાવરણીય પ્રવાસન
- વિશ્વ ગ્રામ યોજના
- ડાયનોસોર થીમ પાર્ક
- વ્હેલ માછલી દર્શન વગેરે સાથેની ક્રુઝટ્રિપ્સ

- ડીપ ડાઈવીંગ, કોરલ બીચ વગેરે
- ગોલ્ફ કોર્સ
- રોયલ ઓરીએન્ટ ગેજ રૂપાંતરણ
- ખાસ મોનરંજન વિસ્તાર
- રસ્તા પર પ્રવાસન સ્થળોનું નિર્માણ

## (I) વિવિધ પ્રોજેકટસમાં તકો :

ભારત અને વિદેશના ખાનગી સાહસિકોને આવનાર દસ વર્ષોમાં નીચે મુજબના થપ્રવાસન પ્રોજેકટની તકો ઉપલબ્ધ કરાવાશે તથા તેમને પ્રોત્સાહિત કરાશે અને મજબુત કરાશે.

### ➢ અતિથિ દેવો ભવ :

હોટલો, તંબુ આવાસો, વિશ્વગ્રામ વિલેજ હોટલ, પ્રાચીન સંસ્કૃતિક હોટલ વગેરેના નિર્માણ વડે આતિથ્ય ઉદ્યોગને વેગ મળશે. આ સુવિધાઓની સાથે સાથે શોપિંગ આર્કેડ ( સંકુલ ), બ્યુટીકસ, થીમ રેસ્ટોરન્ટ, બ્યુટી પાર્લર વગેરેનું નિર્માણ થશે.

### ➢ દરિયાની મોજે મોજ :

પસંદગીના ૯ બીચ પર રીસોર્ટ્સ અને વિન્ટ સ્પોર્ટ્સ વિકસાવવામાં આવશે કે જયાં સ્વચ્છ વાતાવરણ, લોન તેમજ અન્ય વનસ્પતિ, સલામતીના પગલાં અને પુષ્કળ પ્રમાણમાં દરિયાઈ ખોરાક હશે. આ રિસોટ્સ પર તેની આસપાસ સર્ફિંગ, યાચિંગ અને સ્કુબા ડાઈવિંગ જેવી જળ રમતો વિકસાવવામાં આવશે તેથી અન્ય સંબંધિત ઉદ્યોગો અને ખાસ શોપિંગ સેન્ટરોને પણ પ્રોત્સાહન મળશે.

### ➢ આરામ કરો, આનંદ કરો અને તાજામાજા થાઓ :

આનંદ, આરામ અને આરોગ્ય માટે ખાસ મનોરંજન વિસ્તારનો વિકાસ કરવામાં આવશે. વોટરપાર્ક, રાઈઝ્ડ, બાલક્રિડાંગણ, કલબ, થીમ પાર્ક, થીમ રેસ્ટોરન્ટ, આરોગ્ય પાર્ક વગેરેનો વિકાસ કરવામાં આવશે.

➢ **<u>ભગવાનનાં પોતાનાં ઘરો :</u>**

યાત્રાધામો ખાતે ખર્ચ, અસરકારક તારાંકિત યાત્રિક હોટલો (એ.સી. સુવિધા ખાતે) નું નિર્માણ કરવામાં આવશે. મજેદાર ભોજન પીરસતી સારી રેસ્ટોરન્ટસ તેમજ ધાર્મિક અને અન્ય ચીજવસ્તુઓ રાખતા સ્ટોર આવા યાત્રાધામોની આસપાસ વિકસાવવામાં આવશે.

➢ **<u>બંધ અને નહેર પ્રવાસન :</u>**

નદી કાંઠે અને નહેરોના કિનારે મોટેલ્સ, ફાસ્ટ ફૂડ, જોઈન્ટ થીમ રેસ્ટોરન્ટસ, શોપિંગ સેન્ટર વગેરે સુવિધા ઉભી કરવામાં આવશે. બોટિંગ અને યાચિંગ વધારાના આકર્ષણો હશે. નાવિન્યપૂર્ણ ખાનગી રોકાણ અને નિપુણતાને પ્રોત્સાહન અને સહાય અપાશે.

➢ **<u>પ્રવાસીઓ માટેની સુવિધા–સર્વત્ર :</u>**

એક નિરંતર પ્રવાસીને જોઈને વાહન માટે ઈંધણ, પેટ માટે ખોરાક અને ફ્રેશ થવા રૂમ, તથા ખાનગી સાહસોના સક્રિય સહયોગ અને રોકાણ દ્વારા ૨૦ સ્થળોએ(દરેક ઝોનમાં પાંચ ) કિઓસ્ક, ટેન્ટ કેમ્પ તેમજ અન્ય સુવિધા ઉભી કરાશે.

➢ **<u>ગોલ્ફ કોર્સ :</u>**

ગોલ્ફ કોર્સના શોખીનો માટે ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત અને કચ્છ એમ પાંચ સ્થળોએ વિશેષ કરીને વિદેશી પ્રવાસીઓ માટે ગોલ્ફ કોર્સની સુવિધા ઊભી કરવામાં આવશે. વિદેશથી આવેલા ગોલ્ફ પ્રેમી પ્રવાસીને તો ભાવતું મળી જશે. આ માટે જરૂર છે કલ્પનાની, રોકાણ કરવાની તેમજ આ રમતને મોટા પાયે પ્રોત્સાહિત કરવા સંપૂર્ણ કટિબદ્ધતાની.

➢ **<u>ડાયનોસર થીમ પાર્ક :</u>**

કરોડો વર્ષો પૂર્વે ગુજરાતમાં નિવાસ કરતા એવા ડાયનાસોર અને દુર્લભ અવશેષો આધારિત ડાયનોસોર પાર્ક બાલાસિનોર તથા કચ્છ  ખાતે નિર્માણ પામશે.

➢ **વિશ્વગ્રામ યોજના :**

દેશ વિદેશના ઘરોના નમૂના ધરાવતી વસાહતો સાથેના ગામડા ઊભા કરવાનો ખ્યાલ એટલે વિશ્વગ્રામ. અહીં પ્રવાસીઓને પોતાના ઘર જેવું લાગશે. થીમ રેસ્ટોરન્ટ અને શોપિંગ આર્ચીસ સાર્વત્રિક અપીલ કરાવતા હશે. વિવિધ સંસ્કૃતિઓના લોકો ગુજરાતની સંસ્કૃતિ, ભોજન અને કસબની ઝલક પામશે.

➢ **મજેદાર ધરતી અને મજેદાર દરિયો :**

દરિયાપ્રેમી પ્રવાસીઓને પુષ્કળ પ્રમાણમાં દરિયાઈ ખોરાક તથા દરિયાઈ વાનગીઓ તેમજ મોટેલ્સ અને ઉતરવાના સ્થળો મળી રહે તે માટે કાંઠા વિસ્તારોમાં ક્રૂઝ અને ફેરી સેવાઓ શરૂ કરવા આયોજન કરવામાં આવશે. રોકાણ અને ધંધાકીય તકો ઘણી છે અને સરકારની નીતિ આવા સાહસોને પ્રોત્સાહિત કરવાની છે.

➢ **શાહી સફર :**

ગુજરાતની ગૌરવ સમી રોયલ ઓરીએન્ટ ટ્રેનની પ્રવાસી ઉપયોગિતા વધારવા તેનું મીટર ગેજમાંથી બ્રોડગેજમાં પરિવર્તન કરવાનું આયોજન છે. આ ટ્રેન ગુજરાતના ઉચ્ચતમ સાંસ્કૃતિક વારસાનું દર્શન કરાવશે.

➢ **જૂઓ શાર્ક ગુજરાતમાં :**

હા, જુઓ શાર્ક ગુજરાતમાં, પ્રવાસન નીતિ અંતર્ગત ચોરવાડ, વેરાવળ તેમજ દ્વારકા નજીક દન્ની પોઈન્ટના દરિયામાં શાર્ક માછલીના દર્શનની વ્યવસ્થા કરવામાં આવશે. સંપૂર્ણ સલામત સ્પીડ બોટ પ્રવાસીઓને શાર્ક જોવા લઈ જશે.

- **દરિયાની નીચે એક નગર :**

ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિ એવા દ્વારકા નગર વિશે સંશોધનકારોનું માનવું છે કે સમગ્ર નગર દરિયાની નીચે ડૂબેલું છે તથા અતિ રોમાંચકારી સંશોધનો પ્રવાસીઓને ઉપલબ્ધ કરવા માટેના પગલાં લેવાઈ રહ્યા છે. ખાનગી કંપનીઓનાં સહયોગ વડે, પાણી નીચે રહેલી દ્વારકા નગરી પ્રવાસીઓને દેખાડવા માટે કાચના તળિયા ધરાવતી નૌકાઓનું આયોજન છે.

- **ઈકો ટૂરિઝમ :**

મનુષ્ય જીવન સાથે પર્યાવરણ જોડાયેલું છે. વિવિધ પ્રકારના પશુ–પંખી, વનસ્પતિ, ઝાડ–પાન, પશુ વગેરેની માહિતી પ્રવાસીઓને આકર્ષે છે. માલસમોટ, દન્ની પોઈન્ટ, ગીર, ઈડર વગેરે સ્થળોએ ઈકો ટૂરિઝમનો વિકાસ કરવામાં આવશે. ખાનગી ક્ષેત્રના રોકાણકારોને આ ક્ષેત્રમાં રોકાણ કરવા માટે આકર્ષવામાં આવશે.

- **જ્ઞાન–વિજ્ઞાન ગુજરાત :**

વિજ્ઞાનને પ્રોત્સાહન અને વૈજ્ઞાનિક અભિગમનું ઘડતર એ આજનો મંત્ર છે. મનોરંજન દ્વારા શિક્ષણના કોન્સેપ્ટ પર આધારિત ભારતની સૌથી વિશાળ ગુજરાત સાયન્સસીટીનું નિર્માણ અમદાવાદ ખાતે હાથ ધરાયું છે. શાળાના વિધાર્થીઓથી લઈ તમામ નાગરિકોમાં વિજ્ઞાન પ્રત્યેનો રસ, વધે તે ઉદ્દેશથી સાયન્સીટી હેઠળ ભારતનું સર્વપ્રથમ આઈમેકસ થીડી થિયેટર, સીમ્યુલેટર, મ્યુઝિકલ ફાઉન્ટેન, એલસીડી સ્ક્રીન, એનર્જી પાર્ક, સ્પેસ એન્ડ કોમ્યુનિકેશન પેવેલીયન વગેરેનું નિર્માણ હાથ ધરાયું છે. અહીંનો થીમ છે. ' એડયુટેનમેન્ટ' એટલે કે મનોરંજન મારફત શિક્ષણ. અહીં તૈયાર થઈ રહેલાં વિવિધ પેવેલિયનના જાત અનુભવથી પ્રવાસીઓ વિશ્વસ્તરીય ટેકનોલોજી મેળવી શકશે. આ નીતિ અંતર્ગત રાજયના અન્ય ભાગોમાં પણ વિજ્ઞાન કેન્દ્રો ઊભાં કરવાનું આયોજન કરાયું છે.

➢ **સંઘમ, શરણમ, ગચ્છામી :**

મૌર્ય યુગમાં ગુજરાત રાજયમાં બૌદ્ધ ધર્મનો બહોળો પ્રચાર થયો હતો. જુનાગઢ, તળાજા, ભાવનગર વગેરેમાં મળી આવેલ ગુફાઓ અને ઈમારતો દ્વારા બૌદ્ધધર્મના પ્રવાસીઓને ઉપરોકત સ્થળો આકર્ષે છે. જુનાગઢમાં સમ્રાટ અશોકના શિલાલેખો જોવા મળે છે. દક્ષિણ પૂર્વીય એશિયા અને શ્રીલંકાના બૌદ્ધ પ્રવાસીઓને માહિતી આપવામાં આવશે. અને આ સ્થળોએ આમંત્રણ આપવામાં આવશે. આ સ્થળોના સંરક્ષણનું અને રીપેરીંગનું કામકાજ હાથ ધરવામાં આવશે. સારનાથ, બૌધગયા, કુશીનગર અને અન્ય જાણીતા બૌદ્ધ યાત્રાધામો જેવી રહેવાની સુવિધા અહીં પણ વિકસાવવામાં આવશે.

➢ **બાપુનો દેશ :**

મહાત્માં ગાંધીનું જન્મસ્થળ, તેઓનો સાબરમતી ખાતે નિવાસ, દાંડીયાત્રા, કોચરબ આશ્રમ તથા તેઓનું અમદાવાદમાં રોકાણ વગેરે ઐતિહાસિક બાબતોને આવરી લેતું એક પ્રવાસી પેકેજ બનાવવાનું આયોજન છે. યોગ્ય સમયપત્રક, રહેવાના સ્થળો, પ્રવાસ માર્ગના નકશા, પ્રવાસના જોડાણો વગેરે તૈયાર કરીને પ્રવાસીઓને આપવામાં આવશે.

➢ **લોહપુરૂષ સરદાર પટેલ :**

લોહપુરૂષ સરદાર પટેલે તેમનું સમગ્ર જીવન દેશકાજે સમર્પિત કર્યુ. સરદાર પટેલના જીવનકાળ દરમિયાન ગુજરાત ખાતેની વિવિધ ઘટનાઓ જેમ કે સ્વાતંત્ર્ય ચળવળ, અસહકાર આંદોલન વગેરેને આવરી લેતું કરમસદ, બોરસદ, બારડોલી, સુરત, ખેડા અને અમદાવાદ વગેરે સ્થળોનો સમાવેશ કરતું વિશિષ્ટ પ્રવાસી પેકેજ બનાવવાનું આયોજન છે. માહિતી સામગ્રી, આંતરમાળખાકીય સુવિધાઓ અને પ્રવાસ માર્ગના નકશાઓ તૈયાર કરાશે.

➢ **પંડિત શ્યામજી કૃષ્ણ વર્મા :**

માંડવી – કચ્છમાં જન્મેલાં અને ઉછરેલા ગુજરાતના પનોતા પુત્ર શ્યામજી કૃષ્ણ વર્માએ ભારતની આઝાદી માટે વિદેશમાં એક વર્ષો ગાળ્યાં. માંડવી ખાતે તેમનું ઘર હવે એક સ્મારકમાં

ફેરવવામાં આવશે, તેમજ તેમના વિશેના અલગ અલગ કાગળો અને સામગ્રી ત્યાં રાખવામાં આવશે. આ બાબત પ્રવાસન નીતિની પ્રાથમિકતાઓમાં સ્થાન ધરાવે છે.

➢ **સ્વાદ જ સ્વાદ :**

ઉપરોકત સ્થળોના પ્રવાસી સ્થળ તરીકેના વિકાસ સાથે પ્રવાસીઓને જરૂરી એવી સ્વાદિષ્ટ અને ભિન્ન વાનગીઓની સગવડ, ચેઈન ઓફ ફૂડ કોર્ટ, થીમ ફૂડ વગેરે સુવિધાઓ ઉભી કરાશે. ખાનગી હોટલ માલિકો અને રેસ્ટોરન્ટ માટે આ ક્ષેત્રની સારી ધંધાકીય તક છે.

**(J) અમલીકરણ યોજના :**

પ્રવાસન નીતિના ઝડપી અસરકાર, સમયબદ્ધ અમલીકરણ માટે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પ્રમોશન બોર્ડ ( જી.આઈ.પી.બી.) ની સેવાઓનો લાભ લેવામાં આવશે. ટુરીઝમ કમિશ્નર આ અમલીકરણ માટેની નોડલ એજન્સી તરીકે કામ કરશે. ૫૦ કરોડ રૂપિયાથી ઓછું મૂડી રોકાણ ધરાવતી પ્રોજેકટ દરખાસ્તો રાજય સરકારના સ્તરે મંજૂર કરવામાં આવશે. જયારે ૫૦ કરોડથી વધુ રોકાણ ધરાવતી પ્રોજેકટ દરખાસ્તો જી.આઈ.પી.બી. દ્વારા મંજુર કરવામાં આવશે. જી.આઈ.ડી.બી. એકટમાં જરૂરી સુધારા–વધારા કરવામાં આવશે. જેથી અમલીકરણ માટેના અધિકારોનું વહન થઈ શકે. જી.આઈ. અમલીકરણના તબક્કે સતત મોનીટરીંગ કરશે અને યોજના પ્રમાણે કાર્ય પૂરું કરશે. જી.આઈ.બી.પી. સંબંધિત પ્રવાસનને લગતી બધી બાબતો માટે કમિશ્નરશ્રી, પ્રવાસન અને મેનેજિંગ ડિરેકટરશ્રી, ગુજરાત પ્રવાસન નિગમ લી, જી.આઈ.બી.પી.ના સચિવાલયની સેવા પૂરી પાડશે.

**(K) પ્રવાસન નીતિના સામાજિક ફાયદાઓ :**

પ્રત્યેક દસ લાખ રૂપિયાના રોકાણ પર લગભગ ૯૦ જેટલી નોકરીની તકો ઉભી થશે. પ્રવાસન ક્ષેત્રે ઘણું મોટું મૂડીરોકણ આકર્ષીને એ મૂડીરોકણ દ્વારા રાજયમાં રોજગારીની વિપુલ તકો ઊભી થશે. પ્રવાસનક્ષેત્ર અંતર્ગત તૈયાર થનાર વિવિધ ઈન્સ્ટિટયુટ દ્વારા રાજયના યુવાન વર્ગને તાલીમ મળશે અને તેઓને પણ રોજગારીની તકો મળશે. જે તે પ્રવાસી સ્થળ પર આવેલી સ્થાનિક

દુકાનોમાંથી કલા–કારીગરની ચીજવસ્તુઓ વગેરેના વેચાણની તકો વધશે. જેથી ગ્રામ્ય અર્થવ્યવસ્થામાં મૂડી વધશે. નવી ટેકનોલોજીના આધારે ગ્રામ્ય કારીગરોની ઉત્પાદકતા વધશે અને તેઓની ચીજવસ્તુઓની વધુ કિંમત મળશે. બ્રાન્ડિંગ દ્વારા વિશિષ્ટ કલાકૃતિઓનું વધુસારૂં વળતર હાંસલ કરવમાં આવશે. વધુમાં, એન.આઈ.ડી., એન.આઈ.એફ.ટી. તથા અન્ય સંસ્થાઓ હસ્તકલાઓ સાથે સંકળાયેલા ગ્રામીણ લોકોના કૌશલ્યમાં વધારો થશે.

ગુજરાતનો આપને સાદ છે, એક માનંવતા પ્રવાસી તરીકે, એક બહુમૂલ્ય રોકાણકાર તરીકે તેમજ વિવિધરંગી સામાજિક–સાંસ્કૃતિક તાણાવાણાને વધુ સમૃધ્ધ બનાવનાર એક મિત્ર તરીકે.

## ૩.૪ <u>પ્રવાસન નીતિ માટે હોટેલ ઉદ્યોગનાં સૂચનો :</u>

હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશન–વેસ્ટર્ન ઈન્ડિયા (એચઆરએ–ડબલ્યુઆઈ) એ ગુજરાતની આગામી સાત વર્ષ (૨૦૦૩ થી ૨૦૧૦) માટેની નવી પ્રવાસન નીતિ માટે રાજયના તત્કાલિન ગર્વનર સુંદરસિંહ ભંડારીને કેટલાક સૂચનો કર્યા છે. આ સૂચનો નીચે પ્રમાણે છે.

### I. <u>સિંગલ વિન્ડો કિલયરન્સ :</u>

હાલમાં હોટેલ શરૂ કરવા કુલ મળીને ૪૩ પરવાના લેવા પડે છે. હોટેલ પ્રોજેકટના પ્રમોટરે એક વિભાગની મંજૂરી લેવા માટે બીજા વિભાગની પરવાનગી લેવી પડે છે જયારે બીજો વિભાગ એવું ઈચ્છે છે કે, પહેલા પ્રમોટર પ્રથમ વિભાગની મંજૂરી લે અને એ પછી જ તેનો સંપર્ક સાધે. આને લીધે, પ્રમોટરોએ હેરાન પરેશાન થવું પડે છે અને પ્રોજેકટના અમલમાં વિલંબ થવાથી વ્યાજનો બોજો વધી જાય છે. પરવાનો રિન્યુ કરાવતી વખતે પણ આવી જ પરિસ્થિતિ ઊભી થતી હોવાથી ભ્રષ્ટાચાર માઝા મુકે છે. આખરે પ્રવાસન ઉદ્યોગે પીછેહઠ કરવી પડે છે. જો પશ્ચિમના દેશો જેમ સિંગલ વિન્ડો કિલયરન્સની વ્યવસ્થા દાખલ કરવામાં આવે તો પ્રમોટરો ઓછા ખર્ચે, વધુ ઝડપથી અને વધુ સારી હોટેલોનું નિમાર્ણ કરી શકશે.

### II. <u>રાહતના દરે જમીન સંપાદન :</u>

હાલમાં હોટેલ પ્રોજેકટના કુલ ખર્ચમાં જમીનનો ખર્ચ ૩૫ થી ૪૦ ટકા જેવો ઊંચો રહે છે. આંતરરાષ્ટ્રીય ધારા ધોરણો મુજબ, તેનું સ્તર ૧૫ ટકાથી વધુ ન હોવું જોઈએ. પ્રવાસને વેગ આપવા અને ખર્ચને મર્યાદામાં રાખવા માટે હોટેલ પ્રોજેકટ્સને દોઢ વર્ષની અંદર પૂરા કરવા પડશે. આથી, સરકારે નવી નીતિમાં આવા પ્રોજેકટ્સ માટે રાહત દરે જમીન લીઝ પર આપવી જોઈએ, જમીનની હરાજીઓ કરવી જોઈએ, તેનું સીધેસીધું વેચાણ કરવું જોઈએ અથવા તો ભાડે આપવી જોઈએ.

### III. જૂના અને નવા હોટેલ પ્રોજેકટ માટે એફએસઆઈમાં વધારો :

પ્રવાસન ઉદ્યોગ ઉપરાંત અન્ય ઉદ્યોગોમાં મંજૂર કરાયેલ ક્ષમતા કરતાં ૨૫ ટકા કે તેથી વધુ ક્ષમતા ઊભી કરવાની દરખાસ્તને પરવાનગી આપવામાં આવે છે. જો નવી નીતિમાં પ્રવાસનને ઉદ્યોગનો દરજ્જો આપવામાં આવે તો, તેને પણ અન્ય ઉદ્યોગની જેમ તેની ક્ષમતામાં ઓછામાં ઓછા ૨૫ ટકાનો વધારો કરવાની મંજૂરી આપવી જોઈએ. ચાલુ એકમોને પણ આ રાહત પુરી પાડવી જોઈએ.

હાલમાં વધુ માળ ખેંચતી વખતે નવેસરથી પરવાના લેવા પડે છે. વિસ્તરણ કરતી વખતે વધુ પાર્કિંગની સવલત ઊભી કરવી પડે છે. નવી નીતિમાં આવી કોઈ શરતોનું પાલન કર્યા વગર હોટલ પ્રોજેકટો માટે એફએસઆઈમાં ૨૫ ટકાનો વધારો કરવાની છૂટ આપવી જોઈએ.

### IV. હોટેલ ઉદ્યોગોનો નિકાસગૃહનો દરજ્જો :

ભારત સરકારે હોટેલોને નિકાસ ગૃહનો દરજ્જો અને ઈપીસીજી યોજનાના લાભો આપ્યા છે. ગુજરાત સરકાર પણ પ્રવાસન માટે નિકાસગૃહનો દરજ્જો જાહેર કરવો જોઈએ અને નિકાસગૃહનો દરજ્જો ધરાવતા તમામ ઉદ્યોગોની જેમ આ ઉદ્યોગો પાસેથી પણ કોઈ સ્થાનિક કરવેરા વસુલ કરવા જોઈએ નહીં.

V. **કોન્ફરન્સ સેન્ટર :**

ગુજરાત મોટી રાષ્ટ્રીય પરિષદો યોજવા માટે પુરતી માળખાકીય સવલતો ધરાવતુ નથી. આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક પ્રવાસનની બાબતમાં પણ આવી જ પરિસ્થિતિ છે. વાસ્તવમાં, વ્યાપાર પરિષદ માટે ગુજરાત વિપુલ શકયતા ધરાવે છે. જો ગુજરાત સરકાર તેની નવી નીતિમાં કોન્ફરન્સ સેન્ટર ઊંભુ કરવાની બાબતને આવરી લે તો પ્રવાસનમાં સુધારો થઈ શકે છે. આ સંદર્ભમાં એસોસિયેશને એવું સૂચન કર્યુ છે કે, સરકારે આવું સેન્ટર વડોદરામાં ઊંભુ કરવું જોઈએ. આનું કારણ એ છે કે અમદાવાદ, રાજકોટ અથવા તો ભાવનગરની સરખામણીએ વડોદરાથી દિલ્લી અને મુંબઈ જેવા શહેરોમાં માર્ગ પરિવહન મારફત આવનજાવન કરવાનું સરળ પડે છે. વધુમાં, તે દેશના બીજા શહેરોની તુલનાએ ઓછુ ગીચ છે. ત્યાં ઈલેકટ્રિકલ, ઈલેકટ્રોનિકસ, ઓટોમોબાઈલ, રસાયણ, હેવી વોટર, ખાતર અને પોલિથિન જેવા ઘણા બધા ઉદ્યોગો આવેલા છે.

VI.**વ્યવસાય વેરો :**

હવે એ પુરવાર થઈ ગયું છે કે, આ વેરા મારફત જેટલા રૂપિયા ભેગા કરવામાં આવે છે તેના કરતાં તેનો વહિવટ કરવા માટે વધુ ખર્ચ કરવામાં આવે છે. આથી એસોસિયેશન તેને નાબુદ કરવાની માંગણી કરે છે.

VII. **લકઝરી ટેકસ :**

વિકસતા દેશ અને ગુજરાત જેવા રાજયમાં હોટેલ શબ્દ મોજશોખની વસ્તુ નહીં પણ જરૂરીયાત છે. એસોસિયેશન આ કહેવાથી મોજશોખની બાબત પરનો વેરો દુર કરવાની અપીલ કરે છે. જો આ વેરાને જાળવી રાખવો હોય તો, તેને સરળ બનાવવાની જરૂર છે.

VIII. **નશાબંધીમાંથી રાહત :**

પ્રવાસન ઉદ્યોગ માટે નશાબંધીનો સંપૂર્ણ અમલ શકય ન હોવાથી એસોસિયેશન નવી નીતિમાં થોડી રાહત પુરી પાડવાનું સૂચન કરે છે. ભારતના એક ઔદ્યોગિક રાજ્ય તરીકે ગુજરાત પરિસંવાદો અને અધિવેશનો યોજવાની શકયતા ધરાવે છે. નશાબંધીને કારણે આ બધી કમાણી મહારાષ્ટ્ર, ગોવા

અને રાજસ્થાન જેવા પડોશી રાજયમાં ખેંચાઈ જશે. નવી નીતિમાં મહારાષ્ટ્રની જેમ 'પાર્ટી પરમિટ' ની છુટ આપવી જોઈએ.

• • •

# પ્રકરણ – ૪

## ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગ

૪.૧ ગુજરાત પ્રવાસન નિગમને પ્રોત્સાહક પરિબળો

૪.૨ પ્રવાસ ક્ષેત્રના વિકાસ માટેનાં પ્રયત્નો

૪.૩ ગુજરાતમાં પ્રવાસન કેન્દ્રોના વિકાસ માટેના સૂચનો

૪.૪ ગુજરાતની પ્રવાસન ક્ષેત્રે મંજિલ–ભાવિ આશાઓ અને તેની તકો

# પ્રકરણ – ૪

# ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગ

## ૪.૧ ગુજરાત પ્રવાસન નિગમને પ્રોત્સાહક પરિબળો :

### ૪.૧.૧ પ્રોત્સાહક પ્રવાસન ઉદ્યોગ :

ભારતીય પ્રવાસન નિગમમાં કેટલાક સાંસ્કૃતિક વારસાનાં પોષક પરિબળો હોવાથી આ ઉદ્યોગને સ્વાભાવિક પણે પ્રોત્સાહન મળી રહે છે. કેટલીક વિચિત્ર પરંપરા અને રૂઢિગત કાયદા–કાનૂન હોવા છતાં મૂળભૂત રીતે ભારતની ભૂમિ અને તેનાં રમણીય સ્થળો પ્રવાસીઓને સ્વાભાવિક આનંદ આપે છે. જેથી સહેલાણીઓની સંખ્યા દર વર્ષે વધતાં–ઓછા પ્રમાણમાં વધતી રહે છે.

ગુજરાતમાં અસંખ્ય રસપ્રદ અને મનોરંજક પ્રવાસી સ્થળો આવેલા છે. જેવાકે, સાસણગીર, નળસરોવર, લોથલ, પાલિતાણા, મોઢેરા, શામળાજી, દ્વારકા, સોમનાથ, ગાંધીઆશ્રમ અને મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ સાથે સંકળાયેલા કેટલાંક સ્થળો બીજા રાજયનાં પ્રવાસીઓ માટે આકર્ષણ પૂરૂં પાડે છે.

એક તારણ અનુસાર – it is Estimated that more then 35 Lakh Domestic Tourists and more then 25000 International Tourists Visit Gujarat Annually છતાં ગુજરાત પ્રવાસનઉદ્યોગમાં આંતરિક માળખાકીય વિકાસ માટે જરૂરી પરિબળો જેવાકે, સારી હોટેલ વ્યવસ્થા, સારી મોટેલ, સુદ્રઢ ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા, સરકારી ગાઈડને (ભોમિયા) વિદેશી ભાષા અને શિષ્ટાચારની

વ્યવસ્થિતિ તાલીમ પામેલા, જેવા પરિબળો મહદ્ અંશે ઉદ્યોગના વિકાસમાં શકયતઃ અવરોધરૂપ બની રહે છે.

### ૪.૧.૨ વન્ય અને પ્રાણી સૃષ્ટિ :

ગુજરાત પાસે વન્યજીવન સૃષ્ટિ કુદરતી રીતે જ વિપુલ પ્રમાણમાં હોવાથી ગુજરાત પ્રવાસન નિગમનું તે એક જમાપાસું બની રહે છે. આમ છતાં સાસણગીર જેવા
સ્થળો કે જયાં સિંહ જેવું હિંસક પ્રાણી–સમગ્ર વિશ્વમાં મર્યાદિત સ્થળો એ જ જોવા મળે છે તેવા સ્થળોએ નિયમિત એરલાઈન્સ જોગવાઈ, વ્યવસ્થિત રહેઠાણ વ્યવસ્થા, સંપૂર્ણ રેસ્ટોરન્ટ, ખાનગી વાહનોની જોગવાઈ ખૂબ જ જરૂરી બની રહે છે. ઉપરાંત પક્ષી અભયારણ્ય ગીરનાં જંગલમાં ખૂબ જ સારી રીતે વિકસી રહયું છે. તેને ખૂબ જ વ્યવસ્થિત વિકસાવીને સંપૂર્ણ અભ્યારણ્યનો દરજજો આપવાની જરૂર છે.

સમગ્ર ભારતનાં દરિયા કિનારાનો ૧/૩ ભાગ એકલું ગુજરાત ધરાવે છે. જેમાં કુદરતી રીતે વિકસેલા અસંખ્ય બીચ આવેલાં છે અને કેટલાંક બીચ ને વિકસાવવાની જરૂર છે. આવા બીચના વિકાસ માટે એક ચોકકસ યોજના ઘડવી જરૂરી બની રહે છે. જેથી કરીને ભવિષ્યમાં વિદેશી પ્રવાસીઓની સંખ્યા સરળતાથી વધારી શકાય. ગુજરાતનું કલ્ચર સહેલાણી મૂળભૂત રીતે ઘણું સમૃદ્ધ છે.

### ૪.૧.૩ ટ્રાન્સપોર્ટ અને ટૂરિઝમ :

ગુજરાતમં પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે ટ્રાન્સપોર્ટ વિકાસ જરૂરી છે. તેના માટે ઉદાર અને રાહતદરની આર્થિક મદદ–લોન–યોજના અમલમાં મૂકાય તો ગુજરાત ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા સંગીન

બનાવી શકાય. ખાસ કરીને લકઝરી પસંદગી નો ખ્યાલ હજુ સુધી પૂર્ણ રીતે અમલમાં મૂકાયેલો નથી. કેટલાંક જોવાલાયક સ્થળોને જે દૂરના અંતરે આવેલાં છે તેને સુપર ફાસ્ટ ટ્રેનથી જોડી શકાય. જેવાકે, ગોવા, ઉદેપુર અને શ્રીનગર ટ્રાન્સપોર્ટના વિકાસ માટે મૂળભૂત એવી વ્યવસ્થિત રોડ યોજના પણ અમલમાં મૂકવી જરૂરી છે. ગુજરાત ટૂરિઝમના વિકાસ માટે રાજયમાં દરેક પ્રવાસી સ્થળોએ સારા રસ્તા હોવા ખાસ જરૂરી છે.

ગુજરાત સરકારે ખાનગી અથવા સરકારી ધોરણે ટ્રાવેલ–ટ્રેડ ને વિકસાવવાની તાતી જરૂર છે. તેના માટે જરૂરી મદદ, સહકાર, પ્રશિક્ષિત આપવા જોઈએ. ટ્રાવેલ્સ સ્ટાફને, હોટેલ સ્ટાફની જેમજ વ્યવસ્થિત તાલીમ, પ્રશિક્ષીત જુદી જુદી રીતભાત શીખવી જોઈએ. આ માટે સરકારે ખાનગી સંગઠનની પણ જરૂર પડે તો સહકાર લેવો જોઈએ. કદાચ સરકારી કરતાં ખાનગી સંગઠન સારી કાર્યક્ષમતા દેખાડી શકે, પ્રવાસન નિગમે આ
માટે જરૂરી કેટલાંક સચિત્રો, પેમ્ફલેટ, બુકલેટ આપવી જોઈએ. જેમાં સમગ્ર ગુજરાતના પ્રવાસી સ્થળો, અંતરો, ચાર્જ, સ્થળની વિશિષ્ટતા વગેરેનું માર્ગદર્શન મળી રહે. આ માટે ગુજરાતે પ્રશિક્ષિત ગાઈડોની ગુણવત્તા અને જથ્થો બંને વધારવાની જરૂર છે. કેટલાક ભોમિયા વિદેશી સહેલાણીઓને પૂરતી માહિતી આપી શકતા નથી અને વધારામાં રૂપિયા પડાવી લે છે. તે વસ્તુ સરકારી રાહે દરેક સ્થળે ઓછામાં ઓછા બે ત્રણ ગાઈડ નિમવાથી દૂર થઈ શકે.

### ૪.૧.૪ પ્રવાસનની જાહેરાત :

ગુજરાતના અને ગુજરાત બહારના પ્રવાસી સ્થળોના વિકાસ માટે જે તે સ્થળની વિશ્વ સ્તરે જાહેરાત થાય તે પણ ખૂબ જ જરૂરી છે. આ માટે ટી.વી. મિડીયા તેમજ કોમ્પ્યુટર ઈન્ટરનેટ ઉપર વિશ્વના ખૂણે ખૂણે આવા સ્થળોને યોગ્ય લાઈમ લાઈટ કરી શકાય. આ ઉપરાંત ગુજરાત ટૂરિઝમનું

સારી ગુણવત્તાવાળું આકર્ષક સાહિત્ય, બુકલેટ, આલ્બમ, કાર્ડ પણ નિગમને ખૂબ સારા પ્રમાણમાં પ્રસિદ્ધિ આપી શકે છે.

### ૪.૧.૫ પ્રવાસન નિગમને વધુ લોનની ફાળવણી :

ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા વધુને વધુ નાણાંની ફાળવણીની જરૂર છે. જો કે સાતમી યોજના–આઠમી યોજના અને નવમી યોજનામાં પણ ટૂરિઝમના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ઉપરાંત Tourism Develpoment Corpn. of Gujarat ને More Powers and Funds આપવા જરૂરી છે.

ભારત સરકારે ગુજરાત ટૂરિઝમના વિકાસ માટે હજુ વધુ નાણાં ફાળવવાની જરૂર છે. જેમકે ભારત સરકારે હરિયાણા, પંજાબ, યુ.પી., રાજસ્થાન અને મહારાષ્ટ્રનાં ટૂરિઝમના વિકાસ માટે સારી એવી આર્થિક સહાય કરેલી છે. એટલી જ સહાય ગુજરાત રાજયને કરવામાં આવે તો ગુજરાતના પ્રવાસન ઉદ્યોગનો વિકાસનો દર ઝડપી બને.

### ૪.૧.૬ રાજય સ્તરે કમિટીની રચના :

સમયાંતરે પ્રવાસન વિકાસ માટે માર્ગદર્શન, નિરક્ષણ, સૂચનો કે ફેરફાર માટે રાજ્ય હસ્તક એક ચોકકસ કમિટીની રચના થવી જરૂરી છે. વર્ષમાં નિશ્ચિત સમયે મિટીંગ ગોઠવીને આ કમિટી ગુજરાત પ્રવાસનના વિકાસને લગતાં સલાહ સૂચનો, વિશે ચર્ચા વિચારણા કરી શકે.

## ૪.૨ પ્રવાસ ક્ષેત્રના વિકાસ માટેનાં પ્રયત્નો ( Approach to Tourism Growth ) :

આપણે એક વ્યુહાત્મક યોજનાની જરૂર છે. જેના દ્વારા ટૂરિઝમ વિકાસના સાધનોની પસંદગી, ટૂરિસ્ટો માટે ચોકકસ પ્રકારની સગવડતાઓ, નીતિઓનું સર્જન કરવું, ટૂરિઝમ ક્ષેત્રે રોકાણકારો માટેની વ્યવસ્થાઓ, રોકાણમાં વૃદ્ધિ થાય તેવા પ્રયત્નો, ટ્રાવેલ્સ ટ્રેઈડ, વાહન વ્યવહાર વગેરે એક ચાવીરૂપ અગત્યનાં પરિબળ છે. અલબત ટ્રાવેલ, પાણી, વિજળી... આવા ઘણાંબધા પાયાના પ્રશ્નો રહેલા છે કે જે એકંદરે આર્થિક વિકાસની અંદર નડતરરૂપ છે. પરંતુ અન્ય ક્ષેત્રો કરતાં ટૂરિઝમ ક્ષેત્રે અડચણરૂપ એટલાં નથી.

પાયાનો વિકાસ એ ટૂરિઝમના વિકાસ માટે સ્પષ્ટ મહત્વ દર્શાવે છે. આ માટે નીચે પ્રમાણે સૂચનો છે.

### ૪.૨.૧ <u>ગુજરાત – યુ.એસ.પી.</u> :

ટૂરિઝમ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ટૂરિસ્ટ સ્પોર્ટના પૂર્ણ વિકાસ સંબંધી ઘણા પ્રયત્નો થયેલા છે. છતાં પણ આપણે ગુજરાત ટૂરિઝમના વિકાસ માટે– Unique Selling Proposition (USP) - <u>અસાધારણ વેચાણ દરખાસ્ત</u> વિકસાવવી પડશે. આ ત્યારે જ શકય બનશે જયારે આપણે આપણી પાયાની સંપત્તિનુ પૂર્ણતઃ વિશ્લેષણ કરવું પડશે. તેમજ તેમની પાછળ ભારતનાં મુખ્ય બીજા રાજયોની સામે ગુજરાત પ્રવાસન કેન્દ્રોની અસાધારણ વેચાણ દરખાસ્તની અલ્પ ઓળખ કરવી પડે. આ નીતિની તાત્કાલિક જરૂરિયાત છે.

(USP – અપ્રતિમ વેચાણ કથન)

### ૪.૨.૨ <u>પસંદગી (Selectivity)</u> :

પ્રવાસન ઉદ્યોગનો વિકાસ કરવા માટે આપણી પાસે સંપતિ અને આવક મર્યાદિત હોવાથી આપણે પ્રવાસન કેન્દ્રોની પસંદગી કરીને તે કેન્દ્રોના વિકાસ દ્વારા પ્રવાસન ઉદ્યોગનો વિકાસ કરી શકાય છે. આ સંદર્ભે શરૂઆતની પ્રવાસન નીતિ બિન–ગુજરાતી મુસાફરોને આકર્ષવાની હોવી જોઈએ. તેમજ સ્થાનિક પ્રવાસીઓને પણ મહત્વ આપવું જોઈએ.

### ૪.૨.૩ <u>ધાર્મિક સ્થાનનો વિકાસ</u> :

ધાર્મિક પર્યટન એ ગુજરાતની મોટામાં મોટી વ્હેળો–શાખા છે. રાજય સરકારે છ ધાર્મિક સ્થાનોને પવિત્ર–યાત્રાધામો માટે જાહેર કરી તેનો ઝડપી અને વ્યવસ્થિત વિકાસ થાય તે માટે મુખ્ય મંત્રીના ચેરમેનપદે એક કમિટીની રચના કરી છે. ગુજરાત તેના ધાર્મિક સ્થાનોની પવિત્રતા જાળવવા કટિબધ્ધ છે. જેમાં સૌરાષ્ટ્રમાં આવેલા ત્રણ પવિત્ર સ્થાનો જેવા કે દ્વારકા, સોમનાથ, અને પાલીતાણા જે રાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચનાર તેમજ મોટા પ્રમાણમાં બિન–રહેવાસી ભારતીયોને આકર્ષે છે. જોકે તેમાં દ્વારકા અને સોમનાથ એ પ્રત્યેક ધર્મના માણસોને આકર્ષે છે. જયારે પાલિતાણા એ જૈન યાત્રિકોને તેમજ વિદેશી યાત્રિકોને આકર્ષે છે. કારણકે તેના મંદિરો અસાધારણ અને અપ્રતિમ કલાકૃત્તિ ધરાવે છે.

ટૂરિઝમ વિભાગ, રાજય વહિવટી શાખા ,સ્થાનિક સંસ્થા તેમજ મંદિરની વ્યવસ્થાપક સમિતિ પર્યટકોને પડતી મુશ્કેલીઓ દૂર કરવા પ્રયત્ન કરે છે. જો મુશ્કેલીઓ દૂર કરાશે તો પર્યટકોની સંખ્યામાં વધારો થશે. રાજય સરકારે આ ધાર્મિક સ્થાનોનાં વિકાસ માટે અસરકારક પગલાં લેવા પડશે.

### ૪.૨.૪ **સાગરકાંઠાનો વિકાસ (Beach Development )** :

ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી. લાંબો સાગર કિનારો છે એ સાગરકાંઠે તાજગી, સૌદર્યસભર અને સુંદરતાભર્યા બીચ પણ ધરાવે છે. જે કચ્છમાં માંડવી/નાના લાજરા,
જામનગરમાં શિવરાજપુર અને જૂનાગઢમાં અહેમદપુર માંડવીને આવરી લે છે. જે પશ્ચિમ ભારતમાં દરિયા કિનારાના વિકાસ માટે પણ વાતાવરણ પૂરું પાડે છે. પસંદગીનાં દરિયા કિનારાના વિકાસ માટે આપણે જરૂરી નાણાંનું રોકાણ કરવું પડશે.

વ્યકિતગત્ત રોકાણકારોને આપણે વિકાસશીલ જગ્યા ફાળવવી જોઈએ. જેથી તેના શરૂઆતનાં રોકાણમાં ફાયદો થાય. દરિયા કિનારાનો વિકાસ અને જરૂરી માળખું વિકસાવવું એ લાંબા સમયની વિધિ છે. સાગરકાંઠાના વિકાસ માટે વ્યકિતગત રોકાણકારોને લાંબાગાળાની લોન અને તે પણ સરળ ઉદાર શરતો સાથેની આપવી જોઈએ.

### ૪.૨.૫ **TCGL - નું સુધારીકરણ** :

TCGL = Tourism Corporation of Gujarat Limited (TCGL) ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડે તાકીદે બે પગલાં ભરવા પડશે.

(૧) સરકારે ધંધાકીય અને પ્રવૃત્તિશીલ ધંધો કરનાર ને TCGL ના માળખામાં લેવા જોઈએ.

(૨) TCGL –માં સંચાલકમાં બુદ્ધિમાનની અસર દેખાવી જોઈએ.

ગુજરાત પ્રવાસન નિગમ લિમીટેડ–એ ગુજરાતમાં પ્રવાસ ક્ષેત્રના વિકાસમાં મહત્વનો ફાળો આપી શકશે.

### ૪.૨.૬ TCGL–ની મિલ્કતોનું ખાનગીકરણ :

આ વિધિ ખૂબજ ધીમી ગતિએ ચાલે છે. ઘણી જગ્યાએ તો TCGL ની મિલ્કતો, સવલતો વગરની એકાકી છે. ખૂબજ લથડી ગયેલા વ્યવસ્થાતંત્રને કારણે પ્રવાસીઓ પોતાનાં નિશ્ચિત સ્થળે પહોંચી શકતા નથી. રાજય સરકારે TCGL ની મિલકતોના ખાનગીકરણ માટે વ્યવસ્થિત કાર્યક્રમ બનાવવો જોઈએ.

### ૪.૨.૭ આંતરરાષ્ટ્રીય ધોરણનું નિષ્ણાતીકરણ :

પ્રવાસન સ્થળોને વિકસાવવા માટે આંતરરાષ્ટ્રીય અંતર્ગત ખાસ ચોકકસ સલાહ લેવી જોઈએ. રાજય સરકારે આંતર રાષ્ટ્રીય નિષ્ણાંતોને મંત્રણા માટે આકર્ષવા જોઈએ. તે માટે તેમને છૂટા હાથે મદદ કરવી જોઈએ.

### ૪.૨.૮ પડોશી રાજયો સાથેનો સંબંધ :

રાજસ્થાન માટે એ વાત સાબિત થયેલ છે કે આપણે આપણાં પડોશી રાજયો સાથે મળીને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિ કરી શકીએ છીંએ. બંન્ને રાજયોના સ્થાનોએ પહોંચવા પેકેજ ટૂર કરવી જોઈએ. આવી જ વ્યવસ્થા મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર માટે ગોઠવવી જોઈએ. તેમજ પ્રવાસનનું બુકિંગ, રહેવાની વ્યવસ્થા અને પ્રચાર એ સાથે મળીને ગોઠવવી જોઈએ. રાજય સરકારે આ સહિયારા કાર્યક્રમોનો લાભ ઉઠાવવો જોઈએ.

### ૪.૨.૯ ખાનગી રોકાણ માટે નાણાં વિષયક મદદ :

ગુજરાતમાં પ્રવાસન વિભાગમાં રાજયકક્ષાની સંસ્થાઓનું ખાનગી વિભાગમાં રોકાણ સહેજ ઓછું છે. આમાં થોડા ફેરફારોની આવશ્યકતા છે. આ માટે ઔધોગિક પ્રતિનિધિ રૂપે એક જૂથ બનાવવું પડશે.

### ૪.૨.૧૦ ઔધોગિક દરજજો અને વીજળી જકાત :

સરકારે પ્રવાસન વિભાગને ઔધોગિક દરજજો આપવા સંમત થવું જોઈએ. વીજ, દર માં રાહત આપવી જોઈએ. પ્રવાસન વિભાગમાં થોડા ફેરફાર કરવાથી ઘણા સુંદર ફાયદા પ્રાપ્ત થાય તેમ છે. તેમજ નીચેનાં સુધારા પણ કરવા જોઈએ.

૧. ખેતીલાયક જમીનને બિન ખેતીલાયક જમીનની મંજૂરી આપવી.
૨. ઓકટ્રોયમાં રાહત.
૩. ટેલિફોન વહેંચણીમાં અગ્રતા.
૪. ગેસ જોડાણમાં અગ્રતા.
૫. પર્યટન સ્થળ સુધીનો રોડ (ભાગે પડતો ખર્ચ)
૬. પાણીનું જોડાણ રાહત દરે.

ઉપર્યુકત સુવિધાઓ કોઈપણ વિલંબ વગર આપવી જોઈએ.

### ૪.૨.૧૧ દારૂની દુકાનો–માન્ય હોટેલમાં :

ગુજરાતમાં દારૂબંધી ના કારણે વિદેશીપ્રવાસીઓ અને બિન ગુજરાતી રહેવાસીઓ પ્રવાસ કરવા આવવામાં રોકાય છે. સરકારે ત્રણ સ્ટાર હોટલો અને ઊંચી ગુણવત્તાવાળી હોટેલોમાં અમુક નિયમોને આધિન દારૂબંધીમાં છૂટ આપવી જોઈએ.

**૪.૨.૧૨ મકાનનાં નીતિ–નિયમો :**

ભારતનાં ઘણાં શહેરોમાં હોટેલ પ્રોજેકટ માટે–Floor Space Index – FSI અને મકાન નીતિ–નિયમોમાં અમુક ફેરફારો કરેલ છે. આપણે આ સંદર્ભે પૂરેપૂરો અભ્યાસ કરવો જોઈએ અને બધાંની સાથે એક નીતિની રચના કરવી જોઈએ. આમાં વિલંબ કરવાથી હોટેલ ઉદ્યોગોને નુકશાનકર્તા છે.

**૪.૨.૧૩ જમીન મળવાની શકયતા :**

ગુજરાત રાજયમાં શહેરની અંદર કે આસપાસ પ્રવાસન સ્થળ માટે જમીન મળવી એ નવા પ્રોજેકટ માટે જરૂરી છે. GIDC ની પદ્ધતિ પ્રમાણે TCFL એ જમીન વિકાસ બેંકનાં સહયોગથી અગત્યની જમીનોની શોધ અને જમીનની હરાજી કરતી હોય તેવી વ્યકિત અથવા સંસ્થાનો સહયોગ મેળવવો જરૂરી બને છે. જેથી ટૂરિઝમને યોગ્ય જગ્યાએ યોગ્ય કિંમતમાં પર્યાપ્ત જમીન મળી રહે.

**૪.૨.૧૪ અંદાજપત્ર (ખર્ચની રકમની વહેંચણી) અને ઉપયોગિતા :**

ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂપિયા પાંચ કરોડની વહેંચણી ગુજરાતના રાષ્ટ્રીય કે રાજય પ્રવાસન ક્ષેત્રમાં વિકાસ પેટે કરવામાં આવેલ છે. બીજી પાયાની જરૂરીયાત એ છે કે, આપણે હોટેલ,

ટ્રાવેલ અને ઔધોગિક સંબંધી એકમો સાથે વાતચીત ગોઠવવી જોઈએ.–આ GCCI સંદર્ભે વાતચીતની વ્યવસ્થા ગોઠવેલ છે.

### ૪.૨.૧૫ ટ્રેક્સ માળખાની પુનઃ વિચારણા :

સરકારે ટૂરિઝમ ઉદ્યોગના ટ્રેક્સ માળખાની ફેર વિચારણા કરવા જેવી છે. મોજ શોખ ટેક્સ @ ૧૮%, ખાણીપીણી ઉપર સેલ ટેક્સ @ ૧૨% અને વીજળી સેવામાં દર @ ૪૦% અને ૬૦% –HT અને LT ગ્રાહકોના આ ટેક્સ ઉપર પુનઃ વિચારણા કરવા જેવી છે. કારણકે, પ્રવાસન વિભાગમાં અને પ્રવાસીઓની સંખ્યામાં બાધારૂપ નીવડે છે. આ અગત્યની બાબતો ઉપર ગંભીર વિચારણા કરે તો જ સામાન્ય પ્રવાસીઓની સંખ્યામાં નિશ્ચિત વધારો થઈ શકે.

### ૪.૨.૧૬ દસ્તાવેજ અને માહિતીનો ફેલાવો કરવો :

દસ્તાવેજ અને માહિતીનો ફેલાવો કરવો એ અગત્યનું છે. પ્રવાસીઓ માટે સાંસ્કૃત્તિક સમૂહો અને રંગભૂમિ કાર્યક્રમો કરવા જોઈએ. પ્રવાસન નિગમે વાર્ષિક કેલેન્ડર, વર્ષ દરમ્યાન થતી સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓના સંદર્ભે તેયાર કરી શકે. જેના વડે પ્રવાસન નિગમનું વર્ષ દરમ્યાન થનારી પ્રવૃત્તિઓનું એક નિશ્ચિત માળખું તૈયાર થઈ શકે.

### ૪.૨.૧૭ માનવ સંપત્તિ વિકાસ :

હોટેલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટ અમદાવાદની એક મર્યાદા છે. જેના પરિણામે આ ક્ષેત્રમાં વધુ અભ્યાસ માટે તેમનાં સ્નાતકોને ગુજરાત બહાર જવું પડે છે.

ગુજરાત રાજયમાં પ્રવાસનિગમને લગતાં હોકેશનલ અને હોટેલ મેનેજમેન્ટ લગતાં ઉચ્ચ અભ્યાસક્રમ ધરાવતા કોર્ષ બહુજ મર્યાદિત જગ્યાએ ચાલે છે. તદ્ઉપરાંત ગુજરાતમાં પ્રાદેશિક કેન્દ્રોમાં જુદી જુદી કલાના અભ્યાસ ક્રમ માટેનાં કેન્દ્રો અને તેના વર્ગો શરૂ કરવાની જરૂર છે. રાજય સરકારે આ પ્રકારનાં વર્ગો શિક્ષણ આપતાં કેન્દ્રોને સીધું રોકાણ કરવું જરૂરી બની રહે છે. અથવા તેમ શકય ન બને તો ખાનગી એકમોનો સહકાર લઈને પણ આ પ્રકારનાં શિક્ષણનો વ્યાપ વધારવો જરૂરી છે.

### ૪.૨.૧૮ હેરિટેઝ હોટેલની નીતિ :

કેટલાંક ઐતિહાસિક સ્થાન, મહેલોને યોગ્ય માવજત દ્વારા એક સારા પર્યટક સ્થળ તરીકે ઉપસાવી શકાય. આ પ્રકારની હોટેલોનું એક અનોખું મહત્વ હોય છે. આ પ્રકારની હોટેલ જો શકય બને તો ખરીદીને અથવા તો માસિક પાસેથી ૧૦–૨૦ વર્ષના ગાળા માટે લિઝ ઉપર લઈ શકાય. ખાસ કરીને મધ્યપ્રદેશ, રાજસ્થાનમાં આ પ્રકારની ઐતિહાસિક જગ્યાઓના વ્યાપારીકરણની શરૂઆત ખૂબ આકર્ષક અને ફાયદાકારક રહી છે. આ પ્રકારની દરખાસ્તો જે મુલત્વી / ખોરંભે પડી છે તેનો તાકીદે નિકાલ કરવો જરૂરી બને છે.

### ૪.૨.૧૯ સ્મારકોના પુનઃ ઉત્થાનની યોજના :

જયાં સુધી ગુજરાતની ભૂમિને લાગુ પડે છે ત્યાં સુધી સ્મારકોએ પર્યટકો માટે મહત્વનુ ં પરિબળ છે. તેમના રક્ષણ માટે ચોકકસ પ્રકારની યોજના તૈયાર કરવી જરૂરી છે. આ માટે આ પ્રકારનાં સ્મારકોની વાસ્તવિક મૂળભૂત પરિસ્થિતિ જાળવી રાખવી ખૂબ જ જરૂરી બની રહે છે. સ્મારકો એ દરેક સ્થળ માટે પરંપરાનું પ્રતીક છે. આ યોજના અંતર્ગત રાજય સરકાર અને સ્થાનિક કોર્પોરેશનના સંયુકત એકશન પ્લાન તૈયાર થવો જરૂરી છે. ASI ની વિધિમાંથી પ્રસાર થવું એ જ માત્ર એક મુશ્કેલી નડે. GCCI આ યોજનામાં કોર્પોરેશન સારી એવી મદદ કરી શકે.

### ૪.૨.૨૦ ખાસ–પર્યટન ક્ષેત્ર :

ગુજરાત રાજયમાં ગાંધીનગર અને તેની આજુબાજુના ક્ષેત્રે, કચ્છનો કેટલોક ભાગ અને સૌરાષ્ટ્રમાં જુનાગઢ– "ખાસ પર્યટક ક્ષેત્ર" યોજના હેઠળ આવતાં ખાસ વિકાસશીલ ક્ષેત્ર છે. આ માટેનો પ્રોજેકટ અમલમાં મૂકાઈ રહયા છે. તેના માટે જરૂરી આર્થિક સહાય ચોકકસ ફેરફાર સાથેની યોજના અને તેના વિકાસ માટેનાં પગલાં રાજય સરકારે તાત્કાલિક લેવા જોઈએ. આ યોજનાથી પર્યટકોની સંખ્યામાં અને નિગમનાં વિકાસમાં ચોકકસ વધારો થવાનો તેમાં શંકાને સ્થાન નથી.

### ૪.૨.૨૧ સબસીડી યોજના :

GOI – સબસીડી યોજનામાં કેટલાંક ફેરફારો કરવાની જરૂર છે. Interest, Subsidy & Capital Subsidy જે GOI દ્વારા આપવામાં આવે છે. તે કેવળ હોટેલ, હેરિટેઝ હોટેલ પૂરતી જ સીમિત છે. આ સબસીડીનું ક્ષેત્ર હોટેલથી આગળ વધારીને વોટરપાર્ક, હેલ્થ સ્પેસ, એન્યુઝમેન્ટ પાર્ક સુધી લંબાવવી જોઈએ. આ પ્રકારની યોજનાથી હેરિટેઝ હોટેલ સિવાયના ક્ષેત્રનો ખૂબ વિકાસ થઈ શકશે. ઈન્ટરેસ્ટ સબસીડીની યોજનાનો માપદંડ હોટલનાસ્થળ, હોટલસ્તર ઉપર નિર્ભર છે. અમદાવાદમાં હોટેલ માટે રોકાણકારોને આકર્ષવા સહેલા છે. પણ જુનાગઢ એક મહત્વનું પર્યટક સ્થળ હોવા છતાં જુનાગઢમાં સરળતાથી આ પ્રકારનું રોકાણ થઈ શકે નહીં. કારણકે આ સ્થળનો વિકાસ મંદગતિએ થઈ રહયો છે. તેથી જ જુનાગઢ જેવા પર્યટક સ્થળ વિકાસ માટે સબસીડી મર્યાદા–શરતો જરૂરી ફેરફાર કરવાની જરૂર છે.

## ૪.૩ ગુજરાતમાં પ્રવાસન કેન્દ્રોના વિકાસ માટેના સૂચનો :

ગુજરાતમાં પ્રવાસન ઉદ્યોગ હેઠળના બિંદુઓને વિકાસ કરી તેના દ્વારા સરકારની આવકમાં વધારો તેમજ રોજગારીમાં વધારો, વિદેશી હુંડીયામણ કમાણીમાં વૃદ્ધિ વગેરે પ્રાપ્ત કરી શકાય છે. તે માટે પ્રવાસન પ્રવૃત્તિને આર્થિકપ્રવૃત્તિ તરીકેનું મુખ્ય સાધન ગણાય. તેનો વિકાસ શકય વધુ થાય બને તે માટે કેટલાંક સૂચનો–પગલાંઓ આ પ્રમાણે છે.

### ૪.૩.૧ <u>આંતરમાળખાકીય સેવાઓમાં ગુણવત્તા સાથે વધારો કરવો</u> :

ગુજરાત સરકારે ટૂરિઝમ ઈન્ડસ્ટ્રી માન્ય જે પ્રવાસકેન્દ્રો જાહેર કર્યા છે તે પ્રવાસન કેન્દ્રોનો મહત્તમ વિકાસ થાય તે માટે ચાઈલ્ડ હુડ પગલું (શૈશવ) આંતર માળખાકીય સવલતોમાં ગુણવત્તા સાથે વધારો કરવો જોઈએ. આ પ્રવાસન કેન્દ્રો તરફ સહેલાણીઓ વધુ ને વધુ આકર્ષાય તે માટે જરૂરી સવલતો જેવી કે, સારા રસ્તાઓ, રહેવા માટેની સવલતો, ટેલિફોન, સંદેશા વ્યવહાર સેવા, વાહન સુવિધાઓ, પ્રવાસન માહિતી કેન્દ્રો, પ્રવાસકેન્દ્રોની આજુબાજુના ઐતિહાસિક અથવા પર્યટનની દ્રષ્ટિએ મહત્વનાં સ્થળો પ્રાપ્ય કેન્દ્રોની માહિતી વગેરે જરૂરી સવલતોનું એક પેકેજ શું હોઈ શકે તે માટે વિચાર કરવો જોઈએ. આ પેકેજ આવા વિકાસ કેન્દ્રોએ પ્રાપ્ય થાય તે પ્રકારની કાર્યવાહી પ્રવાસન વિકાસ નિગમે પગલાં ભરવા જોઈએ.

### ૪.૩.૨ <u>પ્રવાસન કેન્દ્રોનો મહત્વનો ખ્યાલ આપવો</u> :

માનવીયજાત મુજબ અનેક ભિન્ન સ્થળોની પ્રાકૃતિક સુંદરતા અનુભવવા માટેની મનુષ્ય પાસે કુદરતી ઈન્દ્રય હોય છે જેમકે જમ્મુ કાશ્મીર પૃથ્વીનું સ્વર્ગ માનવામાં આવે છે જોકે હાલ ત્યાં પરિસ્થિતિ ખૂબ જ ભયજનક પુરવાર થઈ છે. કોઈપણ પ્રવાસન કેન્દ્રોની કુદરતી કે સાહિત્યકાળ–ઐતિહાસિક તેમજ સાંસ્કૃત્તિક અંગરૂપનું ધારણ કરીને તેમની સજાવટ કરતું હોય છે.

આ સજાવટનુ ંતોરણ વિશેનો ખ્યાલ–માહિતી–મહત્વ– પ્રવાસીઓને ઉપયોગી થાય. તેવી અન્ય માહિતી સાથે સાથે એક અધતન એક મ્યુઝીમ પ્રવાસન કેન્દ્રમાં ઊભું કરવું જોઈએ. જયાંથી પ્રવાસીઓને પ્રવાસન સ્થળ વિશેની માહિતી મળી શકે.

દરેક પ્રવાસન વિકાસ કેન્દ્રોની અગત્યતા–મહત્વ સમજાવતું સાહિત્ય તૈયાર કરવું જોઈએ. આ સાહિત્ય ગુજરાત તેમજ ગુજરાત બહાર અન્ય ભાષામાં ઉપલબ્ધ હોવું જોઈએ. તે વિશે પગલાંઓ ભરવા જોઈએ .

### ૪.૩.૩ પ્રવાસન અંગે માહિતી કેન્દ્ર :

દરેક પ્રવાસન કેન્દ્રોમાં પ્રવાસન માહિતી કેન્દ્રોની વ્યવસ્થા હોવી જોઈએ. તેના માટે એસ.ટી., રેલ્વે સ્ટેશન અને એઅર્ કે અન્ય કોઈ અનુકૂળ સ્થળે કે જયાં પ્રવાસીઓનું ધ્યાન આકર્ષી શકે, તેવા પ્રવાસન માહિતી કેન્દ્રોની સ્થાપના કરવી જોઈએ.

### ૪.૩.૪ વિશિષ્ટ ઉત્સવોનું આયોજન કરવું :

ગુજરાત સરકાર દ્વારા પ્રવાસન ઉદ્યોગના ભાગરૂપે જે રીતે ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલ (જે ૧૧મું આંતરરાષ્ટ્રીય પતંગમહોત્સવ ગુજરાતનાં આંગણે ૧૧,૧૨,૧૩,૧૪–જાન્યુઆરી, ૧૯૯૯ ભારત દેશમાં તેમજ વિદેશના જુદા–જુદા પ્રદેશમાંથી આવેલા ખ્યાતનામ પતંગ નિષ્ણાતો દ્વારા પતંગ ચગાવવાની કલા અને અલગ અલગ સાઈઝ, ડિઝાઈનના બેનમુન પતંગ પ્રદર્શન નિહાળો) તેમજ Tarnetar - Fair Festival - September & Somnath Festival - March જે ઉજવવામાં આવે છે. તે રીતે દર વર્ષે થોડા બે પાંચ પ્રવાસન કેન્દ્રો–વિકાસ સંદર્ભે પસંદ કરી ત્યાં પ્રવાસીઓને આકર્ષવા તે

માટે ત્રણ દિવસથી માંડીને એક અઠવાડિયાના કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. આ કાર્યક્રમને પૂરતી પ્રસિદ્ધિ આપવી જોઈએ.

**૪.૩.૫ સ્થાનિક સંસ્થાઓને ગ્રાન્ટ આપવી જોઈએ :**

રાજયસરકાર દ્વારા જે કેન્દ્રોને પ્રવાસનકેન્દ્રો તરીકે સ્વીકારવામાં આવેલ હોય છે. તે કેન્દ્રોમાં પ્રવાસીઓની દ્રષ્ટિએ સ્થળોની નજીકમાં સારા રસ્તાઓ બનાવવા માટે, બાગ–બગીચા વિકસાવવા, પ્રવાસીઓ માટે અન્ય સવલતો ઉભી કરવા માટે ... વગેરે સંદર્ભે ત્યાંની સ્થાનિક સંસ્થાઓ, નગરપાલિકા, મહાનગરપાલિકા ને ખાસ ગ્રાંટ આપવી જોઈએ. સ્થાનિક સંસ્થાઓનો ઉત્સાહ વધે તે માટે વર્ષ દરમિયાન કામગીરીને મૂલવી એક પ્રવાસ વિકાસ શિલ્ડ અથવા ટ્રોફી અને પ્રોત્સાહક ઈનામો આપવા જોઈએ.

તદઉપરાંત રાજયના ધોરીમાર્ગો ઉપર મોટેલ–કમ–મિનિટ માર્કેટ સેન્ટર વિકસાવવા જોઈએ. આ સેન્ટરમાં મોટેલ હોય અને પ્રવાસીઓને ઉપયોગી ચીજ વસ્તુઓ વેચાતી અન્ય દુકાનો પણ હોય તો પ્રવાસીઓ તેના લાભ ઉઠાવી શકે છે.

**૪.૩.૬ પેકેજ ટુર દ્વારા પ્રવાસન વિકાસ કેન્દ્રોનું જોડાણ કરવું :**

પ્રવાસન કેન્દ્રોનો વિકાસ માટે જે આંતરમાળખાકીય સવલતોની જરૂર પડે છે. તેમની જોડે અમુક પ્રવાસન વિકાસ કેન્દ્રોને સાંકળી લેતી પેકેજ ટૂરનું પણ આયોજન કરવું જોઈએ. જે રીતે પછાતવિસ્તારોમાં ઉદ્યોગોને લાવવા માટે અમુક વિશેષ સવલતો આપવામાં આવે છે જેમકે, કરવેરામાં રાહત, સબસીડી વગેરે તે રીતે જયાં સુધી અવિકસીત વિસ્તારોમાં જે વિકાસશીલ પ્રવાસ કેન્દ્રો છે. તેના વિકાસ માટે વિશેષ ધ્યાન સવલતો અને મુખ્યત્વે નાણાંકીય પ્રોત્સાહનો નહીં આપવામાં આવે ત્યાં સુધી આ કેન્દ્રોનો વિકાસ કરવાનું શકય બનવાનું નથી.

### ૪.૩.૭ પ્રવાસન નિગમના નોકરીયાતો કર્મચારીની વર્તણૂંક :

ગુજરાત સરકાર દ્વારા જે પ્રવાસનનિગમમાં કે માહિતીકચેરીમાં પ્રવાસીઓને ઉપયોગી સાહિત્ય–નકશાઓ વગેરે ઉપલબ્ધ હોવા જોઈએ, તેમજ યોગ્ય માર્ગદર્શન આપે તેવા નિષ્ઠાવાળા કર્મચારીઓ હોવા જોઈએ. ઘણાં સ્થળોએ કર્મચારીઓ ચીલાચાલુ રીતે પ્રવાસીઓ જોડે વર્તન કરે છે. પ્રવાસીઓની શું ઈચ્છા છે ? તેમાં પૂરતો રસ લેતાં નથી. નજે પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થાય છે. તેમાં પ્રશ્ન–વિધ્ન ઉભા કરે છે. લોકોનો પ્રવાસ ખેડવાનો ઉત્સાહ ઉમંગ, તેજ સ્થળે ઓસરી જાય છે. આ પગલું ખૂબ જ અગત્યનું છે તેમ કહેવું જરા પણ જુઠું નથી.

### ૪.૩.૮ રહેઠાણની સુવિધાઓ, ગુણવત્તા–સંતોષ જરૂરી :

વિશ્વમાં સારી હોટેલોમાંની સુવિધાઓની સરખામણીએ ભારતમાં બહુ જ અલ્પ સગવડો છે. તેમાં ગુજરાત રાજયમાં આ ક્ષેત્રમાં વિકાસ નહિંવત છે. તેમ કહીએ તો પણ ચાલે. કારણકે આંગળીના વેઢે ગણી શકાય તેટલી થ્રી સ્ટાર, ફોર સ્ટાર અને ફાઈવ સ્ટાર હોટેલો છે. તે પણ માત્ર શ્રીમંત પ્રવાસીઓને પરવડે તેવી છે. અર્થાત મધ્યમ વર્ગ, નોકરીયાત વર્ગને પોસાય તેવી રહેઠાણની સુવિધાઓ લગભગ ખૂબ જ ઓછી છે. સરકારે આ પ્રકારનાં રહેઠાણો તૈયાર કરવાની તાતી જરૂર છે. દરેક પ્રવાસન વિકાસ કેન્દ્રોએ ડોરમેટરીઝ સારી એવી સંખ્યામાં બાંધવી જોઈએ. જેથી આમ જનતાને લાભ મળી શકે.

પ્રવાસીઓ માટે રહેઠાણ સુવિધામાં સર્વિસ અંદરની સગવડો મહત્વનું અંગ છે. મકાનો, રૂમો, સુઘડ–સ્વચ્છ હોવા જરૂરી છે. સ્વચ્છ પાણી, વિજળી, એરકંડીશ્નર ની યોગ્ય સગવડ તેમજ સારા

વિવેકી નોકર, મેનેજર હોવા જરૂરી છે. હવે તો હોટેલ મેનેજમેન્ટની તાલીમ અપાય છે. જે તાલીમબદ્ધ માણસો વધુ પ્રવાસીઓને આકર્ષી શકે છે.

**૪.૩.૯ ભોજન વ્યવસ્થા :**

વિદેશી પ્રવાસીઓને આકર્ષવા તેમને જોઈતું, ભાવતું ભોજન મળી રહે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. તેમજ દેશના અને પ્રાદેશિક પ્રવાસીઓને અનુરૂપ સ્વચ્છ, પોષ્ટિક અને સંતોષકારક ભોજનની સગવડ હોવી અનિવાર્ય બની રહે છે. આપણે ત્યાં પ્રવાસન વિકાસ કેન્દ્રોએ બધાં જ પ્રકારના પ્રવાસીઓને ભોજન પ્રાપ્ત થતું નથી. તે આપણી ત્રૃટિ છે.

**૪.૩.૧૦ પ્રવાસન વિકાસ કેન્દ્રોનો પ્રચાર કરવો :**

ગુજરાતીમાં એક કહેવત છે કે "બોલે તેના બોર વેંચાય"–આપણે એમ કહીશું કે અમારા ગુજરાત પ્રદેશ સ્વર્ગનો અંક છે તો લોકો જોવા આવશે અર્થાત પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે પ્રચાર માધ્યમ ખૂબજ મહત્વનું છે એમ કહેવું પણ વાંધાજનક નથી. પ્રચાર એ પ્રવાસન વિકાસ માટે જીવાદોરી છે.

પ્રવાસન કેન્દ્રોના વિકાસ માટે અખબારો, હોર્ડિંગ્સ, રેડિયો, ટી.વી. તેમજ પ્રવાસ સાહિત્ય પ્રાપ્ય, જાહેરાતો દ્વારા પ્રવાસીઓને આકર્ષવા જરૂરી છે. આ પ્રચાર માધ્યમથી પ્રવાસીઓનું આકર્ષણ વધે તે માટે કશુંક નવીનીકરણ વગેરે જરૂરી છે.

**૪.૩.૧૧ વિદેશી પ્રવાસીઓ અને મહેમાનોની આગવી સગવડો :**

વિદેશી પ્રવાસીઓ માટે ખાસતો ફાઈવસ્ટાર અને એ.સી.કાર, તેમજ અન્ય વાહનો તેમજ મધ્યવર્ગીય વિદેશીઓને પોષાય તેવી રહેવા જમવાની સગવડો ઓછી છે. તેમાં વધારો કરવો જોઈએ. આવા પ્રવાસીઓની સંખ્યા ખૂબ જ વધારીને વિદેશી હુંડીયામણ કમાઈ શકીએ.

તદઉપરાંત આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સો આપણા દેશોમાં યોજાતી હોય છે. તેના કાર્યક્રમોમાં ભાગ લેતા વિદેશી મહેમાનોનાં મુકામ દરમ્યાન તેમનો કેટલોક સમય દેશના પર્યટનમાં ઉપયોગ કરે તેવું આગોતરું આયોજન કરી શકાય અને પ્રવાસન ઉદ્યોગના વિકાસમાં ફાળો આપી શકાય.

## ૪.૩.૧૨ ટૂરિઝમ ઈન્ડસ્ટ્રીના વિકાસ માટે દરિયાબીચ તેમજ દરિયાનો યોગ્ય ઉપયોગ કરવો :

ભારતદેશમાં ગુજરાત રાજયને સૌથી વધુ દરિયો પ્રાપ્ત થયેલો છે. એટલે કે ગુજરાત રાજયને ૧૬૦૦ કિ.મી. દરિયા કિનારો જે કચ્છમાં લખતરથી વલસાડમાં ઉમરગાંવ સુધીનો લાંબો રમણીય સાગર કાંઠો કુદરતે આપેલો છે. આ સાગરમાં તરતી બોટ ચલાવવી જોઈએ. જેથી પ્રવાસીઓને નવિનતા પ્રાપ્ત કરાવી શકાય તેમજ દરિયા બીચમાં સુધારા કરી શકાય. સાગરબીચમાં સ્વચ્છ, છીછરો, રમણીય જે પ્રવાસીઓને વધુ ને વધુ આકર્ષી શકે છે. તરતી બોટમાં સારી સગવડો, આનંદદાયક ચિત્ર, તેમજ મધ્ય વર્ગને પરવડે તેવો તેમનો ખર્ચ ફ્રીઝ વગેરે રાખવા જોઈએ.

તદઉપરાંત ભાવનગર નજીક અલંગમાં એશિયાના મોટા મોટા જહાજો તોડવામાં આવે છે તે પ્રવૃત્તિનો આનંદ લઈ શકે તે માટે પ્રવાસીઓને આકર્ષવા જોઈએ.
ત્યાં મોટા જહાજની અંદર એક સારી સ્વચ્છ હોટેલ બનાવવી જોઈએ. જેમાં પ્રવાસીઓ રોકાય તેમાં આનંદ કરી શકે તેમજ જહાજો તોડવાની પ્રક્રિયા જોઈ શકે. અને જહાજમાંથી સારી વસ્તુનું વેચાણ કરવા બજાર ઉભું કરીને જહાજને થોડા ગણા અંશે ખરાબ થયેલી ચીજવસ્તુની મરામત કરાવીને

તેના વેંચાણ દ્વારા આવક કમાવી શકે અને સ્થાનિક લોકોને રોજગારી પ્રાપ્ત થઈ શકે જેના દ્વારા રોજગારી, આવક અને પ્રવાસન કેન્દ્રનો વિકાસ થઈ શકે.

દરિયાઈ કાંઠા નજીક એક વિશાળ માછલીઘર બનાવવું જોઈએ. જેમાં અનેક પ્રકારની માછલીનો સંગ્રહ કરવો જોઈએ.

## **૪.૪ ગુજરાતની પ્રવાસન ક્ષેત્રે મંજિલ–ભાવિ આશાઓ અને તેની તકો :**

ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ ઈન્ડસ્ટ્રિઝ અમદાવાદ ખાતે પ્રવાસન ઉદ્યોગ સંદર્ભે મીટીંગ ભરાયેલ જેમાં ભાગ લેનાર વર્તમાન પ્રવાસન પ્રધાન સુરેશભાઈ મહેતા, સી.એન.ગુપ્તા તેમજ આશાસ્પદ રોકાણકારો, બિઝનેશમેનો જે સમગ્ર ગુજરાતમાંથી હતા. આ બધા જ મહાનુભાવોનું ઉત્સાહિત હકારાત્મક અભિગમો નીચે પ્રમાણે છે.

**૪.૪.૧** ગુજરાતે ટૂરિઝમક્ષેત્રે છેલ્લા ચારદાયકાની અંદર એક અલગ પ્રકારની સાંસ્કૃત્તિક ઓળખાણ ઊભી કરી છે. ઔધોગિકક્ષેત્રે ગુજરાતે અત્યાર સુધીમાં વિશાળ અને અસરકારક આર્થિક વિકાસ સાધ્યો છે. પરંતુ ટૂરિઝમ ક્ષેત્રે પ્રાધાન્ય આપવાની શરૂઆત હવે કરી છે. તેમ છતાં પ્રવાસન વિભાગમાં કોઈજ નોંધપાત્ર વિકાસ થયો નથી.

આપણે ટૂરિઝમ ઈન્ડસ્ટ્રીઝમાં મહત્વનો વિકાસ તો જ પ્રાપ્ત કરીશું, જો પ્રવાસ નીતિ– નિયમો પરિણામલક્ષી બનાવીશું તો, નહિંતર વિકાસની કોઈ જ શકયતા દેખાતી નથી. જેમકે ગુજરાત એન્ટર પ્રેમિયર ટેક્ષટાઈલની અંદર, કેમિકલ અને ફાર્માસ્યુટીકલ વગેરેને અંદર નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. તેવો વિકાસ ટૂરિઝમ વિભાગમાં પ્રાપ્ય નથી.

ખાનગી સંસ્થાઓ સામાન્ય રીતે સરકારની કોઈ સારી નીતિ, કોઈ લાભદાયક માર્ગ... રાહ જોઈને બેઠી છે. જયારે ગુજરાત એક અગત્યનું અને શકિતશાળી ટૂરિઝમ પોઈન્ટ તરીકે બહાર ઉભરાતું આવે છે.

**૪.૪.૨** ટૂરિઝમ ઈન્ડસ્ટ્રીમાં ધીમી પ્રગતિ એ આપણું કમનસીબ છે. જોકે, ખરેખર આ વિભાગ કે જે, આર્થિક રીતે ખૂબજ મહત્વનું પરિબળ છે. આ ક્ષેત્રમાં લગભગ ૩૦% જેટલા આંતર રાષ્ટ્રીય ધંધાનો સમાવેશ થઈ શકે તેવી શકયતા વધી છે. અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીની સંખ્યામાં દર વર્ષે લગભગ ૩% જેટલો વધારો નોંધાયેલો છે.

**૪.૪.૩** ટૂરિઝમ ડિપાર્ટમેન્ટ–માં  રોજગારીની શકયતાઓ–મહત્વ ખૂબજ વધારે છે. તેમ કહેવું જરા પણ ખોટું નથી. કોઈ ઈન્ડસ્ટ્રીની અંદર રૂ઼ો ૧૦ લાખનું રોકાણ કરવામાં આવે તો માત્ર ૧૨ લોકોને પ્રતિ રોજગારી આપી શકાય છે. જયારે ટૂરિઝમ ઉદ્યોગમાં તેટલાં જ રૂપિયાનું રોકાણ કરવામાં આવે તો ૯૦ લોકોને પ્રતિ રોજગારીની તકો ઊભી થાય છે. જયારે વર્તમાન પરિસ્થિતિમાં આર્થિક પ્રશ્નોની હારમાળામાં સૌથી ટોચનો પ્રશ્ન બેકારીનો છે. આ પ્રશ્નને દૂર કરવામાં આ .દોગ ખૂબ જ મહત્વપૂર્ણ દવા અને દુવા રૂપે પુરવાર કરી શકીએ. જો તેમનો વિકાસ કરવામાં આવે તો ?

**૪.૪.૪** જયારે આપણે તંદુરસ્ત ગુજરાતની વાત કરીએ ત્યારે પ્રવાસનક્ષેત્રનો વિકાસ જરૂરી છે. કે જે ચોખ્ખા અને પર્યાવરણની રીતે પ્રદૂષણ રહિત આ ઉદ્યોગ છે. બીજા શબ્દોમાં કહીએ તો આ ઉદ્યોગની આગવી છટા કે લક્ષણ એ કે પ્રદૂષણની ગેરહાજરી દર્શાવીને વિકાસમાં યોગદાન અર્પણ કરે છે. જેને આ એક જ ઉદ્યોગ પુરવાર કરે છે.

**૪.૪.૫** પ્રવાસન વિભાગને બે પ્રકારે ચલાવવું જોઈએ. ગ્રાહકોની (પ્રવાસીઓની) અપેક્ષાને સંતોષ આપવો અને બીજા વિભાગમાં લખીએ તો–ગ્રાહકોને આશાઓને વાસ્તવિકતામાં સાકાર કરવી.

૪.૪.૬ આપણે ટૂરિઝમ ઉદ્યોગના ધીમા વિકાસ માટે નિરાશ થવાની કોઈ જરૂર નથી. આપણી પાસે સાચી દિશા અને પ્રાથમિક જરૂરિયાત ઉપલબ્ધ છે. આપણી પાસે અસામાન્ય શકિતઓ, ઐતિહાસિક અને આર્થિક આકર્ષણો પ્રાપ્ય છે. તદ્ઉપરાંત ઊંચા પ્રકારના સાંસ્કૃત્તિક અને સામાજિક સ્થળો છે. ફકત આપણે પાયાની જરૂરીયાતો અને તેમાં ગુણવત્તાની મહેક લાવવાની જરૂર છે. ખરેખર આપણી પાસે કુદરતી અને વંશ પરંપરાગત વારસો સાપેક્ષ રીતે અતિસુંદર છે. ગુજરાતી પ્રજા ખુલ્લા હદયની અને ભોળા સમાજની છે. આપણી જિંદગી અને મિલ્કતને સારું રક્ષણ આપી શકીએ છીંએ.

આ ક્ષેત્રના પડકારોને પહોંચી વળવા એક 'એકશન પ્લાન' તેમજ ટૂરિઝમ ઉદ્યોગને આર્થિક રીતે ઉદારીકરણ રાખીએતો પડકારોનો સામનો કરી શકીએ, જોકે હવે ૨૦૦૫ થી ગુજરાત ટૂરિઝમ ઉદ્યોગ માટે સાનુકૂળતાનાં ચિહ્નો દેખાઈ રહયાં છે.

૪.૪.૭ ગુજરાતમાં ટૂરિઝમ ઉદ્યોગ માટે ૧૯૯૫ ની ગુજરાત ટૂરિઝમ નીતિની જાહેરાત પછી આ ઉદ્યોગનાં વિકાસ–રેખા ચિહ્ન દેખાઈ રહયા છે. તેમા ટેક્ષ સિવાયનું જે રાહત આપવામાં આવી છે તે ખૂબ જ મહત્વનું પગલું લીધેલ છે જેથી રોકાણકારો આકર્ષાયા છે જેથી જોઈ શકીએ વોટરપાર્ક, એમ્યુઝીમ પાર્ક, આંતરરાષ્ટ્રીય કક્ષાની હોટેલ અને રાષ્ટ્રીય હોટેલ વગેરે ગુજરાતની અંદર આવકારવા યોગ્ય થયું છે.

૪.૪.૮ છેલ્લે છેલ્લે આ મિટીંગે એક મહત્વનો 'એકશન પ્લાન' ઘડી કાઢેલ છે. આ પ્લાનની અંદર ચાવીરૂપ–સાધનો ગણીએ તો ટ્રાવેલ્સ બિઝનેશ રોકાણકારો અને સરકારનો સમાવેશ કરવામાં આવેલો છે. ચેમ્બર આ આશા સેવે છે. 'એકશન પ્લાન' એ વિકાસ માટે કાયમી પ્લેટફોર્મ બની રહે અને પ્રશ્નોનું નિરાકરણ બની રહે તે માટે એક બંદુ જ મોટું નેટવર્ક બની રહે તેવી શકયતા છે. તદ્ઉપરાંત ચેમ્બરે સંસ્થાકીય અને ભૌતિક રીતે મદદગાર બની રહેવા માટે વચન આપેલ છે.

• • •

**પ્રકરણ ૫**

# ઈકો–ટૂરિઝમ

- પ્રસ્તાવના

૫.૧ ઈકો–ટૂરિઝમની વ્યાખ્યાઓ

૫.૨ પર્યાવરણ પ્રવાસની  વિભાવના

૫.૩ ઈકો–ટૂરિઝમ ની પ્રવૃતિઓ

૫.૪ ઈકો–ટૂરિઝમ ભારત અને અન્ય દેશો

૫.૫ પરિસર (ઈકોલોજી)  અને પ્રવાસન

૫.૬ ઈકો–ટૂરિઝમની  સફળતા ની શરતો

૫.૭ શાશ્વત  વિકાસ અને પ્રવાસન

૫.૮ ઈકો–ટૂરિઝમના પ્રશ્નો :

૫.૯ ઈકો–ટૂરિઝમ માટેના માર્ગદર્શક  સૂચનો

# <u>પ્રકરણ :૫</u>

# ઈકો–ટૂરિઝમ

- **પ્રસ્તાવના :**

"ઈકો–ટૂરિઝમ" – શબ્દમાં બે ખ્યાલો સમાયેલા છે. – પર્યાવરણ અને પ્રવાસન. આ શબ્દમાં 'પર્યાવરણની જાળવણી' અને 'પ્રવાસનનો વિકાસ' બેઉને મહત્વ આપવાનો પ્રયાસ છે. પ્રવાસ પ્રવૃત્તિ, આવક કરાવનારી અને રોજગારી વધારનારી પ્રવૃત્તિ છે, તે સ્વીકાર સાથે પૃથ્વીને યથાવત્ જાળવી રાખવા માટે પર્યાવરણની સુરક્ષા થવી જોઈએ તેવો ખ્યાલ પણ મહત્વપૂર્ણ છે. આમ પૃથ્વી પરના પ્રાકૃતિક અને સાંસ્કૃતિક સ્ત્રોતની જાળવણી કરીને પ્રવાસનને પ્રોત્સાહન આપવાનો હકારાત્મક ખ્યાલ આજે સર્વસ્વીકૃત બન્યો છે.

નવપ્રચલિત એવા ઈકો–ટૂરિઝમને જો એક વાકયમાં સમજાવવું હોયતો એમ કહેવાય કે પ્રકૃતિને વિક્ષેપ કર્યા વગર, તેનો મહત્તમ ફાયદો મળે તે રીતે પ્રવાસન પ્રવૃતિનો વિકાસ કરવો તે ઈકો–ટૂરિઝમમાં પ્રવાસન પ્રવૃતિને તે રીતે વિકસાવવાનો હેતુ છે, જે સ્થાનિક પર્યાવરણને નુકશાન કરનારી ન હોય તથા સ્થાનિક લાકોને રોજગારી આપતી હોય. ઈકો–ટૂરિઝમમાં પર્યાવરણની જાળવણી, તેની સુરક્ષા અને તેના સંવર્ધનને મહત્વ આપવામાં આવે છે.

## ૫.૧ ઈકો–ટૂરિઝમની વ્યાખ્યાઓ :

"દુર્લભ અને સૌંદર્યયુકત પર્યાવરણનો પ્રચાર અને પ્રસાર કરનારી પ્રવૃત્તિ એટલે ઈકો–ટૂરિઝમ."

"ઈકો–ટૂરિઝમ એ વન્યજીવન તથા અલ્પવિકસિત પ્રાકૃતિક સ્ત્રોતને માણવાના હેતુથી કરવામાં આવતી પ્રવાસન પ્રવૃત્તિ છે."

"કૃદરતી સ્થિતિને હાનિ ન પહોચેં તે રીતે 'સંસ્કૃતિ' તથા 'પ્રકૃતિ' ને સમજવાના હેતુથી કરવામાં આવતી પ્રવાસન પ્રવૃત્તિ એટલે ઇકો–ટૂરિઝમ."

ઈકો–ટૂરિઝમના વિશ્વ પ્રવાસન સંગઠને(W.T.O.) આપેલી વ્યાખ્યા સ્પષ્ટ અને સર્વગ્રાહી છે.– "આ એવી પ્રવાસન પ્રવૃત્તિ છે. જેમાં પ્રમાણમાં ઓછો વિક્ષેપ થયો છે તેવા પ્રાકૃતિક વિસ્તારો, તેના વૃક્ષો–વનસ્પતિ પ્રાણીઓ અને તેની સંસ્કૃતિનો અભ્યાસ કરવાની, તેને સમજવાની અને તેમાંથી આનંદ પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે, ઇકો–ટૂરિઝમ પર્યાવરણ–મિત્ર પ્રવૃત્તિ છે, તેમાં પ્રકૃતિનો ઉપભોગ કરવાનો ઉદ્દેશ્ય નથી તેમાં પર્યાવરણના વિકાસનો હેતુ રહેલો છે, પ્રવાસીને ચેતનાદાયક અને ભાવસભર સંતોષ મળે તેવો હેતુ છે, પર્યાવરણ તથા પ્રવૃત્તિના તત્વોથી દેખીતો લાભ મેળવી તેના તથા તે વિસ્તારના લોકો વિકાસ થાય તે વાતને મહત્ત્વ આપવામાં આવે છે."

## ૫.૨ પર્યાવરણ પ્રવાસની વિભાવના :

અત્યારે પ્રવાસન વિશ્વનો મોટામાં મોટો ઉદ્યોગ છે. (વાર્ષિક ૩.૪ પરાર્ધ ડોલર) કોસ્તાહિકા અને બેસાઇઝ જેવાં રાષ્ટ્રોમાં પ્રવાસન વિદેશી ચલણનો મહાનમાં મહાન હિસ્સો બની ગયો છે. ગોતેમાલામાં તે બીજે સ્થાને છે. સમગ્ર વિકાસશીલ ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં સંરક્ષિત ક્ષેત્ર પ્રબંધકો અને સ્થાનિક સમૂહો પ્રાકૃતિક સંશાધન સમેતના આર્થિક વિકાસની સમતુલા જાળવવાની અનિવાર્યતા માટે સંઘર્ષ કરી રહયા છે. પર્યાવરણીય પ્રવાસન કદાચ આ નિર્ણાયક સમતુલા જાળવવાનો એક માર્ગ દર્શાવી શકે છે. સુઆયોજીત પર્યાવરણીય પ્રવાસન સ્થાનિક, સામાજિક તથા આર્થિક વિકાસ સાથે લાબાંગાળાના જૈવિક વૈવિધ્ય સંરક્ષણને સાંકળીને સંરક્ષિત વિસ્તારો તથા આસપાસના રહેવાસીઓ બંનેને લાભ આપી શકે.

પર્યાવરણીય પ્રવાસન એટલે પ્રવાસન અને પ્રકૃતિ સંરક્ષણની એવી વ્યવસ્થા કે જેમાં એક બાજુ પ્રવાસનની જરૂરિયાતો તથા પર્યાવરણની બીજી બાજુ સ્થાનિક સમૂહોની કામની જરૂરિયાતો નવી પ્રયુકિતઓ, આવક ઉત્પાદક રોજગારી તથા મહિલાઓનો બહેતર મોભો વચ્ચે સમતુલા જાળવવાની છે. ભવિષ્યમાં તેના સ્થાયી વિકાસની નિશ્ચિતતા આપતાં સાધનો તથા સંસ્થાકીય માળખાંને રૂઢ બનાવવા માટે પર્યાવરણીય પ્રવાસનના વૈશ્વિક અનુભવોનું અવલોકન કરવાની તક પર્યાવરણીય પ્રવાસન આંતરરાષ્ટ્રીય વર્ષ આપે છે. આનો અર્થ એ છે કે ઊણપો તથા નકારાત્મક પ્રભાવને રાખતાં રાખતાં પર્યાવરણીય પ્રવાસનમાંથી વધુ ને વધુ આર્થિક, પર્યાવરણીય તથા સામાજીક લાભોનો સ્વીકાર.

આતંરરાષ્ટ્રીય પર્યાવરણીય પ્રવાસન સંઘે આપેલી વ્યાખ્યા..... "પર્યાવરણીય પ્રવાસન એટલે પર્યાવરણને રક્ષતા અને સ્થાનિક લોકોના કલ્યાણને જાળવતા પ્રાકૃતિક વિસ્તારોનો જવાબદારીભર્યો પ્રયાસ"

વિશ્વપ્રવાસન સંસ્થાઓએ આપેલી વ્યાખ્યા....... "એક એવું પ્રવાસન કે જેમાં અક્ષુણ્ણ પ્રાકૃતિક વિસ્તારોનો પ્રવાસ જે પ્રકૃતિ તથા તેના રાની છોડવા અને પ્રાણીઓના તથા સાથે–સાથે આ વિસ્તારમાં મળી આવતાં સાંસ્કૃતિક પાસાંઓનાં ભૂતકાળ તથા વર્તમાનકાળ બન્નેના અભ્યાસ, પ્રંશસા તથા આનંદ માટેના વિશિષ્ટ ધ્યેય સાથે સંકળાયેલો હોય છે."

વિશ્વના સંરક્ષણ મંડળની વ્યાખ્યા પ્રમાણે (૧૯૯૬) "પર્યાવરણીય પ્રવાસન એટલે સંરક્ષણનું સંવર્ધન કરતો મુલાકાતીઓનો અલ્પ પ્રભાવ ધરાવતો અને સ્થાનિક લોકોની ઉપયોગી સક્રિય સામાજિક–આર્થિક સંડોવણી યુકત પ્રકૃતિને માણવા માટેનો પર્યાવરણીય દાયિત્વયુકત પ્રવાસ"

વિકાસશીલ સાધન તરીકે પર્યાવરણીય પ્રવાસન જૈવિક વૈવિધ્ય અંગેની પંરપરાના ત્રણ મૂળભૂત હેતુઓને વિકસાવી શકે.

(૧) સંરક્ષિત વિસ્તાર પ્રબંધ પધ્ધતિઓ (જાહેર કે ખાનગી) મજબૂત કરીને અને નકકર પર્યાવરણ પધ્ધતિઓનું મૂલ્ય વધારીને જીવ વૈજ્ઞાનિક (તથા સાંસ્કૃતિક) વૈવિધ્ય સંરક્ષવું.

(૨) પર્યાવરણીય પ્રવાસન અને સંબધિત વ્યાવસાયિક કેન્દ્ર જૂથોમાં આવક, નોકરીઓ તથા વ્યવસાય તકો ઉત્પન્ન કરી જૈવિક વૈવિધ્યના સ્થાયી ઉપયોગનું સંવર્ધન કરવું.

(૩) પર્યાવરણીય પ્રવાસન વ્યવસાયોના આયોજન તથા પ્રબંધમાં તેમની જાહેર સંમતિ તથા સંપૂર્ણ સહભાગિતા કરી સ્થાનિક સમૂહોને તળપદ લોકો સાથે પર્યાવરણીય પ્રવાસનના વિકાસોના લાભો સરખે ભાગે વહેંચવા.

સ્થાયિત્વનાં ધોરણો પર આધારિત સિધ્ધાંતો, માર્ગદર્શક રૂપરેખઓ અને પ્રમાણભૂતતા પ્રત્યે પર્યાવરણીય પ્રવાસનનો દઢ અભિગમ પ્રવાસન ક્ષેત્રમાં તેને અસમાન્ય સ્થિતિ બક્ષે છે. આ વિભાવના સહુ પ્રથમ વ્યાખ્યેય બની તે વર્ષોથી પર્યાવરણીય પ્રવાસનનાં આ ચાવી રૂપ તત્વો પર સામાન્ય સંમિત સધાઈ છે – પ્રવાસીઓને આર્કષવા સુરક્ષિત પર્યાવરણ પધ્ધિત, વિવિધ સાંસ્કૃતિક અને અલ્પ સાહસિક પ્રવૃત્તિ દરમ્યાન પ્રવાસીઓનું વિવેકપૂર્ણ, અલ્પ પ્રભાવી વર્તન નવેસરથી જેનું ઉત્પાદન ન થઈ શકે તેવાં સંસાધનોનો શકય તેટલો અલ્પતમ ઉપયોગ, તેમની પ્રકૃતિ, સંસ્કૃતિ અને તેમની નૈતિક પરંપરાઓની પ્રવાસીઓને અધિકૃત માહિતી આપી શકે તેવા સ્થાનિક લોકોની સંડોવણી અને અંતે સ્થાનિક લોકોને પર્યાવરણીય પ્રબંધની એવી સત્તાસોંપણી કે જેથી તેઓની આજીવિકાની તકો તથા શૈક્ષણિક ઘટકોના વિકલ્પ દ્વારા પ્રવાસી તથા સ્થાનિક સમૂહોને સંરક્ષણની ખાતરી આપી શકે.

પર્યાવરણીયની સાથી પ્રવૃતિ હોવાથી પર્યાવરણીય પ્રવાસનનું ધ્યેય છે. પર્યાવરણીય મૂલ્યો તથા નૈતિક સિધ્ધાંતોનું સંવર્ધન કરવાનું તથા પ્રકૃતિને ( જેવા કે ખરીદ–વેચાણ શકયતા , સ્થાનિક સ્તરે ) પ્રબંધ શકિત અને પર્યાવરણીય પ્રવાસના વિકાસ અને સંરક્ષણ વચ્ચે સ્પષ્ટ અને નિયમિત દેખરેખ કરતી કડીઓ અસ્તિત્વમાં હોય ત્યારે સુઆયોજીત અને વ્યવસ્થિત સરંક્ષણ માટેનું એક અતિશય અસરકારક સાધન પૂરવાર થયું છે.

પ્રવાસનને પ્રોત્સાહન અને પ્રવાસન સાથે સંબધિત પ્રવૃતિઓના માળખાનો વિકાસ રૂઢ પ્રથાઓ પર સામાજીક, સાંસ્કૃતિક, આર્થિક, ભૌતિક તેમજ પર્યાવરણીય એમ શ્રેણી પ્રભાવ પાડવાની જ છે. જો કે, આ જ વિકાસ સરંક્ષણ તથા સ્થાનિક સમૂહના લાભ બન્ને માટે મહત્વની તકો સર્જે છે. પર્યાવરણીય પ્રવાસનો રાષ્ટ્રીય ઉદ્યાનો અને અન્ય પ્રાકૃતિક વિસ્તારના  સરંક્ષણ માટે સવિશેષ અનિવાર્ય એવી અને અન્ય સ્ત્રોતોમાંથી કદાચ ઉપલબ્ધ ન હોય તેવી આવકો ઊભી કરી શકે.

દક્ષિણ અને અગ્નિ એશિયામાં મોટાભાગની પુરાતત્વને લગતી તથા ઐતિહાસિક વસ્તુઓની જાળવણી થાય છે. આવા અલ્પ  આવકવાળા દેશોમાં થતી આવી જાળવણીને આર્થિક રીતે વ્યાજબી ઠરાવી શકાય કારણકે તે રાષ્ટ્રો પ્રવાસીઓ માટે આકર્ષણ પૂરું પાડે છે. શ્રીલંકા જેવા કેટલાક કિસ્સાઓમાં પ્રવાસીઓ દ્વારા અપાતું પ્રદેશ શુલ્ક પુરાતત્વને લગતા સંશોધન અને તેના સંરક્ષણ માટે વપરાય છે. તદુપરાંત, પર્યાવરણીય પ્રવાસન સ્થાનિક સમૂહો માટે અન્ય થોડાક આવક ઉત્પાદન કરનારા વિકલ્પોની સાથે નભી શકે તેવા આર્થિક વિકાસના વિકલ્પોની જોગવાઈ પણ કરી શકે, વળી પર્યાવરણીય પ્રવાસન શૈક્ષણિક  સ્તરની તથા તેમને સરંક્ષણના વધુ ઉત્સાહીને સક્રિય  પ્રતિનિધિ બનાવી પ્રવાસીઓમાં  સક્રિયતાની વૃધ્ધિ કરી શકે. પરંપરાગત કલાઓ, ગૃહઉદ્યોગો, નૃત્ય, સંગીત, નાટક, રૂઢિઓ અને વિધિઓ અને પરંપરાગત જીવનશૈલીના કેટલાંક પાસાંના સરંક્ષણ તથા પુનઃ શકિત સંચરણ પ્રવાસન સાથે પ્રત્યક્ષ રીતે બંધબેસતાં  છે.

પ્રાયુકિત વ્યવસાય આયોજનને અભાવે તથા સુશિક્ષિત સ્થાનિક પ્રકૃતિ માર્ગદર્શકોનાં અભાવે, યોગ્ય વેચાણ, પ્રયુકિતઓના અભાવે, વિકાસ યોજનાઓ પર સમૂહ સંમતિ પ્રાપ્ત કરવાની રીતોના અભાવે અને માળખા આદિના અભાવે ભારતમાં પર્યાવરણીય પ્રવાસન ઉદ્યોગ વિવિધ પડકારોના સામનો કરી રહયો છે.

## ૫.૩ ઈકો–ટૂરિઝમ ની પ્રવૃત્તિઓ :

ઈકો–ટૂરિઝમ અંતર્ગત પ્રવૃતિઓમાં ટ્રેકિંગ, પર્વતારોહણ(માઉટેનિયરિંગ), પગપાળા ભ્રમણ (હાઈકિંગ), સાયકલિંગ, પક્ષીદર્શન, નૌકાવિહાર, બરફમાં લસરવું(સ્કીઈંગ), તરાપામાં બેસીને તરવું(રેફિટંગ) અને કેઈકિંગ (ઢાળામાં લાકડાની પટ્ટીઓ વડે લસરવું) વગેરેનો સમાવેશ થાય છે. જેમાં મોટાભાગની પ્રવૃતિઓમાં સાહસપૂર્ણ પ્રવાસ કેન્દ્રરૂપે રહેલો છે. પણ આ પ્રવાસન પ્રવૃતિઓમાં રોમાંચ અને પ્રકૃતિ પર જ પ્રવાસીનું ધ્યાન રહે છે. ઈકો–ટૂરિઝમમાં પ્રૌઢ અને પરિપકવ યાત્રીઓને પણ ધ્યાનમાં રાખે છે. ઈકો–ટૂરિઝમએ ટોળાબંધ નીકળતા પ્રવાસીઓ કરતા અલગ પ્રકારના પ્રવાસીઓનું ભ્રમણ છે કે સહાયક પ્રકારનું ભ્રમણ છે. સામાન્ય પ્રકારના પ્રવાસીઓ રોજીંદી દિનચર્યાથી મુકત થઈ, રજાનો સમય આનંદથી પસાર કરવા માટે ઐતિહાસિક કે પ્રવાસન સ્થળે હરેફરે છે અને પાછા ફરે છે. તેમાંના મોટાભાગના પ્રવાસીઓ, જે વિસ્તારમાં ફર્યા છે ત્યાંની પ્રકૃતિ કે સંસ્કૃતિમાંથી ભાગ્યે જ કોઈ પ્રેરણા મેળવે છે.

**<u>પ્રવૃત્તિની જૂથવાર વહેંચણી :</u>**

પ્રર્વતીય પ્રદેશની આસપાસ યોજી શકાય તેવી ઈકો–ટૂરિઝમ પ્રવૃતિને નીચેના જૂથવાર વહેંચી શકાય.

I. વન્યપ્રાણી વિસ્તાર કે પક્ષીઓ ધરાવતાં સ્થાન અથવા નેશનલ પાર્કની મુલાકાત.
II. એક સમાન રસ ધરાવતા લોકો માટે ટ્રેકિંગ, હાઈકિંગ કે સાયકલિંગ અથવા રેફિટંગ પ્રવાસ કરવાની પ્રવૃતિઓ.
III. જંગલો કે અન્ય પવિત્ર સ્થળોના પર્યટન જેમાં સ્થાનિક લોકોના ધર્મ અને સંસ્કૃતિ સમજવાજનો હેતુ ધ્યાનમાં રાખવામાં આવ્યો હોય.
IV. આ વિસ્તારના લોકોની વચ્ચે અથવા પ્રાચીન સ્થળે જઈ આસપાસના લોકોના રીતરિવાજો અને સંસ્કૃતિનું અવલોકન/દર્શન.
V. જળાશયો, ખીણો કે હિમાચ્છાદિત શિખરોની મુલાકાત.

## ૫.૪ ઈકો–ટૂરિઝમ  ભારત અને અન્ય દેશો :

જીવ વૈવિધ્ય ધરાવતાં સાત મોટા ખંડોમાં  ભારતનો સમાવેશ થાય છે. ભારતનાં  કેટલાંક રાજયોએ ઈકો–ટૂરિઝમના વિકાસ માટે અનેક પગલાંઓ લીધા છે. દા.ત.કેરાલાએ ઈકો–ટૂરિઝમનો નમૂનો રજૂ કરવા માટે  '<u>થેનમાલા ઈકો–ટૂરિઝમ પ્રમોશન સોસાયટી</u>' ની સ્થાપના કરી છે. ઉપરાંત ઈકો–ટૂરિઝમના વિકાસ માટે હિમાચલપ્રદેશ, ઉત્તરાંચલ, બંગાળ તથા અન્ય રાજયોએ વિવિધ પ્રકારની યોજનાઓ હાથ ધરી છે.

ઈકો–ટૂરિઝમના  વિકાસ માટે પર્વત અને પહાડી પ્રદેશો અનોખું મહત્વ ધરાવે છે. ઈકો–ટૂરિઝમના આયોજન માટે, પહાડો  એક પ્રભાવક સ્થળ  છે. પહાડની બેનમૂન પ્રકૃતિ, તેની ભવ્યતા અને  જાજરમાન સૃષ્ટિ શાશ્વત આકર્ષણ  સમા છે. ટ્રેકિંગ,હાઈકિંગ જેવી ઈકો–ટૂરિઝમ સાથે કરી શકાય. પહાડોમાં પશુઓ તથા પક્ષીઓની અનેક જાતિઓ વસતી હોય છે. પ્રાકૃતિક વાતાવરણમાં તેમનું અવલોકન કરવું તે માત્ર રોમાંચક જ નહિ શૈક્ષણિક અનુભવ બની રહે છે. મહારાષ્ટ્રમાં સાતપુડા પર્વતમાળામાં આવેલ ચીખલદરામાં વાઘ ઉપરાંત અનેક વન્યજીવોના રહેઠાણ છે, જે ઈકો–ટૂરિઝમ માટેનું આદશ ઉદાહરણ છે. તેમજ પશ્ચિમી ઉચ્ચપ્રદેશ તથા  કેરાલામાં ઘણાં સ્થળો આવેલા છે. જે પ્રવાસમાં આનંદ અભ્યાસ અને અવલોકન માટે સારા વિષયો બની શકે તેમ છે.

ઈકો–ટૂરિઝમ ને માત્ર કુદરતલક્ષી ન ગણવું જોઈએ.  આ પર્યાવરણલક્ષી પ્રવાસન ગરીબી નિવારણ  બેકારી નાબુદી, નવા કૌશલ્યનું નિર્માણ, મહિલાઓનો દરજ્જો વધારવો, સાંસ્કૃતિક વારસાનું જતન, એકંદરે પર્યાવરણમાં સુધારણા, વિવિધ સંસ્કૃતિઓ વચ્ચે  સંવાદને પ્રોત્સાહન તથા વધુ ન્યાયી અને યોગ્ય વિશ્વ વ્યવસ્થાના વિકાસમાં સહાયક હોવું જોઈએ– બનવું જોઈએ.

પ્રવાસન અને સંસ્કારના ક્ષેત્રે ભારત સંપૂર્ણપણે જાગૃત બન્યું છે. અંત્યત વિશાળ–વ્યાપક સાંસ્કૃતિક તેમજ પવિત્ર પ્રદેશને ઓળખ આપવમાં આવી રહી છે. પ્રવાસન કેન્દ્રો સાહસને નિમંત્રણ આપતાં પર્યટન સ્થળો, ગ્રામીણ વિસ્તાર તેમજ વન્યપ્રાણીઓ સાથે સંકળાયેલા પ્રવાસન આકર્ષણોની તમામ ભાળ મેળવી એની વિશ્વ સમક્ષ રજૂઆત થઈ રહી છે. ભારતમાં જુદા–જુદા પ્રદેશોમાં પથરાયેલા કુદરતી સૌંદર્યનો ખજાનો ધરાવતા ૫૭૨ સ્થળો, ૮૯ રાષ્ટ્રીય ઉધાનો, ૪૮૩ વન્યપ્રાણી ના અભ્યારણ્યો અને પ્રાચીન ઈમારતો તથા પુરાતત્વવિષયક સ્થળો અને શેષભાગોના ધારા હેઠળ રક્ષિત ૩૬૦૬ ઈમારતોની એક આલ્હાદપૂર્ણ પ્રવાસન નેટવર્ક ઊભું કરવામાં આવી રહ્યું છે.

ઈકો–પ્રવાસનના બે વિશિષ્ટ ઉદાહરણરૂપ અભ્યાસમાં ( કેસ સ્ટડી) (૧) ઉત્તરભારતમાં આવેલા જમ્મુ પ્રદેશોમાં સુવિખયાત વૈષ્ણોદેવીના મંદિરનો છે જયારે બીજો અભ્યાસ પશ્ચિમ ભારતમાં મહારાષ્ટ્ર રાજયમાં આવેલી અજંતા ઈલોરાની ગુફાઓને લગતો છે.પ્રવાસનના વિકાસ માટે સરકારે દેશમાં પ્રવાસન, વ્યાપાર અને ઉદ્યોગોના વિકાસ માટે કાયદાકીય માળખું પુરુ પાડવાની, પ્રવાસીઓને રક્ષણ અને સલામતીની બાહેંધરી પૂરી પાડવાની તથા પ્રવાસન માટે પાયાનું માળખું તેમજ આરોગ્ય સંભાળની વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે. ખાનગીક્ષેત્રે આ વિવિધ પ્રવૃતિઓ માટે પ્રોત્સાહક ભૂમિકા ભજવવી રહેશે. સરકાર તેમજ ખાનગીક્ષેત્રે બન્ને પ્રવાસનક્ષેત્રેમાંની સ્થાનિક વસ્તીને તથા એની પડોશના વિસ્તારમાંના લોકોના જીવનની સ્થિરતાનું રક્ષણ કરે તેમજ એના સામાજિક અને આર્થિક વિકાસમાં સહાયક બને એ આવશ્યક છે.

યુનાઈટેડ નેશન્સે (સંયુકત રાષ્ટ્રસંઘ ) વર્ષ ૨૦૦૨ ને "ઈકો–ટૂરિઝમ" વર્ષ કે "પર્વતવર્ષ" જાહેર કર્યા બાદ ઈકો–ટૂરિઝમ વિશે વધુ જાગૃતિ આવી છે. "ઈકો–ટૂરિઝમ" વર્ષ જાહેર કરવા પાછળનો હેતુ એ છે કે જાહેરસત્તાઓ, ખાનગી સંસ્થાનો અને સામુદાયિક સંસ્થાઓ જાગૃત થઈ પ્રકૃતિ તથા સંસ્કૃતિના વારસાના જતન માટે પ્રવૃત્ત થાય, આ સિવાય પર્વતીય પ્રદેશમાં થઈ રહેલા પર્યાવરણના હ્રાસ તરફ લોકોનું ધ્યાન ખેચવાનો હેતુ પણ રહેલો છે. સંયુકત રાષ્ટ્રસંઘે વ્યકત કરેલ ભાવનાનો સ્વીકાર કરી ભારત સરકારે પણ પ્રવાસન નીતિમાં આ વાતનો ઉલ્લેખ કર્યો છે. "લોકોમાં

સમજદારીની ભાવના  જાગૃત થાય, રોજગારીની તકોમાં વધારો થાય તથા આમ જનતાને આર્થિક સામાજિક લાભ પ્રાપ્ત થાય અને ભારતના પ્રાચીન ગૌરવ તથા સંસ્કૃતિ વધુ સમૃધ્ધ થાય તે પ્રવાસન પ્રવૃતિનો હેતુ છે."

જીવ વૈવિધ્યની સમૃધ્ધિ ધરાવતા માલદીવે ઈકો–ટૂરિઝમ ને સ્થાનિક લોકાના વ્યવસાય–આજીવિકા માટે એક સાધન ગણે છે. આ દેશના સતાવાળાઓ આયોજન વગરના પ્રવાસનના જોખમથી માહિતગાર છે. પ્રાકૃતિક સ્થાનોની જાળવણી માટે તેઓ કટીબધ્ધ છે. તેમજ ફિલિપાઈન્સના ઓલાંગો ટાપુ ( જે પક્ષી પ્રેમીઓ માટે સ્વર્ગ સમાન ગણાય છે.) પર દરિયાકિનારે માછીમાર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઈન્ડોનેશિયામાં "સેરમ" નામની પોપટની એક જાતિ , પક્ષીઓના વેપારના કારણે ભયમાં મૂકાઈ હતી ત્યાંની સરકારે "પક્ષીદર્શન" નામે એક કાર્યક્રમમાં પક્ષી પકડનારઓને સામેલ કર્યા આમ થવાથી પોપટ અને અન્યપક્ષીઓની સુરક્ષા મજબૂત થઈ. ઓસ્ટ્રેલિયા એ "ઈકો–ટૂરિઝમ એસોસિયેશન" નામે  એક સંસ્થા શરૂ કરી છે. જે ઉપભોકતાઓને પ્રકૃતિ આધારિત પ્રવાસ અંગે માહિતી આપે છે જાપાનની સરકારે "ફોરમ ફોર ગ્રીન ટ્રાન્સફોર્મેશન કલ્ચર" ( સંસ્કૃતિને હરિયાળી કરનારી સંસ્થા ) ની સ્થાપના કરી છે.

## ૫.૫ પરિસર ( ઈકોલોજી ) અને પ્રવાસન :

ભારતના હિમાચલપ્રદેશ, કેરાલા , કર્ણાટક, તામિલનાડુ , પોંડીચેરી, મધ્યપ્રદેશ અન ગુજરાત જેવા રાજયોમાં કુદરતી સૌંદર્ય ખૂબ જ જોવા મળે છે. આ રાજયોમાં કુદરતી પરિસર પર્યટન માટે ખૂબ સાનુકૂળ છે. ઉત્તરપ્રદેશ ઉત્તરાંચલ પૂર્વાંચલ ભારતના રાજયો પણ પોતાની વૈવિધ્યપૂર્ણ કુદરતી સંપદાને  કારણે પર્યટકો માટે આર્કષણ બની શકે તેમ છે. રાજસ્થાનની મરૂભૂમિ કે કચ્છનો રણ વિસ્તાર પણ  આગવું આકર્ષણ ધરાવી શકે તેમ છે.

અનેક વર્ષો સુધી આપણે પંરપરાગત પર્યટન મથકો પરજ લક્ષ કેન્દ્રિત કર્યું છે. તેનું પરિણામ એ આવ્યું છે કે આવા પર્યટન મથકોના કુદરતી પરિસર અને પર્યાવરણ પર વિપરીત અસર થઈ છે. આ કારણે હવે પર્યાવરણ પરિશુધ્ધ રાખીને પ્રવાસન ઉદ્યોગને કેવી રીતે ખીલવવો એ પ્રશ્ન ઊભો થયો છે. તે માટે પર્યટકોના તેમને વિવિધ અને સુવિધાપૂરી પાડનારાઓને વધારે જાગૃત કરવા પડે તેમ છે. જાગૃત આ નહિ થાય તો અનેક પર્યટકો મથકો લાંબા સમયે ઉકરડા જેવા બની જશે અને પર્યટકોની સંખ્યા સતત ઘટતી જશે.

પર્યટન મથકોમાં મોટી સંખ્યામાં ઉમટતા સહેલાણીઓ માટે પૂરતી સેનિટેશનની પાયાગત સુવિધા કે ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવાને અગ્રીમતા આપવી જોઈએ આવી સુવિધાઓની યોગ્ય જાળવણી પણ એટલી જ અગત્યની છે. વિદેશી પર્યટકો યાત્રીઓમાં નથી હોતા એટલે એ સામાન્ય અનુભવ છે. આપણા યાત્રામાં અપૂરતી પાયાગત સુવિધાને કારણે જે દુર્દશા પ્રવર્તે છે. તેનાથી સુપરિચિત છીએ. આપણા એનક તીર્થ સ્થાનો ઊંચી પહાડીઓ કે નદીતટ પર આવેલા છે. સ્વદેશી ભાવિક યાત્રીઓ ઉપરાંત વિદેશી પર્યટકોને પણ ત્યાં આવવાનું આર્કષણ થાય તે રીતે આ તીર્થ સ્થાનોની આસપાસના પરિસરને વિકસાવી શકાય તેમ છે.

રાજય સરકારે જાતે પ્રવાસન ઉદ્યોગમાં સક્રિય રીતે ઝંપલાવવાના બદલે આ ઉદ્યોગના વિકાસ માટે જરૂરી આધારભૂત માળખાકીય સુવિધાઓ ઊભી કરવા પર વિશેષ લક્ષ આપવું જોઈએ. દા.ત. પ્રવાસધામો સુધી પાકા રસ્તાઓ બાંધવા, ત્યાં પાણી વીજળી સેનીટેશનની સુવિધાઓ પૂરી પાડવી વગેરે. આ જ રીતે પ્રવાસન સ્થળોએ જે વ્યકિતઓ નાની કોટેજીસ બાંધી પ્રવાસીઓને ભાડે આપી સ્વરોજગારી મેળવવા માંગતી હોય તેને તથા નાણાંકીય સંસ્થાઓની લોન સુલભ થઈ શકે તેવી નીતિ અપનાવવી જોઈએ. પ્રવાસન પ્રવૃતિમાં ખાનગીકરણ ઉપરાંત વિકેન્દ્રીકરણને પણ આવશ્યકતા છે. વિકેન્દ્રીકરણના કારણે તે પર્યટન સ્થળોએ મોટા ઇજારદારો નહિ રહે અને સ્પર્ધાને કારણે

પ્રવાસીઓને વધુ ગુણવત્તાવાળી સેવા તથા સુવિધા પ્રાપ્ત થઈ શકશે.

યુરોપના ઘણા દેશોમાં સહેલગાહનાં સ્થળોએ ઘણાં લોકો સંપૂર્ણ સુવિધાવાળા ઘરો બાંધી પ્રવાસીઓને ભાડે આપી પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. ભારતમાં યાત્રાધામમાં પંડાઓ કે પૂજારીઓ યાત્રીઓને આવી સગવડ આપતા હતા પણ એ સમયાંતરે સમાપ્ત થઈ ગઈ.

આપણે ત્યાં આશ્રયોની જે પંરપરા છે તે વર્તમાન ઈકો–ટૂરિઝમ સાથે સાંકળી શકાય તેમ છે. હરદ્વાર, ઋષિકેશ તથા તેની આસપાસના વિસ્તારમાં આશ્રમોના સંકુલો છે. કેરાલામાં આયુર્વેદિક તથા ભારતીય ચિકિત્સા પધ્ધતિ પ્રમાણે સારવાર પૂરી પાડતાં પર્યટન મથકો છે. અને મોટી સંખ્યામાં પ્રવાસીઓ તેનો લાભ લે છે. ગુજરાતમાં પણ આવા થોડાક સારવાર કેન્દ્રો છે. જયાં પ્રવાસીઓને નિસર્ગોપચાર તથા ભારતીય ચિકિત્સા પ્રમાણે સારવાર અપાય છે. ટૂંકમાં પ્રવાસન પ્રવૃતિને કુદરતી પરિસર સાથે વધુને વધુ સાંકળવા માટે નવી દષ્ટિની આવશ્યકતા છે.

ભારતનું હવામાન પ્રવાસન ઉદ્યોગ માટે ખૂબ જ સાનુકૂળ છે. પશ્ચિમના દેશોમાં જયારે ઠંડી અસહય બની જાય છે. ત્યારે વિદેશી પર્યટકો મોટી સંખ્યામાં અહીં ઉમટે છે. ભારતમાં ચોમાસાનું પણ વિદેશી પર્યટકોને ખૂબ જ આકર્ષણ રહયું છે. ખાસ કરીને કેરાલા તથા ગોવમાં મોન્સુન ટૂરિઝમની મજા કંઈક ઓર જ હોય છે. હિંદુઓના પવિત્ર તહેવારો પણ ચોમાસામાં આવે છે. ઉનાળાના થોડાક મહિનાઓને બાદ કરતાં બાકીના સમયમાં પણ શિક્ષિત સંસ્થાઓમાં વેકેશનમાં હોવાથી સમુદ્રતટનાં તથા ઊંચી પહાડીઓ પરનાં પર્યટન મથકો પર પર્યટકો ઉમટી પડે છે.

### ૫.૬ ઈકો–ટૂરિઝમની સફળતાની શરતો :

(૧) ઈકો–ટૂરિઝમનો લાભ લેવા માંગતા લોકોને નાંના– નાનાં જૂથોમાં જ પ્રવૃત્ત કરવામાં આવે.

(૨) પ્રવાસીઓ પર્યાવરણ અગેં સભાનતા ધરાવતા હોય તથા "પ્રકૃતિને માટે પ્રકૃતિ" (નેચર ફોર નેચર્સ સેઈક ) ના સિદ્ધાંતને સમજનારા હોય.

(૩) ઈકો–ટૂરિઝમ માટે ચોકકસ વિસ્તારો નકકી કરવામાં આવવા જોઈએ એને તેની સુરક્ષા નિશ્ચિત કરવી જોઈએ.

(૪) આ પ્રદેશો પ્રાણી, વૃક્ષો, વનરાજી, સૌંદર્ય, સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાથી યુકત હોવા જોઈએ.

(૫) આ પ્રવૃત્તિ આયોજનબધ્ધ અને પર્યાવરણને ઓછામાં ઓછું નુકશાન કરે તે પ્રકારની હોવી જોઈએ.

(૬) આ પ્રવૃત્તિ સ્થાનિક લોકોને કે પ્રવાસીઓને કોઇ રીતે હાનિકારક હોવી જોઈએ નહિ.

(૭) સ્થાનિક વિસ્તારની સંસ્કૃતિ, પંરપરા અને રીત રિવાજોના જાણકાર હોય તેવા સ્થાનિક લોકોને તેમાં સામેલ કરવા જોઈએ જેથી પ્રવાસીઓની જિજ્ઞાસા સારી રીતે સંતોષવામાં મદદ કરે.

(૮) ઈકો–ટૂરિઝમના વિકાસ અંગેની ખોટી સમજણો દૂર કરવી જોઈએ.

(૯) પ્રવાસીઓ પાસેથી વ્યાજબી દરની પ્રવેશ ફી વસૂલ કરવી જોઈએ.

(૧૦) ઈકો–ટૂરિઝમ વિસ્તારને આવક જે પ્રાપ્ત થાય તેનો અલગ હિસાબ રાખવો જોઈએ અને તેનો ઉપયોગ તે સ્થળની જાળવણી તથા સામુદાયિક વિકાસના કાર્ય માટે જ કરવો જોઈએ.

(૧૧) પ્રવાસી ઇકો–ટૂરિઝમ અતંર્ગત પ્રવૃત્તિઓમાં જરૂરી સૂચનાઓ જેવી કે, કચરો તેના માટેના ડબ્બામાં જ ફેંકે, શકય બને તો રાંધ્યા વગર જ ખાઈ શકાય તેવી ચીજોના ઉપાયોને પ્રોત્સાહન આપવું વગેરે

(૧૨) શકય હોય ત્યાં સુધી એવી વ્યવસ્થા પંસંદ કરો જયાં કેરોસીન અથવા બળતણની અવેજીમાં ચૂલાનો ઉપયોગ કરી શકાય.

(૧૩) ફોટા પાડતી વખતે તેની ગોપનીયતા જાળવો, રજા માંગો અને નિયમનો અમલ કરો.

(૧૪) કેમ્પસાઈટ છોડો ત્યારે તે સંપૂર્ણ સાફ અને ચોખ્ખું કરીને છોડવી જોઈએ.

અંતમાં, ઈન્ટરનેશલન ઈકો–ટૂરિઝમ સોસાયટીના અધ્યક્ષ **સુશ્રી મેગન એટલર વૂડ**ના કહે છે. "ઈકો–ટૂરિઝમની કામગીરી પર્યાપ્ત ભંડોળ સાથે અમલી બનવી જોઈએ. આયોજન કરનારી સંસ્થાઓએ આ પ્રવૃતિને વિકાસનું એક માધ્યમ સમજીને તેનો સ્વીકાર કરવો જોઈએ."

## ૫.૭ શાશ્વત (ટકી શકે તેવો ) વિકાસ અને પ્રવાસન( Sastainable development ) :

જે વિકાસ વિનાશ તરફ નહીં પરંતુ માનવ કલ્યાણની વૃધ્ધિ તરફ દોરી જાય તેવો વિકાસ આ વિકાસ સમૃધ્ધિની સાથે સાથે માનવ કલ્યાણ અને માનવ સ્વાસ્થ્યને પુષ્ટ કરે તેવો વિકાસ એ શાશ્વત વિકાસ છે. બીજા શબ્દમાં, કુદરતી પર્યાવરણના વિવિધ ઘટકોનો ખૂબજ મર્યાદિત પ્રમાણમાં અને વિવેકપૂર્ણ ઉપયોગ કરીને તેને ઓછામાં ઓછું નુકશાન પહોચાડવામાં આવે છે.

જો વર્તમાન વલણ ચાલુ રહે તો પર્યાવરણલક્ષી પ્રવાસનની હાલની પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થવાની સંભાવના નથી. નૈતિક સિદ્ધાંતોની વૈશ્વિક આંચરસહિતાની ત્રીજી કલમમાં એવું સૂચવાયું છે કે "પ્રવાસનના વિકાસમાં રસ ધરાવતા સહુકોઈને સંગીન, એકધારા અને ટકી શકે એવો આર્થિક વિકાસ હાંસલ કરવાના ઉદ્દેશથી પ્રાકૃતિક પર્યાવરણનું રક્ષણ કરવું જોઈએ જેથી વર્તમાન તેમજ ભવિષ્યની પેઢીઓની જરૂરીયાતો તથા આકાંક્ષાઓ સમાન રીતે સંતોષી શકાય."

**બ્રુન્ડરલેન્ડ કમિશને** એ વાત ઉપર ખાસ ભાર મૂકયો છે કે એકધારા – ટકી શકે એવાં વિકાસમાં, વિકાસની મૂળભૂત બાબતોમાં પરિવર્તનની જરૂર છે. અને તેમાં ભૌતિક પાસાં ને ઘટાડવાની તથા ઊર્જા નો ઘનિષ્ટ ઉપયોગ ઓછો કરવાની અને બીજી તરફ એના પ્રભાવમાં એને વધુ ન્યાયી – સમાન બનાવવાની આવશ્યકતા છે. આ પરિવર્તનની તમામ દેશોમાં જરૂર છે. પર્યાવરણીય મૂડી

સાધનોનો  સંગ્રહ જાળવી રાખવાનાં  પગલાંના પેકેજના ભાગરૂપે આવકની વહેંચણી સુધારવા માટે તથા આર્થિક કટોકટીના સંદર્ભમાં એની નિષ્ફળતા ઘટાડવા માટે આ જરૂરી છે.

## ૫.૮ ઈકો–ટૂરિઝમના પ્રશ્નો :

**વૈશ્વિક સ્તરે** હવામાનમાં બદલાવ, જૈવિક વૈવિધ્યતાની જાળવણી, તાજા જળસ્ત્રોતો, પર્યાવરણીય પ્રવાસન, સાંસ્કૃતિક વારસો વગેરેની ચિંતા રહે છે, જયારે **પ્રાદશિક સ્તરે** વેપાર, ઊંચીભૂમિ અને નીચી જમીન વચ્ચે જોડાણ, જળસ્ત્રોત વિકાસ, સ્થળાંતર, નદી–ખીણ વ્યવસ્થાપન વગેરે મહત્વના પ્રશ્નો બની રહે છે. **રાષ્ટ્રીય સ્તરે** જાળવણી અને વિકાસ માટે નીતિઓના કાયદાઓ, રાષ્ટ્રીય વ્યૂહરચનાઓ, આયોજન અને કાર્યક્રમ ઘડવામાં કામગીરી કરવાની રહેશે. જયારે **સ્થાનિક પાયાના સ્તરે** જો કે લોકો , મહિલાઓ, સમાજો, સ્થાનિક અર્થતંત્ર, રોજીરોટી, સંસ્કૃતિ જાળવણી અને પ્રાકૃતિક સંપદાના વિકાસને કેન્દ્રસ્થાન આપવાનું રહેશે. અત્રે અમુક મહત્વના પ્રશ્નો પસંદ કરીને રજૂ કરવામાં આવ્યા છે.

### I. <u>બરડ પરિસ્થિતિ વિજ્ઞાન પદ્ધતિ :</u>

સીધા ઢોળાવ અને તીવ્ર હવામાન પરિસ્થિતિના કારણે ભેખડ ધસી પડવી, પોષક તત્વોનું ધોવાણ અને મોટાપાયે જમીન ધોવાણ થાય છે અને તેના કારણે પરિસ્થિતિ વિજ્ઞાન પદ્ધતિ અત્યંત નાજુક બની રહે છે. આ ઉપરાંત પહાડની ઊંચાઈમાં જતા ઝડપી બદલાવના કારણે અત્યંત સાંકડી પટ્ટીમાં વિશિષ્ટ પર્યવતીય વસવાટો ઊભા થાય છે.આ વસવાટો સહેલાઈથી છિન્નભિન્ન થઈ શકે છે. જેના કારણે જમીન કે અન્ય સંસાધનોનું વધુ પડતું શોષણ થાય છે.

### II. <u>પર્વતીય પરિસ્થિતિ વિજ્ઞાન પદ્ધતિની બહુવિધ કામગીરીને ટેકો આપવો :</u>

પર્વતીય પરિસ્થિતિ વિજ્ઞાન પદ્ધતિ હવાના જથ્થામાંથી ભેજ પકડીને જળ ઘટનાચક્રમાં મહત્વની ભૂમિકા ભજવે છે. ઉપરાંત પર્વતો જળવિધુતઊર્જા, બળતણ અને ઈમારતી લાકડા, ખનીજો અને ધાતુઓ અને જૈવિક વિવિધતા માટેના ભંડારોના સ્ત્રોતો છે.

દીર્ઘકાલીન પર્વતીય વિકાસ પ્રોજેકટો પર્વતીય પરિસ્થિતિ વિજ્ઞાન પદ્ધતિને કોઈપણ જાતનું નુકશાન પહોંચાડયા વગર પહાડી ઈકો પદ્ધતિની બહુવિધ કામગીરીને ટેકો આપવાનું ચાલુ રાખે એ જરૂરી છે. દા.ત. ખાણકામના કારણે જમીન વનસ્પતિ વિનાની બની ગઈ છે,અને સૂકાભાટ અને ગૌણ વિસ્તારોના કારણે જળમાર્ગો પ્રદૂષિત બને છે.જેથી જમીનનું ધોવાણ સરળ બની જાય છે.

## III. <u>જૈવિક વૈવિધ્યતા જાળવણી :</u>

પર્વતીય રેંજ પરિસરોના માળખાના બાંધકામ દ્વારા વિશાળ જૈવિક વિસ્તારોની જાળવણી માટે સરહદને પેલેપારનો એટલે કે બે દેશો વચ્ચેનો સહકાર જરૂરી છે. સાગર મથ્થા વિસ્તાર ( એવરેસ્ટ શિખર) ના વ્યવસ્થાપન માટે નેપાલ અને ચીન ( તિબેટ સ્વાયત્ત ક્ષેત્ર) વચ્ચે ભાગીદરી જરૂરી છે. પહાડી ક્ષેત્રમાં જૈવિક વૈવિધ્યતના સંરક્ષણ અને જાળવણી માટે સ્થાનિક લોકો ની ભાગીદારી અનિવાર્ય છે. દીર્ઘકાલીન ઇકો–પધ્ધતિના વ્યવસ્થાપનની ખાતરી માટે પરંપરાગત પદ્ધતિઓ સાથે ભળી જતી નવી કૃષિ ટેકનોલોજીઓને અમલમાં મૂકવામાં આવી રહી છે. આ બધું સરહદની પેલે પારથી પર્વત પદ્ધતિના વિકાસ અને જાળવણી માટે સમજદારી, સહકાર અને શાંતિની કલ્પનાથી શકય છે.

## IV. <u>સંકલિત પર્વત વિકાસ આંતરરાષ્ટ્રીય કેન્દ્ર :</u>

હિન્દુકુશ હિમાલય દીર્ઘકાલીન વિકાસ પ્રાદેશિક કાર્યક્રમ ( ૧૯૯૯–૨૦૦૨ ) નું મુખ્ય ધ્યેય પહાડી પ્રદેશના લોકોની ગરીબી ઘટાડવાનું અને અવિરત આજીવિકા પૂરી પાડવાનું છે. જેમની સૂચિત પ્રવૃતિઓમાં સીમાંત નાની જમીન માટે ખેતર પરનું ખાતર જળ ન્યુટ્રીસન્ટ વ્યવસ્થાપન અને સંલગ્ન ટેકનોલોજી , મૂલ્ય વર્ધક ચીજવસ્તુઓ અને સાહસો,આવક અને રોજગારીની તકોનું વૈવિધ્યીકરણ, માળખાકીય સુવિધાઓ વગેરેનો સમાવેશ થાય છે.

## V. <u>મુકત અર્થતંત્રો અને વૈશ્વિકરણ :</u>

બજારલક્ષી પદ્ધતિઓ ટૂંકી મુદતના વાણિજયીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમની અસર ઘણા પહાડી વિસ્તારોમાં પરંપરાગત સંસ્કૃતિ અને સામાજિક પ્રચલિત રિવાજો પર પડે છે. જે વિસ્તારમાં નવી તકોના પ્રાદુર્ભાવ વિના પરંપરાગત ઉત્પાદન તકો રૂંધાય છે.ત્યાં આ ભંગાણ વધુ ઉગ્ર બને છે. નવા પ્રોત્સાહનો, ટેકનોલોજીઓ, બજાર પ્રધાન અર્થતંત્રમાંથી ઉદ્ભવતો માળખાકીય અને સંસ્થાકીય ટેકો વગેરે નીચાણવાળા ક્ષેત્રોમાં, પહાડીક્ષેત્રોમાં જરૂરી માલસામાનના સઘન ઉત્પાદનને વેગ આપશે અને તેના દ્વારા પહેલા મેળવવામાં આવતા લાભોને વિપરીત અસર થાય છે. તેમજ જળવિદ્યુત  વિકાસ, રાષ્ટ્રીય ઉદ્યાનો, વન્યસંપદા જાળવણી–રીઝર્વેશન અને પ્રવાસન આશ્રયો વગેરે પહાડી લોકોને તેના પરંપરાગત સાધનોથી વંચિત કરે છે.

## VI. ઊંચાણવાળા પ્રદેશો અને નીચાણવાળા પ્રદેશો વચ્ચે પરસ્પરાવલંબન :

પહાડી પ્રદેશોના લોકોને સંસાધનો અને સેવાઓના શોષણના બદલામાં યોગ્ય વળતર મળી રહે, ઊંચાણ અને નીચાણવાળા પ્રદેશો વચ્ચેની આર્થિક સંલગ્નતા અને પરસ્પરાવલંબન મુખ્યત્વે આ વિસ્તારોની પ્રાકૃતિક સંસાધન બક્ષિસ અને આ  ફેરફારો દ્વારા સર્જાતા  સંભવિત વેપાર તફાવતમાંથી ઉદ્ભવે છે.આ આંતરસંબંધો પર માળખાકીય અને સંસ્થાકીય વ્યવસ્થાઓ અને તુલનાત્મક–ટેકનોલોજીકલ અને માનવીય કાર્યક્ષમતાઓનો પ્રભાવતી અસર પડે છે. જેથી પહાડી લોકોને વેપારની પ્રતિકૂળ શરતોના કારણે ભોગવવું પડે છે.

## VII. પર્વતીય વિકાસ અને જાળવણી ક્ષેત્રે મૂડીરોકાણ :

પહાડી વિસ્તારનો વિકાસ, ઉચ્ચ જોખમ, મૂડીરોકાણ શોષવાની નીચી ક્ષમતા, મૂડીરોકાણને તકો સાથે અનુકૂળ કરવા માટેના સુદ્રઢ તંત્રની ગેરહાજરી અને રોકાણ માટેની મૂડીની તંગી વગેરેને કારણે અવરોધાય છે.મૂડીરોકાણ માટે ફાજલ રકમ પ્રાપ્ય હોય ત્યારે વધુ સારી તકો નીચાણવાળા પ્રદેશોમાં પ્રાપ્ત થાય છે. અને તેથી જ ખાસ કરીને પહાડી લોકોના સ્થળાંતર સાથે મૂડીનું વલણ પહાડી વિસ્તારોથી બહાર જવાનું રહે છે.

## VIII. રોજીરોટીની તકો સુધારવી :

પહાડી પ્રદેશોમાં રહેનારઓ વિશ્વના સૌથી ગરીબ લોકોમાં સ્થાન પામે છે. પહાડી લોકોનું કૌશલ્ય વધારવા માટે તેમનું જીવન ધોરણ ઊંચુ કરવા માટે સવલતો ઊભી કરવાની તાતી જરૂર છે. અને તે લોકોની આર્થિક તકોના વિકાસમાં સુધારો થાય તે માટે પહાડીપ્રદેશો અને સપાટ પ્રદેશો વચ્ચે થતાં સંસાધનોના સંરચણની સમજ મહત્વની છે.

## IX. મહિલા અને બાળકો નો દરજ્જો :

પહાડી ક્ષેત્રની મહિલા અને બાળકો દ્વારા સામનો કરવામાં આવતા પ્રશ્નો આ વિસ્તારની કઠોર ભૌગોલિક પરિસ્થિતિને કારણે અનેક ગણી વધી જાય છે. એસ એમડી નું ગ્રામીણ વિસ્તરણ અને આરોગ્ય અને શિક્ષણ જેવી સામાજિક સવલતો પહાડી સમાજના ઘર આંગણે પહોંચાડવામાં મહિલા અને યુવાનોની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે.

પહાડી પ્રદેશોમાં રોજીરોટી કમાવા માટે પુરૂષ વર્ગનું થતું આંશિક અને સ્થાયી સ્થળાંતર આ વિસ્તારની મહિલાઓ અને બાળકો પર અસર કરે છે. લોકોએ જીવનનિર્વાહ માટેના ખેતરો અને ઘરગૃહસ્થીની જવાબદારી સંભાળવાની રહે છે. મહિલાઓને ફકત મર્યાદિત થાપણ અને લોન સવલતો કૃષિ વિસ્તરણ અને અન્ય સેવાઓ જ પ્રાપ્ત થાય છે. પુરુષોના બહાર રહેવાના કારણે બાળકો પર ઢોર ચરાવવા અને અન્ય ઘરેલું કામ જેવી વધારાની જવાબદરી પણ રહે છે. જે તેના શિક્ષણને અસર કરે છે.

## X. સાંસ્કૃતિક અખંડિતતા :

પહાડી સમાજો, પ્રવર્તમાન ભૌગોલિક પધ્ધતિને અનુકૂળ રહી શકે તેવી કૃષિ સંરચના અને જમીન ઉપયોથ પદ્ધતિઓ વિકસાવી છે અને તેમાંથી તેને રોજીરોટી પણ મળી રહે છે. લાંબાગાળે સ્થળાંતર દ્વારા આ સંરચનાઓ અને માળખાઓ એક વિશિષ્ટ પર્વતીય નૃવંશ સંસ્કૃતિનું રૂપ ધારણ કરે છે. આપણી સામે આજે આ પ્રશ્નને તેની સંસ્કૃતિના વિશિષ્ટ તાણાવાણાનો નાશ કર્યા વિના વ્યાપક ધ્યેય

હાંસલ કરવા, કાબેલ બનાવવાનો પડકાર રહેલો છે. ( તેની સંસ્કૃતિના વિશિષ્ટ તાણાવાણામાં સ્થાનિક લોકકથાઓ, નૃત્ય, રૂઢિ અને પરંપરા ગણી શકાય.)

તાજેતરમાં બહારના વિશ્વ સાથે વધુ સંપર્કમાં આવવાના કારણે આવા સમાજની આકાંક્ષાઓ વધી છે. અને તેઓ બદલાવ માંગી રહયા છે. ટૂંકમાં આ બાબત સંસાધન ઉપયોગમાં ક્રાંતિકારી કાયાપલટ, નવા ઉત્પાદનોને અપનાવવા અને સંસ્થાકીય માળખોઓ અને જોખમ–જવાબદારી ઉપાડનારી વ્યવસ્થા વગેરેને આવરી લે છે.

## XI. સ્થાનિક લોકોના અધિકારોની સુરક્ષા :

આજે આપણી સમક્ષનો સૌથી મોટો પડકાર પહાડી પ્રજામાં મોટા ભાગે મૌખિક રીતે જાળવી રાખવામાં આવેલ પ્રાચીન વિદ્યા,રૂઢિઓ, વલણ અને સંસ્કૃતિનું સંરક્ષણ કરવાનો છે. સ્વદેશી પ્રજાના અધિકારોને માન્યતા આપવાની અને આ લોકોની તેમની પૈતૃક જમીન, સંસ્કૃતિ અને પરંપરાનો આર્થિક લાભ મળી રહે તેટલી સત્તા આપવાની જરૂર છે. જરૂર પડે તો ૧૯૮૬ માં ફિલીપાઈન્સમાં કાયદો ઘડવામાં આવ્યો હતો તેમ કાયદો ઘડીને સત્તા આપવાની છે. આ કાયદાએ માનવીય અધિકારોને લગતી બાબતોના નવા યુગનો આરંભ કર્યો હતો અને વહીવટ સત્તાઓના ઉપયોગ દ્વારા વિસ્થાપિત વ્યકિતઓ, કુટુંબો અને સ્વદેશી જૂથોની કાયદેસરની પ્રાચીન ભૂ–સંપિતના દાવાઓને માન્યતા આપે છે. અને પ્રચલિત જાણકારી રૂઢિઓ અને સંસ્કૃતિને અનુરૂપ જમીન વ્યવસ્થાપન માળખુ પૂરું પાડે છે.

## ૫.૯ ઈકો – ટૂરિઝમ માટે ના માર્ગદર્શક સૂચનો :

પર્યાવરણ અને જીવસૃષ્ટજન્ય સંતુલન ફરી ઊભું કરવા માર્ગદર્શક સૂચનો .....

૧) વૃક્ષો કે વનોમાં થઈ રહેલો ઘટાડો, ખાસ કરીને આપણી નજીકના સ્થળથી શરૂ કરીને છેક દૂરનાં પર્વતીય સ્થળો સુધી કયાંય પણ, અટકાવવા માટે પોલાદી ઈચ્છાશકિતથી અને ગંભીરતાથી પ્રયાસો કરવા પડશે.

૨) પર્વતીય પ્રવાસન સ્થળોની અસલ સુંદરતા પાછી લાવવા સઘન વનીકરણ કાર્યક્રમો શરૂ કરવા પડશે. આપણી તમામ ગિરિમાળાઓ, પછી તે હિમાલય હોય કે ઈશાન ભારતની ટેકરીઓ, પૂર્વઘાટ હોય કે સાતપુડા અને વિંધ્યાચળ, અરવલ્લી કે સૌરાષ્ટ્રના પાંચાળની ટેકરીઓ હોય કે ગિરનારની ટેકરીઓ, તમામને પડેલા ઘાવ રૂઝવવા વનોને ઠંડો મલમ લગાડવાની સખત જરૂર છે.

૩) એવી જ તાતી જરૂરિયાત હાલના કે સૂચિત ગ્રીનબેલ્ટ વિસ્તારોમાં કદાચ પુરેપૂરી રોકી ન શકાય તો ઓછામાં ઓછું વધુ મકાન નિર્માણની પ્રવૃત્તિમાં શકય હોય તેટલો ઘટાડો કરવાની જરૂર છે. આપણા હિલ સ્ટેશનો અને તેની આસપાસના વૃક્ષો વિનાના ઉજજડ પ્રદેશોને જોતાં મકાન બાંધવાની પ્રવૃત્તિ રોકવાની તીવ્ર જરૂરિયાત આજ જેટલી પહેલાં કયારેય નહોતી.

૪) યોગ્ય રીતે નિયંત્રિત પ્રવાસનના પ્રોત્સાહન માટે પાયાની આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવાનો આપણો મુખ્ય હેતુ હોવો જોઈએ.

૫) આપણી વાણિજિયક પ્રવૃત્તિઓના વ્યવસ્થિત નિયમનની પણ એટલી જરૂર છે. આપણા હિલ સ્ટેશનો અને તેની આસપાસના પ્રદેશોમાં શકય હોય ત્યાં સુધી સ્થાનિક હસ્તકળા કારીગરી સહિતની સ્થાનિક પેદાશો આધારિત જ આર્થિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું જોઈએ જેથી સ્થાનિક લોકકળા અને લોકસંસ્કૃતિને તેના મૂળ સ્વરૂપે પર્યટકો માણી શકે. પરિણામે પર્યટકોને સંસ્કૃતિની વિવિધતાની ઝલક જોવા–જાણાવા મળશે અને જે તે વિસ્તારની લોક

સંસ્કૃતિ તેના પ્રાચીન છતાં શુધ્ધ સ્વરૂપમાં ચેતનવંતી રહી શકશે. આ હેતુથી પર્યટન સ્થળોએ સંસ્કૃતિ અને લોકકળાના વાહકો એવા આપણા કલાકારો અને કારીગરોને પૂરતી રોજીરોટી પણ મળશે જેથી તેઓ અન્ય વ્યવસાય તરફ નહીં આકર્ષાય.

૬) સ્થાનિક પેદાશો ઉપરાંત સંસ્કૃતિ અને કળા–કારીગરોને પ્રોત્સાહન આપવાના હેતુથી કરાતી આર્થિક પ્રવૃત્તિઓને શકય હોય તેટલો મહત્તમ ટેકો મેળવો જોઈએ.

૭) પ્રવાસન પ્રવૃત્તિ વિકસાવતી વખતે પર્યાવરણ અને જીવસૃષ્ટિના જતન માટે જરૂરી પાયાનું આંતરમાળખું અને સગવડનો પૂરો ખ્યાલ રહેવો જોઈએ. કેન્દ્ર અને રાજયોનાં પ્રવાસન વિકાસ નિગમોએ આ બહુ મહત્ત્વના પ્રશ્ને ખાસ ધ્યાન આપવું પડશે. જો કે પર્યાવરણ રક્ષક આંતરમાળખાની જોગવાઈ માત્રથી આ સમસ્યા ઉકલી નહીં જાય. જેનો સાચો ઉકેલ સમજુ નાગરિક તરીકે પાયાની સુવિધાઓનો યોગ્ય વપરાશ કરીએ તેમાં છે. આ દિશાની શરૂઆત યોગ્ય શિક્ષણથી જ કરી શકાશે.

૮) પર્યાવરણીય દ્રષ્ટિએ ખરેખર દુર્ભાગ્યપૂર્ણ હોવા છતાં પ્લાસ્ટિક કે પોલીથીનની થેલીઓના વિકલ્પે વાપરી શકાય અને ફેંકી દેવાથી આપોઆપ સડી જાય એવી સામગ્રી શોધવાના પ્રયાસો છે. માત્ર નિસર્ગ–પ્રવાસનના સંદર્ભમાં જ નહી, પરંતુ આપણી રોજબરોજની જિંદગી માટે પણ આ બધાના વિકલ્પે વાપરી શકાય અને ફેંકી દેતા કોહવાઈનેં માટીમાં મળી જાય એવો કોઈ પદાર્થ શોધવાની સખત જરૂર છે.

આમ, ભારતને ભૌગોલિક અને હવામાનની વ્યાપક વિવિધતાના કારણે સૌથી સમૃધ્ધ જીવસૃષ્ટિ અને વનસૃષ્ટિની બક્ષીસ મળી છે, આ દ્રષ્ટિએ વિશ્વમાં સર્વશ્રેષ્ઠ બનવાની ભારતમાં પૂરી સંભાવના છે.પરંતુ રાષ્ટ્રના નાગરિકે નૈસર્ગિક સૌંદર્ય અને જીવસૃષ્ટિને તેના મૂળસ્વરૂપમાં રાખવા તેનું કાળજીપૂર્વક જતન કરવાની ફરજ છે.

• • •

## પ્રકરણ : ૬

# ગુજરાતના પ્રવાસન કેન્દ્રોની માહિતી

- પ્રસ્તાવના

૬.૧ પ્રવાસન કેન્દ્રો

1. કેવળ પ્રાકૃતિક સૌંદર્ય સ્થળો
2. ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા સ્થળો
3. ધાર્મિક સ્થળો

## <u>પ્રકરણ : ૬</u>

# ગુજરાતના પ્રવાસન કેન્દ્રોની માહિતી

- **<u>પ્રસ્તાવના</u> :**

ભારતમાં ગુજરાત રાજય એ વિહારધામો, ઐતિહાસિક સ્થળો અને ધાર્મિક સ્થાનો સાથે પ્રકૃતિના ચાહકો માટે અનેરૂં આકર્ષણ પૂરૂં પાડતું રાજય છે. દેશમાં સૌથી લાંબો દરિયાકીનારો ધરાવતા આ રાજયને ઉત્તર અને પૂર્વમાં પહાડો અને દક્ષિણમાં અપ્રતિમ વન્યસૃષ્ટિ છે. કચ્છ જેવા ઊંડાણના શહેરી સંસ્કૃતિથી અલિપ્ત પ્રદેશ પણ છે અને અમદાવાદ, બરોડા જેવા આધુનિક શહેરો પણ છે. હસ્તકલા, કારીગીરી અને જાત મહેનત પર નભતા લોકો પણ છે અને વિશ્વમાં નિકાસ કરી ગુજરાતનું ગૌરવ વધારનાર ‘State of the art’ જેવા અતિ આધુનિક ઔદ્યોગિક એકમો પણ છે.

ઈતિહાસની દષ્ટિએ નાના મોટા એકસો રજવાડાં અને રાજવીકુળોના ખમીર છે. મંદિરો, મહેલો, કિલ્લાઓ, સમાધિ વગેરેની પાછળ આગવાં કથાનકો રહેલા છે. વાવ–કૂવા અને તળાવોની આગવી સંસ્કૃતિ છે. હસ્તઉદ્યોગ જેવી કલા હોય કે પછી લોકગીત દુહા–છંદ, રાસ ગરબા જેવી લલિત કલા હોય આ બધું જ ગુજરાતની પ્રજામાં જોવા મળે છે.

### ૬.૧ <u>પ્રવાસન કેન્દ્રો</u> :

પ્રવાસનની દષ્ટિએ ગુજરાતને ત્રણ વિભાગોમાં વહેંચી શકાય છે, જેમકે

૧. કેવળ પ્રાકૃતિક સૌંદર્ય સ્થળો

૨. ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા સ્થળો

૩. ધાર્મિક સ્થળો

ઉપરોક્ત વિભાગના સંદર્ભમાં પ્રવાસન કેન્દ્રોનું વર્ગીકરણ નીચે મુજબ છે.

## ૬.૧.૧ કેવળ પ્રાકૃતિક સૌંદર્ય સ્થળો :

### (૧) સાસણગીર:

એશિયાઈ સિંહોનું એકમાત્ર સ્થાન ગીર જંગલ છે, તેમ કહેવામાં જરા પણ અતિશયોકિત નથી. સાસણગીર એ જુનાગઢ જિલ્લામાં આવેલું છે. ગીર જંગલ એ લગભગ ૧૫૦૦ ચો. કિ.મી. વિસ્તારમાં પથરાયેલા ગીર અભયારણ્યમાં ૩૫૦ જેટલા સિંહ–સિંહણોને કુદરતી જીવન જીવતા જોઈ શકાય છે. આમાંથી લગભગ ૨૫૦ ચો. કિ.મી. જેટલા વિસ્તારમાં રાષ્ટ્રીય ઉધાન બનાવવામાં આવ્યું છે, જયાં સહેલાણીઓને સિંહ દર્શન કરાવાય છે. માત્ર ચોમાસા દરમ્યાન જ આ ઉધાન બંધ રખાય છે.

સિંહ ઉપરાંત ગીરના જંગલોમાં ચિત્તા, દિપડા, ઝરખ, રીંછ, વાંદરા, સાબર, ચિત્તળ, નીલગાય (રોઝ), ચિકાર્ડા, કાળીયાર અને અજોડ એવા ચોસીંગા જેવા નાના પ્રાણી તેમજ અનેક પંખીઓનો વૈભવ પથરાયેલો છે. અભયારણ્યમાં જ ઊભું કરવામાં આવેલું મગર ઉછેર કેન્દ્ર પણ જોવાલાયક છે. રાષ્ટ્રીય પક્ષી મોર પણ અહીં અસંખ્ય જોવા મળે છે.

વન્ય જીવો ઉપરાંત વનસ્પતિના ચાહકો માટે પણ ગીરનું જંગલ આકર્ષણનું કેન્દ્ર છે. ઊંચા ઊંચા સાગ–સીસમના ઝાડની સાથે વાંસ, બોરડી, જાંબુ, આમળા, વિકળો, ટીમરૂ જેવા અનેક વૃક્ષો છે, તો જડીબુટીઓ તરીકે કામ આવતી પાર વિનાની ઔષધિઓ આજે પણ રહી છે. ગીરનારની પરિક્રમા કરનારાઓને કશાકનો ઘા વાગે તો માત્ર લૂંછવાથી કે માત્ર રસ ચોપડવાથી જ ઘા જાય તેવી ઔષધિઓ ગીરમાં કેડીના કાંઠે મળી આવે છે.

સાસણગીરના પર્યટનને .... તુલસીશ્યામમાં ગરમ પાણીના ઝરા, સત્તાધાર, કનકેશ્વરી માતા, કમલેશ્વર અને મૂળ આફ્રિકી હબસીઓને વસાહત શીરવાણ પર જોવાનો લ્હાવો લેવા જેવો છે.

## (૨) અહેમદપુર–માંડવી :

જુનાગઢ જિલ્લામાં આવેલું દિવ નજીક જ આ સ્થળ તેના પ્રાકૃત્તિક વાતાવરણ અને નિરવ શાંતિ ઝંખતા પર્યટકોનું માનીતું વિહાર ધામ છે. જે મૂળ જુનાગઢના નવાબે બંધાવેલું છે. વર્તમાનમાં ઘણા પરિવર્તન પણ થઈ ચૂકયા છે. ખૂબ જ સુંદર દરિયાઈ સૌંદર્યનો આનંદ માણવા માટે દેશના સર્વશ્રેષ્ઠ વિહાર ધામોમાંનું એક અહેમદપુર–માંડવી છે. અહીં ઉતરવા માટે બાદશાહી ઠાઠવાળા પર્યટક બંગલાઓ છે. તો ઓછા ખર્ચે આંનદ માણવા ઈચ્છનારને ડોર્મેટરીઝની સુવિધા પણ રહે છે.

અહીં દરિયાકિનારો સપાટ અને રેતીવાળો હોવાથી દરિયાઈ રમતોનો આનંદ લૂંટી શકાય છે. રમતોથી થાકો ત્યારે શાંત ચિત્તે સૂર્યસ્નાન કરો. નાળિયેર પીવો અથવા તાડને તલક છાંયડે આરામ ખુરશીમાં બેઠા બેઠા સમુદ્રનું અદ્‌ભુત સૌંદર્ય અને સંગીત માણતા રહો. દરિયાઈ મોજાંનો ઘૂઘવાટ અને સૂર્યના કુમળા તડકામાં માટીની ભીની રેતમાં ચાલવાનો અને બાળકોનો ઘર બનાવીને રમવાનો આનંદ અવર્ણનીય છે. ઢળતી સાંજે સમુદ્રના જળરાશિમાં વિલીન થઈ જતા સૂરજને નિહાળવાનું એટલું જ આનંદપ્રદ છે.

## (૩) કાળિયાર અભયારણ્ય (વેરાવદળ) :

ભાવનગર જિલ્લામાં આવેલું અભયારણ્ય નિલગાય (રોઝ) અને કાળિયારને મુકતપણે વિહરતા નિહાળવા માટેનું સુંદર સ્થાન છે. મૂળ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજીની

પ્રેરણાથી શરૂ કરવામાં આવેલા આ અભયારણ્યમાં પણ હરણ, ચિકારડો, ચિત્તળ જેવા તૃણાહારી અને શિયાળ, વરૂ, ઝરખ વગેરે માંસાહારી પ્રાણીઓનો અભ્યાસ કરી શકાય છે.

## (૪) ઘુડખર અભયારણ્ય–કચ્છ :

ગુજરાતની ઉત્તરમાં આવેલો રેતાળ કચ્છ જિલ્લો તેના જંગલી ગધેડા–ઘુડખરના અભયારણ્ય માટે ખૂબ જાણીતો છે. કચ્છના નાના–રણમાં કુદરતના આ મુકતજીવી મજબૂત પ્રાણીઓ માટેનું અભયારણ્ય આવેલું છે. ઘૂળીયા રંગની ગરદન અને શરીર તથા પીઠ પર આછા કાળા પટાવાળું આ પ્રાણી કલાકના ૫૦ કિ.મી. ની ઝડપે દોડી શકે છે. પ્રોફેશનલ કાર્યોની માફક ટોળામાં રહેલા ટેવાયેલા આ પ્રાણીઓનું સરેરાશ આયુષ્ય ૨૦ વર્ષ જેટલું હોય છે. દોડતી વખતે 'વિઘ્ન દોડ' ના ખેલાડીની જેમ વચ્ચે વચ્ચે છલાંગો મારે છે. ઘુડખરમાં એક જૂથના વડાનો નહીં પણ એક પ્રદેશના વડાનો 'હુકમ' ચાલે છે. એટલે કે નર ઘુડખરોને પોતપોતાના એરિયા હોય છે. ખોરાકની શોધમાં ઘુડખર રણમાં ૧૦૦–૧૫૦ કિલોનો પ્રવાસ આરામથી ખેડી નાખે છે. ખોરાક માટે નીકળવાનો તેમનો સમય રાતનો હોય છે. રણમાં ભ્રમણ દરમ્યાન વચ્ચે આવતા મીઠાના પાટા ઘુડખરને નડે છે. આ પાટા યોગ્ય હરોળમાં થાય તે જરૂરી છે. બાકી રણમાં મીઠું પકવતા અગરિયા કે માનવ પ્રવેશથી ઘુડખરને ખાસ નુકશાન થતું નથી. આથી મીઠાના પાટા યોગ્ય હરોળમાં થાય તે માટે પ્રવાસન વિભાગે યોગ્ય પગલાં ભરવા જોઈએ.

ઉપરાંત ઘુડખરના નિરીક્ષણ માટેનો ૧૫ મી ઓકટોબર થી ૧ એપ્રિલ સુધીનો સમય આદર્શ ગણાય છે. કચ્છના રણમાં આશરે ૨૫૦૦ ઘુડખર ઉપરાંત નીલગાય (રોઝ), ચિંકારા, નાવર, સિતુડા, લોકંડી તથા શેરા પણ જોવા મળે છે. એક બાબતમાં આ રણપ્રદેશ દુનિયાના અન્ય રણથી અલગ પડી જાય છે.

કચ્છ એ પશુ પક્ષી સૃષ્ટિમાં વૈવિધ્ય ધરાવતા લોક સંસ્કૃતિ અને ભરતકામમાં પણ દેશદેશાવરમાં મશહૂર છે.

## (૫) ચોરવાડ :

સૌરાષ્ટ્રની 'લીલીનાઘેર' ગણાતો આ વિસ્તાર વનરાજી અને ફળદ્રુપ જમીનને લીધે આંખોને ઠારતો અને હાશ કરીને બેસવાનું મન થાય તેવો પ્રદેશ છે. જોકે રાજકુમારો, ચાંચીયાઓ, તેમના આમોદ–પ્રમોદ માટે સાગરતટે મહેલતર્ક સંરક્ષણ હેઠળનું હરમ આ ઉત્તેજનાપૂર્ણ અને સ્તબ્ધ કરનાર કલ્પના ચિત્રની યાદ ચોરવાડનો પેલેસ બીચ રિસોર્ટ પૂરો પાડે છે.

સન ૧૭૫૮–૧૯૪૭ સુધી પુરાણાગઢ ઉપર પ્રથમવાર સ્વતંત્ર ભારતનો તિરંગો રાષ્ટ્રધ્વજ ફરકયો, ત્યાં સુધી અહીં મહોબ્બતખાનાનાં વંશજો, નવાબો રાજ કરતા હતા. જગત ભરના ચાંચીયાઓના ઈતિહાસમાં કાંટાળી ભૂમિ પ્રાધાન્ય ધરાવે છે.

ચોરવાડના દરિયા કિનારે હોલી–ડે–કેમ્પમાં પ્રવાસીઓ ઉનાળામાં હવા ખાવા માટે આવતા હતા. ચોરવાડ પણ ખુલ્લા દરિયાકિનારા અને વનવૈભવથી શોભતું વિહારધામ છે. આ વિસ્તારની ખાસિયતસમું ટીપ્પણી નૃત્ય નામે ઓળખાતું લોકનૃત્ય જોવા જેવું છે. અહેમદપુર માંડવીની જેમજ પ્રકૃત્તિપ્રેમી અને શાંતિ ઝંખતા પર્યટકો માટે ચોરવાડ માનીતું સ્થળ છે. અહીં પણ પેલેસ રિસોર્ટથી લઈને વાજબી ખર્ચની રહેવાની વ્યવસ્થા છે.

## (૬) પીરોટન ટાપુ (નરારા ટાપુ):

ભારતમાં જે ચાર પરવાળાની શ્રૃંખલઓનો વિસ્તાર આવેલ છે. તે પૈકી એક પરવાળાની શ્રૃંખલા ગુજરાત રાજયમાં કચ્છનાં અખાતમાં આવેલ છે. પીરોટન ટાપુ કચ્છના અખાતમાં આવેલ બેતાલીસ ટાપુ પૈકીનો એક ટાપુ છે. વિશ્વમાં એક માત્ર એવી જગ્યા છે, જયાં પરવાળાની શ્રૃંખલા ડુબકી માર્યા સિવાય પગ ચાલીને જોઈ શકાય છે. ટાપુનો કુલ વિસ્તાર ૧૧૧૧.૬૦ હેકટર છે. જે ગુજરાત રાજયનું એક માત્ર નેચરલ મરીન પાર્ક છે. જે જામનગરનું એક આકષક પ્રવાસન સ્થળ "**મરીન નેશનલ પાર્ક**" પૂરું પાડે છે. આ પાર્કમાં પીરોટન ટાપુ અને નરારા ટાપુ જીવસૃષ્ટિના અભ્યાસુ તથા કુદરત પ્રેમી માટે પણ આકર્ષણરૂપ છે. પીરોટન ટાપુ પર ૧૦૮ જાતની શેવાળ, ૮૦ જાતની વાદળી, ૩૭ થી વધુ જાતના વૈવિધ્યપૂર્ણ પરવાળાઓ , ૨૦૦ જાતના પ્રાણી, ૩ જાતના અલભ્ય દરિયાઈ કાચબાઓ, ૯૪ થી વધુ જાતના પાણીના પક્ષીઓ, ૨૭ જાતના જીંગા સહિત વિપુલ દરિયાઈ જીવસૃષ્ટિ આ સ્થળે સહજીવન ગાળે છે.

## (૭) '' ગુજરાત વાઈલ્ડ લાઈફ સોસાયટી''– સંસ્થા– અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉધાન :

ગુજરાતના અભયારણ્યો – જયાં પશુપંખી નિર્ભયતાથી રહી શકે તેમનું સંવર્ધન થઈ શકે અને જયાં શિકાર પર પ્રતિબંધ હોય તેવા વિસ્તારને 'અભયારણ્ય' કહેવાય છે.

૧. સિંહના રક્ષણ માટેનું ગીરનું અભયારણ્ય.

૨. દરિયાઈ જીવસૃષ્ટિ જાળવવા પિરોટન ટાપુઓ જામનગર નજીક આરક્ષિત જાહેર કરાયા છે.

૩. ભાવનગરમાં વેળાવદર પાસે કાળિયાર અભયારણ્ય.

૪. કચ્છમાં ઘુડસરનું અભયારણ્ય

૫. પક્ષીઓ માટે નળસરોવર અભયારણ્ય.

૬. રીંછ માટે રાજપીપળા પાસે ડેડિયાપાડાનું અભયારણ્ય.

૭. વાઘ–સાબર માટે ડાંગમાં બરડીપાડાનું અભયારણ્ય.

૮. ભાવનગરના વિકટોરિયા પાર્કમાં સમુદ્રકિનારાની જીવસૃષ્ટિના અભ્યાસ માટે આંતરરાષ્ટ્રીય કેન્દ્ર સ્થાપના વિચાર.

- **<u>અભયારણ્ય અને રાષ્ટ્રીય ઉધાન :</u>**

ભારતનું પ્રથમ અભયારણ્ય કર્ણાટક , કેરલ અને તમિલનાડુ ત્રિભેટે આવેલા નીલગિરિમાં સ્થાપવામાં આવ્યું હતું. ઉત્તરપ્રદેશમાં નંદાદેવીનું અભયારણ્ય, અસમનું મનાસ તથા કીઝીરંગા, પશ્ચિમી બંગાળમાં સુંદરવન અને મેઘાલયમાં નોક્રેક વગેરે મહત્ત્વનાં અભયારણ્યો છે.

અભયારણ્ય એ વિનાશનું જોખમ હોય તેવા વન્યજીવોના રક્ષણ અને સંવર્ધન માટેના સુરક્ષિત વિસ્તાર છે. અને પર્યાવરણનું એક સાથે રક્ષણ કરવામાં આવે છે. અભયારણ્યોમાં સહેલાણીઓના હરવા–ફરવા અને પાલતુ પ્રાણીઓના ચરાણ ઉપર પ્રતિબંધ નથી પણ અહીંના પ્રાણીના શિકાર પર પ્રતિબંધ છે. જયારે રાષ્ટ્રીયઉધાનમાં સહેલાણીઓના હરવા–ફરવા પર નિયંત્રણ હોય છે.

- **ગુજરાતમાં મહત્વનાં અભયારણ્યો :**

**:: કોષ્ટક નં : ૬.૧.૧(અ) ::**

| અનુ. નં. | અભયારણ્યો | વન્યજીવ |
|---|---|---|
| ૧ | સાસણ ગીર | સિંહ |
| ૨ | પિરોટન(કચ્છનો અખાત) | દરિયાઈ જીવસૃષ્ટિ |
| ૩ | કચ્છનું નાનું રણ | ઘુડખર |
| ૪ | કચ્છનું મોટું રણ | સુરખાબ |
| ૫ | વેળાવદર( ભાવનગર જિલ્લો) | કાળિયાર |
| ૬ | ડેડિયાપાડા (રાજપીપળા પાસે) | રીંછ |
| ૭ | નળ સરોવર(ભાલ પ્રદેશ) | પક્ષીઓ |
| ૮ | બરડીપાડા (ડાંગ ) | વાઘ અને સાબર |
| ૯ | બરડા | દીપડા,હરણ,નીલગાય, સિંકારા |
| ૧૦ | વાંસદા | વાઘ, દીપડા અને ચૌશિંગા |

- **<u>રાષ્ટ્રીય ઉદ્યાન (નેશનલ પાર્ક) :</u>**

**:: કોષ્ટક નં : ૬.૧.૧(બ) ::**

| અનુ. નં. | અભયારણ્યો | વન્યજીવ |
|---|---|---|
| ૧ | ગીર રાષ્ટ્રીય ઉધાન | સિંહ,દીપડા, ચિતલ |
| ૨ | વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉધાન | કાળિયાર, વરુ , મોર |

## (૮ ) સાપુતારા :

ગુજરાતનું એકમાત્ર ગિરિનગર સ્વતંત્રતા મળ્યા બાદ, આયોજન પૂર્વક વિકસાવેલું દેશનું પ્રથમ ગિરિમથક સાપુતારા દરિયાની સપાટીથી ૯૬૦ મીટરની ઊંચાઈએ વિકસેલું રમણીય સ્થાન છે. જે ડાંગ જિલ્લામાં સહ્યાદ્રિ ગિરિમાળામાં આવેલું ગુજરાતનું એકમાત્ર અને અદ્વિતીય પર્વતીય પ્રવાસધામ છે. સર્પપૂજા માટે આ સ્થાન પંકાય છે. ઉનાળામાં આ સ્થાન ઠંડુ, ખુશ્નુમા અને આહ્લાદક બની રહે છે. સૂર્યપૂજા માટે જૂના સમયથી જાણીતું છે. સાપુતારામાં નૌકાવિહાર, સૂયાસ્ત–દર્શન અને આદિવાસીઓના ધાર્મિક સ્થળોની મુલાકાતનો લાભ લઈ શકાય છે.

ગુજરાત પ્રવાસન તરફથી પ્રવાસી માટે નિવાસ વ્યવસ્થા ઉપરાંત હોલી ડે હોમ, ટૂરિસ્ટ બંગલાઓ, માહિતી કેન્દ્ર, પ્રવાસી ગૃહ, આદિવાસીની લાક્ષણિકતાવાળી પેંગોડા જેવી કુટિર જેવી અનેકવિધ સગવડો છે. અહીં રોઝ ગાર્ડ, દ્વિકલ્પ બાગ, ગિફબાવન, બાલાવાડી, વિશ્વ વિદ્યાપીઠ , જાત જાતના સાપ, અજગર અને બતકનું સંગ્રહાલય છે.જે વર્તમાન સમયમાં સ્થાનિક પ્રવાસીઓ માટે ખૂબજ આર્કષક સ્થળ બની ગયું છે.

## (૯) તીથલ :

દક્ષિણ ગુજરાતમાં સૌથી છેલ્લું વિહારધામ વલસાડ જિલ્લામાં આવેલું તીથલ છે. અમદાવાદથી લગભગ ૩૫૦ કિ.મી. દૂર આવેલું આ પર્યટન સ્થળ વર્ષોથી પર્યટકોનું માનીતું સ્થળ રહ્યું છે. અહીં પણ એક તરફ લીંલાછમ ખેતરો, ફળોની વાડીઓ અને બીજી તરફ સમુદ્રના સંગીતનો આનંદ માણી શકાય છે. પ્રકૃતિના ચાહકો માટે અહીં પરવડે તેવા ભાવે રહેવાની, જમવાની અને દરિયાઈ રમતોની સુવિધા ગુજરાત પ્રવાસન નિગમે કરી છે.

## (૧૦) <u>ઉભરાટ :</u>

દક્ષિણ ગુજરાતમાં સુરત જિલ્લામાં આવેલું આ સમુદ્રતટનું વિહારધામ અમદાવાદથી લગભગ ૩૦૦ કિ.મી. દૂર છે. સુરતથી બસમાર્ગે ઉભરાટ જઈ શકાય છે. મનને શાંતિ અર્પતી કુદરતી હરિયાળી, ચીકુ, આંબા અને કેળની વાડીઓ અને બીજી તરફ દરિયાની ઠંડી લહેરોનો આનંદ માણવો હોય તો, ઉભરાટ જવું રહયું. અહીં પણ પ્રવાસન નિગમ દ્વારા રહેવા–જમવાની અને આનંદ પ્રમોદની તમામ સુવિધા ઊભી કરવમાં આવી છે.

## (૧૧) <u>નળ સરોવર– પક્ષી અભ્યારણ્ય :</u>

અમદાવાદથી માત્ર ૬૪ કિ.મી. દૂર આવેલું આ મીઠા પાણીનું નળસરોવર પક્ષી અભ્યારણ્ય પણ પ્રકૃતિપ્રેમીઓ અને ફોટોગ્રાફરોનું માનીતું સ્થળ છે. ૧૧૬ કિ.મી. વિસ્તારમાં પથરાયેલા નળ સરોવરમાં ભોગાવાનું પાણી જમાં થતાં વચ્ચે નાના નાના ટાપુ બને છે. છેક સાયબીરિયાના રણથી લઈને યુરોપનાં હજારો યાયાવર પક્ષીઓ અહીં શિયાળો ગાળવા ડિસેમ્બરની શરૂઆતથી જ ઊતરી પડે છે. પૂરતો વરસાદ હોયતો લગભગ ત્રણ માસ આ પક્ષીઓ અહીં રોકાય છે. ટાપુ પર વસતા પઢ ાર કોમના લોકો પર્યટકોને બાજરીના ગરમગરમ રોટલા, લસણની ચટણી, દૂધ, રીંગણાનો ઓળો અને વઘારેલી ખીચડી ખવડાવી ખુશ કરી દે છે. અહીં ખુલ્લા પટમાં ઘોડેસવારી, સરોવરમાં નૌકાવિહાર અને જમીન પર બીજી રમતો દ્વારા આનંદ માણી શકાય છે.

## (૧૨) ગોપનાથનો દરિયા કિનારો :

ભાવનગર જિલ્લામાં ગોપનાથના દરિયાકિનારે ઐતિહાસિક હોટલનો વિકાસ થતાં પ્રવાસન વર્તુળમાં પ્રખ્યાત થયેલો ગોપનાથ બંગલો, એક સમયના ગોહિલ શાસકોનું દરિયાકિનારા પરનુ આરામગૃહ, દરિયાકિનારે વિશાળ પ્રાંગણમાં કુટિરો અને હવેલીઓ વચ્ચે, યુરોપિયન ઢબે સમુદ્ર કિનારે બનાવેલો આ બંગલો અખાતનું સૌંદર્ય પુરૂ પાડે છે. આ દરિયા કિનારો દરિયાઈ જીવસૃષ્ટિ અને પક્ષીઓ જોવા ઉત્સુક લોકો માટેનું આકર્ષક સ્થળ છે. જે વર્તમાનમાં પ્રવાસીઓનું આકર્ષિત સ્થળ બન્યું છે. આ સ્થળ પ્રખ્યાત ગોપનાથ મહાદેવના મંદિર માટે પણ જાણીતું છે.

## (૧૩) દીવ–દમણ :

દીવ– દમણ આજકાલ વધુને વધુ પર્યટકોને આકર્ષે છે. તેમની પ્રાકૃતિક સમતુલાને સંબંધ છે ત્યાં સુધી મુંબઈ થી ઉત્તરે ૧૯૩ કી.મી. દૂર ગુજરાતના દરિયાકિનારે આવેલ છે. દમણની ઉત્તરે કોલક નદી અને પૂર્વમાં ગુજરાતના કિનારે આવેલ છે. દક્ષિણે કોલાઈ નદી અને પશ્ચિમે ખંભાતના અખાત સાથે સંકળાયેલ છે. યુરોપીય સ્થાપ્ત્યની આભા ધરાવતાં દેવળો, કિલ્લો અને મોહક બીચ ધરાવતું દમણ છે. દમણનો દેવકાબીચ પર્યટકો માટે ભવ્ય આકર્ષણ રૂપ છે. જામપોરબીચ, કાચીગામનું સિંચાઈ તળાવ સરોવર, નાની દમણ, જેટી ગાર્ડન તથા હિલસા ફીશ એકવેરીયમ વગેરે.

દીવ ભારતના નકશા ઉપર એક બિંદુ સમાન છે. પરંતુ તેનું આકર્ષણ અનેરું છે. તેની ત્રણ બાજુએ અરબી સમુદ્ર આવેલો છે. ૨૧ કીલોમીટરનો દરિયા કિનારો ધરાવતું દિવ વિશ્વના કેટલાય શ્રેષ્ઠ બીચો પૈકીનું એક છે. ઘોડાની નાડ આકારનો આ બીચ જળક્રીડા માટેની સવલતો પૂરી પાડે છે. અને તરવા માટે સંપૂર્ણ રીતે સલામત છે. નાગવાબીચ, જાલંદરબીચ, ચક્રાતીર્થ, ચર્ચ, મ્યુઝિમ, પોર્ટ, ગંગેશ્વર મંદિર પણ મુલાકાત લેવાને યોગ્ય છે.

આમ, દીવ–દમણ સ્થાનિક અને વિદેશી સેહલાણીઓ માટે ખૂબજ આકર્ષક બની રહયું છે.તે બાબત પ્રવાસન નિગમને આભારી છે. છતાં પણ પ્રવાસન વિભાગે આ કેન્દ્ર પર વધુ ધ્યાન આપવાની જરૂર છે.

## ૬.૧.૨ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં સ્થળો :

ઈતિહાસનો અમર વારસો સાચવીને ઊભેલા અનેક શિલ્પ સ્થાપત્યો ગુજરાતમાં જોવા મળે છે.

### (૧) સોમનાથમંદિર–પાટણ :

ગુજરાતના પશ્ચિમ કિનારે વેરાવળ નજીક પ્રભાસપાટણ ખાતેના સોમનાથ મંદિર (ચંદ્રમંદિર) અને પ્રભાસતીર્થ ક્ષેત્રમાં ત્રિવેણી નદીના કાંઠે દેહોત્સર્ગતીર્થ પ્રવાસીઓને આકર્ષણરૂપ બની રહયું છે. સોમનાથ મંદિર હિંદુ પુરાણાશાસ્ત્રના પવિત્ર ૧૨ જયોર્તિર્લિંગામાંનું પહેલું છે. આ મંદિર કદાચ સૌથી વધુ વિદેશી આક્રમણખોરોનો ભોગ બની ચૂકયું છે. અને દરેક વખતે આ દેવસ્થાન વધુ ભવ્યતા અને લોકશ્રધ્ધાના પરમધામ તરીકે પ્રસ્થાપિત થયું છે.

પ્રભાસતીર્થ ક્ષેત્રમાં કૃષ્ણ હેરીટેજની સ્થાપના દ્વારા શ્રી કૃષ્ણનું સમગ્ર જીવન અને તેમના વિરાટ સ્વરૂપને પ્રસિધ્ધિ અને સોમનાથ મંદિરના પટાંગણમાં ગેલેરીમાં હજારો વર્ષો પહેલાના પ્રભાસતીર્થના મંદિરના મળેલા અવશેષો રાખીને એક અનોખું પ્રવાસધામ વિકસિત કરેલું છે. આમ જુદી જુદી ઐતિહાસિક ઘટનાએ પ્રવાસીઓને વધુ આકર્ષિત કરેલ છે.

## (૨) <u>ધોળાવીરા (ઢોલાવીરા) :</u>

ગુજરાતના કચ્છ જીલ્લામાં ઘોલાવીરાની હડપ્પન સંસ્કૃતિની પ્રખ્યાત સ્થાન ખોદકામોને લીધે સુઆયોજીત અને અનેક વિભાગોમાં વહેંચાયેલું કિલ્લાવાળુંનગર પ્રકાશમાં આવ્યું છે. તેમાં ચિરસ્મરણીય અને સૂરૂચિપૂર્ણ બાંધકામો, બેઠકોની વ્યવસ્થા ધરાવતાં બે સ્ટેડીયમો,જેમાં એક નાનું અને એક મોટું છે.રસ્તાઓ, રહેણાંકના વિભાગો, પાણીના હોજો, પાણીને અંદર આવવાના અને બહાર નીકળવાના માર્ગો, બંધો, ટાંકાઓ, એક મોટો કૂવો અને ગટરોની જાળગૂથંણી આવેલા છે. મોટા કદની દસ હડપ્પન સંજ્ઞાઓનો બનેલો એક અલભ્ય શિલાલેખ અને માથા અને પગવગરનું નગ્ન પુરૂષનું સેન્ડસ્ટોનનું પૂતળું વગેરે શોધી કાઢવામાં આવ્યા છે. આ ઉપરાંત સિકકા માટેની મુદ્રાઓ, માટીની મુદ્રાઓ, અર્ધકીંમતી પથ્થરના મણકાઓ, સોના, રૂપા, તાબાં, પથ્થર, માટી, છીપલાં, હાથીદાંતના ઘરેણાંઓ, તાંબાના ઓજારો, માટીની આકૃતિઓ અને માટીનાં વાસણો જેવા કીંમતી હાથકારીગરીની વસ્તુઓનો મોટો સંગ્રહ પણ મળી આવેલ છે. ઢોલાવીરાની મુખ્ય ખાસિયત એ છે કે શહેર નિર્માણ માટે જાણીતું છે તે જાણવા– જોવા માટે પ્રવાસીઓને આકર્ષિત કરી શકાય છે.

## (૩) <u>તરણેતર :</u>

તરણેતરનો મેળો એ ગુજરાત રાજયનો એક સોનેરી મેળો છે. આ મેળો સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકામાં August - September ના પ્રથમ સપ્તાહમાં ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિરમાં ભરાય છે. જે '<u>તરણેતર</u>' ના નામથી ઓળખાય છે.

આ મેળો ત્રણ દિવસનો ભરાય છે. જેમાં જાતજાતની જાતિઓ–આહિરો –રબારીઓ–કાઠીઓ–ભરવાડો ઉપરાંત અનેક પોતપોતાના પરંપરાગત ભપકાદાર રંગબેરંગી

ભરત ભરેલા પોષાકમાં આવે છે. તેઓ મેળાની સુંદરતા અને આકર્ષકતા વધારવા જુવાન સ્ત્રી–પુરુષો ઊછળી કૂદીને હુડો રાસ લે છે, ઢોલ પાવા વગાડે, લોકગીતો ગાય છે, છત્રી નૃત્ય કરે છે, આવી પ્રવૃત્તિઓ દ્વારા પ્રવાસીઓને આકર્ષિત કરે છે.

તરણેતરની છત્રી એ કલાનો પરિચય છે, છત્રીમાં આભલાંઓ ભરતથી સજાવટ કરેલા હોય છે. આ મેળો છત્રી અને દ્રૌપદીના સ્વયંવર અહીં રચાયેલો અને અર્જુને અહીં મત્સ્યવેધ કરેલો તે હકીકત જોડે સંકળાયેલ છે.

તરણેતરના મેળામાં પ્રવાસીઓને રહેવા માટે પ્રવાસન વિભાગ દ્વારા ગ્રામ્ય ઝૂંપડાઓ, કૂબાઓ અને ભોમિયાઓની વ્યવસ્થા કરવામાં આવે છે.

તરણેતરનો મેળો એ લોકકલા, લોકનૃત્ય, લોકરાસ–ગરબા, લોકરંગ અને લોકસંગીતનું મિશ્રણ છે, જે પ્રવાસીઓને આકર્ષિત કરે છે.

## (૪) જામનગર :

સૌરાષ્ટ્રનું પેરિસ ગણાતું આ શહેર નવાનગર અને છોટી કાશી તરીકે પણ વિખ્યાત છે. અહીંનું, જામનગર ગુંદીયું કંકુ, મીઠાઈ અને સૂડી વખણાય છે જોકે, જામનગરના બાંધણી ઉદ્યોગે આંતરરાષ્ટ્રીય નામના મેળવી છે. તેમજ દેશ વિદેશમાં બટન અને પિત્તળના નાના નાના ભાગો પૂરા પાડતા ઉદ્યોગો નાનકડા એવા જામનગરમાં વિકસ્યા છે. જામનગરમાં જૈનોનાં દેરાં પ્રખ્યાત છે. જામનગરનું સેનેટોરિયમ જોવા જેવું છે. અહીં સૂર્યના કિરણોનો પ્રકાશ આપી રોગની સારવાર કરવામાં આવે છે. જેમ જેમ સૂર્ય નમતો જાય તેમ તેમ આ સોનેટોરિયમનું મકાન પણ ફરતું જાય છે, અને સૂર્યના કિરણો કાચ મારફત અંદર આવે તેમ ગોઠવણ કરવામાં આવેલી છે.

જામનગર શહેર જામ રાવળે સાલ ૧૫૪૦ માં વસાવેલું, લાખોટા તળાવ, લાખોટા મહેલ અને સંગ્રહસ્થાન જોવા જેવા છે. અહીં નાના–મોટા અનેક પ્રાચીન અર્વાચીન મંદિરો અને રંગમતિ નદી

આવે છે. આ નદીનું પાણી ડાઈંગ માટે ઘણુંજ ઉત્તમ ગણાય છે. બીજી તરફ સ્મશાન ભૂમિ, હવાઈદળ તાલીમ, અકાદમી તેમજ સિમેન્ટ ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ વગેરેનો વિકાસ થયો છે.

### (૫) પોરબંદર :

પોરબંદર એટલે સુદામાપુરી, બે સુદામાઓ અહીં થયા. પ્રાચીન કાળમાં કૃષ્ણ ભગત સુદામા અને અર્વાચીન કાળમાં મહાપુરુષ મહાત્મા ગાંધીજી.

પોરબંદર એ મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ છે. એ એકમાત્ર કારણે તે વિશ્વના નકશામાં અંકિત થઈ ગયું છે. આજેય પોરબંદરમાં એ જન્મસ્થાન, ઘર, ઓરડો અને જગ્યા જોઈ શકાય છે. તેમજ પોરબંદરના ઉદ્યોગપતિ નાનજીભાઈ કાળિદાસે કીર્તિમંદિર જેવી ભવ્ય ઈમારતો બંધાવી છે. ઉપરાંત તેમણે ભારતના પ્રાચીન ઋષિમુનિઓથી માંડીને તે અર્વાચીન યુગના મહાપુરુષો સુધીના જયોતિર્ધરોની પ્રતિમાઓવાળું 'ભારત મંદિર' તેમજ જવાહરલાલજીની સ્મૃતિમાં 'તારા મંદિર' બંધાવ્યા છે.

વિશેષમાં સુદામાજીના પ્રાચીન સ્થાન તરીકે ઓળખાતું સુદામાનું મંદિર અને દરિયાકિનાર પર ગુજરાત પ્રવાસન નિગમ એક સુંદર 'હોલી ડે હોમ' ચલાવે છે. પ્રવાસન વિભાગ દ્વારા આ સ્થળનું પ્રાચીન અને અર્વાચીન મહત્ત્વ સમજાવીને પ્રવાસીઓને આકર્ષિત કરવા જોઈએ.

### (૬) માંડવીનો રાજ મહેલ – કચ્છ :

"કચ્છ મ્યુઝિમ"– ગુજરાતનું સૌથી પુરાણું અને સમૃધ્ધ સંગ્રહાલય ૧ લી જુલાઈ ૧૮૭૭ માં સ્થાપના થઈ હતી. કચ્છની કલા અને સંસ્કૃતિની છડી પોકરતો ભૂજનો "આયના મહેલ" "મહારાવ

મદનસિંહજી મ્યુઝિયમ" નામથી  વિશ્વ વિખ્યાત છે. સહેલાણીઓ માટે આકર્ષણરૂપ બનેલ આયના મહેલ ત્રણખંડોમાં વિભાજિત થયો છે. ફૂવારા મહેલ, આયના મહેલ અને હીરામહેલ. મ્યુઝિયમમાં હીરાજડિત પાલખી કચ્છનું કમાંગરીકામ અને મનોહર લઘુચિત્રો, લખપતજીની ૨૭ ફુટ લાંબી સચિત્ર જન્મકુંડળી, યુરોપિયન બનાવટ ઝુમ્મરો ચાઈનીઝ અને યુરોપિયન ગ્લેઈઝ, પોટરીની કૃતિઓ , બાદશાહી કલમના ગ્લાસ પેઈન્ટિંગસ, મોગલશૈલીથી માંડીને સ્થાનિક  કમાંગરી લોકશૈલીના મિનિયેઅર ચિત્રો વગેરે ઉપરાંત હમીર સર તળાવ, શરદબાગ–પેલેસ, પ્રાગ મહેલ,બુલંદ ટાવર, ફતેમહમ્મદનો  હજીરો, મહમ્મદ પનાહની મસ્જિદ, ભૂજિયો કિલ્લો વગેરે.

કચ્છના ભૂજમાં ભોજક ફળીયા મહેરઅલી ચોક ભીડના ચબુતરા જૂનું કસ્ટમ હાઉસ, પાર્શ્વનાથ દેરાસર, બજાર ચાવડી, મોટી પોશાળ જાગીર, આશાપુરા મંદિર, ચારણ બોર્ડીંગ, કુરારશા દરગાહ, નવી ટંકશાળ, ઝીન્નત મસ્જીદ, મહાદેવનું નાકું, કલ્યાણેશ્વરની સેલરવાવ, પ્રસિધ્ધ  રામકુંડ વગેરે સહેલાણીઓને જોવાલાયક સ્થળો છે. જો કે રાજયસરકારના પ્રવાસન નિગમ દ્વારા હેરિટેજ વોકભૂજનો રૂટ વર્તમાનમાં પ્રવાસીઓ માટે જાહેર થયો છે. તે કાર્યક્રમ અંતર્ગત શહેરના ૩૯ જોવાલાયક સ્થળોની યાદી જાહેર કરાઈ છે.

### (૭) <u>પાટણ :</u>

નવમી સદીમાં સ્થાપાયેલ અને અણહિલવાડ પાટણ તરીકે ઓળખાતું પ્રાચીનનગર પાટણ ઉત્તરગુજરાતનું એક  સુંદર નગર છે. પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ, રાણી ઉદયમતીની વાવ, ભદ્રનોકિલ્લો, લાકડાની કોતરણીવાળાં મકાન, પટોળાનું વણાટ કેન્દ્ર વગેરે છે, જેમાં સ્થાપત્ય કલામાં એક અજોડ નમૂનો રાણીવાવ ગણી શકય. તેની કોતરણી અને કલા વિશ્વની અજાયબીઓ સાથે તુલનામાં આવે તેવી છે.

## (૮) મોઢેરા–સૂર્યમંદિર :

કાશ્મીરમાં મોરટંડે તેમજ ઓરિસ્સામાં કોનારકમાં આવેલા સૂર્યમંદિરોની યાદ આપે તેવું મોઢરા ખાતેનું સૂર્યમંદિર ગુજરાતમાં આવેલા સ્થાપત્ય શૈલીના ધામોમાં એક ગણાય છે. ૧૦૨૬–૨૭ માં સોંલકી વંશના રાજા ભીમદેવ પહેલા રાજય અમલ દરમિયાન આ સૂર્યમંદિર બંધાયું હતું. આ સૂર્યમંદિરના શ્વેત પથ્થર પર જુદા–જુદા હાવભાવમાં માનવીઓ અને પશુઓની આકૃતિઓ કોતરેલી છે. જે ખજૂરાહો અને કોનારક મંદિરમાં આવેલી આકૃતિઓ જેવી જ છે.

## (૯) અમદાવાદ :

અમદાવાદ શહેર સ્થપતિના આંનદધામ જેવું છે. મોગલોની પહેલાના યુગની ઈમારતો હિંદુ અને મુસ્લિમ શૈલીની શ્રેષ્ઠ પ્રણાલિકાનું મિશ્રણ બતાવે છે, અને સાથે સાથે અત્યાધુનિક અને પ્રયોગાત્મક સ્થાપત્ય કલા સાથે સુખદ સંગમ સાધે છે. સીદી સૈયદની જાળી ઇન્ડોસેરાસિનિક શૈલીનું સુંદર ઉદાહરણ છે,તો રાણી રૂપમતીની મસ્જિદ આ બનેં શૈલીના નાજૂક – કૌશલ્યનું ઉમદા ઉદાહરણ છે.

અર્વાચીન સ્થાપત્ય કલાની દષ્ટિએ આ શહેરમાં કેટલીક અમૂલ્ય ઈમારતો છે. જેમકે ગાંધી આશ્રમ–સાબરમતી.આ શહેરમાં સ્થપાયેલી ઘણી રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓની ઈમારતોની ડિઝાઈન લા કોરબૂઝિયર, લૂઈ કહાન ચાર્લ્સ કોરિયા અને બી.વી.દોશી જેવા વિશ્વવિખ્યાત સ્થાપતિઓએ તૈયાર કરેલ છે. આવી ઈમારતોમાં અમદાવાદ ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ એસોસિએશન (અટીરા) અને સંસ્કાર કેન્દ્રની ડિઝાન લા કોરબૂઝિયર , આઈ. આઈ.એમ વગેરે

### (૧૦) રાજકોટ :

રાજકોટમાં હરવા–ફરવા લાયક, જોવાલાયક, જાણવા લાયક સ્થળો ૪૨ જેટલાં છે. જેમાં કબાગાંધીનો ડેલો, રાષ્ટ્રીયશાળા , કિશોરસિહંજી શાળા, કોઠી કમ્પાઉન્ડ, મહાત્મા ગાંધી વિધાલય બાર્ટન, ટ્રેનીંગ કોલેજ, મ્યુઝિયમ, લાલપરી તળાવ, રાંદરડા તળાવ, આજીડેમ, ઝૂ, રૈયાનાકા,અક્ષરપુરુષોત્તમ સ્વામીનારાયણમંદિર, ન્યારીડેમ,આલ્ફ્રેડ હાઈસ્કુલ,વોટસન લાયબ્રેરી, બેડી નાકા ટાવર ઉપરાંત રક્ષિત જાહેર થયેલ જામટાવર વિવિધ ધર્મના સ્થળો રાજાશાહી વખતના ઉતારાઓ વગેરે સમાવિષ્ટ છે.

### (૧૧) વડોદરા :

પ્રજાપ્રિય મહારાજા સયાજીરાવ ગાયકવાડે વિકસાવેલું આ શહેર સ્થાપત્યકળાના ઉદાહરણરૂપ છે. કમાટીબાગ સંગ્રહાલય, બાળકો માટે આગગાડી, કીર્તિમંદિર, નજરબાગ પેલેસ, લક્ષ્મીવિલાસ મહેલ, મકરપુરા મહેલ અને મહારાજા ફતેહસિંહ મ્યૂઝિયમ કોઈપણ પર્યટકને આકર્ષે તેવાં સ્થળો છે.

## ૬.૧.૩ ધાર્મિક સ્થળો :

### (૧) દ્વારકા (દ્વારકાધીશ મંદિર– જગત્ મંદિર) :

જામનગર જિલ્લામાં આવેલું દ્વારકા પ્રવાસન કેન્દ્રોમાં મહત્વનું સ્થાન ધરાવે છે. દ્વારકામાં ૨૫૦૦ વર્ષ જૂનું દ્વારકાધિશનું મંદિર છે. જેને પ્રાચીનકાળમાં જગત મંદિર તરીકે ઓળખાવાતું હતું. દ્વારકા હિન્દુઓના પવિત્ર ચાર ધામોમાનું એક છે. દ્વારકાધિશ મંદિર અને તેના પત્થર ઉપરની

બારીક કોતરણી જગ વિખ્યાત છે. દ્વારકાનું ઉષ્ણતામાન ઉનાળામાં ઘણું ઓછું રહે છે અને તેથી હવાખાવા માટે આ સ્થળ ઉત્તમ ગણાય છે. દ્વારકા એ રેલ્વે, બસ અને જળમાર્ગે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દેશો સાથે સંકળાયેલ છે.

સૌરાષ્ટ્રના પ્રવાસન કેન્દ્રોમાં 'દ્વારકા' એ ધાર્મિક અને પૌરાણિક દ્રષ્ટિએ પ્રવાસીઓને આકર્ષણકરૂપ બની રહયું છે. પ્રવાસન વિભાગ આ કેન્દ્રનો વિકાસ, પ્રચાર કરીને વધુ પર્યટકોને આકર્ષી શકે તેમ છે.

## (૨) પાલિતાણા :

પાલિતાણા એ ભાવનગરથી થોડા અંતરે દૂર આવેલું છે. જે પર્યટકોને આકર્ષક બનેલ છે. ખાસ કરીને જૈનોનું સૌથી પવિત્ર તિર્થધામ પાલિતાણા શેત્રુંજય પર્વતની તળેટીમાં વસેલું છે. આ પર્વતની ઊંચાઈ ૬૦૦ મીટરની છે. આ પહાડ ઉપર કુલ ૮૬૩ જૈન મંદિરોનો સમૂહ છે જેમાં કેટલાક ૧૧મી સદીના અને કેટલાક ૧૬મી સદીના છે. આ મંદિરોની આરસપત્થરની શિલ્પ કામગીરી પ્રવાસીઓના આકર્ષણ માટેનું કારણ છે. ઉપરાંત શેત્રુંજય પર્વત ઉપરથી પ્રવાસીઓને દૂર દેખાતા ખેતરો, શેત્રુંજય નદી અને ટેકરીઓની રમણીયતા તેને આનંદ બક્ષે છે.

આ મંદિરોમાં અમુક સમયે મેળાઓનો ઉશ્રૃવ યોજાય છે. આ બધી જ વિશિષ્ટતાઓનો પ્રવાસન વિભાગે વિકાસ કરવો જોઈએ, જેથી આ કેન્દ્રમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરી શકાય.

### (૩) <u>જુનાગઢ :</u>

સૌરાષ્ટ્રના પ્રવાસન કેન્દ્રોમાં જુનાગઢ મહત્વનું સ્થાન ધરાવે છે. જુનાગઢ એ ઐતિહાસિક નગરી છે. ઈ.સ. પૂર્વે ૨૫૦ થી લઈને ૨૫૦ સુધીનો ૫૦૦ વર્ષનો ઈતિહાસ પત્થરોમાં જોવા મળે છે. જુનાગઢ માં ગુજરાતનો મોટામાં મોટો પર્વત ગિરનાર આવેલો છે. આ પર્વત દરિયાની સપાટીથી ૧૧૦૦ મીટર ઊંચો છે. ગિરનાર પર્વત ઉપર વાઘેશ્વર દેવીનું મંદિર, પ્લાસીની નદીનો પુલ, અશોકના શિલાલેખો ઉપરાંત શેખા નદીનો પુલ બંને બાજુએ દેવ મંદિરો જોવા મળે છે.

પવિત્ર ધામોમાં દામોદરનું મંદિર, દામોદર કુંડ, રેવતી કુંડ, મરઘી કુંડ, ભૂમી કુંડ, ઉપરકોટ, નેમિનાથનું મંદિર વગેરે અને ઐતિહાસિક સ્થળો પારસનાથ, વસ્તુપાળ, તેજપાળ, રાણકદેવીનો મહેલ, રાજલની ગુફા અને પાંડવ ગુફા જેવા અનેક સ્થળો છે.

ટૂંકમાં જુનાગઢ નો રાજમહેલ, ઉપરકોટ, સુદર્શન તળાવ, અશોકના શિલાલેખો, દામોદર કુંડ, ભકત કવિ નરસિંહ મહેતાનો ચોરો અને પર્વત પરના હિંદુ મુસ્લીમ અને જૈન તીર્થ સ્થાનો આ સ્થળની ધાર્મિકતાનો નિર્દેશ કરે છે. મહાશિવરાત્રીએ અહીં મહાન શિવમેળો ભરાય છે ઉપરાંત નવઘણ કૂવો, અડીકડી વાવ, ખાપરા ખોડીયાનાં ભોયરાં, વગેરે સુંદર સ્થાનો છે.

### (૪) <u>વીરપુર :</u>

વીરપુર એ રાજકોટથી જુનાગઢ માર્ગે રાજકોટથી લગભગ ૫૦ કિલોમીટરને અંતરે આવેલું છે. જે આજે જલારામબાપાના પ્રતાપે દેશ–વિદેશના શ્રદ્ધાળુઓનું (પ્રવાસીઓનું) તીર્થધામ બન્યું છે.

વીરપુરમાં જલારામ જયંતિ – કારતક સુદ સાતમે મોટો ઉત્સવ ઉજવાય છે. પ્રવાસન વિભાગે આ સ્થળને પ્રવાસધામ તરીકે વિકસાવવા પ્રયત્ન કરવો જોઈએ.

**(પ) <u>સાયલા</u> :**

સાયલાનું પ્રાચીન મંદિર, તેના શિલ્પનું સ્થાપત્ય, દેરાસર, લાલજી મહારાજનો મઢ વગેરેથી આ સ્થળને પ્રવાસધામ તરીકે વિકસાવવું જોઈએ.

**(૬) <u>કબીરવડ</u> :**

પુરાણકાળથી પવિત્ર મનાતી નર્મદા નદીના બેટ પર પથરાયેલો કબીરવડ અનેક દંતકથાઓને સમાવીને ઊભો છે, પરંતુ પર્યટકને સૌથી વધુ અભિભૂત કરનારી કોઈ બાબત જો હોય, તો તે છે કબીરવડનો ઘેરાવો. લગભગ ચાર એકર  વિસ્તારમાં ફેલાયેલા આ મહાવૃક્ષનું સાચું થડ શોધવું પણ મુશ્કેલ થઈ પડે તેમ છે. વૃક્ષની હજારો વડવાઈઓએ ફરી જમીનમાં  પહોચીં થડનું રૂપ લઈ લીધું છે. ભરઉનાળે પણ કબીરવડની છાયામાં પ્રવાસીને અદ્ભુત શીતળાતાનો અનુભવ થાય છે.

**(૭) <u>અક્ષરધામ ( ગાંધીનગર) :</u>**

આ ધાર્મિક પ્રવાસનધામમાં પ્રવાસીઓને આકર્ષીત કરવા  પ્રવાસન નિગમ નીતિ વિષયક પગલાં ભરવા જોઈએ.

**(૮) <u>અંબાજી :</u>**

અંબાજી યાત્રાધામ (બનાસ કાંઠા જિલ્લો) દેવી અંબે માતાનું સ્થાનક છે. નવરાત્રિ દરમિયાન ગીત અને નૃત્ય દ્વારા લોકો પોતાની શ્રદ્ધા વ્યકત કરે છે. નવરાત્રિની ઉજવણી દરમિયાન અંબા અથવા અંબે માતાને વાઘ ઉપર સવારી કરતાં દર્શાવવામાં આવે છે. ગુજરાતની નવરાત્રિને બંગાળની સરસ્વતી (દૂર્ગા) પૂજા સાથે સરાખાવી શકાય તેમ છે.

અરવલ્લીની પર્વતમાળામાં આરાસુર ડુંગર ઉપર અંબાજી મંદિર આવેલું છે, જેમાં કોઈ જ મૂર્તિ નથી. તેમાં દિવાલની અંદર ગોખલામાં કોતરેલું એક પાત્ર માત્ર જ છે. આ તીર્થ – મંદિર આરસમાંથી બનાવવામાં આવ્યું છે. કારતક, ચૈત્ર અને ભાદ્રપદ (ભાદરવા) ની પૂર્ણિર્માના દિવસે ભરાતા મેળા દરમિયાન મોટી સંખ્યામાં ભકતો આ તીર્થધામ મંદિરની મુલાકાત લે છે અને અહીં નવરાત્રિની ઉજવણી પણ ખૂબ જ ધામધૂમથી કરવામાં આવે છે. અંબાજી શકિતપીઠ ૬૪ શકિત–પીઠોમાંની એક છે. અંબાજીથી થોડા અંતરે ગબ્બરનો ડુંગર છે. એમ કહેવાય છે કે એ ડુંગર પર દેવીએ અલૌકિક શકિતથી દર્શન આપ્યા હતાં અને તેમના પગલાના નિશાન ત્યાં પડેલાં હતા. પ્રવાસન નિગમે આ સ્થળે પ્રવાસીઓને આકર્ષીત કરવામાં ઘણાં બધા પગલઓ ભરવા જોઈએ.

## (૯) <u>ડાકોર</u>

ભગવાન શ્રીકૃષ્ણ તેમનું દ્વારકાનું નિવાસસ્થાન છોડીને ડાકોર (ખેડા જિલ્લો) ખાતે અલૌકિક શકિતથી પોતાના દર્શન આપવા કેવી રીતે આવ્યા હતા તેની સાથે એક રસપ્રદ દંતકથા સંકળાયેલી છે. દ્વારકા અને ડાકોર બંને જગ્યાએ કૃષ્ણ રણછોડરાય તરીકે ઓળખાયા છે. દરેક શરદપૂર્ણિમાંા દિવસે ડાકોરમાં મોટો મેળો ભરાયા છે. ગુજરાતીઓ ભગવાન શ્રી કૃષ્ણ માટે ઉંડો આદર ધરાવે છે અને ડાકરો આ બાબતમાં મહત્વની કડી પૂરી પાડે છે.

## (૧૦) <u>મહુડી :</u>

મહુડી મહેસાણા જિલ્લામાં આવેલું છે. જૈન મંદિર ઘંટાકર્ણ મહાવીરને સમર્પિત છે. ઘંટા આકારના કાન તેમના અનુયાયીની સમૃધ્ધિમાં વધારો કરે છે. આ મહુડી સાબરમતીનદીને કિનારે છે. જે વર્તમાન સમયમાં પ્રવાસન કેન્દ્ર તરીકે ગુજરાતમાં ખૂબજ પ્રચલિત થયુ છે.

## (૧૧) <u>નારાયણ સરોવર</u> :

હિન્દુ ધર્મનાં સૌથી પવિત્ર ગણાતાં પાંચ સરોવરમાંનું એક તો આ ભુજથી ૨૧૦ કિ.મી.ના અંતરે આવેલું નારાયણ સરોવર. શ્રીમદ્ ભાગવત અને પુરાણોમાં તેનો ઉલ્લેખ મળે છે. સરોવરના કાંઠે મહારાવ દેશળજીનાં રાણી મહાકુંવરજીએ બંધાવેલા ત્રિકમરાય,લક્ષ્મીનારાયણ, ગોવર્ધનનાથ, અને રણછોડરાય તથા લક્ષ્મીજીનાં મંદિર આવેલાં છે.જે પ્રવાસીઓમાટે ખૂબજ આનંદીત સ્થળ બન્યું છે.

## (૧૨) <u>પાવાગઢ :</u>

ગિરિમથક ઉપરાંત ધાર્મિક અને ઐતિહાસિક રીતે જેનું મહત્ત્વ છે એવું પાવાગઢ ગુજરાતનું મહત્વનું ધર્મપ્રેરિત પ્રવાસસ્થળ છે. વિશ્વામિત્ર ઋષિ અને રામાયણ સાથે સંકળાયેલા આ સ્થળ પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલું છે. આ તીર્થસ્થાન ગિરિમથક ૨,૭૨૦ ફુટની ઊંચાઈએ છે. ચાંપાનેરની તળેટીમાં આવેલ ચાંપાનેર જેનું પુરાણાપણું પ્રખ્યાત છે. જેને વનરાજ ચાવડાએ વસાવ્યું હતુ. ગુજરાત પ્રવાસને ૧૪૭૧ ફુટ ઊંચાઈએ એક અદ્યતન હોટલની સુવિદ્યા શરૂ કરી છે. પાવાગઢ પર્વતના બે શિખરોનાં ભદ્રકાળી અને મહાકાળીના નામ પરથી રાખવામાં આવ્યા છે. મહાકાળી માતાનું મંદિર નજીક દૂધિયાં અને છાસિયાં તળાવો છે. અહીં દિગબંર જૈનોનાં દેરાં પણ છે.

**(૧૩) <u>ગિરનાર :</u>**

ગિરનાર પર્વત (જુનાગઢ જિલ્લો) ને નેમિનાથ પર્વત પણ કહે છે. પ્રાચીન કાળથી સિધ્ધોએ તપસ્યા કરવા માટે એકાંત સ્થળે તરીકે તેનો ઉપયોગ કર્યો છે. ૩૬૬૦ ફુટ ઉંચો આ પર્વત ભગવાન શ્રીકૃષ્ણ સાથે સંકળાયેલો છે. ગિરનાર પર્વતની તળેટીમાં ભવનાથનો વિશ્વવિખ્યાત મેળો ભરાય છે. ગિરનારના અનેક શિખરોમાંથી અંબા માતા, ગોરખનાથ, ઔગઘ, ગુરૂ દત્તાત્રેય અને કાલિકા એ પાંચ શિખરો મહત્વના છે. આ પ્રવાસન કેન્દ્રમાં પ્રવાસીઓને આકર્ષિત કરવા પ્રવાસન નિગમે પગલાંઓ ભરવા જોઈએ.

- **<u>ગુજરાતના અન્ય જોવા લાયક અન્ય સ્થળો :</u>**

ઉત્કંઠેશ્વર, વડતાલ, ગળતેશ્વર, નારેશ્વર, શુકલતીર્થ, સૂરપાણેશ્વર, ડુમ્મસ, હજીરા, તુલશીશ્યામ,ફલેમિંગો વસાહત, કોટેશ્વર, વસઈતીર્થ, ભદ્રેશ્વર, જેસલતોરલ,સિધ્ધપુર, બાલારામ, ઘેલા સોમનાથ વગેરે.

• • •

# પ્રકરણ : ૭

# <u>વિદેશી પ્રવાસીઓના વલણો અને અભિપ્રાયોનું વિશ્લેષણ</u>

- પ્રસ્તાવના

૭.૧ પ્રવાસન સ્થાન તરીકે ભારતનું મહત્ત્વ

૭.૨ ભારતમાં વિદેશી પ્રવાસીઓમાં સ્ત્રીઓ તથા પુરુષોની ટકાવારી

૭.૩ ભારતમાં વિદેશી પ્રવાસીઓની રાષ્ટ્રવાર વહેંચણી

૭.૪ ભારતની પ્રવાસન સ્થળ તરીકે પસંદગીના કારણો

૭.૫ ભારતના પ્રવાસને અંતે પ્રવાસીઓના અનુભવો

૭.૬ ભારતનો પ્રવાસ સારો કે અન્ય દેશનો તે અંગે પ્રવાસીઓના અભિપ્રાયોનું વિશ્લેષણ

૭.૭ ભારત અને ગુજરાત વચ્ચેની તુલના

૭.૮ વિદેશી પ્રવાસીઓનો પ્રવાસ વધુ સારો થાય તે માટેના પ્રવાસીઓના અભિપ્રાયો

# પ્રકરણ : ૭
# વિદેશી પ્રવાસીઓના વલણો અને અભિપ્રાયોનું વિશ્લેષણ

- **પ્રસ્તાવના :**

આ પ્રકરણમાં આપવામાં આવેલું વિશ્લેષણ માહિતીના પ્રાથમિક સ્ત્રોતનો ઉપયોગ કરે છે. આ એકમ અભ્યાસ છે અને તે વિદેશી પ્રવાસીઓના ગુજરાતના પ્રવાસન સ્થળો જુદા જુદા અને દિવ પ્રવાસધામમાં સમયના ચોકકસ બિંદુએ લેવામાં આવેલી રૂબરૂ મુલાકાત પર આધારિત છે. આ માટે ઉપયોગમાં લેવામાં આવેલી પ્રશ્નાવલીનો નમૂનો પરિશિષ્ટ–અ તરીકે સામેલ છે. પ્રવાસન સ્થાન તરીકે ભારતના મહત્વને જાણવા માટે અને તેનુ માપન કરવા માટે આ મહત્વને સર્વોત્તમ, ઉત્તમ, સાધારણ, નીચું તથા તદ્દન નીચું એમ ઉતરતા ક્રમમાં ગોઠવીને પ્રવાસીઓને મહત્વની જે તે કક્ષા સામે ટીક–માર્ક કરવાનું કહેવામાં આવ્યું હતું. ઉતરતા ક્રમમાં આપવામાં આવેલી કક્ષાને અનુક્રમે ૫૦, ૩૦, ૧૫, ૦૫ અને શૂન્ય ભાર આપીને ભારિત અંકોનો સરવાળો કરવામાં આવ્યો અને તેને પ્રવાસીઓની સંખ્યા વડે ભાગીને ભારિત આંકની સરેરાશ મેળવવામાં આવી. આવી સરેરાશ સર્વોતમ–મહત્વના આંક (૫૦) ની જેમ નજીક અને તદ્દન નીચા મહત્વ (શૂન્ય) થી જેમ દૂર તેમ તેના મહત્વનું ઊંચુ માપ પ્રાપ્ત થાય અને આથી વિરૂધ્ધ નીચું માપ પ્રાપ્ત થાય. આ ઉપરાંત વિદેશી પ્રવાસીઓમાં સ્ત્રી–પુરુષોની ટકાવારી તેમની સરેરાશ ઉંમર, યુગલોની સંખ્યા, સીનીયર પ્રવાસીઓનું પ્રમાણ, રાષ્ટ્રવાર પ્રવાસીઓની વહેંચણી ઈત્યાદીનું વિશ્લેષણ ટકાવારી માપની મદદથી આપવામાં આવ્યું છે. કઈ બાબતોની દ્રષ્ટિએ પ્રવાસનના સ્થળ તરીકે ભારતને સર્વોચ્ચ, ઉચ્ચ કે સાધારણ મહત્વ આપવામાં આવ્યું છે તેની ટકાવારી પણ દર્શાવી છે. ભારતના પ્રવાસનના અંતે પ્રવાસીઓના અનુભવ ખૂબ સારા, સારા, સાધારણ, ખરાબ અને ખૂબ ખરાબ અનુભવ તરીકે ઉતરતી ક્રમ વ્યવસ્થામાં ગોઠવીને તેમને અનુક્રમે ૫૦, ૩૦, ૧૫, ૦૫ તથા શૂન્યનો ભારાંક આપવામાં આવ્યો હતો. કુલ ભારિત આંકને

પ્રવાસીઓની સંખ્યા વડે ભાગીને સરેરાશ ભારિત આંકની મદદથી પ્રવાસીઓનો અનુભવ ખૂબ સારા અને ખૂબ ખરાબની વચ્ચે ખરેખર કયા બિંદુએ છે તેનું ચોકકસ માપ આપવામાં આવ્યું છે.

## ૭.૧ પ્રવાસન સ્થાન તરીકે ભારતનું મહત્ત્વ :

પ્રવાસીઓનાં મતે કોઈપણ દેશનું પ્રવાસ સ્થળ ચોકકસ પ્રકારનું મહત્ત્વ ધરાવતું હોય છે. ભારતનું પ્રવાસન સ્થળ પ્રવાસીઓનાં ખ્યાલે ચોકકસ મહત્ત્વ ધરાવે છે. ભારતનો પ્રવાસન સ્થાનનો ભારિત સરેરાશ આંક પ્રમાણ તેમજ કક્ષાક્રમ સર્વોત્તમ, ઉત્તમ અને સાધારણ ઈત્યાદી ક્રમમાં ગોઠવેલા છે. આ બંને બાબતો કોષ્ટક ૭.૧(અ) અને ૭.૧(બ) માં દર્શાવેલ છે, જે નીચે મુજબ છે.

**કોષ્ટક – ૭.૧ (અ)**

| | સર્વોત્તમ | ઉત્તમ | સાધારણ | નીચું | તદ્દન નીચું | ભારિત આંક |
|---|---|---|---|---|---|---|
| ભારિત ગુણ | ૫૦ | ૩૦ | ૧૫ | ૦૫ | ૦૦ | ૭૧૦/૨૨ ∴ |
| પ્રવાસીઓની સંખ્યા | ૦૭ | ૦૯ | ૦૬ | – | – | = ૩૨.૨૨ |

પ્રવાસ સ્થાન તરીકે ભારતનું મહત્ત્વ નકકી કરવામાં આપવામાં આવેલ ભારિતાંકની દૃષ્ટિએ વિશ્લેષણ કરતાં સરેરાશ ભારિતાંક ૩૨.૨ જોવા મળે છે. અર્થાત પ્રવાસીઓએ ભારતને પ્રવાસન સ્થાન તરીકે સર્વોતમ ગણ્ય નથી તેને ઉત્તમ ગણવામાં આવ્યું છે.

## <u>કોષ્ટક – ૭.૧ (બ)</u>

| ક્રમ | કક્ષા | ટકાવારી |
|---|---|---|
| ૧ | સર્વોત્તમ | ૪૯.૩૦% |
| ૨ | ઉત્તમ | ૩૮.૦૩% |
| ૩ | સાધારણ | ૧૨.૬૭% |
| | કુલ | ૧૦૦% |

**<u>ગ્રાફ : ૭.૧</u>**




પ્રસ્તુત કોષ્ટક ૭.૧ (બ) અને ગ્રાફમાં પ્રવાસીઓની દષ્ટિએ પ્રવાસન સ્થાન કક્ષા પ્રમાણે વર્ગીકૃત કરતાં (ભારિત સરેરાશ આંક પ્રમાણે) નીચે મુજબ વિશ્લેષણ જોઈએ.

**૧. <u>સર્વોત્તમ કક્ષા</u> :**

ભારતનું પ્રવાસન સ્થાન પ્રવાસીઓના ખ્યાલે સર્વોત્તમ ગણનારાની સંખ્યાની ટકાવારી ૪૯.૩૦% છે. જે ભારતને પ્રવાસન સ્થાન તરીકે સર્વોત્તમ ગણે છે. હજી વધુ સંખ્યામાં પ્રવાસીઓ સર્વોત્તમ ગણે તે માટે પ્રવાસન વિભાગે પ્રોત્સાહિત પગલા ભરવા જોઈએ.

**૨ <u>ઉત્તમ કક્ષા</u> :**

ભારતને પ્રવાસ સ્થાન તરીકે ઉત્તમ ગણનાર પ્રવાસીઓની સંખ્યા ૩૮.૦૩% છે.

**૩. <u>સાધારણ કક્ષા</u> :**

ભારતને આ સ્થાને ગણતરી કરનાર સંખ્યાની ટકાવારી ૧૨.૬૭% છે.

ઉપરની ત્રણેય કક્ષામાં મહત્ત્વપૂર્ણ પ્રવાસીઓની સંખ્યા સર્વોત્તમ કક્ષામાં વિશેષ જોવા મળે છે. જે ભારતના પ્રવાસન વિભાગને માટે પ્રોત્સાહક ગણી શકાય જયારે ઉત્તમ કક્ષાએ થોડી નિમ્ન કક્ષાની ટકાવારીનો નિર્દેશ કરે છે અને સાધારણ કક્ષામાં ઓછી માત્રામાં ટકાવારી જોવા મળે છે. હજુ પણ વિશેષ પ્રવાસીઓ સર્વોતમ કક્ષાને મહત્ત્વ આપે તે માટે પ્રવાસન વિભાગે પ્રવાસીઓના સૂચનોને મહત્ત્વ આપીને યોગ્ય પગલાં ભરવા જોઈએ.

## ૭.૨ ભારતમાં વિદેશી પ્રવાસીઓમાં સ્ત્રીઓ તથા પુરુષોની ટકાવારી :

ભારતના પ્રવાસે આવતા વિદેશી પ્રવાસીઓમાં કેટલાક પુરુષો, અમુક સ્ત્રીઓ, થોડા યુગલ અને કુટુંબ સાથે આવે છે. આ પ્રવાસીઓની સંખ્યાની ટકાવારીનું વિશ્લેષણ કોષ્ટક ૭.૨ (અ) અને ૭.૨ (બ) માં દર્શાવેલ છે, જે આ પમાણે છે.

## કોષ્ટક – ૭.૨ (અ)

| | |
|---|---|
| પુરૂષ પ્રવાસીઓની સરેરાશ ઉંમર | ૩૦.૪૨% |
| સ્ત્રી પ્રવાસીઓની સરેરાશ ઉંમર | ૨૮.૨૫% |
| પ્રવાસીઓની સરેરાશ ઉંમર | ૨૯.૬૩% |

## કોષ્ટક – ૭.૨ (બ)

| પ્રવાસીઓ | પુરૂષો | સ્ત્રીઓ | યુગલ | કુટુંબ સાથે |
|---|---|---|---|---|
| સંખ્યા | ૧૪ | ૮ | ૪ | ૩ |
| ટકાવારી | ૬૩.૬૪% | ૩૬.૩૭% | ૧૮.૧૮% | ૧૩.૬૪% |

## ગ્રાફ : ૭.૨ (અ)




A = પુરુષોની સરેરાશ ઉંમર
B = પ્રવાસીઓની સરેરાશ ઉંમર
C = સ્ત્રીઓની સરેરાશ ઉંમર

**ગ્રાફ : ૭.૨ (બ)**




પ્રસ્તુત બંને કોષ્ટકનું વિશ્લેષણ નીચે પ્રમાણે છે.

## ૧. <u>વિદેશી પ્રવાસીઓ સ્ત્રી–પુરૂષની સંખ્યાની ટકાવારી :</u>

ભારતના પ્રવાસે આવતા વિદેશી પ્રવાસીઓમાં પુરૂષોની સંખ્યા ૬૩.૬૪ % છે. જયારે ભારતમાં સ્ત્રીઓ પ્રવાસે આવતી સંખ્યા ૩૬.૩૭ % છે. આ બંન્ને વચ્ચે ઘણી અસમાનતા જોવા મળે છે. આ વિશ્લેષણને આધારે ફલિત થાય છે કે ભારતમાં વિદેશી પ્રવાસીઓની સ્ત્રીઓ ઓછી સંખ્યામાં પ્રવાસે આવે છે. તેઓને લોકોનો કનડગતનો ભાસ થાય છે કે હજી વિશ્વના રાષ્ટ્રો પુરૂષપ્રધાન જ છે. આ અસમાનતા દૂર કરવા માટે સરકારે યોગ્ય પગલા લેવા જોઈએ. જેવા કે, ...

૧. કેવળ સ્ત્રીઓ માટેની ટૂર ગોઠવવી જોઈએ.

૨. આ ટૂરમાં સ્ત્રી ગાઈડ જ મુકવી જોઈએ.

૩. આ ટૂરમાં સ્ત્રી ડોકટર સાથે રાખવી જોઈએ.

૪. પ્રવાસી સ્ત્રીઓની સલામતીની તમામ જવાબદારી સરકારે ઉઠાવવી જોઈએ.

## ૨. <u>પ્રવાસીઓની યુગલ સંખ્યા :</u>

ભારતના પ્રવાસે આવનાર યુગલ પ્રવાસીઓની સંખ્યા ખૂબ જ ઓછી જોવા મળે છે. જે ઉપરના વિશ્લેષણમાં ૧૮.૧૮% છે. આ સંખ્યાની ટકાવારીમાં વધારો કરવા સરકારે પ્રવાસન વિભાગમાં સુવ્યવસ્થિત ફેરફારો કરવાની જરૂર છે જેમના માટે નીચે પ્રમાણે સૂચન કરી શકાય.

૧. પ્રવાસીઓ માટે કપલ ટૂરનું આયોજન કરવું જોઈએ.

૨. યુગલ પ્રવાસીઓને હવાઈ માર્ગે અને રેલ્વેમાં તેમની સગવડતા પ્રમાણે વ્યવસ્થા કરી આપવી જોઈએ.

૩. હનીમુન માટે આવતા પ્રવાસીઓ માટે પ્રવાસ સ્થળોએ અલગ સગવડ કરી આપવી જોઈએ.

૪. પ્રવાસી બીચ યુગલ માટે ભિન્ન રાખવા જોઈએ.

## ૩. <u>કુટુંબ પ્રવાસીઓની ટકાવારી :</u>

કુટુંબ સાથે આવનાર પ્રવાસીઓની સંખ્યાની ટકાવારી ૧૩.૬૪ વિશ્લેષણમાં જોવા મળે છે. જે બહુ જ નિમ્ન કહી શકાય. આ પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરવો ખૂબ જ સરળ છે જેના માટે નીચેનાં પગલા લઈ શકાય.

૧. પરીવાર ટૂર પ્રવાસીઓ માટે યોજવી જોઈએ.

૨. કુટુંબ પ્રવાસીઓના જોડે બાળકો માટે પરિવહન ખર્ચ, હોટેલ ખર્ચ અને અન્ય રાહત આપવી જોઈએ.

૩. બાળકો માટેના આકર્ષક પ્રવાસન સ્થળોનો વિકાસ કરવો જોઈએ.

## ૪. સિનિયર પ્રવાસીઓ/મોટી ઉંમરના પ્રવાસીઓની ટકાવારી :

ભારતમાં આવતા પ્રવાસીઓની સરેરાશ ઉંમર ૨૫ થી ૩૫ વર્ષની વચ્ચે જોવા મળે છે જયારે મોટી ઉંમરના પ્રવાસીઓ વધુ સંખ્યામાં આવતા નથી. તેમની ટકાવારીમાં વધારો થાય તે માટે પ્રવાસન વિભાગે નીચેના પ્રયત્નો કરવા જોઈએ.

૧. ફકત સિનિયર પ્રવાસીઓનું ટૂર આયોજન કરવું જોઈએ.

૨. મોટી વ્યકિતની ટૂરમાં તેમના હેલ્થ માટે નિષ્ણાંત ડોકટર રાખવા જોઈએ.

૩. પ્રવાસી ટૂરમાં તેમની ઉંમરનો ગાઈડ મુકવો જોઈએ.

૪. આ પ્રવાસીઓ માટે અગાઉથી પ્રવાસસ્થળોની યાદી કરી, તે પ્રમાણે પ્રવાસ વધુ સંતોષકારક બને તેવા પ્રયત્નો કરવા જોઈએ.

૫. 'જીવન વીમા સંસ્થા'– દ્વારા મુરબ્બી પ્રવાસીઓ માટે ખાસ યોજના રાખવી જોઈએ. જેથી પ્રવાસમાં તેમનું જોખમ આવરી શકાય.

## ૭.૩ ભારતમાં વિદેશી પ્રવાસીઓની રાષ્ટ્રવાર વહેંચણી :

ભારતના પ્રવાસે આવનાર પ્રવાસીઓ વિશ્વના જુદા જુદા રાષ્ટ્રોના હોય છે જેમની સંખ્યાની ટકાવારી અલગ–અલગ જોવા મળે છે. એટલે કે વિશ્વના જુદા જુદા

ખંડોના લોકો ભારતના પ્રવાસે આવે છે તેમાં અમુક ખંડના લોકો વધુ આવે છે, જ્યારે અમુક ખંડના લોકો ઓછા પ્રમાણમાં આવે છે. જે અંગેની માહિતી કોષ્ટક ૭.૩ અંતર્ગત દર્શાવવામાં આવી છે.

## કોષ્ટક – ૭.૩

| | યુરોપ | અમેરિકા | એશિયા |
|---|---|---|---|
| પ્રવાસીઓની સંખ્યા | ૨૦ | ૨ | શૂન્ય |
| ટકાવારી | ૯૦.૯૧% | ૯.૦૯% | શૂન્ય |

ઉપર્યુક્ત કોષ્ટક ૭.૩ માં વિશ્વના જુદા જુદા ખંડના દેશોના લોકોની સંખ્યા ભિન્ન ભિન્ન જોવા મળે છે. જેમનું વિશ્લેષણ નીચે પ્રમાણે છે.

### ૧. યુરોપ ખંડના રાષ્ટ્રોમાંથી ભારતમાં આવતા પ્રવાસીઓની ટકાવારી :

યુરોપખંડના રાષ્ટ્રોમાંથી ભારતમાં આવતા પ્રવાસીઓની સંખ્યા ૯૦.૯૧% જોવા મળે છે. જે ખૂબ જ વિશેષ છે એમ કહી શકાય. તેમની પાછળ અનેક કારણો છે જેમકે યુરોપ ખંડના દેશોમાં ઐતિહાસિક જુના–પુરાણા કિલ્લાઓ, મહેલો, શિલ્પ કૃત્તિઓ, દરિયાઈ બીચ વગેરે હોવાથી બીજા રાષ્ટ્રોનો ઐતિહાસિક તથા સાંસ્કૃતિક વારસો જોવાની અને તેના વિશે જાણવાની ઈચ્છા મનોવૈજ્ઞાનિક અને દેખા દેખીની અસર હેઠળ વધુ થાય છે આ પ્રકારના સ્થળો ભારતમાં વિશેષ હોવાથી તે ખંડની પ્રજાને વધુ આકર્ષીત કરી શકે છે. આ બાબતને ધ્યાનમાં લઈને પ્રવાસન વિભાગે બોધ પાઠ લેવો જોઈએ. યુરોપ ખંડની પ્રજાને મનોવૈજ્ઞાનિક રીતે પ્રભાવિત કરી આપણો બહુમુલ્ય વારસો, ઐતિહાસિક કિલ્લાઓ, મહેલો, કલાકૃત્તિઓ, સંસ્કૃત્તિ પ્રસંગો ઈત્યાદી પ્રચાર માધ્યમ દ્વારા પ્રવાસીઓને માહિતગાર કરવા જોઈએ. પ્રવાસન કેન્દ્રો ઉપર તમામ માહિતી પ્રાપ્ય બને તેવી વ્યવસ્થા કરવી જોઈએ જેથી આપણું પ્રવાસન બજાર વધુ સરળ બને.

## ૨. <u>અમેરિકા ખંડના રાષ્ટ્રોમાંથી ભારતમાં આવતા પ્રવાસીઓની ટકાવારી :</u>

અમેરિકા ખંડના રાષ્ટ્રોમાંથી ભારતમાં આવનાર પ્રવાસીઓની સંખ્યા ૯.૦૯ % છે. જે બહુજ નજીવી ગણી શકાય. અમેરિકા ખંડનાં રાષ્ટ્રોની પ્રજાને ઐતિહાસિક વારસો, સાંસ્કૃત્તિક પ્રસંગો, સંસ્કૃતિ ઈત્યાદિ વિશે બહુ જ ઓછો રસ છે. તેમના ખંડના રાષ્ટ્રોમાં આવું કશું જ નથી. જેથી અહીં દેખાદેખીની અસર આ પ્રજાને લાગુ પડતી નથી. જોકે, સમૂદ્ર બીચ હોવા છતાં ભારતના દરિયાઈ બીચ આકર્ષત બહુ જ ઓછા રહેલ છે. જેમના માટે જવાબદાર પ્રશ્નો જેવા કે આપણા બીચ ખૂબ જ ગંદા, કચરાથી ભરપુર, કાચ–પત્થરોનાં ટૂકડાઓ ઈત્યાદી ગણાવી શકાય. પ્રવાસન વિભાગે આ બાબતે ધ્યાન આપવાની જરૂરીયાત છે. જેથી અમેરીકા ખંડના રાષ્ટ્રોની પ્રજાને ભારતના પ્રવાસ માટે આકર્ષી શકાય.

## ૩. <u>એશીયા ખંડના રાષ્ટ્રોમાંથી ભારતમાં આવતા પ્રવાસીઓની ટકાવારી :</u>

આપણા ખંડના રાષ્ટ્રોમાંથી ભારતના પ્રવાસે આવનાર પ્રવાસીઓની સંખ્યા જોવા મળતી નથી. આપણા ખંડના રાષ્ટ્રોની પ્રજાને બીજા ખંડના રાષ્ટ્રોમાં પ્રવાસે જવામાં વધુ રસ છે એટલે કે –'દૂરથી ડુંગરા રળીયામણા' કહેવતને જુએ છે. જોકે, એવું પણ હોઈ શકે, આપણા નજીકના દેશોમાં તો પ્રવાસે પછી પણ જઈ શકાશે. પહેલા દૂરના દેશોનો પ્રવાસ કરીએ અને એશિયા ખંડના રાષ્ટ્રની પ્રજા સમાન સંસ્કૃત્તિથી થોડા ઘણા અંશે સરખી વગેરે કારણે પ્રવાસીઓને બહુ રસ રહેતો નથી.

અન્ય ખંડોના દેશોના લોકો ભારતને પ્રવાસે આવતા નથી તેવું કોઈ સરળ વિદ્યાન અહીં પ્રસ્તુત નથી પરંતુ યુરોપ અને અમેરિકા ખંડને બાદ કરતાં બીજા ખંડોના લોકો ભારતને પ્રવાસે વધુ આવે તે માટે ભારત સરકારે પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસીઓને આકર્ષવા માટે ખાસ પ્રકારનું માર્કેટીંગ કરવું જોઈએ. એટલે કે પ્રવાસન બજાર વ્યવસ્થા દ્વારા પ્રવાસીઓની ઈચ્છા અને જરૂરીયાતને વ્યાપારી ધોરણે અનુસાર સંતોષ આપવો જોઈએ. પ્રવાસીઓને ભારતના પ્રવાસન કેન્દ્રો વિશે અગાઉથી પૂર્ણ માહિતગાર કરવા જોઈએ, તેમને પ્રવાસન નીતિ, પરિવહન ખર્ચ, હોટલ ખર્ચ,

પ્રવાસન કેન્દ્રો સ્થાને પહોંચવાનો સમય, પ્રવાસન સ્થાનની લાક્ષણિકતાઓ અને ચિત્રો વગેરે વિશેની માર્ગદર્શીકા આપવી જોઈએ, જેથી પ્રવાસીઓ તેમની આવક અને સમયની ફાળવણી યોગ્ય કરી શકે.

## ૭.૪ ભારતની પ્રવાસન સ્થળ તરીકે પસંદગીના કારણો :

પ્રવાસીઓ કોઈપણ રાષ્ટ્રમાં પ્રવાસે જાય છે ત્યારે તે પ્રવાસમાં જોવાલાયક સ્થળો કયા છે તેમની સંસ્કૃત્તિ અને સમાજ કેવો છે, ખર્ચ કેવો છે ઈત્યાદિ બાબતોને ધ્યાનમાં રાખીને જે તે પ્રવાસોના રાષ્ટ્રો સ્થળ તરીકે પસંદગી કરે છે. ભારતના પ્રવાસન સ્થળની પસંદગીના કારણોનું મહત્ત્વ અનુસાર ટકાવારીનું વિશ્લેષણ કોષ્ટક ૭.૪ માં આપવામાં આવ્યું છે. જે નીચે પ્રમાણે છે.

**કોષ્ટક – ૭.૪**

| મહત્ત્વની કક્ષા | જોવાલાયક સ્થળો વધુ સારા | | સાંસ્કૃત્તિક દ્રષ્ટિએ ઉત્તમ | | વૈવિધ્યપૂર્ણ સમાજ | | પ્રવાસખર્ચ નીચું | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સંખ્યા | ટકા% | સંખ્યા | ટકા% | સંખ્યા | ટકા% | સંખ્યા | ટકા% |
| સર્વોચ્ચ | ૭ | ૩૧.૮૨% | ૭ | ૩૧.૮૨% | ૨ | ૯.૦૯% | ૬ | ૨૭.૨૮% |
| ઉચ્ચ | ૭ | ૩૧.૮૨% | ૫ | ૨૨.૭૨% | ૮ | ૩૬.૩૬% | ૨ | ૯.૦૯% |
| સાધારણ | ૬ | ૨૭.૨૭% | ૫ | ૨૨.૭૨% | ૭ | ૩૧.૮૨% | ૩ | ૧૩.૬૩% |
| કુલ–A | ૨૦ | ૯૦.૯૧% | ૧૭ | ૭૭.૨૬% | ૧૭ | ૭૭.૨૬% | ૧૧ | ૫૦.૦૦% |
| નીચું | ૧ | ૪.૫૪% | ૫ | ૨૨.૭૪% | ૫ | ૨૨.૭૪% | ૧૦ | ૪૫.૪૬% |
| તદ્દન નીચું | ૧ | ૪.૫૫% | ૦ | – | ૦ | – | ૧ | ૪.૫૪% |
| કુલ–B | ૨ | ૯.૦૯% | ૫ | ૨૨.૭૪% | ૫ | ૨૨.૭૪% | ૧૧ | ૫૦.૦૦% |
| A + B | ૨૨ | ૧૦૦% | ૨૨ | ૧૦૦% | ૨૨ | ૧૦૦% | ૨૨ | ૧૦૦% |

ગ્રાફ : ૭.૪

## પ્રવાસ સ્થળની પસંદગીના કારણો



પ્રવાસન સ્થળની પસંદગી ના કારણોને વધુ અને ઓછું મહત્ત્વએ વિષય શ્રેણીમાં એ, બી, સી, ડી, અને ઈમાં વિભાજીત કરેલ છે. જેનું વિશ્લેષણ આ પ્રમાણે છે.

**<u>વધુ અને ઓછું મહત્ત્વ :</u>**

આ મહત્ત્વની કક્ષામાં 'પ્રવાસ સ્થળની પસંદગીના કારણો' ને સર્વોચ્ચ, ઉચ્ચ અને સાધારણ કક્ષામાં પ્રવાસીઓએ મહત્ત્વ આપેલ છે. આ કારણોને ક્રમ અનુસાર વિસ્તૃત રીતે જોઈએ.

**૧. <u>જોવાલાયક સ્થળો વધુ સારા :</u>**

આ કારણને પ્રવાસીઓની સંખ્યા વધુ મહત્ત્વમાં સર્વોચ્ચ, ઉચ્ચ કક્ષાની ૩૧.૮૨% અને સાધારણમાં ૨૭.૨૭% મહત્વ આપે છે. આ ત્રણેય કક્ષાની કુલ ટકાવારી ૯૦.૯૧ થાય છે. જયારે ઓછું મહત્ત્વ આપનાર પ્રવાસીઓની સંખ્યા આ કારણ માટે ખૂબ ઓછી જોવા મળે છે. એટલે કે કુલ પ્રવાસીઓમાંથી ૯.૦૯% સંખ્યા છે. જો કે વિશેષ પ્રવાસીઓ આ કારણને વધુ મહત્ત્વ આપે છે. તેથી પ્રવાસન વિભાગે તેમની આગવી યોજનામાં આ કારણને મહત્ત્વપૂર્ણ ભાર આપવો જોઈએ.

**૨. <u>સાંસ્કૃતિક દષ્ટિએ ઉત્તમ :</u>**

વિદેશી પ્રવાસીઓ ભારતને પ્રવાસ સ્થળ તરીકે પસંદગી માટે આ કારણને સારું મહત્ત્વ આપે છે. આ કારણને પ્રવાસીઓની સંખ્યા સર્વોચ્ચ કક્ષામાં ૩૧.૮૨% મહત્ત્વ આપે છે. ઉચ્ચ અને સાધારણ કક્ષામાં ૨૨.૭૨% મહત્ત્વ આપે છે. આ વધુ મહત્ત્વની ત્રણેય કક્ષાની કુલ ટકાવારી ૭૭.૨૬% છે. જે એવું ફલિત કરે છે કે ભારતમાં આવતા પ્રવાસીઓ આ કારણને પણ ધ્યાનમાં લઈને આવે છે. જો કે આ કારણને ઓછું મહત્ત્વ

આપનાર કુલ પ્રવાસીઓમાંથી સંખ્યા નિમ્ન કક્ષામાં ૨૨.૭૪ % છે.

### ૩. વૈવિધ્યપૂર્ણ સમાજ :

આ કારણ એ પ્રવાસીઓને આકર્ષીત કરવામાં ખૂબ અગત્યનો ફાળો આપે છે. આ કારણને પ્રવાસીઓની સંખ્યા વધુ મહત્ત્વમાં સર્વોચ્ચ સ્તરને કેવળ ૯.૦૯% મહત્ત્વ આપે છે. જયારે ઉચ્ચ સ્તરને ૩૬.૩૬% અને સાધારણ સ્તરને ૩૧.૮૧% મહત્ત્વ આપે છે. જયારે કુલ પ્રવાસીઓમાંથી બાકીના ૨૨.૭૪% પ્રવાસીઓ આ કારણને ઓછું મહત્ત્વની કક્ષામાં ગણાવે છે.

### ૪. પ્રવાસ ખર્ચ નીચો :

આ કારણને પણ પ્રવાસીઓ વધુ મહત્ત્વની કક્ષામાં ઓછું મહત્ત્વ આપતા નથી એટલે કે ૫૦% પ્રવાસીઓની સંખ્યા એવી છે કે જે પ્રવાસ ખર્ચને ધ્યાનમાં રાખીને જ પ્રવાસે આવે છે. આ કારણને સર્વોચ્ચ કક્ષામાં ૨૭.૨૮%, ઉચ્ચ કક્ષામાં ૯.૦૯% અને સાધારણ કક્ષામાં ૧૩.૬૩% મહત્ત્વ આપે છે. જયારે ઓછા મહત્ત્વ ની કક્ષામાં કુલ પ્રવાસીઓમાંથી બાકી રહેલ ૪૫.૪૬% મહત્ત્વ આપે છે. છતાં આ કારણ એ પ્રવાસીઓને આકર્ષીત કરવામાં મહત્ત્વનું છે.

## ૭.૫ ભારતના પ્રવાસને અંતે પ્રવાસીઓના અનુભવો :

ભારતમાં પ્રવાસીઓ પ્રવાસે આવે તે દરમિયાન તેઓને સારા–ખરાબ અનુભવ થતાં હોય છે. ભારતમાં આવતા પ્રવાસીઓના પ્રવાસ દરમિયાન અનુભવની સરેરાશ કક્ષા ભારિત સરેરાશ આંક પ્રમાણ તેમજ જેનો કક્ષા ક્રમ ખૂબ સારો, સારો અને સાધારણ વગેરે ક્રમમાં ગોઠવેલા છે. આ બંને બાબતો કોષ્ટક – ૭.૫(અ) અને ૭.૫ (બ)માં દર્શાવેલ છે, જે નીચે મુજબ છે.

**કોષ્ટક – ૭.૫ (અ)**

| | ખૂબ સારો | સારો | સાધારણ | ખરાબ | ખૂબ ખરાબ | ભારિત આંક |
|---|---|---|---|---|---|---|
| ભારિત ગુણ | ૫૦ | ૩૦ | ૧૫ | ૦૫ | ૦૦ | ૭૪૦ / ૨૨ ∴ |
| પ્રવાસીઓની સંખ્યા | ૭ | ૧૧ | ૪ | – | – | = ૩૩.૬૩ |

ઉપરની સારણીમાં ભારતના પ્રવાસને અંતે પ્રવાસીઓના અનુભવની સરેરાશ કક્ષા નક્કી કરવામાં આપવામાં આવેલા ભારીત આંકની દષ્ટિએ વિશ્લેષણ કરતાં સરેરાશ ભારીત આંક ૩૩.૬૩ જોવા મળે છે. અર્થાત્ પ્રવાસીઓનો પ્રવાસ એકંદરે સારો રહયો છે તેવું ફલિત થાય છે.

**કોષ્ટક – ૭.૫ (બ)**

| ક્રમ | કક્ષા | ટકાવારી |
|---|---|---|
| ૧ | ખૂબ સારો | ૪૭.૩૦% |
| ૨ | સારો | ૪૪.૬૦% |
| ૩ | સાધારણ | ૮.૧૦% |
| | કુલ | ૧૦૦% |

**ગ્રાફ : ૭.૫**




ઉપર્યુકત સારણી અને ગ્રાફ ૭.૫ (બ) માં ભારતમાં આવતા પ્રવાસીઓના પ્રવાસ દરમિયાન સારા–ખરાબ અનુભવની કક્ષા ક્રમે ભારીત સરેરાશ આંક આધારે વિભાજીત કરેલ છે. જે આ પ્રમાણે છે.

**૧. ખૂબ સારો :**

ભારતમાં વિદેશી પ્રવાસીઓ જુદા જુદા પ્રવાસ સ્થળોનો પ્રવાસ દરમ્યાન ખૂબ સારો અનુભવનું મંતવ્ય આપનારનો ભારિત સરેરાશ ૪૭.૩૦% જોવા મળે છે.

**૨. સારો :**

આ ક્રમની કક્ષાએ સારો અનુભવનો ખ્યાલ આપનાર પ્રવાસીઓની સંખ્યા ૪૪.૬૦% છે, આ ક્રમ એ આશાસ્પદ ચિત્ર રજૂ કરે છે. છતાં સરકારે પ્રવાસન વિભાગમાં જરૂર પરિવર્તનો પ્રવાસનીતિમાં કરવા જોઈએ.

### ૩. સાધારણ :

પ્રવાસીઓના પ્રવાસ દરમ્યાન સાધારણ કક્ષાનો અનુભવ અભિપ્રાય આપનાર પ્રવાસીઓની સંખ્યા ૮.૧૦% છે. જે બહુ જ ઓછી છે.

ઉપરોક્ત વિશ્લેષણ એમ સુચવે છે કે, ભારતમાં પ્રવાસીઓને પ્રવાસ દરમ્યાન ખરાબ પ્રસંગોની ટકાવારી ખૂબ જ નહિંવત હશે. આમ છતાં, ભારત સરકારે તેમની આગવી સુઝથી પ્રવાસીઓનો પ્રવાસ વધુ સફળ બને તે માટે યોજના ઘડવી જોઈએ.

## ૭.૬ ભારતનો પ્રવાસ સારો કે અન્ય દેશનો તે અંગે પ્રવાસીઓના અભિપ્રાયોનું વિશ્લેષણ :

ભારતમાં આવતા વિદેશી પ્રવાસીઓ કોઈ એક દેશના પ્રવાસ સાથે બીજા અન્ય દેશોનો પણ પ્રવાસ કરતા હોય છે. તે દરમિયાન તેમને કોઈ એક દેશનો પ્રવાસ સારો રહયો કે અન્ય દેશનો પ્રવાસ સારો રહેલ છે તેમજ ગુજરાતનો પ્રવાસ કેવો રહયો છે તે બંને બાબતો કોષ્ટક ૭.૬ (અ) અને ૭.૬ (બ) માં જોવા મળે છે. જે નીચે પ્રમાણે છે.

**કોષ્ટક – ૭.૬ (અ)**

| પ્રવાસીઓ | ભારતનો પ્રવાસ સારો નહીં. | ભારતનો પ્રવાસ સારો | ભારતનો ઉપરાંત અન્ય દેશોનો પ્રવાસ સારો |
|---|---|---|---|
| સંખ્યા | ૦૬ | ૧૨ | ૦૪ |

| | | | |
|---|---|---|---|
| ટકાવારી | ૨૭.૩૬% | ૫૪.૫૪% | ૧૮.૧૮% |

<u>**કોષ્ટક – ૭.૬ (બ)**</u>

| પ્રવાસીઓ | ગુજરાતનો પ્રવાસ સારો નહીં | ગુજરાતનો પ્રવાસ સારો | ગુજરાત ઉપરાંત અન્ય દેશોનો પ્રવાસ સારો |
|---|---|---|---|
| સંખ્યા | ૦૨ | ૦૬ | ૧૪ |
| ટકાવારી | ૯.૧% | ૨૭.૨૭% | ૬૩.૬૪% |

<u>**ગ્રાફ : ૭.૬ (અ)**</u>




A = ભારતનો પ્રવાસ સારો
B = ભારતનો પ્રવાસ સારો નહીં
C = ભારતનો પ્રવાસ ઉપરાંત અન્ય દેશનો પ્રવાસ સારો

**ગ્રાફ : ૭.૬ (બ)**




A = ગુજરાત ઉપરાંત અન્ય પ્રદેશનો પ્રવાસ સારો
B = ગુજરાતનો પ્રવાસ સારો
C = ગુજરાતનો પ્રવાસ સારો નહી

પ્રસ્તુત કોષ્ટક અને આકૃત્તિ ૭.૬(અ)અને (બ) ના આધારે જોઈ શકાય છે કે ભારતનો પ્રવાસ સારો રહયો નહીં તેવું મંતવ્ય આપનાર પ્રવાસીઓની સંખ્યા ૨૭.૩૬% જોવા મળે છે. જયારે ભારતનો પ્રવાસ સારો તેવી અભિવ્યકિત કરનાર પ્રવાસીઓની સંખ્યા ૫૪.૫૪% જોવા મળે છે. જયારે ભારતનો પ્રવાસ ઉપરાંત અન્ય દેશોનો પ્રવાસ સારો તેવું અભિપ્રાય આપનાર પ્રવાસીઓની સંખ્યા ૧૮.૧૮% છે. આ પ્રવાસીઓની સંખ્યા એવું નિર્દેશ કરે છે કે માત્ર ભારતના પ્રવાસે આવવું સારું નહીં જોડે જોડે અન્ય રાષ્ટ્રોનો પ્રવાસ કરવો જરૂરી છે.

## ૭.૭ ભારત અને ગુજરાત વચ્ચેની તુલના :

ભારતમાં પ્રવાસીઓને પ્રવાસ દરમ્યાન કયા રાજયનો પ્રવાસ વધુ સફળ રહયો તે વિશ્લેષણ આ પ્રમાણે છે.

ગુજરાતનો પ્રવાસ સારો નહીં, તેવું મંતવ્ય આપનાર પ્રવાસીઓની સંખ્યા ૯.૧% જોવા મળે છે. જયારે ભારત સાથે ગુજરાતની તુલના કરતાં ભારતનો પ્રવાસ સારો નહીં. તેવું મંતવ્ય આપનાર પ્રવાસીઓની ટકાવારી કરતાં ગુજરાતનો પ્રવાસ સારો નહીં તેવો અભિપ્રાય આપનાર પ્રવાસીઓની ટકાવારી ઓછી જોવા મળે છે. એટલે કે ભારતના પ્રવાસ દરમ્યાન ગુજરાતનો પ્રવાસ સારો લાગ્યો છે.

જયારે ગુજરાતનો પ્રવાસ સારો તેવું કહેનાર પ્રવાસીઓની સંખ્યા ૨૭.૨૭% વિશ્લેષણમાં જોવા મળે છે. ભારત સાથે ગુજરાતની સરખામણી કરતાં ભારતનો પ્રવાસ સારો તેવા ખ્યાલના પ્રવાસીઓની ટકાવારી ગુજરાતનો પ્રવાસ સારો તેનાં કરતાં વધુ જોવા મળે છે.

ગુજરાત ઉપરાંત અન્ય દેશોનો પ્રવાસ સારો તેવું મંતવ્ય આપનાર પ્રવાસીઓની સંખ્યાની ટકાવારી ૬૩.૬૪% જોવા મળે છે. જયારે ભારતનો પ્રવાસ સારો તેવું અભિપ્રાય આપનાર પ્રવાસીઓની સંખ્યાની ટકાવારી ૫૪.૫૪ જોવા મળે છે.

## ૭.૮ વિદેશી પ્રવાસીઓનો પ્રવાસ વધુ સારો થાય તે માટેના પ્રવાસીઓના અભિપ્રાયો :

ભારતના પ્રવાસે આવતા પ્રવાસીઓનો પ્રવાસ વિશેષ સારો બની રહે તે માટે પ્રવાસીઓએ પોતાના અભિપ્રાયો આપેલા છે. જેમને ત્રણ સ્તરમાં વિભાજીત કરેલા છે. જે અનુક્રમે અતિ મહત્ત્વના સૂચનો, મહત્ત્વના સૂચનો અને ઓછા મહત્ત્વના સૂચનો ઈત્યાદી. જેમને નીચે પ્રમાણે દર્શાવેલા છે.

### ૭.૮.૧ અતિ મહત્ત્વના સૂચનો :

૧. ભારતના પર્યટન માટેના બીચ–સ્થળો વધુ સ્વચ્છ, સુંદર હોવા જોઈએ.

૨. હોટેલોની આધુનિકતામાં વધારો કરવો જોઈએ.

૩. ટ્રાન્સપોર્ટ પરિવહનનો વિકાસ કરવો જોઈએ અને પ્રવાસીઓ માટે અલગ વ્યવસ્થા કરવી જોઈએ.

૪. પ્રવાસ સ્થળો વિશે માર્ગદર્શન અને તાલીમ પામેલા ગાઈડોમાં વધારો કરવો અતિજરૂરી છે.

૫. ભારતના ઐતિહાસિક સ્થળો અને શિલ્પ સ્થાપત્યોના વારસાની સાચવણી કરવી જોઈએ.

૬. પ્રવાસન કેન્દ્રોની જાળવણી અને યોગ્ય સમયે માવજત કરાવવી જોઈએ.

૭. પ્રવાસન વિભાગે હજી પણ પ્રવાસીઓ માટે અભિગમ બદલવાની તાતી જરૂરીયાત છે.

૮. ભારતમાં લોકોને તેમની સંસ્કૃત્તિ અને તેનાં પુરાવાઓ વિશેની સભાનતા કેળવવાની જરૂર છે.

૯. દૂરના વિસ્તારોમાં વાહન વ્યવહારની સગવડોમાં વધારો કરવો જોઈએ.

### ૭.૮.૨ મહત્ત્વનાં સૂચનો :

૧. વિદેશી પ્રવાસીઓ માટે અલગ બીચની વ્યવસ્થા કરવી જોઈએ. જેથી સ્થાનિક પ્રવાસીઓ તેમને ખલેલ ન પહોંચાડે.

૨. અંગ્રેજી ભાષાનો રોજિંદા વ્યવહારમાં ઓછો ઉપયોગ થતો હોવાથી પ્રવાસીઓને વધુ મુશ્કેલી પડે છે. આથી દુભાષિયા (ગાઈડ) ની વ્યવસ્થા કરવી જોઈએ.

૩. પ્રવાસન વિભાગે જરૂરી પ્રવાસન કેન્દ્રોનું ખાનગીકરણ કરી નાખવું જોઈએ. જેમકે, હોલ્ડી કેમ્પ–ચોરવાડ.

૪. પ્રવાસ સ્થળોએ હોટેલમાં જમવા માટે બહુ જ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જમવામાં સંતોષ થતો નથી. તે સંદર્ભે સરકારે પગલા લેવા જોઈએ.

૫. સામાન્ય લોકો વિદેશી પ્રવાસીઓને કનડગત હોય છે જેને દૂર કરવા જોઈએ. લોકોમાં પ્રવાસીઓ પ્રત્યે નવો અભિગમની કેળવણી આપવી જોઈએ.

૬. પ્રવાસીઓને ભાષાકીય પ્રશ્ન હોવાથી છેતરાવાની શકયતા રહે છે. જેથી આ વસ્તુ દૂર કરવા જે તે ચીજ વસ્તુના ભાવો નિશ્ચિત કરવા જોઈએ.

### ૭.૮.૩ <u>ઓછા મહત્ત્વનાં સૂચનો</u> :

૧. ઐતિહાસિક/સાંસ્કૃત્તિક મહત્ત્વના મકાનોની મરામત કરાવવી જોઈએ.

૨. ડ્રગ્સનું દુષણ દૂર કરવું જોઈએ.

૩. પર્યટન બીચ ઉપર કચરો–કાચના ટૂકડા, પત્થરના ટૂકડા વગેરે દૂર કરવા જોઈએ.

૪. વિદેશી પ્રવાસીઓ પુનઃ ભારતના પ્રવાસે આવે તે માટે પ્રોત્સાહક નીતિ, યોજનાઓ પ્રવાસન વિભાગે ઘડવી જોઈએ જેવી કે –

– પરિવહન ખર્ચમાં અમુક ટકા વળતર.

– અમુક કક્ષાની હોટેલમાં અમુક દિવસ રહેવાની સેવા વ્યાજબી દરે.

– પ્રવાસન સ્થળોના ફોટાઓ, નકશાઓ, માર્ગદર્શન પુસ્તક વગેરે મફત આપવા જોઈએ.

– અભયારણ્યમાં ફોટા પાડવાનો નિમ્ન ચાર્જ, વિડિયો માટે પણ નિમ્ન ચાર્જ જેથી પ્રવાસીઓ આકર્ષી શકાય.

### ૭.૮.૪ સામાન્ય સલાહ–સૂચનો ( Common Average give Advice) :

૧. ભારતના પર્યટન માટેના બીચ સ્વચ્છ–સુંદર હોવા જોઈએ.

૨. ટ્રાન્સપોર્ટ પરિવહન સુવિધા સંતોષકારક ઉપલબ્ધ હોવી જોઈએ.

૩. પ્રવાસ કેન્દ્રોનું માર્ગદર્શન આપનાર ગાઈડો–દૂભાષિયા હોવા જોઈએ અને તેમાં વધારો કરવાની તાતી જરૂર છે.

૪. વિદેશી પ્રવાસીઓ પુનઃ ભારતના પ્રવાસે આવે તે માટે પ્રવાસન વિભાગે પ્રોત્સાહી યોજના ઘડવી જોઈએ.

૫. પ્રવાસ પર્યટન સ્થળોની સતત સાર સંભાળ લેવી જોઈએ.

૬. ભારતના લોકોને પોતાની સંસ્કૃત્તિ અને શિલ્પ સ્થાપત્ય વિશે સભાનતા કેળવવાની જરૂર છે. જેથી તેઓ પર્યટકો સાથે વિચાર વિનિમય કરી શકે.

૭. હોટેલની સુવિધામાં આધુનિકરણ કરવાની જરૂર છે.

- **સંક્ષેપ :**

ભારતના પ્રવાસે આવતા પ્રવાસીઓનો પ્રવાસ વિશેષ સારો બની રહે, તે માટે તેમના મંતવ્યો ઉપરના વિશ્લેષણમાં ત્રણ સ્તરમાં વિભાજીત કરેલ છે. જે ખૂબ મહત્ત્વના, મહત્ત્વના અને ઓછા મહત્ત્વના વગેરે પ્રવાસીઓના અનુભવ ઉપરના સૂચનોને ધ્યાનમાં લઈને પ્રવાસન વિભાગે યોગ્ય પગલા ભરવા જોઈએ. જોકે બધા જ સૂચનોનો અમલ એક સાથે અને ટૂંકા સમયમાં થઈ શકે નહીં, પરંતુ તેમાંથી સરેરાશ સૂચનોને ધ્યાનમાં લઈને તેમનો અમલ કરવા તાત્કાલિક પગલાઓ પ્રવાસન વિભાગે ભરવા જોઈએ. જેથી પ્રવાસીઓનો પ્રવાસ વધુ સારો બને અને પ્રવાસીઓની સંખ્યામા વૃદ્ધિ થઈ શકે, જેથી ભારતના પ્રવાસન વિભાગનું માર્કેટીંગ ખૂબ જ સરળ રીતે વિકાસ કરી શકાય અને વિદેશી હુંડિયામણની કમાણી સારી કરી શકીએ.

• • •

## પ્રકરણ : ૮

# તારણો અને સૂચિતાર્થો

૮.૧ તારણો

૮.૨ સૂચિતાર્થો

# <u>પ્રકરણ : ૮</u>

# તારણો અને સૂચિતાર્થો

## ૮.૧ <u>તારણો</u> :

૧. પ્રવાસન કેન્દ્ર ઉપર શિક્ષિત–તાલીમબદ્ધ કર્મચારીઓ અને દુભાષિયા માર્ગદર્શકનો અભાવ જોવા મળે છે.

૨. પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓ પાસેથી પ્રવેશ ફી, કેમેરા ફી વગેરે નિમિતે જુદી–જુદી રકમ વસૂલવામાં આવે છે. અને તેનું ઊંચું પ્રમાણ જોવા મળે છે, તેમજ ફીનું યાદી પત્રક ચોકકસ પ્રકારનું જોવા મળતું નથી.

૩. પ્રવાસન સ્થળે પ્રવાસન વિભાગ દ્વારા નજીકનાં પ્રવાસન કેન્દ્રનો પ્રચાર થતો નથી.

૪. પ્રવાસન વિભાગ દ્વારા અભયારણ્ય વિસ્તારો માટે અલગ પરિવહન વ્યવસ્થા ઊભી કરવામાં આવી નથી.

૫. પ્રવાસન વિભાગ દ્વારા પરિવહન સ્ટેશન પર પ્રવાસન સ્થળો વિશે જાણકારી આપવામાં આવતી નથી.

૬. પ્રવાસન સ્થળોએ તાર–ટપાલ, ટેલીકોમ તથા આંતરમાળખાકીય સેવાઓનો સંતોષકારક વિકાસ થયેલો જોવા મળતો નથી.

૭. પ્રવાસીઓને પ્રવાસન સ્થળોએ રહેવા માટે સારી હોટલોની સગવડ પ્રાપ્ય નથી. તેમજ અન્ય રાજયોની હોટેલોના ભાડા કરતાં વધુ ભાડા ચૂકવવા પડે છે.

૮. પ્રવાસીઓને પ્રવાસન સ્થળોએ ભોજનની વ્યવસ્થા સંતોષકારક ઉપલબ્ધ થતી નથી અને ઉપહારગૃહમાં ભોજનની ચીજવસ્તુઓના ભાવોમાં મોસમી અનિશ્ચિતતામાંથી પસાર થવું પડે છે.

૯. પ્રવાસન વિભાગ દ્વારા ગુજરાત રાજયના દરિયાકિનારાનો અપૂરતો ઉપયોગ થયો છે.

૧૦. પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસન કેન્દ્રો પરના ઐતિહાસિક સ્થળો, ધાર્મિક સ્થળો અને સ્મારકોની યોગ્ય જાળવણી થતી નથી. અને દરિયાઈ જળ–સૃષ્ટિની પ્રાકૃતિક સમતુલાની સુરક્ષાનો પ્રશ્ન જોવા મળે છે.

૧૧. પ્રવાસન વિભાગ દ્વારા વિદેશી પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે યોગ્ય પ્રકારની નીતિના આયોજનનો અભાવ જોવા મળે છે.

૧૨. આપણા દેશમાં પ્રવાસીઓને અંગત સલામતીનો પ્રશ્ન વધુ અવરોધક છે.

૧૩. આપણા દેશમાં પ્રવાસીઓને સ્થાનિક લોકો તથા તંત્ર–વાહકો દ્વારા પૂરતો સહકાર આપવાની ભાવનાનો અભાવ જોવા મળે છે. તેમજ પ્રવાસન કેન્દ્રના વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા સ્થાનિક સરકારને જરૂરી સહાય આપવામાં આવતી નથી.

૧૪. પ્રવાસન સ્થળોએ ચોખ્ખાઈ અને સ્વચ્છતાનો અભાવ જોવા મળે છે.

૧૫. વિદેશી પ્રવાસીઓનેઆકર્ષિત કરવા માટે પ્રવાસન વિભાગ દ્વારા વિજ્ઞાપન ખર્ચ ઓછા પ્રમાણમાં કરવામાં આવે છે.

૧૬. પ્રવાસન સ્થળો વચ્ચે પેકેજ ટુરનો અભાવ જોવા મળે છે.

૧૭. પ્રવાસન વિભાગ દ્વારા ગુજરાતના મહત્ત્વના ઉત્સવોનું આયોજન કરવામાં આવતું નથી.

૧૮. પ્રવાસન વિભાગ દ્વારા દરિયાઈ સૃષ્ટિની યોગ્ય માવજત લેવામાં આવતી નથી.

૧૯. ગુજરાત પ્રવાસન નિગમની ખાનગીકરણની નીતિ નિષ્ફળ ગઈ છે. કિંમતી મિલકતો અને મથકો પાણીના ભાવે વેચી દીધા છે. અને પ્રવાસીઓને સારી સવલતો મળવાને બદલે આવા પ્રવાસન મથકો મોંઘાદાટ થઈ ગયા છે.

૨૦. પ્રવાસન વિભાગની હેરીટેજ ટૂરનું આયોજન ખૂબમોંઘું હોવાથી પ્રવાસીઓ ઓછા આકર્ષિત થાય છે.

૨૧. ભારતની મુલાકાતે આવતા વિદેશી પ્રવાસીઓ પૈકી માત્ર ૧ ટકા વિદેશી પ્રવાસીઓ જ ગુજરાતમાં આવે છે, જયારે દેશના સ્થાનિક પ્રવાસીઓ પૈકીં ફકત ૨ ટકા પ્રવાસીઓ જ ગુજરાતની મુલાકાત લે છે, જે ગુજરાત પ્રવાસન નિગમ માટે વિચારણીય પ્રશ્ન છે.

૨૨. ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા સ્થાનિક સરકારને પ્રવાસન કેન્દ્રોના વિકાસના આર્થિક ફંડ આપવામાં આવતા નથી, તેથી સ્થાનિક સરકાર કે સંસ્થાઓને પ્રવાસન કેન્દ્રના વિકાસમાં રસ હોતો નથી.

૨૩ મોટેભાગે બ્લોક લેવલ્સ ઉપર સ્થાનિક સંસ્થાઓ અને રાજય શાસનની વચ્ચે સારા સંબંધો જોવા મળતા નથી.

૨૪ સ્થાનિક સંસ્થાઓના કામકાજમાં પ્રવાસન કેન્દ્રમાટે આયોજનનો અભાવ જોવા મળે છે.

૨૫ ભારતના જુદા–જુદા રાજયોના પ્રવાસન નિગમ સાથે સહયોગ સાધવા માટેની શરતો જોવા મળતી નથી.

## ૮.૨ સૂચિતાર્થો :

(૧) પ્રવાસન વિભાગે પ્રવાસન માર્ગદર્શક–એવા નિયુકત કરવા જોઈએ કે જેઓ બે ભાષાઓ–(ગુજરાતી–અંગ્રેજી) સંપૂર્ણ રીતે જાણતા હોય. જેથી વિદેશી પ્રવાસીઓને સારી રીતે પ્રવાસન કેન્દ્રોની માહિતી આપી શકે અને વિદેશી પ્રવાસીઓને વધુ આકર્ષિત કરી શકે.

(૨) પ્રવાસન વિભાગના મહત્ત્વપૂર્ણ પ્રવાસ સ્થળોએ કર્મચારી એવા નિયુકત કરવા જોઈએ, કે જેઓ અંગ્રેજી ભાષા ઉપર સારૂ પ્રભુત્વ ધરાવતા હોય, પ્રવાસીઓને યોગ્ય રીતે માર્ગદર્શન આપતા હોય, જરૂર પડે ત્યાં સહાયક બની રહેતા હોય વગેરે બાબતો પ્રત્યે સંપૂર્ણ જાણકાર હોય તેવા કર્મચારીની નિયુકતી કરવી જોઈએ.

(૩) પ્રવાસન સ્થળો ઉપર પ્રવાસીઓ પાસેથી એન્ટ્રી ફી, કેમેરા ફી વગેરેની વસૂલાતનું પ્રમાણ ખૂબ જ ઓછું રાખવું જોઈએ. એટલે કે બધા જ પ્રકારની ફી ખૂબ જ વ્યાજબી હોવી જોઈએ. આ ફી વિશે વિદેશી પ્રવાસીઓને અગાઉથી પ્રવાસન કેન્દ્રો ઉપર ફી નું યાદીપત્રક આપી દેવું જોઈએ.

જેથી પ્રવાસીઓને છેતરાવવાની શકયતા ઓછી રહે. આથી પ્રવાસન વિભાગે આ સંદર્ભે યોગ્ય પગલાઓ ભરવા જોઈએ.

(૪) પ્રવાસન વિભાગે પ્રવાસન કેન્દ્રો ઉપર બીજા અન્ય નજીકના પ્રવાસન કેન્દ્રોનો પ્રચાર, કરવો જોઈએ. જે તે સ્થળોની એન્ટ્રી ફી, કાઉન્ટર પર પ્રવાસન સ્થળોની પ્રાથમિક માહિતી મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. આ બાબતોએ પ્રવાસન ઉદ્યોગે જાગૃત થવાની જરૂર છે.

(૫) પ્રવાસન વિભાગે મોટા શહેરો અને નાના શહેરોના પરિવહન પર નજીકના પ્રવાસન કેન્દ્રો અંગે સંપૂર્ણ માહિતી પુરી પાડવાની વ્યવસ્થા કરવી જોઈએ. જેથી પ્રવાસીઓને પ્રવાસન કેન્દ્રો પર જવા માટે સરળતા રહે અને અન્ય કોઈ મુશ્કેલીઓ ઉભી ન થાય.

(૬) પ્રવાસન વિભાગનો સંપૂર્ણ અને ઝડપી વિકાસ કરવા માટે આંતરમાળખાકિય સેવાઓમાં ગુણવત્તા સાથે વધારો કરવાની તાતી જરૂર છે. જેથી પ્રવાસીઓને પ્રવાસ દરમ્યાન પ્રશ્નો ઉપસ્થિત ન થાય અને સંતોષકારક પ્રવાસની મજા પ્રવાસીઓ માણી શકે. આ ક્ષેત્રના વિકાસ અવરોધક પ્રશ્નોમાં અનેક—આંતરમાળખાકિય સેવાઓનો અભાવ જોવા મળે છે. જેથી આ પ્રશ્ન નિવારણ માટે યોગ્ય પગલાઓ લેવાય તે જરૂર છે.

(૭) પ્રવાસીઓની પ્રાથમિક સુવિધાઓમાં એક—રહેઠાણની સુવિધા એ ખૂબ જ મહત્ત્વની છે. પ્રવાસીઓ માટે પ્રવાસન સ્થળોએ રહેવા માટે સારીહોટેલોની સગવડતા ઉપલબ્ધ જોવા મળતી નથી. પ્રવાસીઓ તેમના પ્રવાસ બજેટમાં ૩૦% નાણાં રહેવા માટે ફાળવે છે. તેઓને તેના પ્રમાણમાં સંતોષ પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો પ્રવાસન વિભાગે કરવા જોઈએ. સાથે સાથે હોટેલોની વ્યવસ્થામાં આધુનિકતા સાથે સુધારાની પણ જરૂર દેખાઈ રહી છે. તે વિશે પણ પ્રવાસન વિભાગે પગલાંઓ ભરવા રહયાં.

(૮) પ્રવાસીઓને તેમની પસંદગી અનુરૂપ પૌષ્ટિક અને સંતોષકારક ભોજન ઉપહારગૃહ (રેસ્ટોરન્ટ) મળી રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. તે પણ પ્રવાસન કેન્દ્રથી નજીક હોવું જરૂરી છે. ઉપહારગૃહમાં ખાવા પીવાની વસ્તુનું લીસ્ટ અને તેમની કિંમત નિશ્ચિત હોવી જોઈએ. તેમાં સીઝન દરમ્યાન ફેરફાર થાય છે. તે બહુ મોટો હોવો ન જોઈએ. જેથી

પ્રવાસીઓને છેતરાવાનો ભય ઓછો રહે છે. આ બાબત પ્રત્યે પ્રવાસન વિભાગે અંગતરસ લઈને પગલા ભરવા જોઈએ.

(૯) ભારતમાં ગુજરાત રાજય પાસે સૌથી વધુ દરિયો પ્રાપ્ત છે તેનો આયોજિત ઉપયોગ કરી અને દરિયા સૃષ્ટિની– પ્રાકૃતિક સમતુલાની સુરક્ષા કરીને પ્રવાસીઓને આકર્ષિત કરી શકાય છે.

૯.૧. જેમકે સમુદ્રમાં તરતી બોટમાં–હોટેલ બનાવીને પ્રવાસીઓને દરિયામાં રહેવાનો આનંદ ઉપલબ્ધ કરાવી શકાય છે.

૯.૨. દરિયામાં પ્રવાસન ટૂરનું આયોજન કરી શકાય છે. જેમકે દીવ થી દમણ, ગોવા કે દીવ થી દ્વારકા વગેરે.

૯.૩. ભાવનગર નજીક અલંગ ખાતે એશીયાના સૌથી મોટા યાર્ડમાં શીપ તોડવામાં આવે છે તે જોવા માટે પ્રવાસીઓને સમુદ્ર માર્ગે પ્રવાસ ટૂર ગોઠવીને લાભ આપવો જોઈએ.

૯.૪. દરિયા બીચનો લાભ લેવા માટે પ્રવાસન વિભાગે દીવ દમણના બીચ ઉપરની ગંદકી–કચરો, કાચ–પત્થરના ટૂકડાઓ વગેરે સાફ કરીને પ્રવાસીઓને આકર્ષવા જોઈએ તેમજ નવા બીચ ઉભા કરવા જોઈએ.

૯.૫. પર્યાવરણ પ્રત્યે પ્રેમ ધરાવતા પર્યટકો માટે તેમાં જળમાં થનગનતા અનેક પ્રકારના પંખીઓ અને વિવિધતા સભર વનસ્પતિ જીવન અને જળચર પશુઓ તથા જળની નીચેના પરવાળાના ખડકો વગેરે આકર્ષણ પેદા કરતા હોય છે. તે જોવા માણવાની વ્યવસ્થા પ્રવાસન નિગમે કરવી જોઈએ.

૯.૬. પ્રવાસન નિગમ દ્વારા ટાપુઓનાં સૌંદર્ય, સુર્યના તાપથી ચમકતી રેતી , પ્રદુષણવિહિન બીચ, પર્યાવરણ ચિત્રો વગેરે જાહેરખબર દ્વારા પ્રગટ કરીને સહેલાણીઓને આકર્ષિત કરવા જોઈએ.

૯.૭. પ્રવાસન વિભાગ દ્વારા ગુજરાતના દરિયાઇ કિનારાના કોઈ સલામત કેન્દ્ર/સ્થળ પર જળક્રીડા પ્રવૃતિ, સાહાસિક સ્પોર્ટસ સહિતની ઉપલબ્ધ જળક્રીડાની સવલતો, રમત ગમતો, પર્યટક વોટર

સ્કીંઈગ, વીન્ડ સરફીંગ, રનીંગ, સ્પીડબોટ, વોટર સ્કુટર્સ, કાયક વગેરેની મોજમાણી શકાય તેવું સંકુલ બનાવવું જોઈએ. જેથી ત્યાં પ્રવાસીઓનેઆકર્ષિત કરી શકાય.

૯.૮. દરિયાઈ– પરવાળાના ખડકોનો બેફામ ઉપયોગ બાંધકામ તેમજ લગૂનની વનસ્પતિનો બગાડ વગેરે પ્રવાસન વિભાગે અટકાવવું જોઈએ અથવા તો દરિયાઈ જળ–સૃષ્ટિને પ્રાકૃતિક સમતુલાની સુરક્ષા કરવી જોઈએ. જેથી ભવિષ્યમાં પણ પ્રવાસીઓને આકર્ષિત કરી શકાય.

૯.૯. પ્રવાસન વિભાગ દ્વારા ભાવિ પર્યટકો માટેની સવલતો વિકાસવવા માટેની તમામ યોજનાઓ દરિયાઈ જીવન અને કાંઠાના સાધાનોની સમૃધ્ધિ વધારવા અને માણવાના પર આધારિત હોવી જોઈએ.

૯.૧૦. દરિયાઈ જળ–સૃષ્ટિની પ્રાકૃતિક સમતુલા જાળવવા માટે શિક્ષણ અને સમજ સ્થાનિક લોકો અને સહેલાણી ઓને આપવા માટે વ્યવસ્થા પ્રવાસ નિગમે કરવી જોઈએ.

(૧૦) પ્રવાસન વિભાગે અભયારણ્યમાં પોતાના માન્ય વાહનો જેમકે જીપો વગેરેમાં વધારો કરવો જોઈએ જેથી પ્રવાસીઓએ ખાનગી વાહનોને ઉચા દરે અભયારણો જોવા માટે ભાડે રાખવા પડે નહીં. તેથી પ્રવાસીઓને પ્રવાસ બજેટમાં રાહત રહે અને તે વધુ બીજાસ્થળો માટે આયોજન કરી શકે. એકંદરે પ્રવાસીઓને પ્રોત્સાહક રાહત મળી રહે તેવો પ્રબંધ કરવો જોઈએ.

(૧૧) ગુજરાતમાં આવેલા ઐતિહાસિક સ્થળો, ધાર્મિક સ્થળો, કલાકૃત્તિઓ વગેરેની યોગ્ય સમયે સંભાળ લેવાવી જોઈએ. તેમની યોગ્ય સારસંભાળ(Maintenance) માટે પ્રવાસન વિભાગે તેમના બજેટમાં અમુક રકમની ફાળવણી કરવી જોઈએ. જે પ્રવાસન ઉદ્યોગને સતત વિકાસશીલ રાખવામાં સહાયક પૂરવાર નીવડે.

(૧૨) વિદેશી પ્રવાસીઓ દ્વારા પ્રવાસ ખર્ચની બજેટ ઓફર મંગાવવામાં આવે છે. ત્યારે પ્રવાસન વિભાગે તેમની જોડે પ્રવાસીઓને આપવામાં આવતી સેવાઓ, માર્ગદર્શન, રાઈડ, લો બજેટના પ્રવાસીઓને પણ ખાસ સવલતો વગેરેની માહિતી મોકલવી જોઈએ. જેથી વધુ ને વધુ પ્રવાસીઓ આકર્ષી શકીએ.

(૧૩) પ્રવાસીઓ કોઈપણ રાષ્ટ્રમાં પ્રવાસે જવાનું નકકી કરે છે. ત્યારે તે રાષ્ટ્રમાં પોતાની અંગત સલામતી કેટલી છે તે ખ્યાલને વધુ મહત્ત્વ આપે છે જેથી ભારતના પ્રવાસન ઉદ્યોગમાં આ પરિબળ વિશે નોંધ કરવી જરૂરી બની જાય છે. કારણકે વર્તમાન પરિસ્થિતિ વિદેશી પ્રવાસીઓને આકર્ષક બનાવવા માટે અવરોધક બને છે જેમકે જમ્મુ અને કાશ્મીરનો પ્રશ્ન,ગુજરાતનો ગોધરાકાંડ તથા ગાંધીનગર અક્ષરધામકાંડ, યુદ્ધ, રાજકીય પરિસ્થિતિઓ વગેરે.

(૧૪) વિદેશી પ્રવાસી જોડે રાષ્ટ્રના લોકોએ મિત્રતાની ભાવના સાથે રહેવું જોઈએ પ્રવાસી જોડેની ચાલચલગત (Behaviour) પ્રમાણિક હોવી જોઈએ. તે માટે લોકોમાં જાગૃત્તિ લાવવી જોઈએ. જરૂર પડે તો કડક પગલાઓ પણ ભરવા જોઈએ. ટૂંકમાં, હેરાનગતિનો પ્રશ્ન લોકો તરફથી પ્રવાસીઓને રહેવો જોઈએ નહીં.

(૧૫) પ્રવાસન કેન્દ્રોના સ્થળે ચોખ્ખાઈ હોવી જ જોઈએ. પ્રવાસસ્થળ સ્વચ્છ સુંદર અને પહેલી નજરમાં ગમી જાય અને આનંદની અનુભૂતિ થાય, તેવો પ્રયાસ પ્રવાસન વિભાગે કરવો જોઈએ.

(૧૬) વિદેશી પ્રવાસીઓને આકર્ષવા માટે પ્રવાસન સ્થળોનો વિડીયો કેસેટ દ્વારા વિદેશમાં ભારત પ્રવાસન વિભાગ ઓફિસ દ્વારા પ્રચાર કરીને પ્રવાસીઓને આકર્ષવા જોઈએ.

(૧૭) ગુજરાતમાં તમામ પ્રવાસન કેન્દ્રોને સાંકળી લે તેવી પેકેજ ટૂરનું પણ આયોજન કરવું જોઈએ. જેથી પછાત પ્રવાસન સ્થળોનો વિકાસ કરી શકીએ અને પ્રવાસન ઉદ્યોગને વધુ મજબુત બનાવી શકાય. મહત્ત્વ

(૧૮) પ્રવાસન વિભાગ દ્વારા ગુજરાતના મહત્ત્વનાં ઉત્ત્સવોનું ખાસ અનેરૂં આયોજન કરીને પ્રવાસીઓને આકર્ષી શકાય છે. જેમાં અમુક પ્રવાસન સ્થળોની પસંદગી કરીને ફેસ્ટીવલનો આનંદ માણી શકાય તે દ્વારા તે સ્થળનો પણ વિકાસ કરી શકાય.

(૧૯) પ્રવાસન વિભાગે દરિયાઈ કાંઠા નજીકના પ્રવાસન સ્થળોએ એક વિશાળ અને વિશિષ્ટ માછલી ઘર બનાવવું જોઈએ. જેમાં અનેક પ્રકારની માછલીઓનો પણ સંગ્રહ કરવો જોઈએ જે પ્રવાસીઓને આનંદ આપી શકે છે.

(૨૦) પ્રવાસન વિભાગે પ્રવાસનસ્થળોને ખાસ ઉત્સવની ઉજવણી માટે સ્થાનિકનગર પાલિકા–પંચાયતને લોનની સહાય કરવી જોઈએ. સ્થાનિક લોકો પણ સહભાગી બની શકે તેવું આયોજન કરવું જોઈએ.

(૨૧) ગુજરાત રાજય સરકાર  દ્વારા સ્થાનિક સરકાર કે સંસ્થાઓને (પાલિકા, નિગમ, બોર્ડ, વગેરે) પ્રવાસન કેન્દ્રોના વિકાસ માટે આર્થિક ફંડ આપવાથી નીચેના કાર્યો થઈ શકે.

- પ્રવાસન સ્થળોની પૂરતી સફાઈ કરાવવી
- રસ્તાઓની વ્યવસ્થા અને વાહન વ્યવહારની વ્યવસ્થાનું નિયંત્રણ
- પ્રવાસન સ્થળોએ ડ્રેનેજની વ્યવસ્થા પૂરી પાડે
  પ્રવાસન સ્થળો અને તેનું મહત્ત્વ દર્શાવતા બોર્ડ  શહેરમાં  વિવિધ જગ્યાએ  મૂકવા
- સ્થાનિક  સંસ્થાઓ તથન પ્રવાસધામ વ્યવસ્થાપકો વચ્ચે  સારા સંબંધોનો વિકાસ થઈ શકે. વગેરે.

(૨૨) પ્રવાસન વિભાગ દ્વારા હેરીટેજ ટુરનું આયોજન સરેરાશ પ્રવાસીઓને પરવડે તેવી કરવી જોઈએ. જેથી વધુમાં વધુ પ્રવાસીઓનેઆકર્ષિત કરી શકાય છે.

(૨૩) વિશાળ સંખ્યામાં પ્રવાસમાર્ગો/ કેન્દ્રો ઉપર સીમિત સંસાધનો વિસ્તારવાને બદલે પ્રવાસીઓમાં લોકપ્રિય બનેલા પસંદ કરેલા પ્રવાસમાર્ગો –કેન્દ્રનો વિકાસ કરવો જોઈએ.

(૨૪) વધુ પ્રવાસીઓને આકર્ષવા અને તેમનો નિવાસગાળો દેશમાં લંબાવવા પર્વતમાળાના, રેતાળતટ અને તડકા સહિતની દરિયાકિનારા અને વન્યજીવના પ્રવાસન સંસાધનોના ઉપયોગ માટે (૧)  સ્થાળાંતર (૨) શિયાળુરમતો (૩) વન્યજીવન પ્રવાસન અને (૪) સમુદ્રતટે આવેલાં આશ્રયધામો  જેવા બિનપંરપરાગત વિસ્તારોનો વિકાસ કરવો જોઈએ.

(૨૫) ભારતમાં પંરપરાગત જોવાલાયક સ્થળો પર કેન્દ્રિત થયેલા પર્યટનનું, પ્રવાસન યોજનાઓના સૌંદર્યગત, પર્યાવરણીય, સામાજિક–સાંસ્કૃતિક પ્રભાવો પર સભાન ધ્યાન આપીને અને રાષ્ટ્રના પર્યાવરણીય માળખામાં રહીને, બધું ત્વરિત ગતિએ વિકસતા પ્રવાસન બજાર પ્રત્યે વૈવિધ્યીકરણ લાવવું જોઈએ જે ખૂબ જ જરૂરી છે.

(૨૬) સાંસ્કૃતિક પ્રવાસન સમકક્ષ તરીકે ભારતને વિકસાવવા તથા રાષ્ટ્રીય વારસાના સંરક્ષણના મહત્ત્વના બળ તરીકે પ્રવાસનનો ઉપયોગ કરવા સાંસ્કૃતિક તથા ઐતિહાસિક બંને વારસાઓના તથા પ્રવાસીના મહત્ત્વના પુનસ્થાપના તથા સમતોલ વિકાસ કરવો જોઈએ.

૧. સ્થાનિક પર્યાવરણ તથા પશુ, પ્રાણી અને વનસ્પતિઓના કુદરતી નિવાસ સ્થાન પર વિકાસના સંભવિત પ્રભાવો.

૨. પ્રવાસી સંસાધનો તથા માળખાની જરૂરિયતોનું મૂલ્યાંકન.

૩. જે તે વિસ્તારની સહયશકિત તથા એવી જ બીજા પાસાં સાથે સુંસગત હોય તેવા વિકાસશીલ પ્રવેશો પ્રયોગોની સ્થાપના.

૪. રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રવાસનને પ્રભાવિત કરવા સ્વૈચ્છિક સંસ્થાઓને સહાય તથા પ્રોત્સાહન આપવાં.

(૨૭) સંરક્ષણ તથા આર્થિક વિકાસના સાધન તરીકે પર્યાવરણીય પ્રવાસનની શકિતઓ પામવા સ્થાનિક શકિતઓ ઉભી કરવા પર ભારમુકતો નૂતન અને વધુ સંપૂર્ણ અભિગમ અનિવાર્ય છે. તે માટે પ્રવાસનના માળખાના આયોજન અને વિકાસ તેનો અનુગામી અમલ અને લે–વેચ પર્યાવરણીય, સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સ્થાયિત્વના માપદંડો પર જ કેન્દ્રિત થવા જોઈએ.

(૨૮) કેટલાંક પંસદ કરેલા પ્રવાસધામો અને પ્રવાસ કાર્યક્રમોને પ્રોત્સાહિત કરવા અને મર્યાદિત સંસધાનોને તમામ પ્રવાસધામોમાં વહેંચી દેવા જોઈએ.

(૨૯) ભારતમાં પંરપરાગત સ્થળ–દર્શન પ્રવાસોને સંબધિત સાંસ્કૃતિક પ્રવાસનની સાથે સાથે ઝડપથી વિકસિત થઈ રહેલા રજાઓના પ્રવાસન(Holidays Tourism)બજાર તરફ ધ્યાન

આપવું પડશે અને પ્રવાસન યોજનામાં સૌંદર્યાત્મક,પર્યાવરણાત્મક તેમજ સામાજિક–સાંસ્કૃતિક તત્વોને સામેલ કરવા પડશે.

(૩૦) ટ્રેકિંગ, શિયાળુ રમતોત્સવ, વન્યજીવન પ્રવાસન (Wild-lifeTourism) સમુદ્રપટ આવાસ પ્રવાસન, જેવાં બિન–પંરપરાગત ક્ષેત્રોનો વિકાસ કરવો જેથી વધુમાં વધુ પર્યટકો તેના તરફ આકર્ષાય અને આપણા દેશમાં આવા પર્યટકો વધુમાં વધુ દિવસો સુધી રોકાઈ શકે છે.

(૩૧) રાષ્ટ્રીય વૈભવ–વારસાની યોજનાઓને પુર્નજીવિત તેમજ વિકસીત કરવી તથા રાષ્ટ્રીય વારસાનીજાળવણી માટે પ્રવાસનનો ઉપયોગ એક મુખ્ય શકિતના રૂપમાં કરવો જોઈએ.

(૩૨) એવા પ્રવાસન બજારો શોધી કાઢવાં જયાંથી વધુમાં વધુ પર્યટકોને ભારત તરફ આકર્ષિત કરી શકાય. ભારત સાથે સાંસ્કૃતિક રીતે સંકળાયેલાં રાષ્ટ્રોમાં આ અભિયાન ચલાવી શકાય તેમ છે. અને 'પોતાના મૂળ ઉદ્ભવસ્થાનોને યાદ કરો' (Discovery your Roots) કાર્યક્રમો અનુસાર તેને ભારતમાં લાવી શકાય તેમ છે.

(૩૩) વિવિધ સાર્વજનિક તેમજ ખાનગી સંસ્થાઓ પાસેથી સંસધાનો મેળવીને મુખ્ય બજારોમાં એક રાષ્ટ્રીય છાપ ઊભી કરવી જોઈએ અને ધંધાદારીકરણ અપનાવવું જોઈએ.

(૩૪) વિદેશોમાં પ્રવાસન કાર્યાલયની પંસદગી તથા સ્થાપના માટે પૂરતાં સાધનો એકઠાં કરવાં જોઈએ. તથા યોગ્ય ધંધાદારી અને કાર્યદક્ષતા ધરાવતા અધિકારીઓને નિયુકત કરવાની યોજના બનાવવી જોઈએ.

(૩૫) પ્રવાસન સુચના નેટવર્કન સ્થાપના માટે સંદેશા વ્યવહારના ક્ષેત્રમાં થયેલ ટેકનિકલ વિકાસનો ઉપયોગ કરાવો જોઈએ.

(૩૬) પ્રવાસનના વિકાસાત્મક અને ધંધાદારી પ્રયત્નોને સ્પર્ધાત્મક બનવવા માટે એક બજાર વિકાસનિધિ (Market Development fund ) ની સ્થાપના કરવી જોઈએ.

(૩૭) વિદેશી પ્રવાસીઓને આકર્ષિત કરવા માટે જળમાર્ગની શકયતાઓનો સંપૂર્ણપણે વિકાસ કરવો જોઈએ.

(૩૮) પ્રવાસન વિકાસ અને પ્રોત્સાહનમાં સ્થાનિક સંસ્થાઓની દરમ્યાનગીરી જરૂરી છે. કારણકે .....

I. પ્રવાસધામનો સ્થાનિક સંસ્થાઓ યોગ્યરીતે વિકાસ કરી શકે છે પરિણામ સ્વરૂપે ત્યાં પર્યટકોનું આગમન વધી જાય છે.

II. પ્રવાસધામના વિકાસ અને પ્રવાસન જાગૃતિ કાર્યક્રમોમાં સ્થાનિક સંસ્થાઓની સક્રિય ભાગીદારી જરૂરી છે.

(૩૯) પ્રવાસન ઉદ્યોગોના હકારાત્મક અને નકારાત્મક પાસાઓથી સ્થાનિક લોકોને વાકેફ કરવા જોઈએ.

(૪૦) પ્રવાસન ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ લોકોને સ્થાનિક,પ્રાદેશિક અને રાષ્ટ્રીય આયોજન નીતિઓ અનુરૂપ થવા અને આયોજનની પ્રકિયામાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

(૪૧) પ્રવાસન નિગમ પ્રવાસન ઉદ્યોગના વિકાસ માટે પ્રવાસન પ્રવૃતિઓની વિવિધ ક્ષેત્રોમાટેની યોગ્ય નીતિઓ અને માર્ગદર્શક બાબતો સ્પષ્ટ નકકી કરવી જોઈએ.

(૪૨) પ્રવાસન વિભાગે પ્રવાસન સાથે સંકળાયેલ પરિયોજનઓના આયોજનમાં સામૂહિક વલણો, સાંસ્કૃતિ મૂલ્ય અને સ્થાનિક રીતરિવાજો અને માન્યતાઓ સહિત સંકલિત બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ જેથી પ્રવાસન વિભાગ માટે યોગ્ય નીતિનું ઘડતર થઈ શકે છે.

(૪૩) પ્રવાસન વિભાગ સાથે સંબંધિત તમામ પરિયોજના અને પ્રવૃતિઓની અસરોની ચકાસણી અને તમામ જરૂરી જવાબદારી, સુધારાવાદી અને ફેરફાર સૂચક પગલાંઓ પ્રવાસન વિભાગે ભરવા જોઈએ.

(૪૪) પ્રવાસન વિભાગે ખાનગી અતિથિગૃહો,પ્રવાસન આવાસ,વનઆવાસ, વગેરે જેવી પૂરક આવાસ સુવિધાની સ્થાપનાને પ્રોત્સાહન આપવું જોઈએ.

(૪૫) ગુજરાત પ્રવાસન વિભાગે ભારતની મુલાકાતે આવતા વિદેશી પ્રવાસીઓ ગુજરાતમાં વધુને વધુ આવે તેવા તમામ પ્રયત્નો કરવા જોઈએ.

(૪૬) પ્રવાસન નિગમે રાષ્ટ્રના સ્થાનિક પ્રવાસીઓને ગુજરાતમાં વધુઆકર્ષિત કરવા માટે જુદા જુદા રાજયના પ્રવાસન નિગમ સંકુલ સાથે સહયોગ સાધવા માટેની શરતો તૈયાર કરવી જોઈએ. જેથી ગુજરાતમાં સહેલાણીઓનું પ્રમાણ વધી શકે.

(૪૭) બિન–પરપંરાગત અને જુદા જ પ્રકારના પ્રવાસોનું આયોજન કરનારા પર્યટકો (Off beat Travellers) ને ભારત પોતાના તરફ આકર્ષિ શકે છે. આ દિશામાં ખાસ પ્રયત્નો થવા જોઈએ.

(૪૮) વિદેશી પ્રવાસીઓને આકર્ષવા ઈન્ટરનેશનલ ટેકસટાઈલ ફેરમાં કચ્છનું પ્રતિનિધિત્વ હોવું જરૂરી છે.

(૪૯) ગુજરાત રાજય પ્રવાસન નિગમે Royal families and Places of Gujarat (ડો.હંસદેવ–પટેલ) પુસ્તકનો ઉપયોગ તેના નવા માર્કેટીંગ ટુલ તરીકે કરવો જોઈએ.

(૫૦) પ્રવાસન વિભાગની પૂર્ણક્ષમતા વિકસાવવા પ્રવાસન સ્થળો પાસે નીચેની બાબતો હોવી જોઈએ.

I. બજાર વિનિમય દર (અવમૂલ્યન) ને પ્રોત્સાહિત એન ફુગાવાને અંકુશિત કરવો જોઈએ.
II. વેપારચક્રોનું પુનઃર્ગઠન કરવું જોઈએ.
III. સ્થાનિક વિસ્તારમાં રાજકીય સ્થિરતાની ખાત્રી આપવા રાજકીય મતભેદો દૂર કરવા જોઈએ.
IV. પ્રવાસીઓના સ્વાસ્થ્ય માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું પાલન કરવું જોઈએ.

(૫૧) માહિતી અને જાહેરપ્રચાર દ્વારા સ્થાનિક વસ્તીની સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ સાથે પ્રવાસી માટે આનંદ–પ્રમોદ માટે સંકલન કરવું જોઈએ.

(૫૨) વિશ્વના ઘણા રાષ્ટ્રોએ વારસાગત એકમો અને કલા તેમજ સાંસ્કૃતિક ભંડોળના ઘડતરની પણ શરૂઆત કરી છે. જેના માટે સંબંધિત સરકારો ફાળો આપનારાઓને કર(Tax) રાહતો

આપે છે.તે રીતે આપણા રાષ્ટ્રએ કરવું જોઈએ. જેથી પ્રવાસન ઉદ્યોગનો વિકાસ થઈ શકે.

(૫૩) પ્રવાસીઓની વપરાશ તરેહ, સાધનોની મર્યાદાઓ, સ્થાનિક વસ્તીની વર્તણૂકની તરાહમાં આવતા પરિવર્તનો, મુલાકાતીઓના સંતોષનુ પ્રમાણ અંગેની સંપૂર્ણ માહિતી મેળવીને કે જાણીને પ્રવાસન નિગમે જરૂરી સુધારલક્ષી પગલાંઓ ભરવા જોઈએ.

(૫૪) પ્રવાસન નિગમે પ્રવાસન ઉદ્યોગમાંથી પ્રાપ્ય આર્થિક લાભોને મહતમ બનાવવામાટે થતું આયોજન અને વિકાસાત્મક પગલું એટલે પ્રવાસન અંગેની બજાર વ્યવસ્થા, બજારના નાના નાના ભાગોની ઓળખ, વસ્તુઓની યોગ્ય ગોઠવણી, અને અસરકારક સંપર્ક તેમજ બજારની વ્યુહરચના ઘડવી વગેરે જરૂરી બની જાય છે.

(૫૫) પ્રવાસન નિગમે પ્રવાસનનાં અવિકસિત પરંતુ અનોખા સ્થળોના વિકાસને ઈવેન્ટ બેઈઝ ટૂરિઝમના આધારે મહત્ત્વ આપવું જોઈએ.

• • •

# :: પરિશિષ્ટ – ૧ ::

## સંદર્ભસૂચિ

- **A - BOOKS**
- **B - ARTICLES**
- **C - MAGAZINES**
- **D - NEWS PAPERS**
- **E - DICTIONARY**
- **F - REPORTS**

## :: પરિશિષ્ટ – ૧ ::

## સંદર્ભસૂચિ

## A - BOOKS


1. **R.K.Sinha** :"Growth & Development of Modern Tourism" , Dominant Publisher and Distributors ISBN, New Delhi-1999

2. **Premnath Dhar** :"Action Plan and Priorities in Tourism Development" Sri Krishna Solution Sadan, New Delhi-2000

3. **Arun Kumar Sarkar** : "Indian Tourism" Sri Krishna Solution Sadan, New Delhi-2000

4. **Jagmohan Negi** :"International Tourism and Travel" S Chand- NSCI, New Delhi-2003

5. **Sunita Chopra** :"Tourism Development in India", S. Chand & Co. Ltd. New Delhi, 1992

6. **Rob Davidson** :"Tourism", Oxford Uni. Press, London-1993

7. **R.K.Sinha** :"Travel & Tourism Management" Dominant Publisher and Distributors ISBN, New Delhi-2001

8. **Pasval** :"India Travel Planner", Cross Section Publication, New Delhi - 1997

9. **David W. Howell** **:**"Passport " : An International To The Travel And Tourism. Ohio. 1989

10. **Ratnadeep Shinh** : Tourism Today-U.I.- S. chand & Co. Ltd. New Delhi,1994

11. **Dr. Hansdev Patel** **:** Royal Families and Palaces of Gujarat - Tata McGrawHill New Delhi-1998

12. **Virendra Kaul** : Tourism and Economy- Wishwa Prakashan New Delhi 1994

13. **R.K.Sinha** **:**Leisure Tourism Dominant Publisher and Distributors ISBN, New Delhi- 2003

14. **R.K.Sinha** : Hotel & Restaurent Guide-India Dominant Publisher and Distributors ISBN New Delhi-1994

15. **ડો. જગમોહન નેગી,** : પર્યટન એવમ્ યાત્રા કે સિધ્ધાંત, નવી દીલ્હી – ૧૯૯૨

16. **રજની વ્યાસ** : ગુજરાતની અસ્મિતા, ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ, અમદાવાદ

17. **Darmrajan N. Shet** : Tourism In India, Tata McGrawHill,New Delhi-1994

18. **Sunita Chopra** : Tourism Development In India S. chand & Co. Ltd. New Delhi, 1993

19. **Sushan webstair4** : Group Travel Operating Procedures- Harper & Brothers New York-1993

20. **Victory C. Middleton** : Marketing Travel and Tourism, W.Hodge and Co.,Oxford-1993

21. **R.N.Kaul** : The Dynamics of Tourism, Wishwa Prakashan, New Delhi-1992

22. **Sunita Chopra4** : Tourism Development in India- S. chand & Co. Ltd. New New Delhi-1994

23. **VNR** : VNR's Encyclopedia of Hospitality and Tourism Harper and Brothers, New York-1993

24. **S. Medleak** : Distionary of Trave, Tourism and Hospitality- W.Hodge and Co.,Oxford-1993

25. **RobbertCrystymil** : The Tourism system, James Publication, New jersey-1992

26. **Ron O'GradysSP** : Third World Tourism , Longman Publisher Ltd.,Singapore-1988

27. **De Viyars** : Tourism Today, A Geographical Analysis,Lang Man Pub.-1987

28. **Johanlee** : Tourism and Development in third World, Oxford Uni. Press ,London- 1988

29. **Rob Davidson** **:**"Tourism", Oxford Uni. Press London- 1993.

30. **Gujarat Govt.** **:"**Dicsovery of India",Gujarat Tourism Corporation, Gandhinagar. 2006

31. **Mario D'Souza** **:** "Tourism Development & Management" Mangaldeep Publication Behind Khetri House, Mount road,Jaipur.

32. **Pushpindra S. Gill** : "Tourism Planning and Management" Anmol Publication Pvt, Ltd,. Dariaganj, Ansari Road, New Delhi.

33. **P.C.Sinha** : "International Encyclopaedia Of Tourism Management" (12 Vols.) Anmol Publication Pvt, Ltd,. Dariaganj, Ansari Road, New Delhi.

34. **R.K.Malhotra** : "Encyclopaedia Of Hotel Management & Tourism" ( Vols 10) Anmol Publication Pvt, Ltd,. Dariaganj, Ansari Road, New Delhi.

35. **Batra , G.S. and R.C. Dangwal** : "Tourism Promotion and Development"; New Advances, Deep Publication, Pvt., Ltd. New Delhi. (1999)

36. **Bhatia, A.K.** : "Tourism development - Priniciples and Practices", Sterling Publications Pvt, Ltd., New Delhi. (2003)

37. **Gupta Sunil and S.P.Bansal** : "Tourism Towards the 21st Century", Deep & Deep , Publications Pvt. Ltd., New Delhi. (1998)

38. **Mishra Lavkush** : "Religious Tourism in India", Mohit Publications, New Delhi. (2000)

39. **Panda, Tapan K and Siti Kantha Mishra** : "Tourism Industry in India", By Excel Books, New Delhi. (2003)

40. **Seth, Premnath and Sushma Seth Bhat** : "An Introduction to Travel Administration", Sterling Publications Pvt. Ltd., New Delhi ( 2003)

41. **Govt. Of India** : Discovery of India -2005 New Delhi.

**42. લલિત ચૌહાણ** : "સૌરાષ્ટ્રમાં પ્રવાસન ઉદ્યોગનો વિકાસ, પ્રશ્નો અને ભાવિ"–(અપ્રકાશિત)
એમ.ફીલ. લઘુશોધ નિબંધ

## B - ARTICLES


1. **Utkarsh B. Shah** : "Tourism and Developing Countries", The Indian Institute Public Opinion Surveys Monthly August-1997

2. **Pur - Tra** : "Tourist Traffic" Encyclopedia of the Social Sciences, (Volume - 13 ,14)

3. **By : FFY BUREAU** : "Tourism India Shining" FACTS FOR YOU, September-2005

4. **By : Mohinder Singh** : "NATURE TOURISM" FACTS FOR YOU, September-2005

5. **By Kaajal Wallia** : "Tourism Pacakage" The Time of India A'bad 16 sept., 2003

6. **By Humra Quraishi** : "Fifty Year Of Tourism In India", The Hindustan Times, New Delhi. 27th Sept 1998

7. **Dilip R. Parikh** : "Seminar On Development Of Tourism in Gujarat" , Gujart Chamber of Commerce & Industry- A'bad, 9th sept 1989

8. **Utkarsh B. Shah** : "Global Gujarat" Gujart Chamber of Commerce & Industry- A'bad, 25th April 1998

9. **By : FFY Bureau** : "Tourism India Shining" FACTS FOR YOU Sept. 2005

10. **By Mohinder Singh** : "Nature Tourism"
FACTS FOR YOU
Sept. 2005

11. **By Jayasheela**
**V.Basil Hans**
**R.R.Biradar** : "Tourism Development In India-
Challenges In The New
Millennium"
"Journal Of Global Economy"
Volume-2
No : 1 Jan, March- 2006

12. **By Nimi Dev R and**
**Gabriel Siman Thattil** : "Tourism for Body and Soul -
'Varkala' Model"
Subscribe to SOUTHERN ECONOMIST,
Vol : 45, August 15, 2006

13. **Anwar, Sajid and**
**John Hamilton** : 'Tourism into the Future-
Towards 2020,and Beyond',
Tourism Tecreation Research,
Vol 30 No.1, pp 77-85. (2005),

14. **Ganesan G and**
**K.Chandra Shekar Rao** :'Incredible India's Tourist Share growing',
Facts for You, December 2004, pp 16-23.
(2004)

15. **Misra S K** :Tourism:An engine for Economic
Growth and Rural Prosperity', Journal
of Tourism, Vol, No2, pp 129-142.
( 2003)

16. **Moscardo Gianna** : 'Peripheral Tourism Development:
Challenges, Issues and Success Factors',
Tourism recreation Reasearch Vol.30 No. 1
pp. 27-43 (2005)

17. **Tourism** : Dairy Motel Times - 25th August 1998,

18. **Tourism in India** : Assocham Bullein April 1996.

19. **Tourists Visit** : FAPCCI Review - October 1995

20. Proceedings of the Meeting of Gujarat Chamber of Commerce and Industry on Tourism in Gujarat - Ahmedabad 1998

21. **Tourism Web sites** : http:// www.gujarattourism.com, http://www.vibrantguajrat.com http://www.Incredibleindia.org

22. **એ.ડી. દેસાઈ** : 'ગુજરાત', માહિતી નિયામક, ગુજરાત સરકાર, સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ,ગાંધીનગર. જુલાઈ–૧૯૯૨

23. **ગુજરાત સરકાર** : 'ગુજરાતની પ્રવાસન નીતિ–૨૦૦૩–૨૦૧૦' ગુજરાત સરકારપ્રવાસન વિભાગ,સરકારી છાપકામ અને લેખન સામગ્રી વિભાગ, ગાંધીનગર. વર્ષ : ૨૦૦૨.

24. **પ્રવાસન નો બુનિયાદ પાઠયક્રમ** : Indira Gandhi National Open University.(I.G.N.O.U.) Dr. Babasaheb Ambedakar Open University.

25. **ગુજરાત સરકાર** : "પ્રવાસગાઈડ", ગુજરાત સરકાર પ્રવાસન–વિભાગ, ગાંધીનગર, વર્ષ : ૨૦૦૫.

26. **પલ્લવ પટેલ** : "હલ્લો કચ્છી કચ્છમેં" ગુજરાત–કવરસ્ટોરી માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત,અંક નં: ૧૧ વર્ષ : ૨૦૦૬

27. **પૂર્વી ગજ્જર** : "ગુજરાતના માજી રાજવીઓ", ચિત્રલેખા–અંક નં : ૮ વર્ષ : ૧૯૯૯

28. **શ્રી માહેશ્વર સાહુ(I.A.S.)** **ભૂતપૂર્વ મેનેજીંગ ડિરેકટર ગુજરાત પ્રવાસન નિગમ** : "ગુજરાતમાં પ્રવાસનક્ષેત્રે નવી ક્ષિતિજો ખુલ્લે છે." યોજના, અંક–૭ ઓકટો.,૧૯૯૧.

**29.** **હરેશ પંડયા** : **પ્રવાસન ઉધોગ " જનરલ નોલેજ ૨૦૦૧ જગદીશ પટેલ લિબર્ટી પબ્લિકેશન્સ – અમદાવાદ**

30. **પ્રવાસન વિશેષાંક** : "પર્યાવરણલક્ષી–પ્રવાસન અને પર્વતો" યોજના અંક –૫ ઓગસ્ટ 2002

31. **પુષ્પદાન ગઢવી** : "કચ્છ કુદરતનો કરિશ્મા" ગુજરાત–કવરસ્ટોરી, માહિતી ખાતું, ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા પ્રકાશિત અંક નંઃ ૧૧ વર્ષ : ૨૦૦૬

32. **આશિષ અમીન** : "ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રનું ખાનગીકરણ" રસરંગ – દિવ્યભાસ્કર 10 August 2003

33. **જય નારાયણ વ્યાસ** : "એડવેન્ચર તેમજ રૂરલ **ટૂરિઝમ** થકી પ્રવાસન ક્ષેત્રે વકાસ "ફાયનાન્સિયલ એકસપ્રેસ" ૨૮ નવેમ્બર ૯૮

34. **અનુષ્કાસિંહ** : "ઇતિહાસ અને શ્રધ્ધાના તીર્થધામો" – વીકએન્ડ બોમ્બે સમાચાર, ૨૯ જુલાઈ ૨૦૦૬.

## **C-MAGAZINES**

- અર્થસંકલન : વર્તમાન પ્રવાસન.
- સ્ત્રી : પ્રવાસન વિશેષાંક.
- ગૃહશોભા : પ્રવાસન વિશેષાંક.
- યોજના : પર્યાવરણ–પ્રવાસન.
- ચિત્રલેખા : પ્રવાસ.

## D-NEWS PAPERS

- ગુજરાત સમાચાર
- દિવ્યભાસ્કર
- સંદેશ
- સાંજ સમાચાર
- Financial Express
- The Economic Times
- The Times Of India
- The Indian Express

## E-DICTIONARY

- L.R.Gala & P.H.Rathod : Gala's Advanced Dictionary English-English-Gujarati. Navneet Publication

## F-REPORTS

1. India Data Base
2. Statistical Abstracts Of Gujarat State Bureau Of Economics And Statistics Govt. Of Gujarat
3. Statistical Atlas Of Gujarat State Bureau Of Economics And Statistics, Govt. Of Gujarat, Ghandhinagar.
4. Tourism Corporation Of Gujarat Ltd., Ghandhinagar.
5. Market Research Division, Development Of Tourism, Govt. Of India.
6. Department of Tourism, Govt., of India (2002), New Delhi, India and various Five-Year Plans.

*****

# પરિશિષ્ટ – ૨

## પ્રવાસીઓ માટેની પ્રશ્નાવલી

પ્રયોજક

**લલિત એલ. ચૌહાણ**

માર્ગદર્શક

**ડૉ. રાકેશ એ. જોષી**

રીડર–અર્થશાસ્ત્રભવન,

અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ.

---

- પ્રવાસીનું નામ :________________
- ઉંમર :________________
- પુરુષ કે સ્ત્રી :________________
- કયા દેશમાંથી :________________
- કેટલા દિવસ :________________
- બજેટ :________________
- પસંદ કરેલા સ્થળો :________________
- ભારતનો પ્રવાસનો વિચાર કેવી રીતે આવ્યો ?

________________________________

________________________________

| પ્રવાસનના સ્થળ તરીકે ભારતનું સ્થાન | સર્વોત્તમ | ઉત્તમ | સાધારણ | નીચું | ખુબ નીચું |
|---|---|---|---|---|---|
| | | | | | |

| પ્રવાસના અંતે તમારો અનુભવ | ખુબ સારો | સારો | સાધારણ | ખરાબ | ખુબ ખરાબ |
|---|---|---|---|---|---|
| | | | | | |

- | ભારતની પ્રવાસન સ્થળ તરીકે પસંદગી પાછળના કારણો | મહત્વની દષ્ટિએ ક્રમ |
  |---|---|
  | ૧. જોવાલાયક સ્થળો વધુ સારા | |
  | ૨. સાંસ્કૃતિક દષ્ટિએ ઉત્તમ | |
  | ૩. વૈવિધ્યપૂર્ણ સમાજ | |
  | ૪. પ્રવાસ ખર્ચ નીચો | |
  | ૫. અન્ય | |

- પ્રવાસ સારો હોવાના કારણો

  ૧.______________________________

  ૨.______________________________

  ૩.______________________________

- પ્રવાસ ખરાબ હોવાના કારણો

  ૧.______________________________

  ૨.______________________________

  ૩.______________________________

- તમે ફરી ભારતમાં પ્રવાસે આવવાનું વિચારો છો ખરા ? હા / ના
- તમે અન્યને ભારતના પ્રવાસે આવવાની ભલામણ કરશો ખરા ? હા / ના

- ભારતના પ્રવાસન દરમ્યાન કયુ સ્થળ સૌથી વધુ ગમ્યું ? (કારણો)

  ______________________________________________________________

  ______________________________________________________

- ભારતના પ્રવાસમાં કયુ સ્થળ બિલકુલ નથી ગમ્યું ? (કારણો)

- ભારતનો પ્રવાસ વધુ સારો લાગ્યો કે અન્ય દેશનો ? શા માટે ?
- પ્રવાસ માટે ગુજરાતની પસંદગી પાછળના કારણો ?
- આપનો પ્રવાસ વધુ સારો થઈ શકે તે માટેના સૂચનો :

• • •